

# મહામંત્રી રાક્ષસ



શ્રી સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રંથાવલિ
(કાર્યાલય) અમદાવાદ.

## આજેજ ગ્રાહક બનો

શ્રી સરસ્વતિ સાહિત્યરત્ન ગ્રંથાવલિ પોતાનું પ્રથમનું વર્ષ પૂરૂં કરીને બીજા વર્ષમાં પ્રવેશ કરે છે. આપ હજી સુધી તેના મેમ્બર ન બન્યા હો તો સત્વરે બની જાઓ. વાર્ષિક આશરે ૧૦૦૦ હજાર પાનામાં સુંદર વાંચન આપવામાં આવે છે તો આપ આપનું નામ મેમ્બર તરીકે નોંધાવશો.

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ | ૧૦-૦-૦ |
| કાયમના મેમ્બર | રૂ | ૧૨૫-૦-૦ |
| સહાયક | રૂ. | ૫૧-૦-૦ |

લખો

**ભોગીલાલ રતનચંદ રાજકવિ**
ઝવેરીવાડ, પટણીની ખડકી, **અમદાવાદ**

તથા

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
પાયધુની ગોડીજીની ચાલ, **મુંબાઈ નં. ૩**

સરસ્વતી સાહિત્ય રત્ન ગ્રન્થાવલી વર્ષ ૨ જું પુ. ૧ લું

# મહામંત્રી શકટાળ

[ ઐતિહાસીક નવલકથા ]

લેખક :

ચંદુલાલ એમ. શાહ, ( મુંબઈ )

●

પ્રકાશક :

સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રન્થાવલિ તરફથી

ભોગીલાલ રતનચંદ રાજકવિ

મુ. પાટણ.

કિં. રૂ. ૪-૮-૦

પ્રકાશક :
સરસ્વતી સાહિત્ય રત્ન ગ્રન્થાવલી વતી
ભોગીલાલ રતનચંદ વોરા
ઠે. ખડા ખોટડીના પાડા,
મુ. પાટણ.

પ્રત ૧૦૦૦] [સને ૧૯૪૬

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ.

## રાજનગર નિવાસી-બ્હેન મહાલક્ષ્મિ બ્હેન.

## શેઠ બુધાભાઇ સફરચંદ સુતરીયાના સુપુત્રી.



જન્મ-સં. ૧૯૮૨ ના
જેષ્ટ શુકલ સપ્તમિ.

સ્વર્ગવાસ-સં. ૨૦૦૨ ના
વૈશાક શુકલ ત્રયોદશી.

શેઠ બુધાભાઇએ પોતાની પુત્રી બ્હેન મહાલક્ષ્મિ બ્હેનના સ્મારક તરીકે તેમનો ફોટો મારા પુસ્તકમાં મુકવા સારૂ જે મને તક આપી આભારી કર્યો છે. તેથી હું સદા તેઓશ્રીનો ઋણી છું. બ્હેન મહાલક્ષ્મિબ્હેનનું જીવન ઘણું આદર્શ અને સંસ્કારી તેમજ ધાર્મીક વૃત્તીવાળુ હતું. તેમના સ્વર્ગવાસ થવાથી તેમના આખા કુટુંબમાં મહાન ખોટ પડી છે બ્હેન મહાલક્ષ્મિ બ્હેનના આત્માને પરમાત્મા સદા શાંન્તી અર્પો. અને તેઓના ત્રણે બાળકો હમેશાં ફલો-ફૂલો અને ફાલો એજ પ્રભુ પાસે અંતઃકરણથી પ્રાર્થના. લી.

ભોગીલાલ કવિ.

## નવિન વર્ષની શુભાષિશ

નવિન વર્ષના આરંભમાં હું મારા મિત્રો અને શુભેચ્છકોને હંમેશાં સુખ અને શાન્તિ અને આરોગ્ય અને વહેપાર વૃદ્ધિ યશકીર્તિ હંમેશના માટે દિન પ્રતિદિન વધો અને ફળો, ફુલો-ફાળો અને દુઃખી જનોનું કલ્યાણ કરો. એજ શુભ ભાવના.

### આભાર

આ પુસ્તક છપાવવામાં મારા લાગવતા વળગતા મિત્રોએ તેમજ શેઠ બુલાભાઈ સકરચંદ સુતરીઆ વિગેરેએ પ્રથમથી પુસ્તકો લઈ જેમને પ્રોત્સાહન આપ્યુ છે તે માટે હું તેમનો હાર્દિક આભાર માનું છું.

મારી સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રન્થાવલીમાં જે જે ગૃહસ્થો વાર્ષિક મેમ્બરો થએલાં છે તે સર્વે મેમ્બરોનો હું આભાર માનું છું અને હંમેશને માટે મારી ગ્રન્થાવલીના મેમ્બર બની મને પ્રોત્સાહન આપશે અને કાયમના મેમ્બર રહેશે એવી હું આશા રાખું છું.

---

### પુત્રી સરસ્વતિને ચરણે

પુત્રી તારા સ્વર્ગવાસને વર્ષોના પ્રભાત થઈ ગયાં અને તારી બાલ્યવયની તારી સુવાસ મારા હૃદયમાં હંમેશને માટે ગુંજી રહી છે. તારા સ્મારક તરીકે સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રન્થાવલીની યોજનાનું સાહસ ઉપાડી વિશ્વની જનતાને સારૂં અને સંસ્કારી તેમજ ધાર્મિક વાંચન મળે એ અભિલાષાથી ઉપાડયું છે.

આજે તે સાહસનો બીજા વર્ષમાં પ્રવેશ થાય છે. અને તેનું પ્રથમ પુસ્તક મહામંત્રી શકડાળ (સ્થુલીભદ્રના પિતા) એ નામનું પુસ્તક જગતના ચર્ણોમાં વાંચન માટે બહાર પાડયું છે. અને તે પુસ્તક તને અર્પણ કરી હું મારી પિતા તરીકેની ફરજ અદા કરું છું.

પુત્રી ! તું જ્યાં હોય ત્યાં તારા આત્માને પ્રભુ શાંતી અર્પો ! એજ અભ્યર્થના.

લી તારો વિયોગી પિતા.
ભોગીલાલ કવિ

## અનુક્રમણિકા.


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું. | મહારાજાની ચિંતા. | ૧ થી ૭ |
| ૨ જુ. | વરરૂચીની ઘેલછા. | ૮ થી ૧૩ |
| ૩ જુ. | ચિંતામાં વધારો. | ૧૪ થી ૧૯ |
| ૪ થું. | પિતા-પુત્ર. | ૨૦ થી ૨૬ |
| ૫ મું. | મહારાજા અને વિજય. | ૨૭ થી ૩૩ |
| ૬ ઠું. | પદ્માવતીના આવાસમાં | ૩૪ થી ૪૨ |
| ૭ મું. | વિચાર મંથન. | ૪૩ થી ૪૯ |
| ૮ મું. | લગ્નનુ મૂહુર્ત, | ૫૦ થી ૫૬ |
| ૯ મું. | ભૂતકાલની વાતો. | ૫૭ થી ૬૮ |
| ૧૦ મું. | માન્યતા. | ૬૯ થી ૭૬ |
| ૧૧ મું. | અજબ સ્ત્રી. | ૭૭ થી ૮૩ |
| ૧૨ મું. | જયાદેવી શકટાળ | ૮૪ થી ૯૨ |
| ૧૩ મું. | ક્રુર શિક્ષા. | ૯૩ થી ૧૦૩ |
| ૧૪ મું. | ક્રુર નંદ. | ૧૦૮ થી ૧૧૩ |
| ૧૫ મું. | આંદોલન, | ૧૧૪ થી ૧૨૬ |
| ૧૬-૧૭ મું. | વિદ્યાપીઠની મુલાકાત. | ૧૨૭ થી ૧૪૦ |
| ૧૮ મુ. | ખાનગી ખંડમાં | ૧૪૧ થી ૧૫૦ |
| ૧૯ મુ. | પદ્માવતીની વાચાળશક્તિ | ૧૫૧ થી ૧૬૨ |
| ૨૦. | મુશ્કેટાટ બંધાયા. | ૧૬૩ થી ૧૭૨ |
| ૨૧ મું. | લગ્નની તૈયારીઓ | ૧૭૩ થી ૧૭૮ |
| ૨૨ મું. | આમંત્રણનો સ્વિકાર. | ૧૭૯ થી ૧૮૯ |
| ૨૩ મું. | પંડિત વરરૂચી. | ૧૯૦ થી ૧૯૬ |
| ૨૪ મું. | ભોંયરામાં | ૧૯૭ થી ૨૦૦ |
| ૨૫ મું. | મહારાજાની સ્થિતી. | ૨૦૧ થી ૨૦૫ |
| ૨૬ મું. | આમંત્રણનો અસ્વિકાર | ૨૦૬ થી ૨૧૦ |
| ૨૭ મું. | દેરાણી જેઠાણી. | ૨૧૧ થી ૨૧૫ |
| ૨૮ મું. | કેદી અવસ્થામાં. | ૨૧૬ થી ૨૧૯ |
| ૨૯ મું. | કુટુંબ રક્ષણની તૈયારી. | ૨૨૦ થી ૨૨૬ |
| ૩૦ મું. | મુક્તિ. | ૨૨૭ થી ૨૩૦ |
| ૩૧ મું. | મિલન. | ૨૩૧ થી ૨૩૫ |
| ૩૨ મું. | પિતૃહત્યા-કે-ક્રૂર કર્તવ્ય | ૨૩૬ થી ૨૪૦ |
| ૩૩ મું. | પલાયન | ૨૪૧ થી ૨૪૦ |

# ભિષ્મ પ્રતિજ્ઞા.




નાલંદા વિદ્યાપીઠના અધ્યાપક ગુરૂદેવ ચાણકય સંસારીક કાર્ય માટે રાજાનંદની રાજસભામાં જાય છે તે વખતે રાજ્યસભામાં કોઇ નહિ હતું. ફકત રાજાનંદના રાજકુમારો ત્યાં હતા. તે વખતે ગુરૂદેવ ચાણકયનો દેદાર જોઇ રાજકુમારોએ ગુરૂચાણકયની મશ્કરી કરી. તે વખતે ગુરૂચાણકયને ક્રોધ ચઢયો, અને તે વખતે પોતે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી રાજાનંદના વંશનો નાશ ન કરૂં ત્યાં સુધી શિખા (માથાના વાળ) બાંધીશ નહિ. (શરૂઆત) તેવી પ્રતિજ્ઞા કરે છે.

[કોપીરાઇટ–પ્રકાશકનો છે.] 

# — આમુખ —

ગૂજરાતનું મૃત્યુ કિનારે પહોંચેલું સાહિત્ય મરતાં મરતાં જીવી જઈને પાછું યુવાવસ્થાએ પહોંચ્યું છે. તેની યુવાવસ્થા સાહિત્યના જાણકાર વાંચકો અને પ્રકાશકોને જ આભારી છે.

દરેક વાંચક અને પ્રકાશક સાહિત્યના જાણકાર બને તો ?

—પણ આજે તો અમુક પ્રકાશકો. બાદ કરતાં દરેક પ્રકાશક કીર્તિવંત સાહિત્યકાર–લેખક માગે છે. જ્યારે સાહિત્યની કદર કરનાર વાંચક સુંદર સાહિત્ય વાંચન માગે છે.

પ્રકાશકે! વાંચકોની ઇચ્છાને ન સંતોષી શકે?

પર ભાષાનું એકાદ પુસ્તક પ્રસિદ્ધિ પામે એટલે તેના લેખકનું પ્રત્યેક પુસ્તક અનુવાદ થવા પામે છે. કેટલાંક પુસ્તકો એક કરતાં વધારે પ્રકાશકો તરફથી પુસ્તકોનાં નામ બદલીને થાય છે.

શા માટે એમ થવું જોઈએ?

એવા કારણોને અંગે ગૂજરાતનું મૌલિક સાહિત્ય અંધારામાં રહી જતું નથી?

કેવળ પર ભાષાનાં પૂસ્તકોના અનુવાદો જ પ્રસિદ્ધ કરીને ગુજરાતી સાહિત્યને જીવતું રાખ્યાનો આનંદ માનવો છે?

ઐતિહાસિક અને સામાજિક સાહિત્ય માટે પ્રસંગો ક્યાં ઓછા છે?

ખૂણે ખાંચરે પડેલા લેખકોને–સાહિત્ય કારોને શોધી કાઢીને પ્રકાશકો મૌલિક સાહિત્ય લખાવે તો ગૂજરાતનું સાહિત્ય અજોડ બન્યા વિના રહે નહિ. જેમ પર ભાષાનાં પુસ્તકોનો અનુવાદ

આપણી ભાષામાં થાય છે, તેમ આપણાં પુસ્તકોનો અનુવાદ અન્ય ભાષામાં થાય; એવી ભાવના આપણે શા માટે ન સેવવી જોઇએ?

ગુજરાતીઓની રહેણી કરણી, ગુજરાતીઓનાં માનસ, અને ગુજરાતીઓની ગૃહવ્યવસ્થામાં પેસેલા પાશ્ચાત્ય સડા વિષે;તેમજ તે કારણે ચીમળાતી બહેનો, કાળી મજૂરી કરીને જીવતા શ્રમ-જીવીઓ, મા બાપના પરસેવાના પૈસાને પાણીની માફક વેડફીને અરધી જીંદગી સુધી અભ્યાસ કર્યા પછી કેવળ નોકરી-ગુલામી સ્વીકારી લેતા યુવકો, અન્નને અને દાંતને તેમજ દેહને અને વસ્ત્રને થયેલાં વેર-તેવી આવો પડેલી કપરી સ્થિતિ વિષે લખવાનું કયાં ઓછું છે?

પરદેશીઓએ રચેલા અને રચાવેલા સત્યાસત્ય ઇતિહાસમાંથી સંશોધન કરીને સત્ય હકિકત પ્રકટ કરવાની સામગ્રી કયાં ઓછી છે?

હિંદની ઐતિહાસિક અને સામાજિક કાળી બાજુને કાળી બાજુ અને ઉજળીને પણ કાળી બાજુ બતાવી-રજુ કરીને આપણા જીવનમાં કલેશ ઉત્પન્ન કરાવનારા પરદેશીઓની કાળી બાજુ રજુ કરવાનાં અને તેમનાં મલિન મન અને ઇંદ્ર-જાળને ખુલ્લાં પાડવાનાં સાધનો ઓછાં નથી?

મહારાજા નંદ અને મહામંત્રી શકટાળ જેવા મહા પુરૂષોનાં જીવન ચરિત્રો-તેમના જેવી મહાવ્યક્તિઓની રુપરેખાઓ કયાં ઓછી છે?

ગૂજરાતના વીર પુરૂષોનાં ચરિત્રો કયાં ઓછાં છે?
અનુવાદકો આવા વિષયો પર મૌલિક લખતા થાય તો?
કોઇ કોઇ વખતે એકાદ પુસ્તક બે ચાર લેખકો તરફથી

તેમણે મેળવેલા પૂરાવાના આધારે લખાય છે. તેમાં ઇતિહાસનું મંથન થાય છે. તેમાંથી જે સત્ય લાગે તે વાંચક સ્વીકારી લે છે.

મહારાજા નંદ વિષે પણ તેમજ બનવા પામ્યું છે. તેમના વિષે લખાયેલાં કેટલાંક પુસ્તકોમાં આ પુસ્તક વધારો કરે છે. જો કે આ પુસ્તક લખવાનો ઉદ્દેશ મહામંત્રી શકટાળના જીવન ચરિત્ર સાથે સંકળાયેલો છે, અને તેમને જ નાયક પદ આપવામાં આવ્યું છે, છતાં તેમાં મહારાજાનંદનો સમાવેશ થયા સિવાય રહેતો નથી.

કેટલાક લેખકો–ઇતિહાસકારોની માન્યતા એવી છે કે, જે નંદે ક્ષત્રિયોની કત્લ કરાવી હતી, તે નંદ છેલ્લો નહિ. જ્યારે હું માનું છું કે, જે નંદે ક્ષત્રિયોની કત્લ કરાવી તે નંદ છેલ્લો જ હોવો જોઇએ.

રા. કનૈયાલાલ મુન્શીએ 'ભગવાન કૌટિલ્ય' લખ્યું છે. 'મુદ્રા રાક્ષસ' નામના સંસ્કૃત નાટક પરથી સુપ્રસિદ્ધ મરાઠી નવલકથાકાર રા. હરિ નારાયણ આપ્ટેએ 'ચંદ્રગુપ્ત' નામની નવલકથા મરાઠી ભાષામાં લખી છે. તે પુસ્તકનો અનુવાદ શ્રી. નારાયણ વસનજી ઠક્કુરે ગુજરાતી ભાષામાં '૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન'ના નામે કરેલ છે. એ બધા લેખકોએ ચીતરેલા નંદ કરતાં મારાથી જુદા જ પ્રકારનો નંદ દર્શાવાયો છે.

આ પુસ્તક માટે–તેની સત્યતા માટે અનેક પ્રકારના પૂરાવાઓ રજુ કરવામાં આવ્યા છે. પાત્રો પણ ઘણાંખરાં સાચાં જ છે.

પંડિત ચાણક્ય નંદવંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા લઈ પાટલીપુત્રમાંથી ચાલ્યા જાય છે, ત્યારથી આ પુસ્તકની શરૂઆત થાય છે. પુસ્તક ઐતિહાસિક હોવા છતાં, નવલકથા છે; એ વાંચકે લક્ષમાં રાખવાની આવશ્યકતા છે.

ઘણા ખરા આધારો–જે જે ઠેકાણે જરૂર જણાય છે તે તે ઠેકાણે ટીપમાં આપ્યા છે.

એક જગાએ ટીપમાં **મહાવંશ, દિવ્યાવદાન, વિષ્ણુ-પુરાણ અને સ્થવિરાવલિ** : નામના ચાર પુરાણોમાંથી વંશાવળીઓ મૂકવામાં આવી છે. તે વંશાવળીઓને એક બીજાંની સાથે સરખાવતાં થોડો ઘણો ફરક જણાઈ આવે છે.

ઘણાઓની માન્યતા એવી છે કે, નવમા નંદના સમયમાં મુદ્રા રાક્ષસ નામનો મંત્રી હતો, જેના જીવન પરથી 'મુદ્રા રાક્ષસ' નામનું સસ્કૃત નાટક રચાયેલું છે. એ માન્યતા તદ્દન સત્ય છે. પણ તે સમયમાં મહાઅમાત્યને સ્થાને કોણ હતું, તેનો ઉલ્લેખ જવલ્લે જ મળી આવે છે. અનેક પ્રમાણભૂત આધારો મેળવ્યા પછી ખાત્રી પૂર્વક માની શકાય છે કે, તે સમયે મહા અમાત્યની પદવી પર મહામંત્રી શકટાળ હોવા જોઈએ–હતા.

મહારાજા નંદે પાછળથી શકટાળને અનેક પ્રકારનાં કષ્ટો સહન કરાવ્યાં હતાં, એમ કેટલેક સ્થળેથી વાંચવા મળે છે. તેમજ તેમની બંધનાવસ્થા 'સમ્રાટ ચંદ્રગુપ્ત' ' નામની એક હિંદી ફિલ્મમાં પણ બતાવવામાં આવી છે–હતી પરંતુ વસ્તુતઃ પરિસ્થિતિ તદ્દન જુદીજ હતી. મહામંત્રી શકટાળને નંદે કોઈ પણ પ્રકારનો ત્રાસ આપ્યો ન હોતો, પણ નંદને તેમના પર–શકટાળ પર શંકા આવતાં શકટાળે પોતે જ પોતાનું બલિ-દાન સ્વીકારી લીધું હતું. તે વિષેના પૂરાવાઓ યોગ્ય સ્થળે આપવામાં આવ્યા છે.

તે સમયમાં પાટલીપુત્રની બરોબરી કરી શકે, એવી બીજી કોઇ પણ નગરી હસ્તીમાં ન હોતી. તેનું વર્ણન ચાલુ વાંચનની ટીપમાં યોગ્ય સ્થળે આપવાં આવ્યું છે.

મહારાજા નંદનાં અનેક નામો હતાં, અને તે બધાં તેમનાં

કૃત્યોને જ આભારી હતો.

નંદને અનેક રાણીઓ હતી. તેમાં મહારાણીની પદ્વીએ જયાદેવી હતાં. મહારાજા પર તેમની પ્રતિભા સારી પડતી હતી.

પંડિત ચાણુક્ય મહાન અર્થશાસ્ત્રી હતા તેમણે લખેલું 'અર્થશાસ્ત્ર' હજી પણ એક મહાન સત્તા સમાન ગણાય છે. તે ઉપરાંત, તે એક અદ્વિતિય રાજનીતિજ્ઞ પુરૂષ હોઇ કૌટિલ્યના નામે પ્રખ્યાત છે.

પાણિની પ્રખર વિદ્વાન પુરૂષ હતા છતાં તેમણે લખેલા ગ્રન્થો સિવાય તેમના વિષે બીજી માહિતી મળતી નથી. તેમજ તેમણે પોતાની છેવટની જીંદગી ક્યાં વીતાવી, તેની વિગતો પણ મળી આવતી નથી. તે એક અજોડ વ્યાકરણ શાસ્ત્રી હોઇ તેમનું 'વ્યાકરણ' આજે પણ આધારભૂત ગણાય છે.

વરરૂચિએ પાણિનીના વ્યાકરણ પર ટીકા લખી છે. તે ઉપરાંત, ,વિભાસ' વગેરે ગ્રન્થો પણ લખ્યા છે.

પંડિત ચાણુક્યે પાટલીપુત્રનો ત્યાગ કર્યા પછી વરરૂચિએ મગધરાજ નંદના મહા અમાત્ય બનવા માટે ઘણી ખટપટો કરી હતી, પણ તેમાં તેમને યશ મળ્યો નહોતો.

ના પૃષ્ટ ૫૦૩માં

લખવામાં આવ્યું છે કે,

—પણ આમાં સમજ ફેર થઇ હોય એમ લાગે છે. તેમણે મહા અમાત્ય થવાના પ્રયત્નો કર્યા હતા, પણ તેમાં તેમને યશ મળ્યો નહોતો. એ વિષેના ઘણા પૂરાવાઓ મળી આવે છે.

મહારાજા નંદના સમયની ખરી–ચોક્કસ સાલ મળી આવતી નથી, પણ સૈકાઓના પૂરાવાઓ ઘણે સ્થળેથી મળી આવે છે.

તેવા જ પૂરાવાઓના આધારે પુસ્તકની શરૂઆતમાં સૈકા દર્શન કરાવવામાં આવ્યું છે.

સદરહુ નવલકથા લખવામાં ઘણા પુસ્તકોના આધારો લેવામાં આવ્યા છે, જેમાંનાં કેટલાંકનાં નામો પણ આપવામાં આવ્યાં છે.

આ પુસ્તકની અંદર દર્શાવવામાં આવેલાં કેટલાંક આધાર રૂપી પુસ્તકોનાં નામો ડો. ત્રીભોવનદાસે લખેલા 'પ્રાચીન ભારતવર્ષ' માંથી અસલ-(તેમણે આપેલા પૂરાવા(-સીધા જ ઉતારવામાં આવ્યા છે— ફકત વાંચકોની સગવડતાની ખાતર જ. એટલે આડકતરી રીતે તેમના પુસ્તકનો આધાર લેવાયો છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ ન કહેવાય. તેથી મારે ડો. ત્રીભોવનદાસનો આભાર જરૂર માનવો જોઇએ.

શ્રી સરસ્વતી સાહિત્ય રત્ન ગ્રંથાવલિના સંચાલક કવિ ભોગીલાલભાઇએ આ પુસ્તક તેમની ગ્રંથાવલિમાં પ્રગટ કર્યું તે બદલ તેમનો અને અવારનવાર પ્રોત્સાહન આપનાર સ્નેહી કુંવરજીભાઇનો આભાર કેમ ભૂલાય?

આજ સુધીનાં મારાં બધાં પુસ્તકોને સહર્ષ વધાવી લેનાર વાંચકોએ જો મારી લેખનકળાનો યોગ્ય સત્કાર કર્યો નહોત તો કદાચ મારો કલમ આગળ વધતી અટકી જાત. એટલે મારી કલમને જીવંત રાખનાર વાંચકોને તો હું કદાપિ ભૂલી ન જ શકું.

૨૦-૮-૧૯૪૬<br>
૨૨૦ ફીકા સ્ટ્રીટ<br>
મુંબઇ નં ૨

ચંદુલાલ એમ. શાહ

ઇન્દોર નિવાસી– સરસ્વતિ ઉપાસક– દાનવીર– તિર્થભક્ત– શિરોમણિ–

રાયબહાદુર–રાજયભુષણ–રાવરાજા–સર શ્રીમાન શેઠશ્રી હુકમચંદજી નાઇટ.



જન્મ સં. ૧૯૩૧ના અશાડ શુકલા પ્રતિપદા.

જેઓશ્રીએ પોતાના જીવનમાં આજદીન સુધીમાં લોક કલ્યાણના હિતાર્થે લગભગ ચાલીશથી પચાસ લાખ રૂપીયા વાપરી પોતાના જીવનની સાર્થકતા સાધી છે. વળી મારા પ્રત્યે વાત્સલ્ય ભાવ ધરાવી મારા પુસ્તકમાં સ્મારક તરીકે પોતાનો ફોટો મુકવા સારૂ જે ઉદારતાભરી લાગણી બતાવી છે તેના માટે હું સદા એઓશ્રીનો રૂણી છું. પરમાત્મા શેઠશ્રી હુકમચંદજી તથા તેમના પુત્રો–પૌત્રો વિગેરે સર્વ કુટુંબને સદા આરોગ્ય અને દીર્ધાયુ રાખો એજ હૃદયથી પ્રાર્થના.

લી. આપનો બાળક.

**ભોગીલાલ કવિ**

ના સવીનય પ્રણામ.

## શ્રીમાન

## સર શેઠ હુકમીચંદજી સાથે મારો પરિચય

હું જ્યારે મુંબાઇની જીવદયા મંડળીમાં ઓનરરી ઉપદેશક તરીકે સને ૧૯૨૩ની સાલમાં નીમાયો તે પછી મંડળીના સેક્રેટરી રા. રા. જયંન્તીલાલ એમ માન્કરની સાથે બહારગામ ઉપદેશક તરીકે પ્રચાર માટે જવાનું થયું. તે વખતે સને ૧૯૩૦-૩૧ માં ઇન્દોર મુકામે પ્રચાર માટે જવાનું થયું. તે વખતે અમો ભંડારી મીલવાળા શેઠ કનૈયાલાલજી સાહેબને ત્યાં ઉતર્યા, અને તે પ્રસંગે આખા શહેરમાં અમે જીવદયાના પ્રચાર માટે ઘણી સભાઓ ભરી. લોકમત ઘણો કેળવ્યો અને ઇન્દોર રાજ્યના પ્રધાન સચિવ રાયબહાદુર સર સિરેમલજી બાપના નાઈટ તથા બીજા રાજ્ય કર્મચારીઓ જ ઘણા ખુશી થયા હતા. અને ઈન્દોર રાજ્ય તરફથી પોતાના રાજ્યમાંથી બહાર જતા દુધાળાં ઢોર અટકાવવા માટે બાદશાહી સખાવત કરી. અને તે સખાવતનાં કાર્યક્ષેત્રમાં સર શેઠ હુકમીચંદજીને પ્રેસીડેન્ટ બનાવ્યા. અને શેઠ કનૈયાલાલ ભંડારીને સેક્રેટરી નીમ્યા. અને જીવદયાના કાર્ય માટે એક કમીટી નક્કી કરી. તે વખતે મારા ભાષણની શૈલીથી ઈન્દોરની પ્રજા ખુશી થઈ. તે કારણે પ્રજા તરફથી એક જાહેર સભા ટાઉન હોલમાં ભરવામાં આવી. અને તે સભાના અધ્યક્ષ તરીકે સર શેઠ હુકમચંદજીને નીમ્યા હતા. અને તે વખતે ઇન્દોરની પ્રજા તરફથી મને સોનાનો ચંદ્રક સર શેઠ હુકમીચંદજીનાં શુભ હસ્તે આપવામાં આવ્યો હતો. તે પરીચય પછી મારે સંવત ૨૦૦૨ના રોજ મારે ઈન્દોર જવાનું થયું. તે વખતે ત્યાંની પબ્લીકની સેવા કરવાનો મને ઘણી સંસ્થાઓ લાભ મળ્યો. તે વખતે મારા જુના મિત્ર શેઠ શાંન્તીલાલ જેશીંગભાઇ અને રા. રા. રતનચંદજી કોઠારીની મુલાકાત થતાં તેઓશ્રીના પ્રયાસથી સર હુકમચંદજી શેઠને ત્યાં ભજન સંભળાવવા સારૂ મને

આમંત્રણ આપવામાં આવ્યુ. અને મારા પૂર્વનાં શુભ કર્મના ઉદયથી એ ભાગ્યશાળીના ભવ્ય મહેલમાં લગભગ એક કલાક સુધી કુંડકુંડા આચાર્ય તથા બાહુબલજી તથા શાલીભદ્ર વિગેરેનો સંગીત સાથેજ અધિકાર કહેવામાં આવ્યો, અને શેઠજી તે સાંભળી પોતાના આત્માને ઘણોજ આનંદ આવ્યો, અને આખરે એ ભાગ્યશાળી પુરૂષની નમ્રતા વિવેક-વિનય અને સરળતાના સદ્‌ગુણોએ મારા મન ઉપર ઘણી અસર પાડી. હું મારી જીંદગીમાં ઘણા રાજા મહારાજાઓ તથા શેઠ શાહુકારોના પરીચયમાં આવેલો છતાં સર શેઠ હુકમીચંદજીના પરીચયમાં આવતા મને લાગ્યું કે બહુ રત્નાવસુંધરા દુનીયામાં અનેક જાતના રત્નો પડેલા છે. તે રત્નોમાં પણ સર હુકમચંદજી પણ મને અમુલ્ય રત્ન સમાન લાગ્યા.

જ્યારે મારૂ સંગિત પુરૂ થયું. તે વખતે મને પોતે એવો તો આશીર્વાદ આપ્યો કે તે મારા જીવનના અંત સુધી ભુલી શકાય તેમ નથીજ. જ્યારે હું બીજે ઠેકાણે મારો સંગિતનો પ્રોગ્રામ હોવાથી જવાનું હતું. ત્યારે મે શેઠ સાહેબની રજા માગી.

ત્યારે મારા પર પોતે જેમ પિતા પુત્ર પર ખુશી થાય તેના કરતાં પણ વધારે ખુશી થઈ મને કીધુ કે, મેરે લાયક કુછ કામકાજ હો તો બોલો ત્યારે હું તો સાધારણ વ્યક્તિ મારી. એવા મહાપુરૂષ પાસે માગવાની ગુંજાશ પણ ક્યાંથી હોય.

ત્યારે મેં માગ્યું કે આપનો શુભ આશીર્વાદ.

તે વખતે સંધ્યાકાળના આઠ વાગેલા. સં. ૨૦૦૨ના મહા વદ ૧૧ના રોજ મને આશીર્વાદ આપ્યો તું મેરા બેટા સમાન હે. ઔર તું તીસરા ભવમે મોક્ષ જાયગા. આ વખતે મારા અમદાવાદના મિત્રો ભાઇ ચંદુલાલ છોટાલાલ ભાઇ બાબુભાઇ કાલીદાસ તથા

ભાઇ મફતલાલ તથા રા. રા. કોઠારી રતનચંદજી વિગેરે પણ હાજર હતા.

આ આશીર્વાદ આપ્યા પછી મારા આત્માને વિચાર થયો કે મારા એવા તે સદ્‌ભાગ્ય ક્યાંથી હોય કે મારી દિકરીના સ્મારક તરીકેની સરસ્વતિ સાહિત્યરત્ન ગ્રંથાવલિના બીજા વર્ષના પ્રારંભમાં શેઠ સાહેબ રા રા. હુકમચંદજીનો ફોટો મુકવા ભાગ્યશાળી બનું તે વખતે મે મારા મિત્ર રા. રા. રતનચંદજી કોઠારીને મેં મારી ઇચ્છિા જણાવી. અને તે ઇચ્છાનો અમલ મારા મિત્રે બરાબર બજાવ્યો અને શેઠ સાહેબે પોતાનો ફોટો મુકવા સારૂ હા. પાડયાના સમાચાર મને પત્રદ્વારા આપ્યા. તેથી આજે હું મહામંત્રી શકટાળ નામના પુસ્તકમાં તેઓશ્રીનો ફોટો મુકવા ભાગ્યશાળી બન્યો છુ તેથી હું મારા મિત્ર રતનચંદજી કોઠારીનો હું સદા રૂણી છું તેમજ શેઠ સાહેબ સાથે મારો જુનો પરિચય જે હતો તે પરીચય ને નવો સજીવન કરી મારા કાર્યને જે પ્રોત્સાહન આપ્યું છે તેના માટે હું હંમેશાં શેઠજીનો આભારી છું.

શેઠ સાહેબના જુજ પરિચયમાં આવવાથી જ તેઓશ્રીના ધાર્મીક જ્ઞાન માટે મને ઘણું માન ઉત્પન્ન થયું. તેમજ જે વખતે હું પ્રથમ ઇન્દોર આવેલો તે વખતે તેઓ પર્યુષણ મહાપર્વના ધાર્મીક દિવસમાં રાત્રીએ પોતાના રંગમહેલના ચોગાનમાં સુંદર મંડપમાં પોતે વાખ્યાન આપતા હતા. અને હું લગભગ એક કલાક સુધી સાંભળી અજબ થયો, આવા કરોડપતિ શેઠમાં આટલી બધો સર સ્વતિનો વાસ ક્યાંથી. તે વખતથી જ મને સાહિત્ય માટે તેઓશ્રીની મુલાકાત લેવાની અભિલાષા હતી. પરંતુ કુદરતને તે વખતનો ટાઇમ મારા માટે અનુકૂળ નહી હોય. તેથીજ આટલા વર્ષોનો વિયોગ રહયો, તે અનુકૂળ ટાઇમ મને મારા કર્મયોગે કુદરતે મેળવી આપ્યો.

અને મહારીજ સ્વર્ગવાસી પુત્રી સરસ્વતિના સ્મારક તરીકેની સરસ્વતિ સાહિત્યરત્ન ગ્રંન્થાવલિના બીજા વર્ષના પ્રારંભનુ પ્રથમ પુસ્તક સ્થુલિભદ્રના પિતા (મહામંત્ર શકટાળ) પણ મહાપુણ્ય-બળી તથા ભાગ્યશાળી હતા તેજ વિરપુરૂના ઇતિહાસિક ગ્રંથમાં પણ પુણ્યશાળી, અને દાનવિર સર શેઠ હુકમચંદજીની તસવીર મુકવાનુ મને શૌભાગ્ય પ્રાપ્ત થયું. એજ શ્રી શાશનદેવનો પ્રભાવ.

પ્રભુ સર શેઠ હુકમીચંદજીને સદાય દિર્ઘાયુ અને આરોગ્ય રાખો તેમજ મારા મિત્ર રા. રા. રતનચંદજી કોઠારીને પણ હમેશાં સુખી અને આરોગ્ય દિર્ઘાયું રાખો એજ પ્રભુપ્રત્યે પ્રાર્થના.

લી. આપનો બાળક

**ભોગીલાલ રતચંદ રાજકવી**

ધરમપુર સ્ટેટના જયજીણેંદ્ર

# શ્રિમાન્ શેઠ સર હુકમીચંદજી સાહેબની જીવન નોંધ

આજે હું મારા જીવનમાં એક અણમોલ અવસર પ્રાપ્ત થએલો માનુ છું કારણ કે મેં મારી બુદ્ધિ અનુસાર મારા હાથે ઘણા પુસ્તકો લખ્યા, અને પ્રકાશીત કર્યા સારા સારા દાન-વિર ગૃહસ્થોની જીવનરેખા લખવાનો સુઅવસર પ્રાપ્ત પણ થયો. તેના કરતાં આજનો મારા જીવનનો મહામુલો પ્રસંગ પ્રાપ્ત થતાંમારા હૃદયને કોઇ અનેરો આનંદ ઉત્પન્ન થયા વગર રહેતો નથી, તેનું કારણ ફક્ત એકજ કે આજ મારી પુત્રીના સ્મારક તરીકે ચાલુ કરેલી શ્રી સરસ્વતિ સાહિત્ય ગ્રંન્થાવલિના બીજા વર્ષના પ્રથમ પ્રકાશનમાં જ મહાભાગ્યશાળી દાનવીર શેઠ હુકમીચંદજીના જીવનની નોંધઅને તેઓશ્રીનો ફોટો આપવા માટે આજે હું ભાગ્યશાંળી બન્યો છું શેઠ હુકમીચંદજીનો શુભ જન્મ સંવત ૧૯૩૧ અસાડ શુક્લ પ્રતિપદાના સુયોગે શેઠ સ્વરૂપચંદજીના ધર્મપત્નિ શ્રીમતિ જંવરીબાઇની કુક્ષીએ થયો. જન્મકાળના સમયનો ટાઇમ ઘણોજ અત્યુત્તમ અને શ્રેષ્ટ હતો. કારણ કે જ્યોતિષ શાસ્ત્રના નિયમ અનુસાર શેઠજીના જન્મ કુંડળીમાં ઘણાજ ઊંચ્ચામાં ઉંચ્ચા અને બળવાન ગ્રહો પડયા હતા. ચંદ્ર તથા બુધ લાભમાં પરાક્રમમાં સુક્ર પાંચમા ભુવનમાં શની. તથા ગુરૂદેવ લગ્નમાં હતા. જે વખત શેઠજીનો જન્મ થયો. તે વખતથીજ દિનપ્રતિદિન લક્ષ્મિ વધવા લાગી, અને તેજ વર્ષે શેઠ સ્વરૂપચંદજી તથા શેઠ ઓંકારજી તથા શેઠ તિલ-કચંદજી ત્રણે ભાઇઓ મળીને શેઠ તિલોકચંદ હુકમીચંદજીના નામથી દુકાન ચાલુ કરી અને તે વખતે શેઠ હુકમીચંદજીની ઊમર લગભગ છ વર્ષની હશે પરંતુ છ વર્ષની ઊમરથીજ તેઓના વ્યાપારમાં ઘણોજ સારો વધારો થયો, અને નામની

પ્રખ્યાતિ પણ સુંદર થવા લાગી.

પાંચ વર્ષની ઊમરમાંજ શેઠજીનો અભ્યાસક્રમ ગુરૂદેવ મોહનલાલજીને પાસે ચાલુ કર્યો પુણ્યના યોગે ઘણાજ ટુંક સમયમાંજ શેઠજીની જીંહ્વા ઉપર સરસ્વતિએ વાસો કર્યો. અને દરેક જાતના ધર્મનુ તેમજ સામાજીક તથા વ્યવહારિક જ્ઞાન સારી રીતે સંપાદન કર્યું. એ સમયમાં ઇંગ્રેજી અભ્યાસનો પ્રચાર વિશેષ નહિ હોવાથી તેની ખાસ મહત્તા નહોતી. પરંતુ ભાગ્યદેવીની કૃપાથી થોડી મહેનતે ઘણું જ્ઞાન મેળવવા માટે ફળ થયા. અને તે પછી દૂકાને જવા આવવાનું શરૂ કર્યું દૂકાનમાં પણ વ્યહપારી તાલીમ તેમજ મહાજની હિસાબ વગેરેમાં પણ પારાંગત થયા. ફકત પંદર વર્ષની ઊમરમાંજ દુકાનનું કામકાજ ઘણુંજ બુદ્ધિપૂર્વક ચલાવવા માંડયા. નાની વયમાં પણ આટલી બધી ચતુરાઈ અને હોંશીયારી કોક વિરલ પુણ્યશાળીમાં જ હોય છે વ્યાપારી જીવનમાં શેઠ સાહેબે ઘણાજ સાહસથી ઝુકાવ્યું. અને દિનપ્રતિદિન પણ લક્ષ્મિનો વધારો થવા લાગ્યો, સંવત ૧૮૫૬ ની સાલમાં તેમના વ્યાપારમાં ભંડોલ પચીશ ત્રીસ લાખ રૂપીયાનો ગણાવા લાગ્યો.

તે સમયના વચલા સમયમાં સંવત ૧૯૫૦ ની સાલમાં શેઠના પિતાશ્રી શેઠ સ્વરૂપચંદજીનો સ્વર્ગવાસ થયો. પુજ્ય પિતાશ્રીના અવસાનથી શેઠ હુકમીચંદજીને ઘણોજ આગાધ લાગ્યો, અને ત્રણે ભાઇઓએ આપસઆપસમાં સમજપૂર્વક વિચાર કરી મિલ્કતની વહેંચણી કરી. અને ત્રણે ભાઇઓની ત્રણ દૂકાનો થઈ અને મુંબાઇની દૂકાનો ત્રણે ભાઇઓની ભેગી રાખી. અને ત્રણે ભાઇઓના ભાગમાં દશ દશ લાખ રૂપીયા આવ્યા.

તે પછી શેઠ હુકમીચંદજીએ પોતાના બાહુબળ અને બુદ્ધિ બળ, અને પુણ્યબળના ભેગુ કરી વ્યાપારી ક્ષેત્રમાં માથુ મુકી

ઝંપલાવ્યું. અને અસાધારણ વહેપારનું જોખમ ખેડવા લાગ્યા. અને સાહસિક સ્વભાવથી વ્યાપારી આલમમાં પોતાનો પ્રભાવ અને પ્રતિભા કોઈ અનેરી પડી. અને કેવળ શુદ્ધ બુદ્ધિ અને કુનેહભરી રીતીથી વ્યાપારમાં પોતાના પુણ્ય યોગે લગભગ સાત આઠ કરોડની સંપત્તિ ઉપાર્જીત કરી. અને ભારતવર્ષમાં દરેક ઠેકાણે પોતાના નામનો સીક્કો પાડી શાહ સોદાગર તરીકેની નામના મેળવી. અને બ્રીટીશ ગવરમેન્ટ અને છેક અમેરીકા સુધી તેઓના નામનો પ્રભાવ પડવા લાગ્યો.

શેઠ સાહેબે પોતાના જીવનમાં ચાર લગ્ન કર્યાં. પહેલા લગ્ન ૧૯૪૩ની સાલમાં કર્યાં અને તેમને એક કન્યા રત્નનો જન્મ આપ્યો. અને ફક્ત સાતજ દિવસમાં તેમના ધર્મપત્નિ પરલોક સિધાવી ગયાં, અને તે પુત્રીનું નામ રત્ન પ્રભાબાઇ રાખવામાં આવ્યું. બીજો વિવાહ સંવત ૧૯૫૬માં (મેવાડ) ચિત્તોડગઢમાં થયો. તે પણ સંવત ૧૯૬૨ની સાલમાં પેટની બીમારીથી સ્વર્ગવાસિની થયાં.

ત્રીજો વિવાહ સંવત ૧૯૬૩માં ભોપાળ થયો, અને તે હાલ વર્તમાનમાં હયાત છે. અને તેઓનું નામ શ્રીમતિ કંચનબાઇ છે. પોતે સાક્ષાત લક્ષ્મિ સ્વરૂપ અને મહાન સેવાભાવી છે. તેમના આવ્યા પછી શેઠજીના ખજાનામાં લાખ્ખો અને કરોડોની દોલત આવવા લાગી. જાણે લક્ષ્મીદેવીને સાથે લઇનેજ આવ્યા ન હોય.

પોતે એક સાચી ગૃહિણિ પતિપરાયણવળી ધર્મની શ્રદ્ધાવાળા અને પરોપકારી વૃત્તિવાળા હતા. પોતે સમગ્ર સ્ત્રી સમાજમાં એક આદર્શ નારી તરીકે ઓળખાતાં હતાં, અને પોતાના મિલન સાર–સ્વભાવથી સમાજમાં તેમનું સ્થાન એક અગ્રગણ્ય હતું. તેમનું જીવન ઘણુંજ પરોપકારી સ્વભાવના

કારણુથી પોતાના નામથી ચાલતી સંસ્થાઓની દેખરેખની પણ પોતેજ–જાતેજ સંભાળ રાખતા હતા.

આ પ્રમાણે શ્રીમતી કંચનબાઈના જીવનની પ્રણાલીકા હતી. પરંતુ દરેક મનુષ્યને શુભ અશુભ કર્મના સંજોગો ગમે તે પ્રકારે ભોગવવાજ પડે છે તેવી રીતે શ્રીમતીને કર્મવશાત ભયંકર માંદગી આવી, અને તે માંદગીમાંથી પોતે બચવા નહિ પામે તેવી તેઓના હૃદયને ખાત્રી હતી. તેથીજ પોતાની એક ગૃહિણિ તરીકે પોતાની ફરજ સમજી શેઠ હુકમીચંદજીને આગ્રહપૂર્વક વિનંતી કરી કે આપ ગૃહસ્થનો વહેવાર સાચવવા માટે ગણો કે આપની શારીરીક તન્દુરસ્તી સચવાય. તે કારણે પણ આપને બીજો વિવાહ કરવોજ પડશે. શ્રીમતીના આગ્રહને વશ થઇ શેઠજીએ ચોથી વારના લગ્ન ઇન્દોરમાં શેઠ પન્નાલાલજી મલ્હારગંજની સુપુત્રી સાથે કર્યા પણ ઘણુંજ દીલગીરી સાથે લખવું પડે છે કે ફક્ત એકજ વર્ષમાંજ મદ્રાસમાં એમને વિષમજ્વરની બીમારી થઇ અનેકારણે સ્વર્ગવાસ થયો.

સંસારની શેત્રજમાં મનુષ્યના જીવનમાં અનેક જાતના રંગો બદલાય છે. અને જીવનમાં નવી નવી જાતના અનુભવ થાય છે. લક્ષ્મિ જરૂર ભાગ્યથી મળી રહે છે. પરંતું પુણ્યવાન સંતતી તો અપુર્વ પુણ્યના બળ સિવાય નથી મળી શકતી, તેવી રીતે કરોડોની દોલત અને વૈભવ છતાં શેઠ હુકમીચંદના રંગમહેલમાં ફક્ત એકજ પુત્ર સંતતીનીજ ખામી હતી. અને ખામી તો પુર્વભવના પુણ્ય સિવાય પુરાવવી મુશ્કેલ હતી.

પરંતુ પુણ્યશાળીના પુણ્ય પ્રભાવથી તે ખામી પણ દૂર થવાનો સમય આવ્યો, શેઠજીની મોટી પુત્રી રત્નપ્રભાબાઇના કહેવાથી સંવત ૧૯૫૬માં શેઠજીના માતુશ્રીની આજ્ઞાને વશ થઇ શેઠ સાહેબે કુંવર હીરાલાલજી ભૈયા સાહેબને અજમેરથી દત્તક

લાવ્યા. કારણ કે માતુશ્રીને પૌત્રનુ મોં જોવાની મહાન અભિ-લાષા હતી.

સંવત ૧૯૭૩ માં કુંવર હીરાલાલજીનો વિવાહ વિનોદ કુમારી સાથે કર્યો. તે વિવાહ પ્રસંગે શેઠજીએ લગભગ સવા લાખ રૂપીયાનો ખર્ચ કર્યો હતો.

શેઠજીની અપુર્વ કાર્ય કુશળતાના પરીણામે તેમજ રાજ્યના હિતચિંતક તરીકે રાજ્ય તરફથી તેઓશ્રીને રાજ્ય ભુષણની ઉત્તમ પદવી તથા બ્રીટીશ ગવરમેન્ટ સરકાર તરફથી રાયબહાદુરની પદવી લગભગ સંવત ૧૯૮૪ના સમયમાં આપવામાં આવી.

શેઠજીને એક દીકરીનો જન્મ સંવત ૧૯૬૫માં થયો. અને તે ભાગ્યશાળી કન્યાનું નામ તારામતિ રાખવામાં આવ્યું અને તે દીકરી પણ ૧૯૮૫ની સાલમાં પરલોક સીધાવી ગયાં. તેમની સ્મૃતી તરીકે એક બાળક એક બાળકી બે સંતાન હતાં.

સંવત ૧૯૭૦ શ્રીમાન્ રાજકુમારસિંહનો જન્મ થયો. કુંવ-રશ્રીના જન્મ પ્રસંગે શેઠ તથા શેઠના કુટુંબમાં એક મહા મંગલમય આનંદ વરતાયો હતો. અને શેઠજીએ દીન-દુઃખી ગરીબોને હજારો રૂપીયા દાન આપ્યા હતાં. અને રહ્યની પવિત્ર ભાવનાથી લાખ્ખો રૂપીયા સારા માર્ગે વાપરવામાં કચાશ રાખી નહોતી. સંવત ૧૯૮૪માં શ્રીમાન રાજકુમારસિંહના લગન શ્રીમતિ રાજકુમારીબાઇની સાથે થયાં હતાં. આ સમયમાં રાજ-કુમારસિંહ બી. એ. ફાઈનલમાં અભ્યાસ કરતા હતા.

સંવત ૧૯૭૨માં શ્રીમતિ ચંદ્રપ્રભાબાઇનો જન્મથયો. અને તેમને સારોવિદ્યા અભ્યાસ અને સંસ્કારી જ્ઞાન આપવામાં આવ્યુ હતુ. અને તેઓનુ લગન સંવત ૧૯૯૪માં કુંવરરતનલાલજીના સાથે

કરવામાં આવ્યું હતું.

સંવત ૧૯૭૫માં સૌથી નાની દીકરીનો જન્મ થયો. જેનું નામ સ્નેહરાજબાઇ રાખવામાં આવ્યું, તેને પણ સારો અભ્યાસ કરાવ્યો. ધાર્મિક તેમજ વહેવારીક જ્ઞાન પણ સારી રીતે આપવામાં આવ્યું હતું. અને તેમનો વિવાહ પણ કુંવરલાલચંદજીની સાથે કરવામાં આવ્યો હતો.

ત્રણે વિવાહ શેઠજીએ એકજ સાલમાં કર્યા હતા. તે વખતે ઇન્દોર રાજ્ય તરફથી શેઠ સાહેબને તમામ સગવડ આપવામાં આવી હતી. આજુબાજુનાં બધાં રાજાઓ પણ આવ્યા હતા. અને હજારો મહેમાનો દેશપરદેશથી લગ્ન મોહત્સવમા પધાર્યા હતા. ઇન્દોરમાં જાણે એ દિવસનો પ્રસંગ ઉત્તમ અને ધણોજ મંગળકારી હતો આ વિવાહ પ્રસંગમાં શેઠજીને લગભગ પાંચ લાખ ને પચીસ હજારનો લગભગ ખર્ચ થયો હતો. અને આવો વિવાહ મોહત્સવ ઇન્દોરમાં કોઇ ગૃહસ્થને ત્યાં હજુ સુધી થયો નથી. તેમ ઇન્દોરની તમામ પ્રજા મુક્ત કંઠે પ્રશંસા કરતી હતી.

શેઠજીના ભાગ્ય બળથી સંવત ૧૯૮૭માં ભૈયા સાહેબ રાજકુમારસિંહજીને પૂત્ર રત્નની પ્રાપ્તિ થઇ. આ પુત્ર જન્મની ખુશાલીમાં શેઠ સાહેબે એક મોટો મહોત્સવ ઉજવ્યો હતો. અને ધણુજ દાન પુણ્ય અને ઇનામ વિગેરે આપવામાં આવ્યુ હતુ. ખરચ લગભગ રૂ. પચાસ હજારનો થયો હતો.

સંવત ૧૯૮૮માં ભૈયા સાહેબ રાજકુમારસિંહજીને બીજો પુત્ર થયો. તે પ્રસંગે પણ શેઠ સાહેબે ઉપર માફકજ મોહત્સવ ઉજવ્યો હતો.

શેઠ સાહેબના ધર્મ અને દાનના પ્રતાપે શેઠજીને કૌટુંબિક સુખ અને સંતાન પરીવારનું સંપુર્ણ સુખ પ્રાપ્ત થયું. ભાગ્ય-

શાળીને પુણ્યના બળથી શું નથી મળતું.

શેઠજીના કુટુંબનો પરિચય આપ્યા પછી તેઓશ્રીનું વ્યક્તિત્વના કેટલાક ગુણો એવા હતા કે તે ગુણો વડે પોતાનું જીવન અને ધ્યેયને ઘણો ઊંચ્ચ અને આદર્શ બનાવ્યો હતો.

સામુદ્રિક શાસ્ત્ર અનુસાર પુરૂષમાં બત્રીશ લક્ષણો જે સારા અને પ્રભાવશાળી કહેવાય તેવા કેટલાક લક્ષણો તેઓશ્રીમાં આકર્શક હતા. તેઓશ્રીનું લલાટનું તેજ સુર્યના જેમ ચમકતું હતું એઓશ્રીનું વિશાળ શરીર ભવ્ય મુખમુદ્રા એઓશ્રીનો સ્વભાવ હાસ્યમય મુખમંડળ અને એઓશ્રીના શરીરની ભીન્ન ભીન્ન ચેષ્ટા ઘણીજ મોહક હતી. જ્યારે પોતે બહાર નીકળતા ત્યારે હજારો મનુષ્યો પર એમનો અતિશય પ્રભાવ પડતો હતો. આ બધા લક્ષણોનું મુખ્ય કારણ દાનશીલ, બ્રહ્મચર્ય, તેમ ધીરજ, અને સેવાભાવ ઉત્સાહ, વિવેક, તથા સરળતા, તેમજ નિરાભિમાની, વિગેરે અનેક સદ્દગૂણો, એઓશ્રીમાં શોભતા હતા. શેઠજીએ પરોપકારી કાર્યમાં ધામીંક કાર્યોમાં તેમજ સામાજીક કાર્યોમાં લગભગ ચાલીશથી પચાસ લાખ રૂપીયા જેવી બાદશાહી સખાવત કરી તેઓશ્રીએ પોતાનું જીવન ઉજ્વલ કરી જગતની જનતાનો આશીર્વાદ લઇ જીવનમાં સાફલ્યતા મેળવી છે. આવા પંચમકાળના જમાનામાં આટલી મોટી રકમની ઉદારતા અને સંયમ અને ઊંચ્ચ ચારિત્ર વિગેરે જીવનનું કલ્યાણ કરનારી લબ્ધિઓ મેળવવી મહા દુર્લભ હોય છે પણ શેઠજીને તો પુર્વ કર્મના બળ વડે જાણે બધી લબ્ધિઓ સાથેજ લઈને આવ્યા ન હોય તેવુંજ જણાતું હતું.

ઘણા ભાગ્યશાળીઓ પુણ્યના યોગે લાખ્ખો અને કરોડોની લક્ષ્મી મેળવે છે. પણ તે લક્ષ્મિનો સદ્દપયોગ તો અપુર્વ પુન્યાઈનું તપ હોય તોજ તે લક્ષ્મિનો સારા કાર્યમાં તેનો

વ્યય થાય છે. નહિ તો તે લક્ષ્મિનો ઉપયોગ ઘણોજ વિચિત્ર અને ભોગવિલાસમાં થઈ જીવનને નાશ કરનારો નિવડે છે. પરંતુ શેઠજીના પુણ્ય બળે તેઓના ચર્ણોમાં કરોડોની લક્ષ્મિ આવી પડી. તેમ કરોડોના હિસાબે જનસમાજના કલ્યાણ અર્થે વપરાણી પણ ખરી.

આ બધી ઉદારતા અને વિચારશીલતા શાથી આવી. તેનો વિચાર કરવામાં આવે તો ફક્ત એટલોજ કે તેઓશ્રીના બાલ્યાવયથી ધાર્મિક જ્ઞાન અને વહેવારિક જ્ઞાનના સુંદર અભ્યાસથી અને તે જ્ઞાનના આધારે સારાસારના વિચાર કરવાથી મળેલી શક્તિ હતી. શેઠજીને ધાર્મીક જ્ઞાનનો ઘણોજ ઊંડો અભ્યાસ હતો તેમ રૂદયની ધગશ હતી.

તેમજ શાસ્ત્રોનું વાંચન. વળી યાદ શક્તિ તો એટલી બધી છે કે જાણે શાક્ષાત સરસ્વતિએજ જાણે તેઓશ્રીની જીવ્હા ઉપર વાસ ન કર્યો હોય ?

વળી ધર્મ પર તો શ્રદ્ધા એટલી બધી ઓતપ્રોત છે કે ધર્મના માટે પોતે પોતાનો લાખ્ખો અને કરોડોનો વ્યાપારનો ત્યાગ કરી તન મન ધનથી સેવા કરવા કટીબદ્ધ થતા અને પોતાની ફરજ બજાવતા હતા. આ સિવાય ગમે તેવા કટોકટીના સમયમાં પણ પોતાની ધાર્મીક ક્રિયામાં તેમજ પ્રભુ ભક્તિ વિગેરેમાં જરા પણ ઉણપ આવવા દેતા નહિ.

શારીરિક શક્તિ કેળવવા માટે પોતે હંમેશાં વ્યાયામ અને કસરત વિગેરેમાં અગ્રગણ્ય ભાગ લઈ શારીરિક શક્તિ એટલી બધી મજબુત ખીલવી છે કે ભલભલા બળવાન સાથે પણ કુસ્તી કરતા પાછા ન પડે.

આવી અનેક કૃતિથી શેઠજીએ પોતાનું શરીર અને મન

બન્ને વસ્તુ ઘણીજ આદર્શ અને પવિત્ર બનાવી જગતને બોધ-પાઠ આપ્યો, કે પહેલુ સુખ કે, કાયા નિરોગી.

સંવત ૧૯૫૭ની સાલથી શેઠજીએ વ્યાપારી જીવનમાં ભાગ લેવા માંડયો. અને અનેક જાતના વ્યાપારમાં શાહસ ઉપાડી લાખોની આવક જાગતી કરી. સોનું ચાંદી અળસી રૂજ અફીણ તેમજ ઘઉ વિગેરેના થેકા કરી વ્યાપારી આલમમાં પોતાનો નામનો શીક્કો જમાવ્યો, અને બજારમાં દરેક વ્યાપારી બોલતા કે કાલની વાત હુકમચંદજી જાણે આવા સાહસીક વ્યાપાર પણ ભાગ્ય વિના બની ન શકે. એક પુણ્ય–બળ બીજુ સાહસ અને ત્રીજુ બુદ્ધિબળ ત્રણે ત્રીપુટીના સંગમથી જીવનમાં અનેક જોખમ ભરેલી હોડો મૂકી. યા નસીબ સમજીને વહે-પારમાં ઝુકાવી દેતા. કુદરત પણ સાહનુકુળ હોવાથી શેઠજીએ પોતાની આજ દીન સુધીમાં કરાડોની દોલત મેળવી. અને આખરે તેમાં સંતોષ માની છેવટે સટ્ટો ન કરવાની પ્રતિજ્ઞા પણ લઇ જગતને દાખલો બતાવી આપ્યો કે માણસ કરી પણ શકે અને ત્યાગી પણ શકે છે. આવો ત્યાગ તો કોઇક વીરલના ભાગ્યમાંજ હોય છે. તે આજ દીવસ સુધીમાં તેઓશ્રીએ સટ્ટો કરવાની ભાવના પણ નથી કરી. તેમ તેના સામુ જોવાનુ પણ દીલ નથી કર્યું. તેઓશ્રીના વ્યાપારની ખ્યાતિ તેમજ હિંમતની ખ્યાતિ અને ઇજ્જત વિગેરે છેક યુરોપ અને અમેરિકા સુધી ઝળકે છે હતી. અને પોતે એક શાહ સોદાગર તરીકે નામના મેળવી પોતાના જીવનની સાફલ્યતા સાધી.

હાલ વર્તમાન કાળમાં તેઓશ્રીની હુકમીચંદ મીલ નં. ૧ નં. ૨ તથા રાજકુમાર જૂટ મીલ તથા મોટા મોટા કેટલાક કારખાના તથા શશીમહેલ ઇંદ્રભવન ઇતવારિયાનું દેવ મંદિર એઓશ્રીના વૈભવની સાક્ષી પુરી રહયા છે. વળી મુંબઈ તથા

કલકત્તામાં પણ કેટલીએ ભવ્ય ઇમારતો મોજૂદ છે. એજ પુણ્ય-શાળીના પુણ્યબળનો યોગની આજ વર્તમાન કાળમાં પણ પંદરથી વીશ હજાર મનુષ્યોનું પોતે પોષણ કરી રહ્યા છે. ધન્ય છે, એ વીર નરને.

વ્યાપારીમાં અગ્રગણ્ય ગણાતા તેમજ સેવાભાવી તેમજ સાહસિક વૃત્તિથી તેઓશ્રીને નામદાર ઇન્દોર સરકાર તરફથી તેમજ ના. બ્રીટીશ ગવરમેન્ટ તરફથી અનેક પદવીઓ પણ મળી છે. એજ તેઓશ્રીના કાર્યની મહત્તા અને શોભા છે. તેની નોંધ નીચે મુજબ.

| | |
|---|---|
| સને ૧૯૧૫ | ભારત સરકારનો ઇલ્કાબ |
| સને ૧૯૧૬ | શ્રીમંત મહારાજા તુકોરાવજી સાહેબ તરફથી સન્માન કરવામાં આવ્યું. પ્રથમ સરદારની બેઠકમાં ઉચ્ચ સ્થાન તથા શેઠજીની સ્વારી માટે સન્માન કર્યું. |
| સને ૧૯૧૯ | તે શ્રીમંત મહારાજા સાહેબે રાજભુષણની પદવી આપી. |
| સને ૧૯૨૦ | શ્રીમંત મહારાજા સર તુકોજીરાવ બહાદુરને પોતાની વર્ષગાંઠના દરબાર વખતે શેઠને પગમાં સોનું પહેરવા માટે માન આપવામાં આવ્યું. અને ખુદ મહારાજા સાહેબે પોતાના સહસ્ત વડે સોનાના લંગર ઇનામ આપવામાં આવ્યા. શેઠજીનું સન્માન રાજ્ય તરફથી થયુ. તે સમય પર શેઠે એક થાળ સોનુ ભરી ભેટ ધર્યું.હતુ |
| સને ૧૯૨૪ | દરબારોમાં બધા સરદારોની જે બેઠકો હતી. તેમાં પ્રથમ બેઠકનું માન શેઠજીને આપવામાં આવ્યું. |

સને ૧૯૪૦ . વર્તમાન હોલ્કર રાજવિ શ્રીમંત મહારાજા યશવંતરાવ બહાદુરે પોતાની વર્ષગાંઠના દરબાર વખતે રાય રાજાની ઉત્તમ પદવી આપવામાં આવી.

બ્રીટીશ ગવરમેન્ટ તરફથી સન્માન

સને ૧૯૧૫ રાવબહાદુરનો ઇલ્કાબ આપવામાં આવ્યો.
સને ૧૯૧૯ સર નાઇટનો ઇલ્કાબ આપવામાં આવ્યો.

આ સિવાય બીજા ઘણા સ્ટેટો તરફથી શેઠ સાહેબને ઘણુજ સન્માન મળ્યુ છે. વળી પોતે પરોપકારી વૃત્તિના હોવાથી સેંકડો સંસ્થાઓ ગરીબ અનાથ આશ્રમો, પ્રસૂતિગૃહ હોસ્પીટલ ધર્મશાળા મારવાડી વિદ્યાલય દેવમંદિરોમાં ભૂખ્યાને ભોજનમાં અને દુઃખી વિધવાઓની મદદમાં તેઓશ્રીએ આજ દીન સુધીમાં લગભગ ચાલીશથી પચાસ લાખ રૂપીયાનો સદ્દપયોગ કરી પોતાનું જીવન સાર્થક કરી જનતાનો આશીર્વાદ અને પ્રેમ મેળવ્યો, છે ધન્ય છે એવા મહાપુરૂષને.

ધાર્મીક જીવન પણ પોતાનું ઘણુંજ મનનીય હતું. સ્વાધ્યાય ધ્યાન અધ્યાત્મિક વિગેરે હરેક રીતે કાયાને કષ્ટ આપતા અને પ્રભુના શુદ્ધ ધ્યાનમાં રહિ આત્મકલ્યાણ સાધતા. કરોડોની મીલ્કત તેમજ દેવનાં જેવો વૈભવ હોવા છતાં પોતે ધાર્મિક નિયમો વ્રત તથા દેવપુજા વિગેરેમાં અતિષય શ્રદ્ધાથી અને તેનું પાલન કરી જીવનની સાર્થક્તા સાધે છે.

આટલી આટલી મોટી જવાબદારીઓ જેના માથા પર ઊભી રહી હોય. જેના ભાગ્યથી હજારો માણસ પોશાતુ હોય, જેની લક્ષ્મી વડે હજારો ઉદ્યોગિક ગ્રહો નભતા હોય. જેનાં ભાગ્ય વડે હજારો સામાજીક તેમજ ધાર્મીક તેમજ સેવાભાવી શુભ કાર્યો થતા

હોય તેવા મહાભાગ્યશાળીના હૃદયમાં પણ કૌટુંબિક પ્રેમ પણ એક અનેરો અને ઉચ્ચ ઉદારતા ભરેલો હતો. તેઓશ્રીના કાકા તથા ભત્રીજાઓ તેમજ તેઓના તમામ સગાવહાલાં ઉપર વાત્સલ્ય ભાવના બતાવી તેઓશ્રીએ જરા પણ સંકોચ રાખ્ય ા વગર સૌ આપ્ત જનને પોતાના જેવાજ સુખી બનાવ્યા. અને જગતને બતાવી આપ્યું કે પોતે નાના કે મોટા સુખી કે દુઃખી ભીખારી કે તવંગર વિગેરેમાં કિંચીત પણ ભેદ ન ગણતાં પોતાનાજ ગણવામાં પોતે અભિમાન ધરતા હતા. અને તેજ પ્રમાણે આખા સમસ્ત કુટુંબની સેવા કરી. સૌને પોતપોતાના ભાગ્ય અનુસાર સુખી કરવામાંજ પોતાના જીવનનું કર્તવ્ય માનતા આવ્યા છે.

નાની ઊમરથીજ તેઓશ્રીનું શરીર શસક્ત બનાવવા માટે વ્યાયામનો ખાસ શોખ અને મગરૂ હતી. હમેશાં આઠ આઠ દશ દશ માઈલ પોતે ચાલતા હતા. આજે લગભગ શેઠની ૭૧ વરસની ઊમર હોવા છતાં પણ સોથી દોઢસો દંડ તથા બેઠક કરે છે. આટલી મોટી ઊમર હોવા છતાં શેઠજીને હમેશાં આરોગ્યતા તેમજ તંદુરસ્તી ઘણીજ સારી રહી છે. અને શરીર બળ પણ એક મજબુત માણસને શરમાવે તેવું રહેલું છે.

આવા આવા તો શેઠજીના જીવનની અંદર અનેક સુંદર અનુભવવાળા સદ્દગુણો શોભે છે તે સદ્દગુણોનું વર્ણન હું જો મારી જીંદગી સુધી લખવા બેસુ તો પણ પાર આવે તેમ નથી. તો આવાં ભાગ્યશાળી પુરૂષોને માટે હું કયા શબ્દો વડે તેઓશ્રીનું બહુ માન કરૂં. કારણ કે મારા જેવા સાધારણ બુદ્ધિ-વાળાના ભાગ્યમાં આવા ભાગ્યશાળી મહાપુરૂષ માટે લખવાને શબ્દ કયાંથી જડે.

આ સિવાય શેઠજીમાં એક મહા ગુણ એવો હતો કે, તેઓશ્રી

મનુષ્યની આકૃતી ઉપરથીજ મનુષ્ય સ્વભાવની પરીક્ષા કરી લેતા અને તેઓએ કરેલી પરીક્ષા બનતાં સુધી સત્ય અને સચોટજ હોય તેથી કોઈ પણ મનુષ્ય તેઓની પાસેથી ઠગબાજી કરીને કે છેતરપીંડી કરીને લઇ જવાની તાકાત ધરાવવા હીંમત કરતોજ નહિ.

આ સિવાય તેઓશ્રીના રદયમાં ધાર્મીક શ્રદ્ધા કેટલી બધી મજબુત હતી. તેનું એક ઉદાહરણ આપી હવે આ જીવન વૃતાંત સમાપ્ત કરૂં છું.

પોતાના ધર્મ પત્નિને મહા ભયંકર જ્યારે બીમારી આવી હતી. રોજના હજાર હજારની ફીવાળા ડોકટરોને બોલાવ્યા હતા. છતાં તે બીમારી જરા પણ ઓછી ન થઇ, છેવટ પોતે પ્રતિજ્ઞા કરી હતી કે અમુક મુદ્દત સુધીમાં જો મારી ધર્મપત્ની રોગથી મુક્ત થઇ સ્વસ્થ થઇ જશે તો રૂ. ૧ લાખની ચાંદીની પ્રતિમા કરાવી મંદિરમાં પધરાવીશ. ધર્મની શ્રદ્ધાથી તેજ મુદ્દતમાં રોગ મટી ગયો. અને શરીર તદન નીરોગી બની ગયું. તેજ વખતે ચાંદીની પ્રતિમા બનાવવા માટે પોતાના કર્મચારીઓને દેશાવર મોકલ્યા પણ તે સમયમાં પ્રતિમા બનાવવા માટે ચાંદીની અનુકુળતા નહી હોવાથી તે લાખ રૂપીયા તેમના ધર્મપત્નિની ઇચ્છા મુજબ વિધવા સહાયતા અસહાય ભોજનશાળા એ નામની સંસ્થા ખોલી. તેમજ જ્યારે બીજા વર્ષમાં ફરી બીમારી આવી. ત્યારે પણ એક લાખ રૂપીયા આપી આંખની હસ્પીતાલ સર તુકોજીરાવ મહારાજાશ્રીના શુભ હસ્તે ખોલી. આવા આવા તો અનેક દાખલાઓ તેઓશ્રીના જીવનમાં મોજુદ છે આ સિવાય તેઓશ્રીએ હીન્દી સાહીત્ય દ્વારા પણ કંઈક પુસ્તકો પ્રકાશીત કરવા માટે લક્ષ્મી દ્વારા ઉત્તેજન આપી. સાહિત્યનો વિકાસ કરવામાં પણ પાછી પાની કરી નથી. ધન્ય છે એ વિદ્યાપ્રેમીને. અનેક સદ્‌ગુણો વડે શોભતા એવા દાનવીરને

શ્રિમાન્ શેઠ હુકમીચંદજીનું જીવન વૃતાંત મે મારી બુદ્ધિ અનુસાર લખી મે મારી ફરજ બજાવી છે.

મારા રદયની અભિલાષાતો શેઠજી પાસે સાહિત્યને વિકાસ કરાવવાની તો ઘણુાજ વર્ષો પહેલાની હતી. પરંતુ જ્યાં સુધી કુદરતની કૃપા ન હોય. ત્યાં સુધી તો યોગ મળવો મુસ્કેલ હોય છે. પરંતુ મારા સદ્ભાગ્યથી તે યોગ મારા મિત્ર રતનચંદજી કોઠારી કૃપા વડે પ્રાપ્ત થયો. તેના માટે હું તો મારા મિત્ર રતનચંદજી કોઠારીનો હમેશ માટે આભારી છું'

છેવટે પરમાત્મા સર શેઠ હુકમીચંદજીને તેમજ તેઓશ્રીના સુપુત્રો પુત્રીઓ પૌત્રો તેમજ આખા કુટુંબને સદા દીર્ઘાયુ અને આરોગ્ય અને સુખી રાખો. અને અનેક દીનવુંદુઃખીની સેવા કરવા સારૂ આ જગતમાં અવિચળ રહો. એજ પ્રભુ પાસે પ્રાર્થના.

સર શેઠ હુકમીચંદજી સદા તમારૂ જીવન જગતની સેવા માટે સદા અમર રહો.

લી. આપનો બાળક
**ભોગીલાલ રતનચંદ રાજકવી**
ધરમપુર સ્ટેટના જયજીણેંદ્ર

# પુત્રી સરસ્વતિ ભોગીલાલ રતનચંદ કવિ




સરસ્વતિ પ્રભુ કૃપાથી તારો ખોવાઈ ગએલો ફોટો ભગવતિની ભક્તિ વડે પ્રાપ્ત થયો. અને તારૂં સ્મારક તરીકે તારૂં નામ સદા કાયમ રહે અને જગતલક્ષ્મી કરતાં સરસ્વતિના ઉપાસક બને. તેજ ઉદ્દેશથી સરસ્વતિ સાહિત્ય રત્ન ગ્રંથાવલિના નામથી તારૂં સ્મારક કર્યું છે. તો જરૂર તે સ્મારક મારા મિત્રો તેમજ હિતચીંતકો કાયમ રાખશે એજ અભિલાષા. પ્રભુ તારા સ્વર્ગવાસી આત્માને શાન્તિ અર્પો. લી. તારો વિયોગી પિતા

ભોગીલાલ કવિ.

# પ્રકરણ ૧ લું

## મહારાજાની ચિંતા

ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દિનો સમય પાટલી પુત્રની પ્રજાને ચિંતાજનક નિવડયો હતો. રાજકુટુંબને પણ આ ચિંતાએ છોડ્યું નહોતું. રાજા અને પ્રજા, બંનેનાં મન ઉદ્વિગ્ન બન્યાં હતાં. એક બાળકની ગમ્મતને–મશ્કરીને ભયંકર રૂપ આપી પંડિત ચાણુકયે પાટલી પુત્રને છોડ્યું હતું. સાથે સાથે જ આકરી પ્રતિજ્ઞા લીધી હતી. તે પ્રતિજ્ઞા એ હતી : 'રાજાનો–આખા રાજકુટુંબનો નાશ કરવાની.'

મગધ દેશના સમ્રાટ મહાનંદે–નવમાનંદે સ્થાપેલી–પુનર્જીવન આપેલી નાલંદા વિદ્યાપીઠના ગુરૂ–ઉપદેશક ચાણુકય હતા. તેમનામાં જેટલું જ્ઞાન હતું તેટલી જ રાજનીતિજ્ઞતા પણ હતી.

કાંઇક સાંસારિક કામે ચાણુકય મહાનંદના રાજમહેલમાં ગયા હતા. રાજાનંદ બીજા કામમાં ગુંથાયેલા હતા. રાજસભાવાળી કચેરીમાં નંદના ત્રણુ પુત્રો આનંદ કરી રહ્યા હતા. વચનની ભિક્ષાર્થે રાજા પાસે ગયેલા ચાણુક્યને રાજાનો મેળાપ

ન થતાં રાજપુત્રોનો મેળાપ થયો. પંડિતજીનાં સાધારણ ફાટેલાં કપડાં જોઈને નાના રાજકુમારે મશ્કરી કરી. ઉગ્ર પ્રકૃતિવાળા ચાણક્યથી આ સહન થયું નહિ. તે ત્યાંથી જ પાછા ફર્યા અને આકરી પ્રતિજ્ઞા લીધી કે. "જ્યાં સુધી હું નંદવંશનો નાશ કરૂં નહિ ત્યાં સુધી શિખા (માથાના વાળ) બાંધીશ નહિં."

આ સમાચાર વાયુ વેગે ચારે તરફ પ્રસરી ગયા. મહા-અમાત્ય શકટાળે નાલંદા વિદ્યાપીઠમાં પંડિતજીને અથાગ પ્રયત્ને સમજાવ્યા, પરંતુ તેમણે તો પોતાની પ્રતિજ્ઞામાં મક્કમતા દર્શાવી. શકટાળ નિરૂપાયે પાછા ફર્યા. રાજાનંદને આ સમાચાર મળતાં તેમણે મહાઅમાત્યને બોલાવ્યા.

મહારાજા એક સુવર્ણ જડિત વિરામાસન પર બેઠા હતા. પાસેના જ સુંદર આસન પર મહાઅમાત્ય શકટાળ બેઠા હતા. બંનેના ચહેરા પર ન કળી શકાય તેવા ભાવ હતા.

"પણ મહામંત્રી! તેમાં બિચારી પ્રજાનો શો દોષ?" રાજાએ પોતાનું વાક્ય પુરૂં કરતાં અમાત્યને પ્રશ્ન કર્યો.

"મહારાજ!" મહાઅમાત્ય શકટાળ બોલ્યા: "આમાં દોષ કોઈનો નથી. દોષ છે ફક્ત ભાગ્યનો. વિધાતાએ લખેલા લેખ મિથ્યા થવા અશકય છે. સાત વરસના બાળકના બોલ માટે આવી ભીષણ પ્રતિજ્ઞા લેનાર ચાણક્ય માટે મને અભાવ ઉત્પન્ન થાય છે. આજ સુધી તેમના ગુણ ગાનાર હું જ હતો. હવે તેમને દોષિત માનનાર પણ હું જ છું. મેં તેમને સમ-જાવવામાં કોઇ પણ જાતની ઉણપ રાખી નથી. આજ સુધી તેમને શિષ્ય તરીકે ઓળખાવવામાં મને અભિમાન હતું, હવે તેમને મારા શિષ્ય [1] કહેતાં પણ હું શરમાઉં છું." શકટાળ

---

[1] કહેવાય છે કે પંડિત ચાણક્યે જે મહાન ગ્રંથ–અર્થશાસ્ત્ર રચેલ છે, અને જે હજી પણ અજોડ ગણાય છે તેના મૂળા-

કુશળ મંત્રી ઉપરાંત વિદ્વાન પણ હતા. તેમણે, ચાણક્યે બતાવેલા ક્રોધ માટે પોતાના દીલમાં ડંખી રહેલા વિચારો રાજા આગળ દર્શાવ્યા.

મહારાજાનંદ ચિંતામાં હતા. તે જાણતા હતા કે ચાણક્ય એકલા ઉપદેશક જ નહોતા પણ, એક રાજનીતિજ્ઞ પુરૂષ પણ હતા. ચાણક્યના ગમનનું પરિણામ કદાચ દુઃખદાયક પણ નીવડે.

"મહામંત્રી!" મહારાજા બોલ્યા: "શું પંડિતજીએ તમારૂં પણ માન રાખ્યું નહિ? તેઓને–ત્રિપુટીને [2] પાટલીપુત્રમાં લાવનાર, નાલંદા વિદ્યાપીઠના ઉપદેશક–ગુરૂ બનાવનાર વિષે પણ તેમણે વિચાર ન કર્યો? જેનું ખાધું તેનું જ ખોદવાને–તેનો જ નાશ કરવાને તૈયાર થયા? શું, પંડિતોને આશ્રય આપવામા, તેમને મદદ કરવામાં અને તેમને મહાન બનાવવામાં રાજાઓ ગુન્હાને–દોષને પાત્ર ઠરે છે? તે ત્રિપુટીને લાવવાની ભૂલ જો મેં કરી ન હોત તો આ પ્રસંગ કદાચ અસંભવિત બનત. પંડિતોનું–ઉપદેશકોનું માહાત્મ્ય એટલે જ સહનશીલતા. જો તેમનામાં સહનશીલતા ન હોય તો તેમની મહત્તા પણ શી? તેમનું ગૌરવ પણ ક્યાં? તેમને વિદ્યાપીઠોના ગુરૂ બનાવવાની આવશ્યકતા પણ શી? વિદ્યાર્થીઓને મોટામાં મોટું એક જ શિક્ષણ આપવાનું હોય છે, અને તે 'સહનશીલતા.' પુત્ર ગમે તેટલો દોષિત હોય તો પણ મા બાપ તેને ક્ષમા કરે છે. પ્રજા ગમે તેટલી ઉચ્છ્રંખલ હોય તો પણ રાજા તેને સહી લે છે–ક્ષમા કરે–છે. જે સાત વરસનું બાળક નિર્દોષભાવે પંડિતજીને હસ્યું હતું, તે બાળક જેવી રીતે મારૂં હતું, તેવી જ

---

ક્ષરો અભ્યાસ તેમણે મહારાનંદ–નવમા નંદના દરબારમાં મહા-અમાત્ય શકટાળના શિષ્ય તરીકે જ કરેલ હતો.

[2] પાણિની, ચાણક્ય અને વરરૂચિઃ આ ત્રણેની ત્રિપુટી કહેવાય છે.

રીતે પંડિતજીનું પણ હતું. મગધની પ્રજા પણ પંડિતજીની જ પ્રજા હતી. આટલી સહનશીલતા ન કેળવનાર આચાર્ય આજે આચાર્યપદને માટે નાલાયક ઠરે છે. જેવી રીતે પુત્ર અને પ્રજા વચ્ચે ભેદભાવ સમજનાર રાજા રાજ્યને માટે-રાજદંડ ધારણ કરવા માટે અયોગ્ય ઠરે છે, તેવી જ રીતે ક્રોધ અને સહનશીલતા વચ્ચે તફાવત ન માનનાર આચાર્ય પણ આચાર્યપદને માટે અયોગ્ય ઠરે છે."

"મહારાજ! જે આપ કહો છો તે હું પણ સમજું છું. પણ તેને માટે ઉપાય નથી. સહન કરવાનું હોય છે સજ્જનને, દૂર્જનને નહિ. કાંટામાં ચાલનાર ગમે તેટલો સંભાળીને પગ મૂકે તો પણ તેને કાંટો વાગવાનો જ. રાજ ચલાવવામાં ડગલે ને પગલે કાંટાઓ વેરાયેલા છે. કાંટો વાગે ને તે સહન કરી લે, તે જ રાજ્યને માટે-રાજા થવાને માટે લાયક છે. રાજ્ય રાજાનું કુટુંબ છે ને પ્રજા રાજાનો બાળ પરિવાર છે. પોતાના કુટુંબનું રક્ષણ કરવું, તેને નિભાવવું અને બાળકોને-પ્રજાને કેળવણી આપવાનું કાર્ય કરવું, તે સાધારણ વાત નથી. આપ રાજા છો. નહિ જેવા કારણને લીધે ચાલ્યા જનાર પંડિતજી માટે જો વધારે વિચાર કરવામાં ગુંથાશો તો બીજાં કાર્યોમાં વિક્ષેપ પડશે." ચિંતાતુર રાજાને આશ્વાસનની જરૂર છે. તે સમજનાર મહા અમાત્ય મહારાજાને દ્રષ્ટાંતો આપી રહ્યા હતા.

પંડિત ચાણક્યની જગ્યા તરત જ પુરવામાં આવે તો જ રાજાને કાંઈક શાંતિ વળે એમ લાગવાથી તેમણે આગળ કહેવા માંડ્યું.

"મહારાજ! તેમની જગ્યા તત્કાળ ભરવાની જરૂર છે."

"મંત્રીજી! તેમની જગ્યાએ લાયક મને બીજો કોઈ

દેખાતો નથી."

"પ્રભુ! પાણિનીનો હાલમાં પત્તો નથી, પણ તે ત્રિપુટીમાંનો વરરૂચિ અહીં જ છે. મને લાગે છે કે તે ચાણક્યની પદવી સંભાળી લેશે." મહાઅમાત્ય શકટાળે વરરૂચિની પસંદગી કરી. તેમને તે વ્યક્તિ જોઈએ તેટલી યોગ્ય ન લાગી, છતાં તાત્કાલિક તેમ કરવાની જરૂર જણાઈ.

"ગુરૂપદવી માટે મને, વરરૂચિ, જોઈએ તેટલો યોગ્ય નથી લાગતો. તે સંકુચિત મનનો છે. ઉદાર ભાવના તેણે કેળવી નથી, કદાચ આ વ્યક્તિની શોધ આપણને યશસ્વી ન નિવડે, છતાં જો તમને તે માણસ યોગ્ય લાગતો હોય તો આપણે તેને ચાણક્યનો અધિકાર સોંપી દઈએ." રાજાએ દ્વિઅર્થી સંમત્તિ દર્શાવી. "તેને કેળવવાનો, તેના કાર્યમાં પ્રવૃત્ત કરવાનો અને તેના પર દેખરેખ રાખવાનો બોજો હું તમારા પર નાખું છું ચાણક્યના ગમનનું 'વેર' 'તે' ન લે તો સારૂં." રાજાના છેલ્લા શબ્દો વિચિત્રતા પૂર્વક બોલાયા હતા.

મહાઅમાત્ય તે શબ્દોનો અર્થ સમજ્યા હતા. તેમને પણ વરરૂચિ માટે યોગ્ય માન નહોતું. તેમના હૃદયમાં પણ શંકા હતી. વરરૂચિની પસંદગી કદાચ ભવિષ્યમાં નવાજુની કરે તો તે અસંભવિત નહોતું. તેમનું ડગુમગુ મન નિઃશંકપણે તેના પર વિશ્વાસ મૂકવાને ઈચ્છતું નહોતું.

રાજા અને મંત્રી, બંને વિચારમાં હતા. રાજાને પોતાના, રાજકુટુંબના અને રાજવૈભવના નાશ કરતાં પ્રજાના સુખનો નાશ ન થાય, તેની ચિંતા હતી. પ્રજાને પુત્રવત્ ચાહનાર રાજા નંદ, આ બનાવથી પ્રજામાં અસંતોષ ન ફેલાય, તેવા પગલાં લેવાના વિચારમાં હતા.

મહામંત્રીને દરેક પ્રકારની ચિંતા હતી. રાજાને તો પ્રજાની

મરજી સાચવવાની હોય છે, જ્યારે અમાત્યને તો પ્રજા અને રાજાઃ બંનેની મરજી સાચવવાની હોય છે. રાજા કરતાં અમાત્ય ઉપરની જવાબદારી ગંભીર હોય છે. રાજાઓ બનતાં સુધી કોઈ પણ જાતની ભૂલ કરતા નથી. પરંતુ જ્યારે તેમની ભૂલ થવા પામે છે, ત્યારે તે ભયંકર–ન સુધરી શકે તેવી હોય છે. તે ભૂલ સુધારવાની ફરજ અમાત્ય ઉપર આવી પડે છે. જે ભૂલ રાજકુટુંબના–રાજાના નાના બાળકે કરી હતી તે સુધારવાને મહામંત્રીએ અથાગ પ્રયત્ન કર્યો હોવા છતાં સફળતા ન મળી. આખરે મનના સંતોષની ખાતર વરરૂચિને ચાણક્યની સત્તા સોંપવાની જરૂર જણાઇ.

ભૂતકાળના અનેક બનાવોનો વિચાર કરતાં મહામંત્રીને લાગતું હતું કે વરરૂચિને, ચાણક્યના સ્થાને મૂકવાથી પોતાનો, પોતાના કુટુંબનો નાશ થવાનો સંભવ છે.

અનેક વિચારો કરી મહામંત્રીએ રાજાને કહ્યું : " મહારાજ ! વરરૂચિ માટે જે જવાબદારી આપ મારા પર નાખો છો તે હું સ્વીકારી લઉં છું. જો તેના તરફથી કોઈ પણ સંકટ આવશે, તો પહેલાં હું આપને, રાજકુટુંબને અને પ્રજાને બચાવી લઇશ. તે પ્રયત્નમાં મારો અથવા મારા કુટુંબનો વિનાશ પણ હું સહી લઇશ. મને મારા અને મારા કુટુંબ કરતાં રાજા અને પ્રજા ઉપર વધારે પ્રેમ છે."

" મંત્રીજી ! હું જાણું છું કે મહાઅમાત્ય કલ્પકના વંશજોનું માનસ કેવા પ્રકારનું હોય છે. મને તમારામાં શ્રદ્ધા છે. તમારી સાતમી પેઢીના પૂર્વજ કલ્પકે સમ્રાટ નંદિવર્ધનના મહાઅમાત્મ પદને શોભાવ્યું હતું, તેવી જ રીતે તમે ધનનંદના [1] મહાઅમાત્મ પદને દીપાવી રહ્યા છો તે મારા

---

[1] મહામંત્રી ઉપરાંત મહાઅમાત્યની પદવી પણ સંભાળી રહ્યા હતા.

ખ્યાલ બહાર નથી. મને લાગે છે કે, હવે આપણે સંભાળીને ચાલવું પડશે. દુશ્મનોથી ચેતતા રહેવું પડશે. મંત્રીજી!—"

રાજાને આગળ બોલતા અટકાવી મહામંત્રી બોલ્યા: "મહારાજ! તે બાબતની ચિંતા કરવાની અત્યારે જરૂર નથી. આજુબાજુના વાતાવરણને સંભાળી લેવાની જવાબદારી મારી છે. યોગ્ય વ્યવસ્થા કરવાનું હું ચૂકીશ નહિ."

અનેક ચર્ચાઓ બાદ મહાઅમાત્ય શકટાળ રાજમહેલના ખંડમાંથી બહાર પડયા.

---

૧ મહારાજાનંદનું એક નામ 'ધનનંદ' પણ હતું. કહેવાય છે કે, તેમણે ધનનો મોટા પ્રમાણમાં સંચય કર્યો હોવાથી તેમને ધનનંદનું પણ નામ આપવામાં આવ્યું હતું.

## પ્રકરણ ૨ જું

### વરરૂચિની ઘેલછા

ત્રિપુટીમાંના ચાણકયે રાજકુટુંબ સામે ખેલ ખેલવાને પાટલીપુત્રનો ત્યાગ કર્યો હતો. વરરૂચિ સિવાય નાલંદા વિદ્યાપીઠમાં કોઇ નહોતું. અનિષ્ટ કાર્યો કરતાં રોકનાર પંડતિજીના જવાથી તે બેફામ બનવા લાગ્યા હતા. તે માનતા હતા કે, પોતાના મિત્રના ગમનથી તેનું સ્થાન પોતાને જ મળશે. તેની તે માન્યતા ખોટી નહોતી. ચાણકયને કોઇ પણ સમયે રાજમહેલમાં તેમ જ રાજદરબારમાં જવાની છૂટ હતી. તે જ છૂટ તેને-પોતાને મળવાની હતી. ઘણા સમયથી હૃદયમાં દબાઈ રહેલા જ્વલંત અગ્નિને પોતાનું કાર્ય કરવાની તક સાંપડવાની હતી.

નિરાશામાંથી આશાનો સંચાર થતાં જે ઉન્માદપણું નિરાશાવાદીને સતાવે છે, તે જ સ્થિતિ વરરૂચિની થવા પામી હતી, આજે તેનું હૈયું હાથમાં રહેતું નહોતું. ગાંડાની પેઠે તે

વિદ્યાપીઠમાં આમથી તેમ આંટા મારી રહ્યા હતા. ભવિષ્યમાં શું કરવું અને શું ન કરવું, તે વિચારો તેને સતાવી રહ્યા હતા. ભૂતકાળનો એક શત્રુ, તેની દૃષ્ટિ સમીપ વારંવાર આવ્યા કરતો હતો. તેનો નાશ કરવાની જરૂર હતી. સબળ શત્રુનો નાશ કરવામાં આવે નહિ, તો ભવિષ્યના સુખો સ્વપ્નવત્ બનવાનો સંભવ હતો.

ભૂતકાળમાં અઢળક દ્રવ્ય પ્રાપ્ત કરવાની જે યુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેમાં નિષ્ફળતા અપાવનાર પણ તે જ વ્યકિત હતી. પાટલીપુત્રમાં અજોડ તરીકે તે વખણાતી. તેના સામે માથું ઉંચકનારને બહુ જ સહન કરવું પડતું હતું.

આશાના ઉલ્લાશમાં વરરૂચિ ભાન ભૂલવા લાગ્યો હતો. તેણે તેના એક મિત્રને આમંત્ર્યો હતો. હજી સુધી તેના આગમનનું ચિન્હ જણાતું નહોતું. મિત્રની રાહ જોતાં જોતાં તે કંટાળ્યો અંતે તે એક આસન પર બેઠો.

થોડીવારે વિજયે વિદ્યાપીઠમાં પ્રવેશ કર્યો. વરરૂચિ એકદમ છલાંગ મારીને આસન પરથી ઉઠયો. વિજય પાસે જઈ તેને જોરથી બાથમાં દબાવતાં બોલ્યો : " દોસ્ત, આવ્યો તો ખરો તું." વિજયને બાથમાંથી છુટો કરતાં તે આગળ બોલ્યો : " મેં તો તારી આશા જ મૂકી દીધી હતી. તારા જેવા મોટા માણસને જુના મિત્રની યાદગીરી પણ કયાંથી રહે ? તું રહ્યો ગુપ્તચરોનો અધિપતિ ને હું રહ્યો એક ભિક્ષુક. આપણા બંનેમાં જમીન આસમાનનો ફેર. તને—"

વિરરૂચિને આગળ બોલતો અટકાવી વિજય બોલ્યો :

" વરૂ ! તું પંડિત થયો છતાં, તારી ભાષા સુધરી નહિ.

કંટકમયી ભાષા કેટલીક વખત આપત્તિને આમંત્રી લે છે, તે, તું પંડિત હોવાથી જાણતો તો હશે જ. વિદ્યાગુરૂની પદવી મેળવ્યા પછી જો તારી ભાષા આવી જ કટુપણે વપરાશે તો તારૂં ભવિષ્ય સંકટમય દિવાલોની વચ્ચે ચકદાયા કરશે."

" મિત્ર ! હું વિદ્યાગુરૂ બનીશ એટલે મારી ભાષા બદલાઇ જશે, મારાં કાર્યો પણ બદલાઈ જશે અને મારા જીવનનો રાહ પણ બદલાઈ જશે." વરરૂચિ આગળ બોલવા લાગ્યો : " પણ તે બધું બદલાશે જગત આગળ. બહારના આડંબર આગળ. પરંતુ વિજય ! તારા આગળ તો હું છું તેવો જ રહેવાનો. મારી ભાષા જે છે તે જ રહેવાની. મારી ભાષામાં ગમે તેટલું વિષ ભર્યું હશે, તો પણ તારા માટે તો અમૃત જ માની લેજે." તે આનંદાવેશમાં બોલ્યે જ જતો હતો. " આજે મારો આંનંદ અકલ્પ્ય છે. મારા આનંદનો ભાગીદાર બનાવવા માટે જ મેં તને બોલાવ્યો છે. જો, મારા સામે જો. મારા ચહેરા પર નવું તેજ આવ્યું છે. મારા દેહમાં નવા ચેતને પ્રવેશ કર્યો છે. વિજય! વિજય! હું તને શી રીતે સમજાવું કે આજનો દિવસ મારા માટે મંગલમય છે ? " વરરૂચિ હસવા લાગ્યો. જેટલું જેટલું હસાય તેટલું હસી લીધું. આખરે થાકીને તેણે એક આસનનો આશ્રય લીધો. તેને શાંતિની જરૂર હતી. વિજયે તેની જરૂરીઆત પુરી પડવા દીધી.

વરરૂચિ શાંત બન્યો. તેના ખભા પર હાથ મૂકતાં વિજય બોલ્યો : " વરરૂચિ ! શાન્ત થા. તારી આ ઘેલછા ત્યજી દે. મન ઉપર કાબૂ રાખતાં શિખ. આત્મસંયમ કેળવ. તારે હજી ઘણાં કાર્યો કરવાનાં છે. ગુરૂપદવી મળવાથી તારા જીવનનું સાર્થક નહિ થાય. તારે તો તારા મહાન શત્રુઓને હંફાવવાના છે. પાટલીપુત્રની રાજસત્તામાં અજોડ બનેલા મહાન

સત્તાધારીનો તારે નાશ કરવાનો છે. વરસોથી દબાઇ રહેલા દ્વેષાગ્નિ વડે તારા શત્રુનાં મૂળ બાળીને ખાખ કરવાનાં છે. આ ઘેલછા તારા દરેક કાર્યમાં નડતરરૂપ બનશે, તેનો ખ્યાલ કર. નસીબે તને યારી આપી છે, તેનો ઉપયોગ કર. તારા કાર્યમાં અનેક સંકટો આવશે. તેનો નાશ કરવાની તૈયારી કર. પંડિત ચાણક્યે લીધેલી પ્રતિજ્ઞા, તારા ભાગ્યનો ઉદય કરી રહી છે. ઉઠ, ઉભો થા. પાટલીપુત્રથી પંદર માઇલ દૂર આવેલી નાલંદા વિદ્યાપીઠમાં પડી રહેવાથી તારી મનોવાંચ્છના પૂર્ણ નહિં થાય. હવે તો તારે મગધદેશના ખૂણેખૂણાની તપાસ રાખવી પડશે. રાજ્યના કાર્યકર્તાઓ સાથે સંબંધ રાખવો પડશે. તેમને તારા–પોતાના બનાવવા માટે અથાગ પ્રયત્નો કરવા પડશે. અવારનવાર તેમના ત્યાં જવું પડશે. તેમ કરતાં પગનાં તળિયાં ઘસાઈ જશે. વરરૂચિ ! જો, તારી નજર સામે જ દાખલો છે. ચાણક્યે મિત્રમંડળ તજ્યું, ગુરૂપદ તજ્યું અને આખરે દેશ તજવાને પણ તૈયાર થયા. પાટલીપુત્રને તિલાંજલી આપતાં તેમણે વિચાર સરખો પણ કર્યો નહિ. ક્યાં તેમની કાર્યસિદ્ધિ માટેની મહાન શકિત, અને ક્યાં તારી પામર શક્તિ ! અનેક વરસો સુધી તેમની સાથે રહ્યો, છતાં તેમની વૃદ્ધિ ને આત્મ-શકિતનો પાશ તને ન લાગ્યો. તને—” વિજય બોલતાં બોલતાં થાક્યો. તેને શ્વાસ લેવાની જરૂર પડી. બોલનારની મહેનતનો સંપૂર્ણ ઉપયોગ થતો નહોતો. વરરૂચિ તો તેના વિચારોમાં જ મશગૂલ હતો. કેટલાક શબ્દો તો માત્ર તેના કાને જ અથડાઇને પાછા પડતા. ભાગ્યે જ તેણે વિજયના અરધા શબ્દો–વાક્યો સાંભળ્યાં હશે. વિજયને પણ કંટાળો આવ્યો હતો. તેણે આગળ બોલવાનો વિચાર માંડી વાળ્યો. કાર્યના આરંભની તેને જરૂર જણાઈ. વરરૂચિને તેણે ફરી કહ્યું : “દોસ્ત ! ચાલ. વાતો કરવા કરતાં કાર્યનો આરંભ કરીએ. પદ્માવતી તારી રાહ જોતી હશે.

હું ત્યાંથી જ આવ્યો છું. કાર્યસ્થાન તો પદ્માવતીનું મકાન જ બનશે. સર્વ પ્રકારની મદદ પણ ત્યાં જ મળી રહેશે.”

વિજયે વરરૂચિનો હાથ પકડીને ચાલવા માંડયું. વરરૂચિને તેની પાછળ જવાની ફરજ પડી. તેમને લગભગ બે માઈલ જેટલું ચાલવાનું હતું. શાંતપણે તેઓ માર્ગ પસાર કરી રહ્યા હતા. તેમની પાછળ બે આંખો સ્થિરપણે પોતાનું કાર્ય કરી રહી હતી, તેનું તેમને ભાન નહોતું.

વિજયની ઉંમર બહુ મોટી નહોતી. સાધારણપણે ત્રીસેક વરસનો હશે એમ માની શકાય. આટલી વયમાં તે ગુપ્તચર મંડળનો અધિપતિ બન્યો હતો. તેની પીઠ થાબડનાર પંડિત ચાણક્ય હતા. તેમણે જ તેને ગુપ્તચરમાં મંડળમાં દાખલ કરાવ્યો હતો. તેની બુદ્ધિ તીવ્ર હતી. સદા હસમુખો રહેતો. તેનો ચહેરો સર્વને ગમી જતો. સર્વના ગમવામાં જ તેનું કાર્ય સહેલાઈથી ઉકેલાઇ જતું. ખરી ખોટી વાર્તાઓ જોડી કહાડનાર વિજય થોડા જ સમયમાં ગુપ્તચર મંડળનો અને તેના અધિપતિને માનીતો બનવા પામ્યો હતો. કાવાદાવામાં કાબેલ બનેલો વિજય પોતાના અધિપતિથી છાનો માનો મહારાજાનંદને મળતો. ખરા ખોટા સમાચારો આપવામાં તે આઘું પાછું જોતો નહિં તેની હાજર જવાબી મહારાજાને પણ ગમી ગઇ હતી. ચાણક્યનો તેના પ્રત્યે પક્ષપાત હતો.

ગુપ્તચર મંડળના અધિપતિ અચાનક હુમલાના ભોગ બન્યા હતા. તેઓ રાત્રે પોતાના શયનભુવનમાં નિદ્રાને વશ હતા, ત્યારે કોઇએ તેમના પર કારી ઘા કર્યો હતો. એક જ ઘાએ ધડથી મસ્તક જુદું પડતાં બૂમની આશા પણ રખાઈ નહોતી. સવારે આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા. શકદાર વ્યકિતઓને પકડી દેહાની દંડની સજાઓ ફરમાવવામાં આવી હતી. ખરો ગુન્હેગાર આબાદપણે છટકી જવા પામ્યો

હતો. સફેદ કપડાંમાં છૂપાયેલા ગુન્હેગારો રાજા તેમ જ પ્રજાને આબાદ રીતે હાથતાલી આપી શકે છે. અહીં પણ તેમજ બન્યું હતું.

અધિપતિના મૃત્યુ પછી વિજયને ગુપ્તચર મંડળનો નવો અધિપતિ નિમવામાં આવ્યો રાજા તેમજ ચાણક્યનો માનીતો વિજય ધીમે ધીમે સત્તાવાન બનવા લાગ્યો. ચાણકયના અચાનક જવાથી વિજયે પોતાનો એક મદદનીશ ગૂમાવ્યો.

ચાણકયના જવાથી તેમનું સ્થાન વરરૂચિને મળવાનું છે' આ વાત તેનાથી અજાણ નહોતી. વરરૂચિ તો ઘણા સમયથી તેને પોતાનો જ માની બેઠો હતો. વિજયને મિત્ર માની બેઠેલા વરરૂચિએ તેને જરૂરી કામ માટે–મંત્રણા માટે બોલાવ્યો હતો. જે સમય મંત્રણા માટે કામમાં લેવાનો હતો, તે સમય, તો વરરૂચિની ઘેલછાના નશામાં પસાર થઇ ગયો. મંત્રણા મંત્રણાને ઠેકાણે રહી.

બંને મિત્રો વિદ્યાપીઠથી બે માઇલ દૂર આવેલા મુકરર સ્થાને જવાને નીકળ્યા. દરેક જણ પોતપોતાના વિચારમાં મશગૂલ રહી ધીમે ધીમે માર્ગ પસાર કરી રહ્યો હતો. પક્ષીઓનો કલરવ પણ તેમના વિચારનો ભંગ કરવાને અશક્ત નીવડયો હતો. રસ્તાની બંને બાજુએ આવેલાં વૃક્ષોમાંનાં વડોની વડવાઇઓ તેમને અવારનવાર સ્પર્શ કરી રહી હતી.

વિચારના તરંગોમાં જ તેમણે બે માઇલનો પંથ કાપ્યો. મુકરર કરેલી જગ્યાએ આવીને બંધ દરવાજો ઠોકતાં વિજયે બૂમ મારી.

"પદ્મા!"

# પ્રકરણ ૩ જું

## ચિંતામાં વધારો

મહાઅમાત્યના ગયા પછી મહારાજાનંદે ખૂબ વિચાર કર્યો. તેમના મગજમાં એક વાતે ઘર કરી લીધું હતું કે, ચાણક્યનું જવું અને તે પદવીનું વરરૂચિને પ્રાપ્ત થવું: એ બંને કાર્યો જોખમભર્યાં છે. મહાઅમાત્ય પર તો તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો. વરરૂચિ પર દેખરેખ રાખવાની જરૂર જણાતાં તેમણે ગુપ્તચર મંડળના અધિપતિ વિજયને બોલાવવા એક અનુચરને મોકલ્યો.

મહારાજા નંદની બુદ્ધિ વખાણવા જેવી હતી. ગાદી પર આવ્યા પછી તેમણે અયોગ્ય કાર્યો કરનારા ક્ષત્રિયોને યોગ્ય શિક્ષાઓ કરી હતી. કેટલાકનો તો નાશ પણ કર્યો હતો. દેહાની દંડની સજા ફરમાવતાં તેમણે હૃદયમાં દયાને સ્થાન આપ્યું નહોતું.

રાજ્યની સુવ્યવસ્થા માટે તેમણે ગુપ્તચર મંડળ સ્થાપ્યું

હતું. તે જાણતા હતા કે રાજ્યનો અમલદાર વર્ગ સત્તાના મદમાં પ્રજાને પીડવામાં હરકત જોતો નથી. તેમનું પીડનકાર્ય જો આવું ને આવું જ ચાલ્યા કરશે તો પ્રજાને ઉશ્કેરાઈ જતાં વાર નહિ લાગે. પ્રજાનો ઉશ્કેરાટ એટલે જ બળવો, અને બળવો એટલે જ રાજાનો–રાજકુટુંબનો નાશ.

રાજકુટુંબનો નાશ જોવાને કોઈ પણ રાજા તૈયાર હોઈ શકે નહિ. રાજાનંદે પ્રજાને પીડનારા અમલદારોને કડકમાં કડક સજાઓ ફરમાવવા માંડી. કોઈને દેહાની દંડની સજા થઈ. કોઈને દેશનીકાલની સજા સંભળાવી. કોઈનાં ઘરબાર લૂંટી લેવાયાં. અમલદાર વર્ગનાં હૈયામાં ફાળ પડી. ક્યારે કોનો વારો આવશે, તે કોઈ સમજી શકતું નહિ. પરિણામ સુંદર આવ્યું. પ્રજામાં સંતોષ પ્રસર્યો. અમલદાર-રાજનોકર વર્ગ પર ધાક બેઠો.

વિજયને બોલાવવા ગયેલા અનુચરે આવીને સમાચાર આપ્યા કે, 'વિજયદેવ મુકામે નથી.' રાજાને વિજય માટે માન ઉપજ્યું. 'કર્તવ્ય સિવાયના સમયે પણ વિજય આળસુ બની બેસી રહેતો નથી. તેને રાજ્ય માટે લાગણી છે. અત્યારે પણ ઘરે આવ્યો નથી. ખરેખર, વિજય! તને જે સ્થાન આપવામાં આવ્યું છે, તેને માટે તું યોગ્ય જ છે! જતાં જતાં અનુચરે રાજાના ઉદ્ગારો અસ્પષ્ટપણે સાંભળ્યા.

વરરૂચિને ગુરૂપદનું સ્થાન આપ્યા પછી તેના પર દેખરેખ રાખવાનું કાર્ય વિજયને સોંપવાનું મહારાજાએ નક્કી કર્યું હતું. તેના ઘરે ન હોવાના 'કારણે' મહારાજાના વિચારને ટેકો મળ્યો.

તેમણે આસન પરથી ઉઠીને આમ તેમ ટહેલવા માંડ્યું. વિચારોની પરંપરામાં અટવાયેલા રાજાને કાને દાસીની બૂમ

સંભળાઈ. તેમણે દરવાજા બહાર નજર કરી. શ્વાસભેર દોડતી આવતી દાસીએ નજીક આવી મહારાજાને સમાચાર આપ્યા :

" નાના રાજકુમાર અચાનક બેશુદ્ધ બની ગયા છે. રાજ-વૈદ્યને બોલાવવા અનુચરને મોકલ્યો છે. અને રાણીવાસમાં આપની જરૂર છે."

મહારાજાને ધ્રાસ્કો પડયો. ' અચાનક નાના રાજપુત્રને શું થયું હશે!' આ પ્રશ્ને મુંઝવણ ઉભી કરી. બનતી ત્વરાએ જઈ તેમણે રાણીવાસમાં પ્રવેશ કર્યો.

કુમારને એક આરામાસન પર સૂવાડવામાં આવ્યો હતો. તેની માતા–મહારાણી બાજુમાં જ ઉભાં હતાં. મહારાજાનંદ પણ તેમની બાજુમાં જઈ ઉભા રહ્યા. તેમની આંખો સજળ બની. દાસ-દાસીઓની દોડધામ ચાલી રહી હતી. કોઈ પવન નાખી રહ્યું હતું. કોઈ પંપાળી રહ્યું હતું.

બોલાવવા ગયેલા અનુચર સાથે રાજવૈદ્યે રાણીધામમાં પ્રવેશ કર્યો. દાસ–દાસીઓ દૂર ખસી ગયાં. વૈદ્યે કુમાર પાસે જઈ તેનું નિરીક્ષણ કર્યું. પોતાના હાથમાં કુમારનો જમણો હાથ લઈ નાડ તપાસી. સર્વ પ્રકારની ચિકિત્સા કરી રહ્યા પછી વૈદ્યે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું :

" મહારાજ! ચિંતા કરવા જેવું નથી. ખાવામાં કોઈક એવી વસ્તુ આવી ગઇ છે કે જેની આ અસર થઈ છે. હું આ માત્રા આપી જાઉં છું. તે એક ઘટિકા વીત્યે આપશો. બીજા કોઈ પણ ઔષધની જરૂર નથી." એમ કહીને એક માત્રાની પડિકી રાજાના હાથમાં આપી, બીજી એક માત્રા તૈયાર કરીને કુમારના મોંમા નાંખી, ઉપર થોડું પાણી પાયું તેમાંની જ થોડી માત્રા પાણી સાથે મેળવીને આંખો પર લગાડી :

થોડી વારમાં બાળકે આંખ ઉઘાડી. રાજા અને રાણીનાં મુખ હસુ હસું થઇ રહ્યાં. બાળકને તેડયો. નિર્દોષ બાળકે પિતાના હાથમાંથી છૂટવાનો પ્રયત્ન કર્યો. રાજાએ તેને છૂટો મૂકતાં જ તે પોતાની માતા પાસે દોડી ગયો. મહારાણીએ પુત્રને ઉંચકી લીધો. માથે હાથ ફેરવતાં ફેરવતાં તે બોલ્યાં : "બેટા !–" આગળ તેમનાથી બોલી શકાયું નહિ. પુત્રની ચિંતા કરવા જેવું ન લાગતાં, મહારાજાએ વૈદ્યને સાથે લઈ બેઠકખંડમાં પ્રવેશ કર્યો.

રાજાએ એક આસન પર સ્થાન લીધું. સામે જ વૈદ્ય પણ બેઠા. રાજાએ પૂછયું : "વૈદ્યરાજ ! કુમારને મૂર્છા આવવાનું કારણ શું ?"

"મહારાજ ! " વૈદ્યરાજ બોલ્યા : "તેમને કોઇએ ઝેરી વસ્તુનું પ્રાશન કરાવ્યું છે. વખતસર ઉપાય લેવામાં આવ્યો ન હોત તો, પરિણામ ખરાબ આવવાનો સંભવ હતો, પણ હવે કોઇ જાતનો વાંધો નથી. આપને કદાચ આઘાત લાગશે એમ માનીને હું આ બાબત કહેવાને ખુશી નહોતો. પરંતુ મારી ફરજ છે કે, રોગ અને રોગ થવાના કારણોની વિગત મારે રોગીના હિતચિંતકોને જણાવવી જોઇએ."

"પણ વૈદ્યરાજ ! કુમારને ઝેરી વસ્તું આપે એવી કોઇ પણ વ્યક્તિ અમારા રાજમહેલમાં નથી. તેની દેખરેખ રાખનાર દરેકે દરેક દાસ–દાસી અમારા વિશ્વાસને પાત્ર છે." મહારાજા પણ વિચારમાં પડી ગયા. કુમારને ઝેર આપનારની તપાસ કરવાનું નવું કાર્ય ઉભું થયું હતું. એક બે દિવસમાં ગુન્હેગાર વ્યકિતને પકડવી અશક્ય છે. તેટલા જ વખતમાં ત્રણમાંથી એક પણ પુત્રને ઝેર આપવામાં આવે તો ? રાજાની આંખે અંધારાં આવવા લાગ્યાં. આ વિચાર પણ તેમને અસહ્ય થઇ પડયો.

વૈદ્યકશાસ્ત્રમાં અજોડ ગણાતા રાજવૈદ્યને લાગ્યું કે, રાજાને યોગ્ય માત્રા આપવામાં આવશે નહિ, તો દુર્ઘટના બનવા પામશે. તરતજ તેમણે ઉઠીને રાજા પાસે જઈ એક માત્રા સુંઘાડી, બેશુદ્ધ બનતા જતા રાજાને શાંતિ વળવા લાગી. મગજ પર ચઢતી ગરમીનું દબાણ ઓછું થવા લાગ્યું. લગભગ બે મિનિટમાં તો રાજાએ સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી.

"મહારાજ! વધુ ચિંતા કરવી નુકશાનકારક છે. આપ રાજા છો. રાજનીતિમાં કુશળ છો. આપ જાણુતા તો હશો જ કે, ઝેર આપનાર વ્યક્તિ એકજ વખત ઝેર આપે છે. વારંવાર આપવાની તેનામાં હિમંત હોતી નથી, હવે કેટલોક વખત સુધી તે પોતાનું કાર્ય કરી શકશે નહિ. તે દરમિયાન આપ તેને શોધી પણ શકશો." રાજાનું મગજ શાંત બને, તે માટે વૈદ્યે પોતાનાથી બની શકતું આશ્વાસન આપ્યું.

રાજાને પણ વૈદ્યે આપેલી માત્રાથી શાંતિ વળી હતી. વૈદ્યના શબ્દો તેમને ખરા લાગ્યા. ગુન્હો કરનાર કોઈ પણ વ્યક્તિ પોતાના કાર્યમાં નિષ્ફળ જતાં થોડાક સમય માટે શાંતિ જાળવી રાખે છે. તે શાંતિના સમયમાં જો પોતાના મન પરનો કાબૂ ગૂમાવે અગર કોઈથી ભોળવાય તો ગુન્હેગારનો ગુન્હો ઉઘાડો પડી જતાં વાર લાગતી નથી.

રાજનીતિમાં કુશળ બનેલા રાજાને આવાં કેટલાંય દ્રષ્ટાંતો યાદ હતાં. રાજકુટુંબમાં પરાપૂર્વથી ચાલી આવતી રાજખટપટોથી ચેતતા રહેવાની વારંવાર સૂચના કરનાર મહાઅમાત્ય શકટાળના શબ્દો રાજાને યાદ આવવા લાગ્યા. રાજા રામચંદ્રજીના સમયમાં પણ રાજખટપટો હતી. કૌરવો અને પાંડવોના યુદ્ધમાં પણ રાજખટપટનો અંશ હતો. દેવ અને દાનવોના મંથનમાં પણ ખટપટ ચાલુ જ હતી. ઈંદ્રના ડોલતા સિંહાસનને સ્થિર કરવા માટે પણ ખટપટની જ જરૂર પડતી. ખટ-

પટ વિનાનું રાજ્ય નિરસ હોય છે, અને ખટપટવાળું રાજ્ય હચમચી ઉઠે છે. નાનાઓની નાની ખટપટ અને મોટાઓની મોટી ખટપટપણ ખટપટ તો હોવાની જ. કાળથી ચાલતી આવેલી તે ક્રિયા અનંતકાળ સુધી અબાધિતપણે ચાલુ જ રહેવાની.

આજ સુધી કાવાદાવાથી અલિપ્ત રહેલા રાજાને હવે સમજાયું કે, રાજ્યનીતિમાં કુશળ બનેલા રાજાને પણ રાજ-ખટપટથી તો ચેતતા જ રહેવું પડે છે.

રાજખટપટનાં બીજ રોપાવા લાગ્યાં હતાં. રાજાને નવાં નવાં વિઘ્નોના ભણકારા વાગવા લાગ્યા. રોજને રોજ નવી નવી જાતો સાંભળવામાં આવતી હતી. રાજાને રાજકુમારો માટે ચિંતા થવા લાગી. રાણીવાસમાં જઈ પુત્રોને જોવાની ઇચ્છા થઈ. તેમણે વૈદ્યને કહ્યું : "વૈદ્યરાજ! રાજકુમારને જોવા માટે જઈશું ?"

"આપની ઈચ્છા હોય તો જઈએ." વૈદ્યરાજે સંમતિ આપી.

રાજાએ ઉઠીને ચાલવા માંડયું. વૈદ્યરાજ પણ તેમની પાછળ જવા લાગ્યા.

# પ્રકરણ ૪ થું

## પિતા-પુત્ર

મહારાજા નંદ પાસેથી છૂટા પડી મહાઅમાત્ય શ્રીયકજીને મળવા ગયા. શ્રીયકજી અને શકટાળનાં રહેઠાણો નજીકમાં જ હતાં. બંને મોટા ઓદ્ધા પર હોવાથી તેમનાં મકાનો પણ ભવ્ય હતાં. એક જ મોટા મહાલયના બે વિભાગો પાડવામાં આવ્યા હોય, તેવા પ્રકારની રચના હતી. પિતા અને પુત્રની રહેણીકરણી એક જ પ્રકારની હોવા છતાં, બંનેનાં રહેઠાણો જુદાં હતાં. પિતામાં વાત્સલ્યભાવ અને પુત્રમાં પૂજ્યભાવ, એક બીજા કરતાં ચઢીયાતાં હતાં.

શ્રીયકજી, પિતાજીને મળવા માટે તેમના મકાને આવ્યા હતા. પિતાજી ઘરે ન હોવાથી માતા તથા બહેનો સાથે તેમણે આનંદમાં વખત વીતાવવા માંડયો.

થોડા જ વખતમાં મહામંત્રી શકટાળ આવી પહોંચ્યા. પુત્રને જોતાં જ તે બોલ્યા :

“શ્રીયકજી! હું તમારે ત્યાં ગયો હતો. ત્યાંથી મને ખબર મળ્યા કે તમે અહીં આવ્યા છો.”

“પિતાજી! હું આપને મળવા આવ્યો હતો.” પિતાના આગમનના માનમાં ઉભા થતાં શ્રીયકજીએ કહ્યું.

મહાઅમાત્યે રાજમહેલમાં જવાનાં કપડાં કાઢીને એક બાજુએ મૂકી, આસન પર સ્થાન લીધું. સામેજ શ્રીયકજી પણ બેઠા.

શ્રીયકજી ઉંમરે બહુ મોટા નહોતા. તેમણે નાની વયે જ મહારાજા નંદનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. મહાઅમાત્ય શકટાળમાં સંપૂર્ણ વિશ્વાસ રાખનાર રાજાએ શ્રીયકજીને પોતાના અંગરક્ષક તરીકે સ્વીકારી લીધા હતા. થોડા જ વખતમાં મહારાજાએ તેમની કર્તવ્યગારી જોઈને પોતાના અંગરક્ષક દળના શ્રેષ્ટ તરીકે તેમની નિમણુંક કરી. આજ સુધી શ્રીયકજીએ પોતાનું કર્તવ્ય નિષ્કલંકપણે બજાવ્યું હતું. પુત્રની કર્તવ્યપરાયણતા જોઈ પિતાનો આનંદ માતો નહોતો.

મોટાં કુટુંબોમાં સચવાઈ રહેતાં નાનાં મોટાંનાં માન મહાઅમાત્યના કુટુંબને પણ છોડી શકયા નહોતાં. પુત્રને ‘તું’ ન કહેતાં ‘તમે’ કહેનાર પિતાનું ગૌરવ પણ વધતું હતું. શ્રીયકજીને રાજાના અંગરક્ષક દળના શ્રેષ્ટ તરીકે નીમવામાં આવ્યા ત્યારે પ્રજાએ પોતાનો હર્ષ અનેક રીતે વ્યક્ત કર્યો હતો.

રાજાનો વિશ્વાસ પ્રાપ્ત કરનાર મહાઅમાત્યે પ્રજાનો પણ વિશ્વાસ સંપૂર્ણપણે પ્રાપ્ત કર્યો હતો.

શ્રીયકજીને સહર્ષપણે વધાવી લેનાર પ્રજા પ્રત્યે મહાઅમાત્ય શકટાળે પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે‘ “પ્રજા અમારી છે, ને અમે પ્રજાના છીએ.”

આ સમયને હજી ઘણો વખત વીત્યો નહોતો. પિતા અને

પુત્ર, બંને પર નવી જવાબદારી આવી પડી હતી. રાજા ને પ્રજા, બંનેને સંભાળાવવાનાં હતાં. પંડિત ચાણકયનું નિર્ગમન રાજ્ય અને દેશ પર સંકટ લાવવાને કારણભૂત બન્યું હતું. બંનેને બચાવી લેવાની જવાબદારી બંને પર આવી પડી હતી.

શ્રીયકજી શસ્ત્ર વિદ્યામાં નિપૂણ હતા. તેમને મહારાજાનંદે થોડા સમય પહેલાં 'શસ્ત્ર સમ્રાટ'નો ખિતાબ આપ્યો હતો. જેવી રીતે તે શસ્ત્ર વિદ્યામાં હોંશિયાર હતા, તેવી જ રીતે બુદ્ધિમાં પણ તે આગળ વધેલા હતા.

નાનપણથી જ મહાઅમાત્ય તરફથી તેમને સારી કેળવણી આપવામાં આવી હતી. પોતે બુદ્ધિમાન તો હતાજ, ને વળી શકટાળ જેવા બુદ્ધિ વિશારદ પિતાની કેળવણી મળી.

પોતે રાજાના અંગરક્ષક મંડળના અગ્રેસર હોવા છતાં તેમણે એક નવું કર્તવ્ય બજાવવું શરૂ કર્યું હતું. રાજાએ નીમેલા ગુપ્તચર મંડળ પર પોતે પણ પોતાના માણસો ગોઠવ્યા હતા. રાજાને તેમજ મહાઅમાત્યને આ બાબતની બિલ્કુલ ગંધ સરખી પણ આવી નહોતી.

પિતા પુત્ર જ્યારે રાજ્યના કામે મળતા, ત્યારે જ રાજ્ય બાબતની વાતચીત થતી. શ્રીયકજી તથા શકટાળ જ્યારે પિતા પુત્ર તરીકે મળતા ત્યારે પોતાનાં કુટુંબ સિવાયની વાત કવ-ચિત્ જ નીકળતી. અને તેમાં પણ રાજ્ય બાબતનો વિષય તો બિલ્કુલ નીકળ્યો જ નહિ.

પિતા અને પુત્ર દિવસમાં એક વાર તો મળતા જ. કોઈ કારણસર બંનેમાંથી એકેયને વખત ન મળે અને મળવાનું રહી જાય તો, બીજે દિવસે સવારમાં બનતી તાકિદે તે કાર્ય આટોપાતું.

પિતાનું ગૌરવ પુત્રમાં પણ ઉતર્યું હતું. ન્યાય, નીતિમાં

પુત્રની ખ્યાતિ પિતા જેટલી જ હતી.

"શ્રીયકજી! ચાણકયના જવા બાદ તેમનું સ્થાન વરરૂચિને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે." મહાઅમાત્યે આજે રાજ્ય મંત્રણાનો વિષય છેડતાં વાતની શરૂઆત કરી.

"પિતાજી! શાંતિ અનુભવવાના વખતે રાજ્યની ચર્ચા કરવામાં આજે આપને એટલી બધી શી આવશ્યકતા ભાસે છે?" શ્રીયકજીને આજે કસમયે ચર્ચાતો વિષય નવો જ લાગ્યો.

"શ્રીયકજી! શાંતિનો સમય જતો રહ્યો છે. હવે તો જ્યારે માગીએ ત્યારે રાજ્ય-વિષય જ ચર્ચાયા કરશે. આપણી શાંતિનો નાશ કરનાર પંડિતજીએ પાટલીપુત્રનો ત્યાગ કર્યો છે. તેમણે આપણને ચેતતા રહેવાની ફરજ પાડી છે."

"મારી જાણ બહાર નથી, પિતાજી." શ્રીયકજીએ તે બીના પોતે પણ જાણે છે એમ સૂચવતાં આગળ કહેવા માંડ્યું: "પ્રજાને પણ ભય લાગ્યો છે કે, ચાણકય બીજા રાજ્યને ઉશ્કેરી આપણા રાજ્ય પર ચઢાઈ લાવે તો અનર્થ થાય. શાંતિમાં દિવસો પસાર કરી રહેલી પ્રજાને ફરીથી અશાંતિ અનુભવવી પડે."

"શ્રીયકજી! હું માનું છું કે આજે ને આજે જ તેમનું સ્થાન વરરૂચિને સોંપવું જરૂરી છે. મહારાજાનું મન પણ ઉદ્વિગ્ન બન્યું છે. તાત્કાલિક બનતાં ઉપાયો લેવામાં નહિ આવે તો તો તેમનું મન અશાંતિના વમળમાં અટવાઈ પડશે. ચાણકયજીના કેટલાક હિતેચ્છુઓ અહીં છે. તેમના હાથે જો કંઈ પણ ન બનવાનું બનવા પામશે તો પરિસ્થિતિ હાથમાં રહેશે નહિં."

"પિતાજી! મહારાજાએ ચાણકયજીને હદ ઉપરાંત માન આપવા માંડ્યું હતું ત્યારથી જ મેં યોગ્ય પગલાં લેવા માંડયાં હતાં. મને કેટલાક સમયથી આવા જ પરિણામની શંકા હતી.

બંને વચ્ચે દ્વેશનાં બીજ રોપાશે, માન્યતા મારા મગજમાં ઠસી ગઈ હતી. આપને એક વાતની ખબર નહિ હોય. ગુપ્તચર મંડળના અગ્રેસર વિજયદેવ, વરરૂચિના ખાસ મિત્ર છે. ચાણુ-કયજીના પણ હિતેચ્છુ હતા. કોઈ પણ જાણી ન શકે તેવી રીતે વરરૂચિ અને વિજયદેવ વારંવાર મળ્યા કરે છે. આજે તેમની મુલાકાત થવાની હતી. કદાચ થઈ પણ હશે." શ્રીયકજીએ કેટલોક ખુલાસો કર્યો.

"આ બીના તો હું આજે જ જાણું છું." શકટાળે તે બાબતથી પોતે અજાણ હોવાનું જણાવ્યું. આશ્ચર્ય તેમણે પૂછ્યું:

"તમે કેવી :રીતે જાણ્યું કે, તેઓ વારંવાર મળ્યા કરે છે!"

."પિતાજી! હું પણ તે બાબતમાં અજ્ઞાત હતો. પણ એક દિવસ ઓચિંતી મારા ખિસ્સામાંથી મને એક ચીઠ્ઠી મળી આવી. ચીઠ્ઠીમાં એટલું જ લખ્યું હતું, કે 'વિજયદેવ પર બરાબર ધ્યાન રાખજો. વરરૂચિથી ચેતતા રહેજો. મહારાજા સાથેનો પંડિત ચાણુક્યનો સંબંધ વધુ ગાઢ બનતો જાય છે.'

—આ ચીઠ્ઠી ખિસ્સામાં કયાંથી આવી, તેની તપાસ કરતાં કાંઈ પણ ખુલાસો મળ્યો નહિ. અનુચરને પૂછતાં તેણે જણાવ્યું કે 'કોઈ પણ નજરે પડ્યું નહોતું.—'

"પણ લખનારનું નામ તો હશે જ ને?" મહાઅમાત્ય શકટાળે વચ્ચે જ પ્રશ્ન કર્યો.

"ના. લખનારે નીચે ફક્ત એટલું જ લખ્યું હતું, 'શુભે-ચ્છક.' પછી મેં તે ચીઠ્ઠીનો અનુભવ કરવાનો વિચાર કર્યો. મારા એક અંગત માણસને મેં વિજયદેવ પર દેખરેખ રાખ-વાનું જણાવ્યું. બીજા એકને, નાલંદા વિદ્યાપીઠની આસપાસ શું બને છે તેની તપાસ માટે મોકલ્યો. સાંજે બંને તરફથી

એક જ પ્રકારના સમાચારે મળ્યા કે, 'વરરૂચિ અને વિજયદેવ વિદ્યાપીઠથી એકાદ માઇલ દૂર આવેલા એક મોટા વડ નીચે મળ્યા હતા. વાર્તાલાપ બહુ જ ધીરે થયો હતો. પણ છૂટા પડતાં તેઓ મોટેથી બોલ્યા હતા કે, પદ્માવતીને ત્યાં કાલે જરૂર મળીશું' આ સમાચાર મળતાં તરત જ મેં પદ્માવતી કોણ છે, તેની તપાસ કરાવી. બીજે જ દિવને સવારે એક માણસને પદ્માવતીના મકાનની દેખરેખ માટે રવાના કર્યો." શ્રીયકજીના મોંએથી એક પછી એક નવી વાતો સાંભળવામાં આવતાં શકટાળ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા હતા.

પુત્રની વિચારશક્તિ અને કાર્યની ધગશ માટે તેમના અંતઃકરણના આશિર્વાદ મૂકપણે વરસી રહ્યા હતા. તેમણે પૂછ્યું: "પદ્માવતી કોણ હતી?"

"તે એક સાધારણ સાધ્વી હતી. વસ્તીને બહાર એક વૃક્ષને નીચે તેણે પોતાનો મુકામ રાખ્યો હતો. ભિક્ષા વૃત્તિ પર જીવન ગુજારનારને ધીમે ધીમે આવક વધવા લાગી. ખાવા પીવાની અગવડતા ભોગવનાર સાધ્વીએ એક નાનું સરખું મકાન ખરીદ્યું. તે ગાવાની વિદ્યામાં હોંશિયાર હતી વિદ્યા-પીઠ તરફ જતાં વિજયદેવે એક વખત તેનું ભજન સાંભળ્યું. ખિસ્સામાંથી દ્રવ્ય કાઢીને આપતાં, તેણે પદ્માવતી પાસે પરિચય માગ્યો. એવી રીતે પરિચય ન આપવાનું જણાવતાં, તેણે બીજે દિવસે સાંજે પોતાના નાનકડા મકાન પર બોલાવ્યો.

બીજે દિવસે બંનેની મુલાકાત થયા પછી પરિચય વધવા લાગ્યો. વારંવાર તેઓ મળવા લાગ્યાં. વરરૂચિ અને વિજય-દેવની મુલાકાત પણ તે જ સ્થળે થવા લાગી.

ધીમે ધીમે તે સાધ્વીએ રસ્તા પર બેસવું બંધ કર્યું. તેને વિજયદેવ તરફથી સારૂં દ્રવ્ય મળવા લાગ્યું. સારાં ખોટાં

કાર્યોનું કેન્દ્રસ્થાન પણ તે જ મકાન બન્યું." શ્રીયકજીએ પદ્માનો પરિચય આપ્યો.

મહાઅમાત્યે આ બધું નવું જ સાંભળ્યું હતું. તેમણે જીજ્ઞાસાપૂર્વક પ્રશ્ન કર્યો :

"પદ્માવતી પણ તે બંનેની મદદગાર બની ?"

"તે સમજાયું નથી," શ્રીયકજી જવાબ આપતાં આગળ બોલ્યા : "વરરૂચિ અને વિજયદેવનું કાવત્રું ચાલી રહ્યું છે. પણ પદ્માવતીએ તેમાં સાથ આપ્યો છે કે નહિ, તે હજી સમજાયું નથી. તેણે હજી સુધી કોઈ પણ બાબતમાં સક્રિય ભાગ લીધો નથી. મારા જાણવામાં આવ્યું છે ત્યાં સુધી તો તેણે પોતાના મન પરનો કાબૂ ગૂમાવ્યો નથી. મારા અંગત માણસો ચારે તરફ ફરી રહ્યા છે. તે ત્રણે પર સંપૂર્ણ દેખરેખ રખાઈ રહી છે."

"રાજા અને રાજકુટુંબ કફોડી સ્થિતિમાં મૂકાઈ રહ્યાં છે. ચાણક્યજી રાજકુટુંબનો નાશ કરવાની યુક્તિઓ ગોઠવી રહ્યા હશે, અને આ બે જણ અહીં કાવત્રું ચલાવી રહ્યા છે." શકટાળ દુઃખી અવાજે બોલ્યા. તેમના અવાજમાં રાજકુટુંબ પ્રત્યેની લાગણી હતી.

"પિતાજી ! તે બંનેને પહોંચી વળવાની શક્તિ મારામાં છે. હું મહારાજનો અંગરક્ષક છું. તેમની અને રાજકુટુંબની રક્ષા કરવાની જવાબદારી મારા પર છે. આપ ચિંતા કરશો નહિ." શ્રીયકજીએ પિતાને દરેક પ્રકારનું આશ્વાસન આપતાં કહ્યું.

કેટલોક વખત તે જ બાબતની ચર્ચા કરી પુત્રએ પિતા પાસેથી જવાની રજા લીધી.

# પ્રકરણ ૫ મું

## મહારાજા અને વિજય

મહારાજાનંદ વૈદ્યને લઇ, રાણીવાસમાં આવ્યા. રાજકુમારને રમતો જોઈ રાજાને સંતોષ થયો. વૈદ્યે આપેલી માત્રાની પડિકી રાજાએ મહારાણીને મૂકવા આપી હતી, તે કુમારને પાણી સાથે પીવડાવી. ઝેરની અસર બિલ્કુલ રહી નહોતી. રાજવૈદ્યે પોતાનો છેવટનો અભિપ્રાય આપતાં જણાવ્યું : " રાજકુમાર તદ્દન નિર્ભય છે."

રાજા અને રાણી નિશ્ચિંત બન્યાં. રાજવૈદ્યે ઘરે જવાની રજા માગી. તેમની યોગ્ય કદર કરી, રાજાએ તેમને જવા દીધા.

થોડી વારે એક દાસીએ આવી સમાચાર આપ્યા :

" વિજયદેવ આપને મળવા આવ્યા છે."

—પળનો પણ વિલંબ ન કરતાં, રાણીને આશ્વાસન આપી રાજાએ જવા માંડ્યું.

રાજાને મુલાકાત ખંડ તરફ આવતા જોઈ, વિજય આસન પરથી ઉઠી ઉભો થયો. રાજાએ ખંડમાં આવી એક આસન પર સ્થાન લીધું. વિજય પણ સામે બેઠો.

" વિજયદેવ ! મેં તમને બોલાવવા માટે સેવકને મોકલ્યો હતો." મહારાજાએ બોલવાની શરૂઆત કરી. તે હંમેશાં મોટા હોદ્દેદારને માનથી બોલાવતા.

" મહારાજ ! હું બહાર ગયો હતો." જવાબ આપતાં વિજય આગળ બોલ્યો : " મેં સાંભળ્યું છે, કે પંડિત ચાણક્યનું સ્થાન વરરૂચિને સોંપવાની આપની ઇચ્છા છે."

" હા." મહારાજાએ કહ્યું : " મારી એકલાની જ નહિ, પણ મહાઅમાત્યની યે એવી જ ઈચ્છા છે. વિજયદેવ ! તમને એક નવું કામ સોંપવાનું છે. મને વરરૂચિ માટે સંપૂર્ણ શ્રદ્ધા નથી. હું તો ફક્ત મહાઅમાત્યના કહેવાથી જ તેને તે સ્થાન સોંપવા તૈયાર થયો છું. વરરૂચિ પર દેખરેખ રાખવાની જવાબદારી તમારા પર નાખું છું. આજે જ તેને તે સ્થાન સોંપાઈ જશે."

" મહારાજ ! આપ જે જવાબદારી મને સોંપો છો, તે મહાન છે, છતાં તે જવાબદારી સ્વીકારી લેવા હું તૈયાર છું. મારી ફરજ હું સંપૂર્ણ બજાવીશ." વિજયે કહ્યું. તેને સોંપવામાં આવેલું કાર્ય તેના માટે લાભદાયક હતું. વરરૂચિને ખાનગીમાં મળવા માટે જે સાવચેતી રાખવી પડતી હતી, અને તેમાં ભયનો સંચાર હતો, તે ભય આથી નાશ પામતો હતો. વરરૂચિનો મેળાપ કદાચ ઉઘાડો પડી જાય તો, ખુલાસો કરવાને માટે આ એક ઉત્તમ સાધન મળતું હતું.

શત્રુના વિનાશ માટે રાજાના કાનમાં વિષ રેડવાનો આ મોકો હતો. વિજયદેવ આ મોકો જતો કરે તેવો નહોતો.

"મહારાજ!" બનતી નરમાશથી તેણે કહેવા માંડ્યું: "મારા કાને એક વાત આવી છે. બહુ જ મહત્ત્વની ને ખાનગી રાખવાની છે. આપે મારા પર જે મમતા રાખી છે, તેના બદલામાં મારી ફરજ છે કે, મારે આપને આ બીનાથી અજાણ રાખવા જોઈએ નહિ. જો વાત બહાર પડે, ને સામાના કાને પહોંચી જાય તો મારો અને મારા કુટુંબનો નાશ થતાં વાર લાગશે નહિ."

"એવી કેવી વાત છે કે, મને કહેતાં પણ તમે ડરો છો, વિજયદેવ?" રાજાએ પૂછ્યું. તે વાત જાણવાની તેમને ઇચ્છા થઈ.

"મહારાજ! મને અભય વચન આપો કે, ગમે તેવા સંજોગોમાં પણ આપ મને આશ્રય આપશો. મને ફક્ત એક જ માણસની ભીતિ રહે છે." વિજયે ધીમે ધીમે કુનેહથી અભય વચન માગી લીધું.

"વિજયદેવ! મારો બોલ એ જ મારૂં વચન છે. હું તમને કોઇ જાતની આંચ આવવા દઇશ નહિ. જે હોય તે મને ખુલાસાથી કહો." રાજાએ વચન આપતાં વિજય શું કહેવા માગે છે તે જાણવાની ઉત્કંઠા દર્શાવી.

"મહારાજ! મહાઅમાત્ય માટે મારા કાને કેટલીક વાતો આવી છે. તે જેટલા ભોળા અને ભલા દેખાય છે, તેટલા જ કપટી અને હૃદયના મેલા છે. તેમણે પોતાના હિત માટે જ આખા રાજ્યની લગામ ધીમે ધીમે હસ્તગત કરી લીધી છે. દરેક ખાતામાં પોતાના માણસો જ તેમણે ગોઠવવા માડયાં છે. કપટજાળ બિછાવવાની શરૂઆત થઈ ગઇ છે. ચાણક્યને પાટલીપુત્ર તજાવનાર પણ તે જ છે. 'રાજકુમારે કરેલા અપમાનથી પંડિતજીએ પાટલીપુત્રનો ત્યાગ કર્યો છે' આ તો એક

જાતની અફવાજ છે. ખરી વાત તો એ છે કે, મહાઅમાત્યએ આપના વિષે ખરી ખોટી વાતો તેમના કાને નાંખી હતી. આપ તેમની પાછળ તેમની નિંદા કરો છો, 'તેમને પાટલીપુત્રમાં લાવવામાં ભૂલ કરી છે' એમ આપ બીજાઓને જણાવો છો. 'ધારવા જેટલું જ્ઞાન તેમનામાં નથી,' એવી આપની માન્યતા છે, વગેરે પ્રકારનું ખોટું વિષ તેમના કાનમાં રેડી, તેમને તેમણે નારાજ કર્યા હતા. પંડિતજીએ આવા કારણોથી પાટલીપુત્ર છોડવાનો વિચાર કર્યો હતો. તેવામાં તેમને નજીવું કારણ મળતાં તેમણે તેનો લાભ ઉઠાવ્યો. સાધારણ લોકો પણ સમજે એવી આ વાત છે કે, આવા નહિ જેવા કારણને મહાનરૂપ આપી, પંડિતજી મહાન વ્યક્તિ રાજાનો અને પાટલીપુત્રનો ત્યાગ કરે જ નહિ." વિજયે પોતાનું કહેવું ચાલુ જ રાખ્યું. રાજાને મહાઅમાત્ય માટે બિલકુલ શંકા હતી જ નહિ. વિજયના કહેવા પર તેમને પુરતો વિશ્વાસ બેસતો નહોતો, છતાં સાંભળવાની ઉત્કંઠા વધતી જતી હતી.

"પંડિતજીને પાટલીપુત્ર પોતે તજાવ્યું છે, તેવી શંકા કોઈ તેમના પર લાવે નહિ, તેની અગમચેતી વાપરીને જ વરરૂચિને તેમનું સ્થાન અપાવવાની તેમણે ઇચ્છા દર્શાવી છે. ઇચ્છા દર્શાવી છે, એટલું જ નહિ પણ આપના પર તે બાબતનું દબાણ પણ કર્યું છે. 'વરરૂચિ પંડિત ચાણક્યના સ્થાનને માટે યોગ્ય નથી, છતાં તેને તે સ્થાન આપવાની જરૂર છે. આમ કરવાથી પ્રજાના મનને સંતોષ થશે, અને ચિંતા દૂર થશે.' આવા પ્રકારની અનેક વાતો કરીને આપના મનમાં વરરૂચિ માટેનું જે માન હતું તે તેમણે નષ્ટ કરાવ્યું છે.

'વરરૂચિ સાથે મારે ખાસ સંસંધ નથી, તેમજ તેનો પરિચય પણ ઓછો છે. આપે તેના પર દેખરેખ રાખવાની

જે જવાબદારી મારા પર નાખી છે, તે હું સંપૂર્ણપણે સંભાળી લઈશ. પણ એટલું તો હું ચોક્કસ કહું છું કે, 'તેના માટે મને માન છે.' પ્રજાને પણ તેનામાં વિશ્વાસ છે. ચાણક્યનું સ્થાન જે ભાવનાની તેને સોંપવામાં આવનાર છે, તે ભાવના મોટી ભૂલ ભરેલી છે.

'લગભગ બે વરસથી આ બાબતનો મને વહેમ હતો. છ સાત મહિનાથી મેં મહાઅમાત્ય પર દેખરેખ રાખવી શરૂ કરી હતી. મારા ગુપ્તચર વર્ગમાંથી અમુકને મેં તેમની હિલચાલના સમાચાર મેળવવા માટે રોકયા હતા. બે એક માસ પર મને સમાચાર મળ્યા કે, 'પંડિત ચાણક્યને રાજ્યનો ત્યાગ કરાવવાની ગોઠવણ મહાઅમાત્ય શકટાળ તરફથી થઈ રહી છે ! આ વાત મને ખરી લાગી, છતાં તેમ બનવું અશક્ય લાગ્યું. મારો પરિચય પંડિતજી સાથે પણ થોડો જ હતો, છતાં મારી માન્યતા એવી હતી કે, 'મહાઅમાત્યની ગમે તેવી ગોઠવણને પંડિતજી ઉથલાવી નાંખશે, તેમ જ તે પાટલીપુત્રને કદાપિ છોડશે નહિ.' મારી આ માન્યતા ખોટી નીવડી, અને ધારવા કરતાં જલ્દીથી મહાઅમાત્યની ઇચ્છા પાર પડી.

—બની શકે તેટલી વિષારી ભાષા વાપરી મહારાજના કાન કલુષિત કરતા વિજયે ખોટી–બનાવટી હકિકત જણાવી. હજી તે આગળ કહેવા જતો હતો, પણ વચ્ચે જ મહારાજાએ પ્રશ્ન કર્યો :

"જો તમે આટલું બધું જાણતા હતા, તો મને શા માટે જણાવ્યું નહિ ?"

"મહારાજ !" વિજયે નમ્ર થઇ કહેવા માંડયું : "જે બની ગયું છે, તે કહેવાની મારી હિંમત ચાલતી નથી, તો

તે વખતે હું કેવી રીતે આપને તે જણાવી શકું ?"

"તમે ગુપ્તચર અગ્રેસર હોવા છતાં આટલું જણાવવાની હિંમત કરી શકતા નથી, તો 'તે સ્થાન માટે તમે અયોગ્ય છો' એમ જ મારે માનવું પડશે." રાજાએ ક્રોધભર્યા અવાજે કહ્યું.

મહારાજ! "વિજયે કહેવા માંડયું. તે ગભરાયો. તેને લાગ્યું કે મહરરાજાનો કોપ જો પોતાના પર આવી પડશે તો, બિછાવેલી જાળ નિષ્ફળ જશે, એટલું જ નહિ પણ પોતાનો અને આખા કુટુંબનો નાશ થશે. "આપની આજ સુધીની સેવા મેં નિષ્કલંકપણે કરી છે. આ વિનાશનાં બીજ જો મહા-અમાત્ય સિવાય બીજા કોઈએ રોપ્યાં હોત, તો આ પ્રસંગ હું આવવા દેત નહિ. એટલું જ નહિ પણ તે વ્યક્તિને મેં કડકમાં કડક શિક્ષા કરાવી હોત. પરંતુ મહાઅમાત્ય આપના જમણા હાથ થઈ પડયા છે. તેમના વિષે હું કોઈ પણ જાતની ફરિયાદ લાવ્યો હોત તો, આપ તે માનત જ નહિ."

"વિજયદેવ! મેં તમને વચન આપેલું છે, તેથી હું નિરૂપાય છું. પોતાના કર્તવ્યમાં નિષ્ફળ જતાં આજીજી ભરી ખોટી દલીલો કરવી તે આકરી શિક્ષાને વહોરી લેવા બરાબર છે." રાજાએ કોપાયમાન થઇ કહ્યું : "કોઈ વખત મહાઅમાત્યને મળો તો પૂછી જોજો કે, 'મહારાજાનંદનું હૃદય ન્યાયની પવિત્રતા માટે દોષિતોને શિક્ષા કરવામાં કેટલું ક્રૂર છે!

"વિજયદેવ! 'ગુન્હેગાર મહાઅમાત્ય છે, માટે તમે મને કહ્યું નહિ' આ દલીલ તદ્દન નકામી છે, ગુન્હાનું પાલન કરનારને કડકમાં કડક શિક્ષા ફરમાવતાં હું જરા ય અચકાતો નથી. પછી તે મહાઅમાત્ય હોય કે, મારો પોતાનો પુત્ર–રાજકુમાર હોય. ગુન્હો એટલે ગુન્હો, ગુન્હેગાર એટલે ગુન્હેગાર અને

ન્યાય એટલે ન્યાય. ન્યાય, નીતિ માટે પોતાના સર્વસ્વનો ભોગ આપી શકે છે, તે જ રાજમુગટને માટે યોગ્ય ઠરે છે.

"જે અઘટિત કાર્ય પંડિતજી માટે બન્યું તે કહેતાં તમારી હિંમત ચાલી નહિ, તો પ્રજા માટે જો આમ બન્યું હોત, તો તમે મને બિલ્કુલ કહેત જ નહિ, એમ હું માનું છું. અને જો મારી માન્યતા ખરી હોય, તો 'તમે પ્રજા માટે નહિ પરંતુ રાજા માટે જ છો' એમ જ એનો અર્થ થઈ શકે."

"વિજયદેવ! તમારી માન્યતા જો મારા અર્થ પ્રમાણેની હોય, તો તે ભૂલ ભરેલી છે. તમે રાજા માટે નહિ, પણ પ્રજા માટે છો. પ્રજાના થઈ રહેશો, તો જ પ્રજા તમારી થશે. હવેથી ધ્યાનમાં રાખજો કે, મહારાજાનંદ ન્યાય, અન્યાય જુએ છે. ગુન્હેગાર ગમે તેટલા ઊંચા દરજ્જાનો હશે તો પણ ન્યાયાસન આગળ તો તેણે ગુન્હેગાર તરીકે જ ઉભા રહેવું પડશે. મને તમારા પર વિશ્વાસ છે. ફરીથી આવી ભૂલ ન થાય તે ધ્યાનમાં રાખજો. તમને સોંપેલ જવાબદારી અઘરી છે. ઉપરથી ઉજળા અને ભવ્ય જણાતા માણસો ઘણી વાર હૃદયના કાળા અને સંકુચિત હોય છે. જાઓ, હવેથી સાવચેત રહેજો. ગુન્હેગાર ગમે તે હોય, પણ તેનું કાવત્રું પકડતાં ગભરાશો નહિ." રાજાએ વિજયને જવાની રજા આપતાં કહ્યું.

વિજય પોતાના આસન પરથી ઉઠ્યો. તેણે હાથ જોડી મહારાજાને કહ્યું: "મહારાજ! મારા મનમાં જે ભીતિ હતી, તે નીકળી ગઈ છે. હવેથી કોઇ પણ કાર્યમાં ભૂલ નહિ થાય, તેની ખાત્રી આપું છું."

"મને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે." મહારાજાએ કહ્યું.

આ સાંભળી વિજયદેવનું હૃદય હરખાયું. મહારાજાની પરવાનગી લઈ તે ચાલી નીકળ્યો.

## પ્રકરણ ૬ ઠ્ઠું

### પદ્માવતીના આવાસમાં

રાત્રિનો પ્રથમ પહોર વીતી ગયો હતો. વરરૂચિ, વિજય અને તેમના અન્ય સાથીદારો પદ્માવતીને ત્યાં એકત્ર થયા હતા. પદ્માવતી તે બધાની સામે જમીન પર પાથરેલા એક આસન પર બેઠી હતી.

'યુવાન વયમાં સન્યાસ ગ્રહણ કરનાર સાધ્વી ધીમે ધીમે લક્ષ્મીના લોભમાં ફસાતી જાય છે,' આ માન્યતાને અનુસરતું મંડળ અવારનવાર પદ્માવતીને ત્યાં મળતું.

આ મંડળ આજે અગત્યના બનાવ પર ચર્ચા કરવા માટે એકત્ર થયું હતું.

પંડિત ચાણક્યનું સ્થાન વરરૂચિને પ્રાપ્ત થયાને લગભગ ત્રણ માસ વીતવા આવ્યા હતા. કોઈ પણ સમયે રાજસભામાં, તેમજ રાજમહેલમાં જવાને તેને છૂટ હતી. પંડિત ચાણક્યને રાજસભામાં જે માન મળતું તે જ માન હવે વરરૂચિને પણ

મળવા લાગ્યું હતું. તેના હિતચિંતકોમાં પણ વધારો થયો હતો. વિજય તેનો ખાસ મિત્ર હતો.

દરેક જણ તેને માનથી બોલાવતું. મહારાજાનંદ પણ ‘ તું ’ ને બદલે ‘ તમે ’ કહેવા લાગ્યા હતા. ગમે તેમ તો પણ તે નાલંદા વિદ્યાપીઠના અધ્યાપક બન્યા હતા. [૧]

થોડા સમયથી વિજયના કાન પર કેટલીક વાતો આવવા લાગી હતી. તેમના મંડળ પર કોઈ દેખરેખ રાખતું હોવાનું સાંભળવામાં આવ્યું. મંડળમાં ચર્ચાતા વિષયોની વિગતો અન્ય લોકોના કાને જતી હતી. મંડળમાંનું કોઇ બેવફા નિવડ્યું હોય, તેવી શંકા વિજયને આવી હતી. આ જ વિષય પર આજે ચર્ચા થવાની હતી.

વરરૂચિના બોલવાની રાહ જોવાઇ રહી હતી. વરરૂચિ વિચાર વમળમાં અટવાયેલા હતા. તેમની નજર સન્મુખ બે વ્યક્તિઓ તરવરતી હતી. એક હતી શત્રુ, અને બીજી હતી જીવનનો સાર. શત્રુનો નાશ કરવો હતો અને જીવનના સારને લક્ષ્મીની છોળોમાં નવડાવતી હતી. એક માટે જલ્લાદ બની જીવવું હતું. અને બીજી માટે પ્રેમી બની જીવવું હતું. જીવન તો બંનેને માટે જરૂરી હતું; રાહ ભલે જુદા હોય.

કેટલોક વખત વીતવા છતાં વરરૂચિ બોલ્યા નહિ. આખરે વિજયે બોલવાની શરૂઆત કરી.

“ આજે મંડળને શા માટે બોલાવવામાં આવ્યું છે તે કોઈ જાણતું નહિ હોય. આપણા પ્રમુખ પર ઘણી જવાબદારીઓ આવી પડી છે. અને તે જવાબદારીઓના વિચારમાં જ તેમનો સમય વ્યતીત થાય છે.” વિષયની શરૂઆત

---

૧ હવેથી અહીં પણ તેમને માનાર્થે સંબોધવામાં આવે છે.

કરતા વિજયે આગળ કહેવા માંડ્યું. વરરૂચિ તેમજ પદ્માવતી પણ સાંભળવા લાગ્યાં હતાં.

"મારા સાંભળવામાં આવ્યું છે કે, આપણા મંડળ વિષે બહારની કોઈ વ્યક્તિ રસ લઈ રહી છે. આપણા મંડળની દેખરેખ પણ રખાઇ રહી છે. મંડળની કોઇક વ્યક્તિ વિશ્વાસ-ઘાત કરતી હોય, તો નવાઇ જેવું નથી. આપણે આપણી ફરજ અદા કરવાની છે. પંડિત વરરૂચિને આપણે વિશ્વાસ આપ્યો છે. તેમના પ્રત્યેક કાર્યમાં મદદ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમના કરતાં આપણો–આપણા મંડળનો સ્વાર્થ વધારે છે.

"પંડિત વરરૂચિ પર દેખરેખ રાખવાનું કાર્ય મને સોંપાયું છે. મહારાજાનો વિશ્વાસ મારા પર અખંડ છે. આપણા મંડ-ળના પ્રમુખ–પંડિતજીએ જે વિશ્વાસ આપણા પર મૂકયો છે, તેનો દ્રોહ થવો ન જોઇએ. મંડળના પ્રત્યેક સભ્યે ધ્યાનમાં રાખવું, કે વિશ્વાસઘાત કરનારને વિજય કદી નહિ છોડે. વિશ્વા-સઘાતીને હું શોધી કાઢીશ. હાથમાં આવતાં જ તેને એવી કડક શિક્ષા કરીશ કે, જેથી સાંભળનારનાં અને જોનારનાં હૃદય કંપી ઉઠશે.

"જેણે આ કલુષિત કાર્યમાં હાથ નાંખ્યો હોય, તેણે ચેતતા રહેવું. આપણા મંડળમાં પ્રમુખ સહ બાર સભ્યો છે. પંડિતજી માટે શંકા રાખવાનું હોય નહિ. પદ્માવતી પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. ત્રીજો હું. બાકી રહેલા નવમાંથી જ કોઈ બેવફા નીવડયો છે."

"હજી હું એક તક આપું છું. જેણે આ કાર્યનો બોજો માથે લીધો હોય, તેણે ત્રણ દિવસની અંદર માફી માગી જવી." વિજયના વાકયોમાં તીખાશ હતી. દરેકનાં મન ચિંતા-

તુર હતાં. નવે સભ્યોને એક બીજા પર સંપૂર્ણ વિશ્વાસ હતો. ગુન્હાનો કળશ કોના પર ઢળે છે, તે જ જોવાનું બાકી હતું.

વરરૂચિને પણ આ ચર્ચાએ સતેજ બનાવ્યા હતા. વિદ્યાપીઠના અધ્યાપક બન્યા પછી જ તે સમજવા લાગ્યા હતા કે, જગત કેમ ચાલે છે. રાજ્યના કાવાદાવાના વિચારો ભાંગીને ભૂક્કા થવા લાગ્યા હતા. રાજખટપટના વિચારો કરવા, અને રાજખટપટમાં પ્રત્યક્ષ ભાગ લેવો : એ બંનેની તુલના કરવાનો પ્રસંગ હવે જ આવ્યો હતો.

પંડિત ચાણક્યનું સ્થાન વરરૂચિને પ્રાપ્ત થયું હોવા છતાં; પ્રતિભામાં ઘણો ફરક હતો. જે તે જ ચાણક્યમાં હતું, તે તે જ વરરૂચિમાં નહોતું. એક અભિમાનને આધીન હતા, જ્યારે બીજા અહંકારને આધીન હતા. એકનું અભિમાન સ્વાભિમાન માટે વપરાયું, ત્યારે બીજાનો અહંકાર વિનાશનો માર્ગ ખુલ્લો કરવા લાગ્યો.

વરરૂચિએ જ્યારથી પદ્માવતીને જોઈ હતી, ત્યારથી તેમને અવનવાં સ્વપ્નોનો ભાસ થવા લાગ્યો હતો. તેમને મહાઅમાત્ય થવાની લાલસા જાગી હતી.

વરરૂચિ વિદ્વાન હતા, પણ તેમની વિદ્વતા અસ્થાને હતી.

પદ્માવતી સર્વ ગુણસંપન્ન હતી. તેના કંઠની મધુરતા ગમે તેવા તપસ્વીના તપમાં ભંગ પાડવાને યશસ્વી નીવડે તેવી હતી. તેનું સૌંદર્ય, ગમે તેવી રૂપ ગર્વિષ્ટાનો ગર્વ ઉતારે તેવું હતું. ગાવા ઉપરાંત તેણે સિતાર પર પણ સારો કાબૂ મેળવ્યો હતો. તેનું નૃત્ય અજોડ હતું. સૌંદર્ય, નૃત્ય અને કંઠની મધુરતા વડે જ, તેને તેના કાર્યમાં યશ મળવા લાગ્યો હતો. પંડિત વરરૂચિ અને વિજય તેને ખુશી રાખવા માટે તનતોડ

મહેનત કરતા હતા.

વિજયને કોઈ તરફથી કાંઈજ જવાબ મળ્યો નહિ. ફરીથી તેણે તે જ પ્રકારની ચેતવણી આપી. જેઓ નિખાલસ હતા, તેમને ચિંતા નહોતી. અને* જે વ્યક્તિએ આ કાર્યમાં ઝંપલાવ્યું હતું, તે સહેજમાં સપડાય તેમ નહોતી.

વિજયે મંડળનો કાર્યક્રમ થોડા વખત માટે બંધ રાખવાનું સૂચવ્યું. 'જ્યાં સુધી ગુન્હેગાર પકડાય નહિ, ત્યાં સુધી ભવિષ્યની મસલત નુકશાનકારક છે,' એવા પ્રકારની દલીલ સર્વ સભ્યોએ માન્ય રાખી.

વિજયે ધાર્યું હતું કે, ગુન્હેગારનો ચહેરો જોઈને જ તે તેને પકડી પાડશે. અગર સાધારણ પણ જો ચર્ચા થશે, તો વાક્ચાતુર્યમાં તેને સપડાવતાં વાર નહિ લાગે. પણ તેની તે ધારણા નિષ્ફળ નીવડી.

ગુન્હેગારને શોધી કાઢવાનો બોજો પોતાના પર રાખી તેણે મંડળના સભ્યોને વ્યવસ્થિ રીતે વિખરાઇ જવાની સૂચના કરી.

નિત્ય નિયમાનુસાર એક પછી એક નવે સભ્યોએ તે સ્થાન છોડ્યું.

સર્વના ગયા પછી વિજયે વરરૂચિને ઉદ્દેશી કહ્યું: "વરરૂચિ! તમે ધારો છો તેટલી સુગમતાથી મહાઅમાત્યની પદવી મેળવી શકશો નહિ. આ રાજખટપટ છે. આઠે પહોર તેની પાછળ જાગતા રહેવું પડશે. આપણા મંડળની દેખરેખ રાખનાર બીજું કોઈ નહિ, પણ મહાઅમાત્ય શકટાળના જ માણસો છે. જેટલા તે શક્તિવાન છે, તેટલા જ ચાલાક છે, તે ભૂલશો નહિ. મુત્સદ્દીગીરી વડે જ તે રાજ્યના મહાન સ્થંભ

બન્યા છે. તેમની કાર્યદક્ષતા પંડિત ચાણક્યને પણ ભૂલાવે તેવી છે. જયેષ્ટ પુત્ર સ્થુલીભદ્રને સર્વગુણ સંપન્ન બનાવવા માટે કોશ્યા નામની ગણિકાને ત્યાં રાખનાર શકટાળે પોતાના બીજા પુત્ર શ્રીયકજીને મહારાજાના અંગરક્ષક દળના અગ્રેસર નિમાવ્યા છે તે ભૂલતા નહિ, તમારા જેવી મહાન વ્યક્તિને પણ તેમણે હંફાવ્યા છે, તે ભૂલશો નહિ. પદ્માવતીનો સાથ તમને ઉપભોગમાં આવશે, એટલું ધ્યાનમાં રાખજો." વિજય આગળ બોલવા જતો હતો, પણ પદ્માવતી વચ્ચે જ બોલી:

"વિજયદેવ! તમે કહો છો કે, મહાઅમાત્ય શકટાળ મહાન વ્યક્તિ છે. મહારાજાના જમણા હાથ છે. રાજ્યના સ્થંભ છે. મુત્સદ્દીમાં અજોડ છે. તો પછી મને આશ્ચર્ય થાય છે કે, આપણા ગુપ્ત મંડળની ગંધ સરખી પણ કેમ તેમને પહોંચી નહિ હોય! તમે કહો છો કે 'આપણા પર દેખરેખ રાખનાર મહાઅમાત્યના જ માણસો છે.' આના માટે તમારા પાસે કોઈ પુરાવો છે? આપણા ત્રણ સિવાયના જ સભ્યોમાંથી કોઇ બેવફા નીવડ્યું છે, એની તમને ખાત્રી છે? વિજયદેવ! પરાપૂર્વથી ચાલી આવતી એક ઉક્તિ છે કે, 'નાનાઓની નાની ભૂલ, મોટાઓની મોટી ભૂલ.' આ કહેવત તમને લાગુ ન પડે તો સારૂં"

પદ્માવતીનું કહેવું વિચારવા યોગ્ય હતું. બાકીના નવ સભ્યોમાંથી જ કોઇ ફૂટયું હોય, એમ શા પરથી કહી શકાય?

વિજય અને વરરૂચિ વિચારમાં પડયા. એક બીજા પ્રત્યે સંદેહ ઉપજ્યો હોય, તો નવાઈ ન કહેવાય. પદ્માવતી પ્રત્યે સંદેહ લાવવાને તો કોઈ કારણ જ નહોતું. દુનિયાથી અલિપ્ત રહેવા ઇચ્છતી સાધ્વીને રાજખટપટ શી?

વિજયને લાગ્યું કે હમણાં અહીંથી વિદાય થવું યોગ્ય

છે. તે બોલ્યો :

"પંડિતજી ! તમે થોડી વાર વિશ્રાંતિ લ્યો. હું મહારાજાને મળી આવું. તે બહાને રાજમહેલમાં પણ નજર નંખાશે. પદ્માવતીને પણ સુવાનો વખમ થયો છે. તે પણ વિશ્રાંતિ લ્યે તો ઠીક. આજની ચર્ચા વિષે તમે બંને પણ વિચાર કરી જોજો." આટલું કહીને વિજય ઉડયો. પદ્માવતી તેમજ વરરૂચિ કાંઈજ બોલ્યાં નહિ. વિજયે વરરૂચિ પ્રત્યે એક વક્ર દૃષ્ટિ ફેંકી ચાલવા માંડ્યું.

તેના ગયા પછી વરરૂચિ ઉઠયા, તેમણે મકાનનું મુખ્ય દ્વાર બંધ કર્યું. પાછા આવી પદ્માવતીની નજીક બેસતાં, તેનો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યા? "પદ્મા! આમાં તું કાંઇ સમજે છે ?"

"હા, ઘણું જ." પદ્માવતી બોલી.

"શું ?"

"મને વિજયદેવ પર શક છે."

"મારી પણ તે જ માન્યતા છે. જતાં જતાં તેની નજર શું કહેતી ગઇ ?"

"એ જ કે, પંડિત વરરૂચિ ગુન્હેગાર છે. પંડિતજી! મારે તમને ઘણું કહેવું છે, પણ કહી શકતી નથી."

"પદ્મા!" વરરૂચિ બોલ્યા : "તારે જે કાંઇ કહેવું હોય, તે વિના સંકોચે કહે. તારા પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. મારી પાસે પુષ્કળ લક્ષ્મી છે, છતાં મહાઅમાત્યનું પદ શા માટે ઇચ્છું છું ?"

"ફક્ત મારી મનોવાંચ્છના પૂર્ણ ખાતર. આજ સુધી

મહાઅમાત્યનો નાશ ઇચ્છતા હતા. હવે મહાઅમાત્યનો નાશ અને મહાઅમાત્યની પદવી : બન્ને ઇચ્છો છો.” પદ્માવતી બોલી.

તેણે આગળ કહેવા માંડ્યું : “ પંડિતજી ! હજી તમે ભોળા છો. વિજયદેવને ઓળખવામાં તમે થાપ ખાધી છે. તેમની મહત્ત્વાકાંક્ષા તમારા કરતાં મહાન છે. તમે મહાઅમાત્યનું પદ વાંચ્છો છો, ત્યારે તેમને આખા રાજશાસનની ભૂખ લાગી છે. તે રાજા, થવા માગે છે અને તમે સેવક થવા ઇચ્છો છો. તમારી ઇચ્છાને ફળિભૂત બનાવવા માટે તે આટલી બધી મહેનત કરે, તે તમારા માનવામાં આવે છે ?”

થોડી વાર વિશ્રાંતિ લઈ તે આગળ કહેવા લાગી :

“ પંડિતજી ! તમે માર્ગ ભૂલ્યા છો. મારા પર વિશ્વાસ હોય, તો વચન આપો. તમને માર્ગ બતાવવાની જવાબદારી હું લઉં છું.”

“ મને તારા પર વિશ્વાસ નથી, એમ તું માને છે ; ” વરરુચિ બોલ્યા : “ પદ્મા ! મારે તને વચન આપવાનું હોય જ નહિ. મારું માર્ગસૂચન તારા પર જ અવલંબે છે. વિજય વિષેનું આપણું મંતવ્ય એક જ છે. તેને કાબુમાં રાખવાની જરૂર છે. પણ રાજકુટુંબ તેના તરફથી ખટપટ થયાનું મારા જાણવામાં આવ્યું નથી.”

“ તમારા જાણવામાં ક્યાંથી આવે ?” પદ્મા બોલી : “તમે તો પદ્મા પાછળ ઘેલા બન્યા છો. તમને બહારની ક્યાં પડી છે ? સવાર, બપોર વિદ્યાપીઠમાં વીતાવવી અને રાત્રિનો સમય સન્યાસીના સહવાસમાં પસાર કરવો. આ સિવાય બીજું કોઇ ધ્યેય છે ? ત્રણેક માસ પરનો એક બનાવ તમે સાંભળ્યો નહિ હોય. અતિ ગુપ્ત છે અને ગુપ્ત રાખવાનો છે. મહારાજાના

મહેલમાં સુભગા નામની એક દાસી છે. તે વિજયદેવના ગુપ્ત-ચર મંડળમાંના એક પ્રતાપ નામના સેવકની બહેન થાય છે. વિજયદેવના કહેવાથી પ્રતાપે પોતાની બહેન સુભગાના હાથે મહારાજના નાના પુત્રને વિષ અપાવ્યું હતું. પણ રાજકુમાર બેશુદ્ધ થતાં જ યોગ્ય ઉપચાર કરવામાં આવ્યા. રાજવૈદ્યની મહાન ઔષધિએ કુમારને અપાયલું વિષ નષ્ટ કર્યું. વિષનો ઉપયોગ વ્યર્થ જતાં વિજયદેવને આઘાત લાગ્યો હતો. તેમના જીવનમાં સ્વકાર્યની નિષ્ફળતા આ પ્રથમ જ હતી.

આ વાતને દાબી દેવામાં જ રાજકુટુંબે યોગ્ય માન્યું હતું. વૈદ્યને પણ સખ્ત તાકીદ આપવામાં આવી હતી કે, 'આ બીના કોઈને જણાવવી નહિ.' તમારા માટે જો વિજયદેવને લાગણી હોય, અને તમારા સુખ માટે જ જો તે રાતદિવસ પ્રયત્ન કરતા હોય, તો આ વાત તે તમારાથી છુપાવે જ નહિ.

પદ્માવતીનું કથન સાંભળી, વરરૂચિનું હૃદય ધડકવા લાગ્યું. 'જો વિજય મને પણ વિષ આપે તો!' તેમની આંખે અંધારાં આવવા લાગ્યાં. શરીરનું સમતોલપણું ગૂમાવા લાગ્યું. કોઈ રાક્ષસ તેમનો ટોટો પીસી નાંખતો હોય, અને કારમી ચીસ પડાઇ જાય, તેવી ચીસ તેમનાથી નંખાઈ ગઈ:

"પદ્મા!—"

## પ્રકરણ ૭ મું

## વિચાર મંથન

મધ્યાન્હનો સમય વીતિ ગયો હતો. મહારાણી જ્યાદેવી વિશ્રાંતિગૃહમાં આરામ લઈ રહ્યાં હતાં—આરામ લેવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. તેમના ચહેરા પર વિષાદની છાયા હતી. આરામનો પ્રયત્ન નિષ્ફળ જતો હતો. આંખોમાં રતાશ હતી· નિદ્રાનું જોર જામતું જતું હતું, પણ વિચારોની પરંપરા તેનો પરાજય કરી રહી હતી. હંમેશાં આનંદમાં રહેનાર જ્યાદેવીને કેટલાક સમયથી શોકછાયા ઘેરી રહી હતી. અવનવા વિચારોના વમળમાં ચક્રાવો ખાતું મન સ્થિર થવાને બદલે દિશા ભૂલતું જતું હતું.

રાણીવાસ અવનવા પ્રસગો તેમના મનને દુભાવી રહ્યા હતા. કોઈ દાસી મહારાજા માટે દૂધનો કટોરો લઈ જતી હોય, અને ઠોકર વાગતાં પડી જાય અને તેના અપશુકનથી રાણીનો આત્મા દુઃખાય. એકાદ દાસી ફરિયાદ લઈને આવે કે,

'માતાજી! મારા ઘરમાં કોઈ ચોરીછૂપીથી આવતું હોય તેમ લાગે છે.' વળી કોઇની નવી જ ફરિયાદ હોય કે, 'માતાજી! મને ગઈ કાલે રાત્રે એવો ભાસ થયો કે, 'રાણીજીનું રક્ષણ કરવા તૈયાર રહેજે,' કોઈ બોલ્યું હોય એમ લાગ્યું, પણ જોવામાં કોઈ આવ્યું નહિ.'

નવા નવા સમાચારો સાંભળીને રાણીનું મન ઉદ્વિગ્ન બનવા પામ્યું હતું. તેમને પણ સારાં નરસાં સ્વપ્નાં આવતાં હતાં. આ બધા બનાવોમાંનો એક બનાવ તેમને વારંવાર ડંખ્યા કરતો હતો.

ભદ્રા નામની દાસીએ પોતાને ત્યાં બનતી કેટલીક ઘટનાઓથી રાણીને વાકેફ કર્યાં હતાં. "તેનો પતિ કેટલીક રાતો તો બહાર જ વીતાવતો હતો. મધ્યરાત્રિના સમયે કોઈ કોઈ વખતે તે પોતાના એકાદ બે મિત્રોને લઈને પણ આવતો. એક વખતે તો તેની સાથે એક બાઈ પણ આવી હતી. દેખાવમાં સુંદર અને બોલવામાં મીઠી."

આગળ તેણે જણાવ્યું હતું કે, 'મારા પતિને દારૂનો નશો ચઢયો હશે એમ મને લાગે છે, કારણ કે થોડા જ વખતમાં તેમને ભાન રહિત જોયા હતા. તેમની સાથે આવનારી બાઈ ધીમે ધીમે મારી પાસે આવી. મારા ખભા પર હાથ મૂકતાં તે બોલી: "બહેન! ગભરાઇશ નહિ. જેમ તું સ્ત્રી છે, તેમ હું પણ સ્ત્રી છું. તારા પતિને ફસાવી હું તારૂં સંસારિક સુખ છીનવી લેવા ઇચ્છતી નથી. તું તારા પતિના કેટલાંક દુષ્કર્મોથી નારાજ છે તે હું સારી પેઠે જાણું છું. તારા પતિ સાથે અહીં આવવાનો મારો એક જ ઉદ્દેશ છે. અને તે એટલે તને મળવાનો. તું મહારાણી જયાદેવીની દાસી છે. દાસી એટલે ગુલામ નહિ. અન્નદાતાનું લુણ હલાલ કરનાર સેવિકા. તારાં

રાણી પર આફતોનાં વાદળ ઘેરાઈ રહ્યાં છે. સાથે જ મહારાજા અને રાજકુમારો પણ અવશ્ય મદદને પાત્ર છે. હું જાણું છું કે, સ્ત્રી પતિને જ પરમેશ્વર માને છે, પણ દુષ્કૃત્યો કરનાર પતિ કરતાં નિર્દોષ અન્નદાતાને શ્રેષ્ટ માનવાનું પણ તેના તરફથી ભૂલમાં જતું નથી.' તે આગળ કહેવા જતી હતી, પણ હું વચ્ચે જ બોલી ઉઠી કે, 'તમે શું કહેવા માગો છો, તે હું બરાબર સમજી શકતી નથી. હું તો સામાન્ય દાસી છું, એટલે તમારા જેટલી બુદ્ધિ મારામાં ન હોય. તમારે જે કહેવું હોય તે ચોખ્ખું કહી દો, એટલે મને સમજણ પડે.'

મારૂં કહેવું સાંભળીને તેણે મને સીધો જ પ્રશ્ન કર્યો: 'તારો પતિ મહારાજા, મહારાણી અને રાજકુમારોનો નાશ કરવા તૈયાર થાય અને તું હાજર હોય, તો કોનો પક્ષ લ્યે?'

તરતજ મેં જવાબ આપ્યો: 'જો રાજકુટુંબ નિર્દોષ હોય અને મારા પતિના હાથે પાપ થતું હોય, તો હું મારા પતિને અટકાવું. રાજકુટુંબનું રક્ષણ કરૂં.'

'તો, જો,' તે બોલી: 'મને વધારે વખત નથી. તારા પતિનો નશો ઉતરવા આવ્યો છે. હું તને જ મળવા આવી હતી. તારા પતિની સાથે આવવાનું તો ફક્ત બહાનું જ હતું. તારો પતિ એક કાવત્રાખોર મંડળમાં સામેલ થયો છે. તે મંડળ આખા રાજકુટુંબનો નાશ કરવા ઈચ્છે છે. એટલું જ નહિ પણ, જો તેમ થવા પામે તો, તારા પતિને એક સારો હોદ્દો મળે. ઉંચી પદવી પ્રાપ્ત કર્યા પછી તે તને કાઢી મૂકશે અને જેની સાથે તે વચનથી બંધાયો છે તે સ્ત્રીને તે પત્ની તરીકે ગ્રહણ કરશે. પરિણામ શું આવશે તે જાણે છે?' મેં માથું ધૂણાવી 'ના' પાડી. તે આગળ બોલી: 'રાજ-કુટુંબનો નાશ થશે. તું ભિખારણની માફક રઝળતી થઈશ અને

પ્રજાને ત્રાસથી દેશ છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.' હું પણ આ સાંભળીને ગભરાઈ ગઈ. જો આમ થાય તો મારી શી દશા ? મેં તેને પૂછ્યું : 'ત્યારે મારે શું કરવું ?' મને સમજાવતાં તેણે કહ્યું : 'જો, તારા પતિને વહેમ આવે નહિ તેવી રીતે તારે આ સમાચાર મહારાણી જયાદેવીને જણાવવા. મારૂં નામ હું તને આપીશ નહિ. મહારાણીને પણ તું સખ્ત તાકીદ આપજે જે, આ સમાચાર તમારે કોઈને કહેવા નહિ. ફક્ત તમારે ચેતતા રહેવું. તમારે બંનેએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે મારા તરફથી તમને આ સમાચાર મળ્યા છે તે કોઈ પણ વ્યક્તિ જાણવા ન પામે.'

તે આગળ કહેવા લાગી: 'અને ધ્યાનમાં રાખજે કે રાણીવાસમાંની એક દાસી તે મંડળના કાવત્રામાં સામેલ છે.' વીગેરે મને પૂછીશ નહિ. મહારાણીને પણ આ બીનાથી જાણીતાં કરજે. હું કહું છું, તેમાનું કાંઈ પણ ખોટું નથી. મારા પર વિશ્વાસ રાખજે. મહારાણીને પણ જણાવજે કે વિશ્વાસ નહિ રાખો તો રાજકુટુંબ કાવત્રાખોર મંડળનો ભોગ બનશે. આ મંડળના સભ્યો ઘણા ચાલાક છે, તેમાં પણ બે વ્યક્તિઓનો સામનો કરવો મૂશ્કેલ છે. ઉંચા દરજ્જાની અને મહાન કપટી વ્યક્તિઓની ચાલબાજી ક્યાં જઈને અટકશે તે કહી શકાય તેમ નથી.'

મેં તેને આગળ બોલતાં અટકાવી કહ્યું : 'જુઓ બહેન ! મને તમારા જેટલું બોલતાં તો નહિ જ આવડે. પણ હું મહારાણીજીને એટલું કહીશ કે, 'મને એક સ્ત્રી મારા ઘરે આવીને કહી ગઈ છે કે, તમારૂં રાજકુટુંબ ભયમાં છે. રાણીવાસમાંની એક દાસી ફૂટેલી છે. અને એક કાવત્રાખોર મંડળ રાજસત્તા મેળવવા ઇચ્છે છે.'

'બસ, તેટલું કહીશ તો પણ ચાલી શકશે.' તેણે કહ્યું. અને મારા પતિના ઉઠવાની રાહ જોયા સિવાય તે વિદાય થઈ."

ઉપરોક્ત બીના જાણ્યા પછી મહારાણી ચિંતાતુર રહેવા લાગ્યાં હતાં. એકાદ બે વખત તો મહારાજાએ પણ ચિંતાનું કારણ પૂછેલું, પણ હસીને રાણીએ જણાવેલું કે, 'એ તો આપને એમ લાગે છે. આપ બેઠા હોવા છતાં મારે ચિંતા શી ?' મહારાજાને પણ તેમની દલીલ ખરી લાગેલી અને તે બાબતની ચર્ચા કરવાની તસ્દી લીધેલી નહિ.

મહારાણીને તેમની એક ભૂલ ખટકયા કરતી હતી. તેમણે ભદ્રાને તેના પતિ વિષે વચન આપ્યું હતું કે, 'તારા પતિનું નામ હું જાહેરમાં નહિ લાવું, તેમજ તેને બચાવી લઈશ–એટલે કે અભય વચન આપું છું.'

રાણીને એમ થતું હતું કે, જો મેં ભદ્રાને વચન આપ્યું ન હોત, તો હું મહારાજાને આ બીનાથી વાકેફ કરત. જો મહારાજાને આ સમાચાર આપમામાં આવે તો ભદ્રાના પતિનું નામ કહેવું પડે અને વચન ભંગ થાય, તેમજ આ વિષયની વાત નીકળ્યા પછી બધી જ પરિસ્થિતિ તેમને માહિતગાર કરવા પડે. કારણ કે 'સતી સ્ત્રીનો ધર્મ છે કે, પતિથી કંઈ પણ છૂપાવી શકાય નહિ.'

'સતી સ્ત્રીનો ધર્મ છે કે, પતિથી કંઇ પણ છૂપાવી શકાય નહિ,' આ ધર્મ જ્યારે યાદ આવતો ત્યારે તેમને એમ થતું કે, 'મહારાજાને આ બીનાથી અંધારામાં રાખવા એટલે મહાન પાપ છે.'

રાણીની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી થવા પામી હતી. એક બાજુ વચન ભંગનું પાપ હતું, ત્યારે બીજી બાજુ તે બીના પતિથી છૂપાવવાનું પાપ હતું. પાપ બંને બાજુ હતું.

એક બાજુ પાપ અને બીજી બાજુ પુન્ય હોય, તો પુન્યનું પલ્લું નમે અને તેનો જય થાય. પણ આ તો ત્રાજવાના બંને પલ્લામાં પાપ હતું. બંને પલ્લાં સમાન રહેતાં હતાં. બંનેમાંથી કયું પાપગ્રહણ કરવું અને કયા પાપમાંથી બચવું, તે જ નક્કી કરવાનું હતું.

જેમને પાપ પુન્યનો વિચાર કરવાનો હોય છે, તેમનાથી કોઇ પણ કાર્યનો અંત લાવી શકાતો નથી. જેમનું જીવન કેવળ પાપમાં જ વીતતું હોય છે, તેમને જો કોઇ પણ કાર્યનો અંત લાવવો હોય તો બિલ્કુલ વિલંબ લાગતો નથી. 'પાપીના પાસા સવળા પડે છે' એનો અર્થ એજ કે, તેમને પાપ કરતાં વાર લાગતી નથી.

જગતમાં પાપ પુન્ય જેવી વસ્તુ હોત નહિ, તો વ્યવહારિક ઘડતર કોઇ બીજા જ પ્રકારનું ઘડાયું હોત. પાપથી ડરનારા કરતાં પાપ અપનાવી લેનારા ઘણા હોય છે. પુન્યનો પ્રભાવ જો જગતમાં હોય નહિ તો ગણ્યા ગાંઠયા પુણ્યાત્માઓનો નાશ પાપાત્માઓના હાથે કયારનો ય થઈ ચૂકયો હોત. પાપીઓના પાપની જવાળા પુન્યના એક જ શીત કિરણ વડે નાશ પામે છે. જ્યાં સુધી જગતમાં પુન્યનો વાસ અણું માત્ર પણ છે ત્યાં સુધી ધર્માત્માઓનો વિજય જ છે. વિજય તો અંતિમ જ હોય છે. ધર્મની પણ કસોટી થાય છે. કસોટીમાંથી નિષ્કલંકપણે પસાર થનાર ધર્મનો–ધર્માત્માનો અવિનાશ વિજય થાય છે. તે વિજય ઘણા ભોગ લે છે. ભોગાન્તે થયેલા વિયજને જગત નિર્દોષ ભાવે નમે છે.

કેટલીક વખત પાપમાંથી પુન્ય જન્મે છે. પાપાત્માને પુન્યાત્મા થયેલા જોવામાં આવે છે. પાપી પુન્યને માર્ગે વળે છે. પણ તે કયારે ? પાપનો અંત આવી રહે ત્યારે.

એટલાં બધાં પાપો તેના હાથે થયાં હોય છે, કે બીજાં કયાં પાપો કરવાં, તે પણ સૂઝતું નથી. અનેક પાપો કરી ચૂકેલી વ્યકતિ ધર્મનો સ્વાદ લેવાને લલચાય છે. તેના હાથે જે ધર્મ થાય છે, તે સાધારણ વ્યકિતને હાથે થઇ શકતો નથી. તેના હાથે જેટલું પાપ થઇ શકે છે તેટલું જ યપુણ્યને પણ થઇ શકે છે. જ્યારે તે તે ખરેખરો ધર્મિષ્ટ બને છે. ત્યારે તે દરેકથી જુદો જ તરી આવે છે.

પાપ પુન્યને માનનાર મહારાણી જ્યાદેવીની સ્થિતિ પણ કફોડી થઈ હતી. તેમને ચેન પડતું. નહોતું. આખી રાતનું જાગરણ હતું. વિચારોની પરંપરા અને નિદ્રાદેવીનું જોર એક બીજાની સ્પર્ધા કરી રહ્યું હતું.

આખરે નિદ્રાદેવીની જીત થઇ. મહારાણી આરામ લેવાને બદલે નિદ્રાદેવીને આધીન થયાં.

# પ્રકરણ ૮ મું

## લગ્નનું મુહૂર્ત

મહાઅમાત્ય પોતાના એક વિશાળખંડમાં બેઠા હતા. બાજુમાં પાટલીપુત્રના નગર શેઠ ઉદયકાળ બેઠા હતા.

શકટાળના નાના પુત્ર શ્રીયકજીનો વેવિશાળ ઉદયકાળ શેઠની બીજી પુત્રી પ્રિયંવદા સાથે થયો હતો. બંને વેવાઇ લગન વિષે વાતચીત કરવાને જ મળ્યા હતા.

વાતની શરૂઆત કરતાં ઉદયકાળ શેઠે કહ્યું : " શકટાળજી! પ્રિયંવદાની ઉંમર વીસ વરસની થઈ ચૂકી છે. શ્રીયકજી પણ લગનને લાયક થયા છે. પ્રિયંવદાની માતાની ઇચ્છા છે કે, બને તેમ જલ્દી લગન કરવું. તેમની પણ ઉંમર થઈ છે. બાળકોનાં લગન પોતાના હાથે થઈ જાય તો સારૂં, એવી ઇચ્છા દરેક માતા પિતાની હોય છે.'

" ઉદયકાળ શેઠ ! " શકટાળ બોલ્યા : " શ્રીયકજી ઉંમર

લાયક થયા છે. તેમના પોતાનું હિત તે પોતે સારી રીતે સમજે છે. મને લાગે છે કે, તેમની સંમત્તિ લીધી હોય તો સારું. તેમની સંપત્તિ મળશે, તેમ પણ હું માનું છું. મારી ઇચ્છાનો વિરોધ તે કદી પણ કરતા નથી. પણ 'વડિલોએ પોતાની ફરજ ચૂકવી જોઇએ નહિ.' આ માન્યતાને હું વળગી રહ્યો છું. તેમની માતાની તેમજ બહેનોની પણ ઇચ્છા ઘણા દિવસથી છે કે, શ્રીયકજીનાં લગ્ન જેમ જલ્દી લઇએ તેમ સારું. પણ મેં જ ઢીલ કરી છે."

"પણ મારી જ ઇચ્છા છે કે, લગ્ન જેમ જલ્દી થઇ જાય તેમ સારૂં. આપણી જવાબદારીમાંથી આપણે મૂક્ત થઇ જઇએ." નગર શેઠે આગળ બોલતાં જણાવ્યું : "આનો અર્થ તમે એમ કરતા નહિ કે હું વેઠ કાઢવા માંગું છું, પણ મારી ઇચ્છા એ છે કે પરમેશ્વરની કૃપા થાય અને આપણે આપણી નજરે તેમને લીલી વાડીમાં વિહરતા જોઈ આંખ ઠારીએ. ક્યા માતા પિતાની આ ભાવના ન હોય ?"

નગરશેઠનું હૈયું પુત્રી વાત્સલ્યથી ભરાઇ આવ્યું. નાનપણથી ગર્ભ શ્રીમંતાઈમાં ઉછરેલા ઉદયકાળ શેઠ સ્વભાવે તેમજ હૃદયે ઘણાજ નરમ હતા. તેમની ગર્ભ શ્રીમંતાઇ ગરીબોને તેમજ સાધારણ સ્થિતિમાં જીવન ગુજારતા મધ્યમ વર્ગને ઘણી જ ઉપયોગમાં આવી હતી, અને આવતી પણ હતી. તેમની બુદ્ધિ તીવ્ર હતી. રાજસભામાં તેમજ રૈયતમાં તેમનું માન સારૂં હતું. મધ્યમ વર્ગ તેમજ ગરીબ વર્ગ તો તેમને દેવ કરતાં પણ અધિક માનતો. કોઈ પણ વસ્તુની ઇચ્છાએ તેમને ત્યાં ગયેલો માણસ નિરાશ થઇને પાછો ફર્યો નહિ હોય.

તેમણે શ્રીમંતોની લાજ રાખી હતી. મધ્ય વર્ગની આબરૂ સાચવી હતી. અન્ન માટે તરફડતાં ગરીબોનાં બાળકોને તૃપ્ત

કર્યાં હતાં

કોમળતાએ તેમના હૃદયમાં વાસ કર્યો હતો. તેમની કીર્તિને કલંક લાગે તેવું એક પણ કાર્ય તેમના હાથે, તેમજ તેમના કુટુંબની કોઈ પણ વ્યક્તિના હાથે થવા પામ્યું નહોતું.

નગરશેઠનું હૈયું ભરાઇ આવતાં શકટાળે તેમની ઈચ્છાને માન આપવું યોગ્ય ધાર્યું. સંમતિ આપતાં તેમણે કહ્યું : "શેઠ ! તમારી ઇચ્છા ખોટી નથી. મને પણ લાગે છે કે લગ્ન કરી નાંખીએ તો સારૂં. બંને જણ ઉંમર લાયક છે."

તેમણે અનુચરને મોકલી, શ્રીયકની માતા લક્ષ્મીવતીને બોલાવ્યાં.

લક્ષ્મીવતી કરતાં ઉદયકાળ શેઠ ઉંમરે મોટા હતા. મંત્રી પત્નીએ આવી નગરશેઠને હાથ જોડયા. નગરશેઠને તેમની નમ્રતા જોઈ સંતોષ થયો. પુત્રીને અહીં સર્વ રીતે સુખ મળશે, એમ તેમણે માની લીધું.

લક્ષ્મીવતી સામે જ નીચા આસન પર બેઠાં. તેમણે શેઠને પૂછ્યું : "બધાં મઝામાં છે ને?"

જવાબમાં શેઠ હસીને બોલ્યા : "પરમાત્માની કૃપા છે. આપ તો મઝામાં?"

"જી, હા. આપ જેવા વડિલના આશિષથી." લક્ષ્મીવતી બોલ્યાં.

"છોકરીઓ કયાં છે?"

"દર્શનાર્થે ગઈ છે. ધાર્મિક સંસ્કાર પડયા છે."

"માતા પિતાના દરેક સંસ્કાર બાળકોમાં પણ ઉતરે છે.

શાસ્ત્રમાં કહ્યું છે, તે ખોટું નથી કે, 'નાનપણમાં પડેલા સંસ્કાર જ મોટપણમાં સંસારના નાવિક બને છે.' તમે બંને મહાભાગ્યશાળી છો." નગરશેઠે કહ્યું.

તેવાજ પ્રકારની કેટલીક વાતચીત થયા પછી મહામંત્રીએ વાતની શરૂઆત કરતાં લક્ષ્મીવતીને જણાવ્યું : "નગરશેઠ લગ્નનું મુહૂર્ત જોવડાવવા આવ્યા છે."

લક્ષ્મીવતીને તે સાંભળી આનંદ થયો. તેમણે કહ્યું : "જ્યોતિષીને બોલાવીએ. હું પણ કેટલાક દિવસથી તે જ વિચાર કરતી હતી. છોકરીઓ સાંભળશે ત્યારે તેમને કેટલો બધો આનંદ થશે?"

હમણાં જ જાણે લગ્ન થતાં હોય, તેમ તેમને લાગવા લાગ્યું. તેમના ચહેરા પર હર્ષની રેષાઓ પ્રકટવા લાગી. સ્ત્રીઓને મન મોટામાં મોટો આનંદ એટલે લગ્ન. ગમે તેનાં લગ્ન થતાં હોય, પણ લગ્નનું નામ સાંભળતાં જ તે હર્ષિત બની જાય છે. લગ્ન પાછળ આનંદ વ્યક્ત કરવામાં અને મરણ પાછળ શોક પ્રદર્શિત કરવામાં સ્ત્રીઓ જેટલી સફળતા કોઇ પણ મેળવી શકતું નથી. તે તો સ્ત્રીઓને કુદરતી બક્ષીસ જ મળેલી હોય છે.

મહાઅમાત્ય શકટાળે એ અનુચરને મોકલી પોતાના બ્રાહ્મણને—જ્યોતિષીને બોલાવ્યો. જ્યોતષીએ રાશીગ્રહોની ગણના વગેરે કરી જોઇ એક મુહૂર્ત કાઢયું. આજથી બાવનમા દિવસે શુભ ચોઘડિયે તે મુહૂર્ત આવતું.

લક્ષ્મીવતીએ તે પહેલાં આવતા મુહૂર્તની માગણી કરી. પણ જ્યોતિષીએ જણાવ્યું : "તે સિવાય કોઈ પણ સારૂં મુહૂર્ત આવતું નથી. તે શુભ ચોઘડિયે લગ્નવિધિ કરવામાં

આવશે તો બંનેનું જીવન સુખમય બનશે."

વહેલું મુહૂર્ત આવતું ન હોવાથી તે મુહૂર્તને વધાવી લીધા સિવાય લક્ષ્મીવતીનો છૂટકો નહોતો.

લગ્નને લગભગ પોણા બે મહિના વાર હતી. મંત્રી પત્નીને પોણા બે મહિના પોણા બે વરસ જેવા લાગવા લાગ્યા. હજી તો એક ઘટિકા પણ વીતી નથી, તો પોણા બે માસ કેવી રીતે વીતશે? આ વિચાર તેમને અસહ્ય થઇ પડયો.

જ્યોતિષીને તેની યોગ્યતા પ્રમાણે નવાજી વિદાય કર્યા પછી મહાઅમાત્યે નગરશેઠને કહ્યું : "હવે ફક્ત શ્રીયકને પૂછવાનું રહ્યું. તેમની સંમત્તિ તો મળશે જ, પણ આપણે આપણું કર્તવ્ય ભૂલવું ન જોઇએ. તેમને પૂછીને હું તમને આવતી કાલે સમાચાર મોકલાવીશ."

નગરશેઠના બોલતાં પહેલાં લક્ષ્મીવતી જ બોલી ઉઠયાં : "એમાં શ્રીયકને શું પૂછવાનું છે?"

"છતાં પૂછવું સારું." એટલું કહી નગરશેઠે જવાની રજા માગી.

પતિ પત્ની મુખ્ય દ્વાર સુધી તેમને મૂકી આવ્યાં. પુત્રીઓ હજી સુધી આવી નહોતી. તે જ ખંડમાં આવી બંને જણ એક મોટા આસન પર બેઠાં.

"શ્રીયકની સંમત્તિ લેવાનું કામ તમારું છે. તે 'ના' કહેવાના નથી. એટલે ધીમે ધીમે લગ્નની પણ તૈયારીઓ કરવી પડશે." શકટાળે લક્ષ્મીવતીને કહ્યું.

" તે 'હા' કહેશે અને લગ્નની તૈયારીઓ પણ આવતી કાલથી શરૂ થશે." લક્ષ્મીવતી કહેવા લાગ્યાં : "શ્રીયકના લગ્નની

વાત સાંભળીને છોકરીઓનો હરખ પણ નહિં માય. સ્થુલિભદ્રના લગ્નનો લ્હાવો તો ન મળ્યો પણ શ્રીયકના લગ્નનો લ્હાવો તેમને જરૂર મળશે. આ લગ્ન પ્રસંગે સ્થુલિભદ્રને જરૂર તેડાવવા પડશે."

"મારી પણ તે જ ઇચ્છા છે." શકટાળ કહેવા લાગ્યા : "સ્થુલિભદ્ર કોશ્યાને ત્યાં રહેવા લાગ્યા છે, તેમાં કોઇ પણ જાતનું નીચું જોવાપણું નથી. સ્થુલિભદ્ર અને કોશ્યા : બંનેને તેડાવીશું. કોશ્યાને ત્યાં નિવાસ કરનાર સ્થુલિભદ્ર ભવિષ્યમાં એક મહાન વ્યક્તિ નિવડશે, એમ મને મારો અંતરાત્મા વારંવાર કહ્યા કરે છે. શ્રીયકને પણ તેમના પ્રત્યે માન છે. એક જ વ્યક્તિને ખાતર પોતાના સર્વસ્વનો ભોગ આપવો, એ નાની સુની વાત નથી. આપણી પુત્રીઓ પણ તેમને મળવા માટે આતુર બની રહી છે. આ પ્રસંગને બહાને પોતાના મોટા ભાઇને મળવાનો લાભ તેમને ઘણા વખતે મળશે. 'ઇશ્વર જે કાંઈ કરે છે, તે સારા માટે કરે છે.' એ યુકિત ખોટી નથી. મોટા ભાઈને મળવાની આતુરતા, બંધુ પ્રેમની કિંમત સમજાવે છે. 'બહેનને વહાલામાં વહાલો ભાઇ હોય છે, પુત્રને વહાલામાં વહાલી માતા હોય છે અને પત્નીને વહાલામાં વહાલો પતિ હોય છે.' આ વ્યાખ્યા અજરામર રહેવાની."

શકટાળ આગવુ બોલવા જતા હતા, પણ તેમની સાતે ય પુત્રીઓ દેવમંદિરેથી આવી પહોંચ્યાના સમાચાર મળતાં તેમનું બોલવું ત્યાં જ અટકી ગયું. લક્ષ્મીવતિ ઉઠીને પોતાના ખંડમાં ગયાં.

નિત્ય નિયમાનુસાર સાતે ય બ્હેનોએ પહેલાં માતાના ખંડમાં જઇ તેમને પ્રણામ કર્યા. ત્યાંથી નીકળી તે ~~પિતાના ખંડમાં~~ ગઈ, અને તેમને પ્રણામ કર્યા.

પુત્ર બનતાં સુધી પહેલાં પિતાને જ પ્રણામ કરે છે, અને પુત્રી બને ત્યાં લગી પ્રથમ માતાની જ ચરણરજ માથે ચઢાવે છે. માતા તથા પિતાનો પ્રેમ બાળકો પર સરખો જ હોય છે, પણ બાળકોના પ્રેમનું પલ્લું પિતા કરતાં માતા તરફ વધારે નમતું રહે છે, આમાં બાળકોનો દોષ હોતો નથી, પણ કુદરતે જ તેવી લાગણી તેમના હૃદયમાં ઉત્પન્ન કરી હોય છે. માતા કરતાં પિતાનો પ્રેમ બાળકો પર ઓછો હોતો નથી, છતાં બાળકોની અમીદ્રષ્ટિ માતા તરફ વધુ ઢળતી રહે છે.

પિતાને પ્રણામ કરી, સાતે ય પુત્રીઓ પોતાની બેઠકવાળા મોટા ખંડમાં ગઈ.

લક્ષ્મીવતીએ શ્રીયકના લગ્નના શુભ સમાચાર આપવા માટે તેમને બોલાવી લાવવા દાસીને મોકલી.

# પદ્માવતિ અને વિજય.




રાત્રીના સમયે પદ્માવતિના આશ્રમની પાસે પ્રેમઘેલો વિજય પદ્માવતિ સાથે વાતમાં મશગુલ બની ગયો છે અને પદ્માવતિની સાથે પ્રેમગોષ્ટીથી જોડાવવા માટે અનેક જાતના પ્રપંચો રમી રહ્યો છે, અને રાજાનંદને વિશ્વાસઘાત કરવા તૈયાર થાય છે. પણ પદ્માવતી તેની ચાલબાજી સમજી જાય છે અને પૂરેપૂરો તેને રમાડે છે.

[કોપીરાઈટ-પ્રકાશકનો છે.]

# પ્રકરણ ૯ મું

## ભૂતકાળની વાતો

વરરૂચિ અને પદ્માવતીને છોડી ચાલ્યો ગયેલો વિજય બે ઘટિકા વીત્યે પાછો ફર્યો. અંદર આવી જોયું તો વરરૂચિ ભર નિદ્રામાં તેની નજરે પડયો. પદ્માવતીને માટે તેણે ચારે બાજુ નજર:કરી જોઈ, પણ તે કયાંય દેખાઇ નહિ. તેને આશ્ચર્ય લાગ્યું. આટલા ભયંકર અંધારામાં તે કયાં ગઈ હશે? અવાર-નવાર તે શાંતિ માટે રાત્રિના સમયે ઝુંપડીની બહાર ફરતી. પણ આવા ગાઢ અંધકારમાં તે બહાર ગઈ હોય, તેવું તેણે જોયું કે સાંભળ્યું નહોતું. એકાદ વખત તો તેણે કહેલું પણ ખરૂં કે, "પદ્મા! રાત્રીના સમયે તું બહાર જતી ન હોય તો?" પદ્મા જવાબ આપતી : "વિજય! તમે સંસારી લોક છો. પાપ પુન્યમાં તમને ભેદ લાગતો નથી. કદાચ થોડો ઘણો ફરક લાગતો હોય, તો પણ પાપ વાસનાનો નાશ કરવાનો પ્રયત્ન તમે કરતા નથી. અમે સંસારથી અલિપ્ત છે. અમારા

દીલમાં પાપ વાસનાનો પ્રવેશ થાય નહિ, તેની અમારે ખાસ સંભાળ રાખવી પડે છે. અમે અમારા મનને કાબૂમાં રાખી શકીએ છે. પાંચે ઇંદ્રિઓ પર અમારો સંપૂર્ણ કાબૂ હોય છે. છતાં અમારે શીતલતાની જરૂર હોય છે. પરમાત્માએ પવનરૂપી સિંચનનો દરેક ઠેકાણે પ્રસાર કર્યો છે. ગમે તેવા પાપાત્માની પાપ વાસનાઓનો નાશ, તે સિંચનથી થઈ શકે છે. ભયંકર રૂપ પકડેલી વાસના પણ તેનાથી શાંત પામે છે. આપણા દીલમાં પાપી વાસનાનો પ્રવેશ ન થવા દેવાનું પણ તે એક હથિયાર છે. ઉન્હાળાની ગમે તેટલી ગરમી હવે, તો પણ શીત પવનથી આપણા દીલને ઠંડક વળશે. ગમે તેટલાં પાપ કર્યાં હશે, પણ શીતલ પવનમાં બેસી પરમાત્માના નામનું સ્તવવ કરીશું તો પાપનો નાશ થશે."

આવા પ્રકારની મોટી દલીલો સાંભળી વિજય આગળ બોલતો નહિ. આજે પણ તેને એમ જ લાગ્યું કે પદ્માવતી ઠંડા પવનની લહેજત માટે બહાર ગઇ હશે.

થોડી વારે પદ્માવતી આવી ત્યારે વિજય વિચારમાં બેઠો હતો. વિજયને જોતાં જ પદ્માવતી વિચારમાં પડી ગઇ. તે આટલી વારમાં પાછો આવશે, એવી કલ્પના પણ તેણે કરી નહોતી.

ધીમે ધીમે વિજયની નજીક જઈ, તેના ખભા પર હાથ મૂકતાં પદ્મા બોલી : "વિજય!"

વિજયે પદ્માના સામું જોયું. તેને તે રૂપમાં રંભા જેવી ને પવિત્રતામાં દેવી સમી ભાસી. તેણે પદ્માનો હાથ પકડી પોતાની પાસે બેસાડતાં પૂછ્યું :

"પદ્મા! કયાં ગઈ હતી?"

"સહેજ બહાર, ખુલ્લી હવાના સેવન માટે. "પદ્મા આગળ બોલી : "મનને થયું કે શાંતિનો સમય છે. સૂર્યાસ્ત વખતે બહાર જઈ શકી નહોતી માટે અત્યારે થોડો સમય શીત પવનમાં પ્રભુનું સ્મરણ કરૂં તો સારૂં. તમે પણ થોડો વખત આટલામાં બહાર ફરશો તો તમારૂં મન ઉલ્લાસીત બનશે."

"આજે મારૂં મગજ બહેર માર્યું ગયું છે." વિજય બોલ્યો : "સમજાતું નથી કે મને શું થાય છે. પણ જીવ ધોળાયા કરે છે. બુરૂ થવાનું હોય તેવો ભાસ થાય છે,"

"તો તમારે શીત પવનનું સેવન અવશ્ય કરવું જોઈએ. ચાલો, ઉઠો." કહી પદ્માએ વિજયનો હાથ પકડી તેને ઉઠાડયો. તે તેને બહાર લઈ ગઈ. મકાનની બહાર આવેલી એક નાની શિલા પર તેને બેસાડી, પદ્મા સામે જ જમીન પર બેઠી. વિજયે તેને પોતાની પાસે શિલા પર બેસવાનું કહ્યું, છતાં તેણે માન્યું નહિ.

"આજે તમને શું થયું છે, વિજય ?" પદ્માએ તેની સામે જોઈ પ્રશ્ન કર્યો. ગાઢ અંધકારમાં એક બીજાના ચહેરા સ્પષ્ટપણે જણાતા નહોતા.

"કંઈ સમજાતું નથી." વિજયે જવાબ આપતાં કહ્યું: બે ચાર દિવસથી મારૂં મન ઉદ્વિગ્ન રહે છે. હું તારાથી કોઈ પણ વાત છૂપાવતો નથી, તે તું સારી રીતે જાણે છે. મારા વિચારો પણ મેં તને ખુલ્લા દિલથી જણાવ્યા છે. મારે કેટલીક બાબતમાં તારી સલાહ લેવી છે. કેટલુંક તને પૂછવું પણ છે. મને નિરાશ તો નહિ કરે ને પદ્મા ?"

"વિજય! તમે જાણો તો છો કે હું સંસાર ત્યાગિની છું.

સંસારિક ખટપટમાં મને ન સંડોવો તો સારૂં. હું તમને હૃદયથી ચાહું છું, પણ તે સંસાર સુખ માટે નહિ. તમે પ્રભુ-ભક્તિમાં લીન થાઓ, એવી મારી ઇચ્છા છે. વરરૂચિ ગમે તે કરે, તેની સાથે આપણે નિસ્બત ન રાખવી. રાજખટપટમાં પડવાથી પ્રભુ સ્મરણનો વખત મળતો નથી. વરરૂચિ બ્રાહ્મણ હોવા છતાં, તેણે બ્રાહ્મણત્વ ત્યાગ્યું છે. મારી પાસે સંસાર સુખની અનેક વખત માગણી કરી છે. પણ વિજય! તમે જાણો છો, કે હું તમારા સિવાય કોઇને ચાહતી નથી. પહેલી પ્રભુ ભક્તિ અને બીજી વિજય ભક્તિ. આ બે જ વિચારોને હું વળગી રહી છું. મને ત્રીજો વિચાર જ આવતો નથી. તમે કોણ છો, તે હું જાણતી નથી. તે જાણવાની મેં ઇચ્છા પણ કરી નથી. મને ઘણી વખત વિચાર આવે છે કે, હું તમને પૂછી જોઉં, તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો? મહાઅમાત્ય શકટાળ અને તમારા વચ્ચે વેર શાથી બંધાયું? પંડિત ચાણક્યએ પાટલીપુત્રનો ત્યાગ શા માટે કર્યો? મહાઅમાત્યજી વિરૂદ્ધના કાવત્રામાં વરરૂચિ શા માટે ભાગ લ્યે છે?

—પણ તે સર્વ વિચારોને હું મનમાં જ દાબી દઉં છું. ઘણી વખત મને એમ થાય છે કે, મારે આ બધું જાણવાની પણ શી જરૂર?"

તેને બોલતી અટકાવી, વિજય વચ્ચે જ બોલ્યો: "આ બાબતમાંથી જ કેટલાક વિષયોની હું તારી સાથે ચર્ચા કરવા ઇચ્છુ છું. તું સંસ્કારી છે. તારામાં જ્ઞાન છે, સદ્‌બુદ્ધિ છે, સદ્‌ભાવના તેં કેળવી છે."

"પણ, વિજય!" પદ્મા બોલી: "આ સર્વ વિચારોને હું દાબી નાંખવા મથું છું, ત્યારે તમે તે સર્વને ઉત્તેજિત કરવાનો પ્રયાસ કરો છો. આ સર્વથી હું અલિપ્ત રહેવા માગું

છું, છતાં કેટલીક વખત હું તમારી ઇચ્છાને અવગણી શકતી નથી."

"તે હું જાણું છું. જેમ તું મને ચાહે છે, તેમ હું તને ચાહું છું. તારાથી હું કોઇ પણ વાત છૂપાવી શકું તેમ નથી. એક વખત તારા બોલવા પરથી મને એમ લાગ્યું કે 'વરરૂચિ અને મહાઅમાત્ય વચ્ચે શા કારણથી વેર બંધાયું છે?' આ વાત જાણવાને તારૂં મન લલચાયું છે. પણ તે તને જણાવવાને એક પણ પ્રસંગ ઉપસ્થિત થયો નહોતો. આજે તે પ્રસંગ આવ્યો છે. મારી ઇચ્છા છે કે હું તને તે બાબતથી વાકેફ કરૂં. મને પણ તારો સાથ મળે."

"વિજય! હું તે ન જાણું તો સારૂં, એમ મને લાગે છે. પણ તમારી ઇચ્છાને માન આપ્યા વિના હું રહી શકતી નથી. તમારે જે સંભળાવવું હોય તે સંભળાવો. હું સાંભળવા તૈયાર છું" પદ્માએ કહ્યું.

"સાંભળ." વિજયે કહેવાની શરૂઆત કરી.

"થોડાં વરસ પહેલાંની વાત છે. મહારાજાનંદે પંજાબ દેશ જીતી લીધો હતો ત્યાંની રાજધાની તક્ષશિલા આપણા રાજાના તાબામાં આવી. તે નગરી મહાન વિશાળ અને ઇતિહાસને પાને પ્રસિદ્ધ થયેલી છે. ત્યાં એક મહા વિદ્યાપીઠ હતી. તેમાં ત્રણ યુવાનોની ત્રિપુટી હતી. નાનપણથી તેમણે અભ્યાસ સાથે કરેલો. તે વિદ્યાપીઠના ગુરૂ તરીકે પણ ત્રણે સાથે જ હતા. તેમની ખ્યાતિ ચારે બાજુ પ્રસરી હતી. આપણા રાજાએ પણ તેમની ખ્યાતિ સાંભળી હતી. પંજાબ દેશ તાબે કરી, થોડોક સમય તેમણે શાંતિ જાળવી રાખી. તે દરમિયાન ત્યાંની વિદ્યાપીઠ જોવાની તેમની ઇચ્છા થઈ. મહારાજાને ધર્મ અને જ્ઞાન પ્રત્યે વધારે મોહ છે, આ વાત તો તું પણ જાણે છે.

વિદ્યાપીઠમાં પ્રવેશ્યા પછી તેમણે આ ત્રિપુટીને જોઈ. તેમની કાંતિ જોઇ મહારાજાને એમ થયું કે જો આ ત્રિપુટીને પાટલીપુત્રની નાલંદા વિદ્યાપીઠમાં લઈ જવામાં આવે તો જ્ઞાનની બુઝાતી જ્યોત પુનરપિ સતેજ બને. આવો વિચાર આવતાં તેમણે ત્રિપુટીને તે બાબતની વાત કરતા, ' હકાર 'માં જવાબ મળ્યો.

જ્યારે મહારાજા તક્ષશિલાથી પાછા ફર્યા ત્યારે ત્રિપુટી પણ તેમની સાથે જ પાટલીપુત્રમાં આવી.

ત્રિપુટીમાં સૌથી મોટા પાણિની હતા. તે વ્યાકરણમાં તેમજ દરેક વિષયમાં મહા જ્ઞાની હતા. અહીં આવ્યા પછી થોડાક સમય બાદ તે ક્યાં ગયા. તે બાબતની કોઇને ખબર પડી નથી. તેમના પછી બીજા નંબરે પંડિત ચાણક્યજી ગણાય છે. મોટો સમારંભ કરી, મહારાજાએ તેમને નાલંદા વિદ્યાપીઠના ગુરુસ્થાને નીમ્યા. અને ત્રીજા રહ્યા તે આપણા વરરૂચિ.

રાજપુત્રોએ કરેલું અપમાન સહન ન થવાથી, તેજસ્વી પુરૂષે રાજવંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા લઈ પાટલીપુત્ર તજ્યું. તેમના જવાથી પાટલીપુત્રમાં રાજકુટુંબ માટે વિનાશનાં બીજ રોપાયાં. પછી તે સ્થાન વરરૂચિને સોંપવામાં આવ્યું. આને તો તું સારી રીતે ઓળખે છે. તેને રાજ્યની લાલસા જાગી છે. પોતે બ્રાહ્મણ હોઈ, વિદ્યાપીઠનો ગુરૂ છે, આ વાત તે ભૂલી ગયા છે. આજ સુધી તો તે મદિરાનો જ ભોક્તા બન્યો હતો. હવે તેને, સ્ત્રી વાંચ્છના પણ જાગી છે. તારા માટે તેણે અનેક વિચારો ઘડી રાખ્યા છે. ' તે રાજા અને તું રાણી બને, ' એવી એની ઇચ્છા છે. પણ, મૂર્ખનો સરદાર સમજતો નથી કે ઇચ્છા કરવાથી જ જો રાજા થઈ શકાતું હોત, તો

આજે પ્રજા કે રાજા : કોઈની હસ્તી ન હોત.

જ્યાં સુધી ચાણક્યજી અહીં હતા ત્યાં સુધી વરરૂચિ તેમ-નાથી દબાતો. મહાઅમાત્ય શકટાળનો નાશ કરવાની પ્રબળ ઈચ્છાને અમલમાં મૂકવા ન દેનાર પણ ચાણક્યજી જ હતા. શકટાળ અને વરરૂચિ વચ્ચે ઘણા સમયથી વૈર બંધાયું છે. બંનેમાં દ્વેશ થવાનું કારણ, શકટાળની રાજ પ્રત્યેની ભક્તિ.

વરરૂચિને ઘણી વખત દ્રવ્યની જરૂર પડતી, દ્રવ્ય કાંઈ રસ્તામાં પડ્યું નથી કે આપણને જરૂર પડે અને તે તરત જ મળી જાય. તે મેળવવા માટે મહેનત કરવી પડે છે. વરરૂચિમાં જ્ઞાન હતું, એક વખતે તેના સાંભળવામાં આવ્યું કે 'તદ્દન નવું કવિત કે શ્લોક જો મહારાજાને સંભળાવવામાં આવે, તો સંભળાવનારને એક લાખ દ્રવ્ય [1] રાજકોષમાંથી મળે છે.'

આ વાત સાંભળી વરરૂચિના મનમાં એવો વિચાર આવ્યો કે જો હું એક નવો શ્લોક બનાવી મહારાજાને સંભળાવું તો મને પણ એક લાખ દ્રવ્ય મળે. આ પછી તેણે બીજે જ દિવસે એક નવો શ્લોક રચ્યો. રાજસભાનો સમય થતાં, ત્યાં ત્યાં જઈ પોતે રચેલો શ્લોક મહારાજાને તેમજ સભાસદોને સંભળાવ્યો. 'આ શ્લોક નવો છે,' એવી ખાત્રી કરી લઈ, મહારાજાએ કોષાધ્યક્ષને હુકમ કર્યો : "વરરૂચિને આપણા નિયમાનુસાર એક લાખ દ્રવ્ય આપો."

એક લાખ દ્રવ્ય જોઇ વરરૂચિને લોભ લાગ્યો. તેણે રોજ રોજ નવા શ્લોકો બનાવવા માંડયા.

આ પ્રમાણે રોજનું એક લાખ દ્રવ્ય રોજકોષમાંથી ઓછું થતું જોઇ, રાજભક્ત શકટાળને લાગ્યું કે 'જો આમ જ ચાલ્યા

---

(૧) પહેલાં તે સમયના સિક્કાઓને દ્રવ્ય કહેવામાં આવતા હતા.

કરશે તો રાજકોષનું દ્રવ્ય થોડા જ સમયમાં ખલાસ થઇ જશે. તેમણે વિચાર કર્યો કે રાજાની ઇચ્છા વિરૂદ્ધ કોઇથી બોલી શકાતું નથી. એટલે અપાતું દ્રવ્ય કહેવાથી બંધ થઇ શકે તેમ નથી. આના માટે તો કોઇ યુક્તિનો આશયો લેવો પડશે—'

"મહારાજા પાસે એટલું તે કેટલું દ્રવ્ય છે કે, દરેક નવા નવા શ્લોક પાછળ એક લાખ દ્રવ્ય તે આપ્યા જ કરે?" પદ્માએ વચ્ચે જ પ્રશ્ન કર્યો.

"તેમની પાસે અખુટ લક્ષ્મી છે." વિજયે ખુલાસો કરતાં કહ્યું. "લોકો તેમને 'ધનનંદ' કહે છે, તે ખોટું નથી. તેમની પાસે સુવર્ણના સાત ઢગલા છે, અને હીરા, માણેકનો તો પાર જ નથી. એટલે વિદ્યા પાછળ તે ગમે તેટલો ખર્ચ કરે, તો પણ તેમની તે ક્રિયાને આંચ આવે તેમ નથી.

ઉપરની વાતને કેટલાક દિવસ વીતિ ગયા હતા. એક દિવસ શકટાળે પોતાની યુક્તિનો અમલ કરવાનું નક્કી કર્યું. રાજદરબારમાં એવો નિયમ છે કે, જ્યારે કોઇ પણ નવો શ્લોક ઉચ્ચારવામાં આવે, ત્યારે ગમે તેને તે સાંભળવાની પરવાનગી આપવામાં આવે છે.

એક વખતે મહઅમાત્યએ પોતાની સાતે ય પુત્રીઓને રાજદરબારમાં બોલાવી. સ્ત્રી વર્ગની બેઠક પુરૂષ વર્ગથી જુદી રાખવામાં આવે છે. આ પ્રમાણે સાતે ય પુત્રીઓને એક પડદાની પાછળ બેસાડવામાં આવી.

નિયમાનુસાર વરરૂચિએ જ્યારે પોતાનો શ્લોક બોલી સંભળાવ્યો ત્યારે સભામાં હાજર રહેનારાઓએ અને અમાત્યપુત્રીઓએ તે સાંભળી લીલો.

મહારાજા જ્યારે પ્રસન્ન થઇ, વરરૂચિને એક લાખ દ્રવ્ય

આપવાનો કોષાધ્યક્ષને હુકમ કરવા લાગ્યા, ત્યારે મહાઅમાત્ય વચ્ચે જ બોલી ઉઠયા : ' મહારાજ ! આ શ્લોક તો જુનો છે,'

' શા ઉપરથી કહો છો ? ' મહારાજાએ પ્રશ્ન કર્યો.

' આ શ્લોક તો મારી સાતેય પુત્રીઓને મોંઢે છે.' મહાઅમાત્યએ જવાબ આપ્યો.

આ સાંભળી, મહારાજા તેમજ સભામાં હાજર રહેલા સર્વ જનો વિમાસણમાં પડી ગયા. તેમણે આ શ્લોક કોઇ પણ ઠેકાણે સાંભળ્યો નહોતો. વરરૂચિ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો હતો. શ્લોક પોતે બનાવેલો હોવા છતાં તેને શંકા થવા લાગી.

' તમારી પુત્રીઓ અહીં હાજર છે, નહિ, અમાત્યજી ? ' મહારાજાએ પ્રશ્ન કર્યો. તેમને નિયમ પ્રમાણે સમાચાર આપવામાં આવ્યા હતા કે, અમાત્યની પુત્રીઓ આજે રાજદરબારમાં હાજર રહી છે.

" હા, જી." અમાત્યએ જવાબ આપ્યો.

" તો, તેમની પાસે એક પછી એક. એમ આ શ્લોકના પુનરોચ્ચાર કરાવીએ તો કાંઈ વાંધો છે ? " મહારાજાએ અમાત્યને માઠું ન લાગે તેવી રીતે પ્રશ્ન કર્યો.

" ના, જી. મારી પણ એવીજ ઇચ્છા છે." અમાત્યએ કહ્યું. તેમના કહેવાને સર્વેએ અનુમોદન આપ્યું.

તે બાદ પડદાની પાછળ રહી, પહેલાં તે શ્લોક મોટી પુત્રીએ ઉચ્ચાર્યો. એ સાંભળી મહારાજા તેમજ સભામાં હાજર રહેલા સર્વ જનો ચકિત થઇ ગયા આ વખતે ઉચ્ચારાયેલો શ્લોક સ્પષ્ટ અને માધુર્યથી ભરપૂર હતો. સ્રીકંઠ હંમેશાં

મધુર હોય છે. તે મધુરતાનો આ વખતે ઉપયોગ થયો. આ પ્રમાણે એક પછી એક, એમ બીજી છએ પુત્રીઓ તે શ્લોક બોલી ગઇ. આ વખતે તો વરરૂચિ પણ આશ્ચર્ય ચકિત થઇ જવા પામ્યો હતો. તેને તો આ બધું સ્વપ્નવત્ ભાસતું હતું. ભૂમિ માર્ગ આપે તો સમાઈ જવા જેવી તેની સ્થિતિ થઇ હતી. ચહેરા પરનું તેજ હણાઇ જવા પામ્યું હતું. વદનની કાંતિ નાશ પામી હતી. તેના તરફ જોનારને તેની દયા આવવા લાગી. નવા શ્લોક બનાવી એક દ્રવ્ય પ્રાપ્ત કરનાર ગૌરવશાળી વરરૂચિ દરેકની નજરે બિચારો જણાવા લાગ્યો. તેનું સખ્ત અપમાન થયું હતું. મહામહેનતે સંપાદન કરેલી કીર્તિ પર પાણી વળ્યું હતું.

મહારાજાએ તેને કહ્યું : "વરરૂચિ! તું બ્રાહ્મણ છે. નાલંદા વિદ્યાપીઠના અધ્યાપકનો સહાધ્યાયી છે. મેં જ તને પાટલીપુત્રમાં આણ્યો છે, એટલે હું તને વિશેષ કાંઈ કહી શકતો નથી. મારે તને શિક્ષા પણ શી કરવી? વિશ્વાસઘાતીને હું સખ્તમાં સખ્ત સજા કરૂં છું. જે પ્રકારે જેણે વિશ્વાસઘાત કર્યો હોય, તે જ પ્રકારે તેને શિક્ષા કરવામાં આવે છે. તેં રાજાને અને રાજ સભાને છેતર્યા છે. રાજાની વિદ્યા પ્રિયતાનો તેં વિશ્વાસઘાત કર્યો છે. તારી જગ્યાએ જો બીજો કોઇ હોત, તેની જીભમાં હું સોયા ઘલાવત. પણ તું બ્રાહ્મણ છે. મારાથી બ્રાહ્મણ દેહદમનનું પાપ થઇ શકે નહિ. તને ફક્ત એ જ શિક્ષા ફરમાવું છું કે 'તારે તારૂં કાળું મોઢું લઇ આ રાજદરબારમાં ફરીથી આવવું નહિ.' આ શિક્ષા વરરૂચિ માટે ભયંકર હતી. તેનું જ્વલંત અપમાન થયું હતું. નીચે મોંઢે તેણે રાજદરબારમાંથી ચાલ્યા જવું પડ્યું.

તેના ગયા પછી મહારાજાએ પ્રસન્ન થઇ, અમાત્યની

સાતે ય પુત્રીઓને એક એક લાખ દ્રવ્ય આપવાનો કોષાધ્યક્ષને હુકમ કર્યો.

આ બનાવમાં રાજભક્ત મહાઅમાત્યની હિકમત હતી. વરરૂચિએ બનાવેલો શ્લોક તદ્દન નવો જ હતો, છતાં અમાત્યએ પોતાની ધારણા પાર પાડી. આ પછી વરરૂચિ દ્રવ્યની ઈચ્છાએ રાજસભામાં જઈ શકયો નહિ.

મહાઅમાત્યની ધારણા પાર પાડવામાં તેમની પુત્રીઓની સ્મરણ શક્તિએ અપૂર્વ ભાગ ભજવ્યો હતો. મોટી પુત્રીની સ્મરણ શકિત એટલી બધી પ્રશંસની ય છે કે, તેની ગમે તેટલી પ્રશંસા કરવામાં આવે તો પણ તે ઓછી જ ગણાય. ગમે તેની પાસેથી ગમે તે ઉચ્ચારણ એક વખત પણ સાંભળવામાં આવે, તો તે તેને કંઠસ્થ થઇ જાય. તે જ પ્રમાણે બીજી પુત્રીઓની સ્મરણ શકિત પણ અજબ છે. બીજી પુત્રી બે વખત સાંભળે અને તેને તે કંટસ્થ થઇ જાય. એવી રીતે ત્રીજી પુત્રી ત્રણ વખત સાંભળે અને તેને પણ કંઠસ્થ થઈ જાય. આ પ્રમાણે બાકીની પુત્રીઓ એક પછી એક વધારે વખત સાંભળીને કંઠસ્થ કરી શકતી. હજી પણ તેમની સ્મરણ શકિત તેજ પ્રમાણે જવલંત છે.

આ પ્રમાણેની સ્મરણ શકિતએ જ વરરૂચિને મહાત કર્યો હતો. વરરૂચિએ ઉચ્ચારેલો શ્લોક એક વખત સાંભળવાથી મોટી પુત્રીને કંઠસ્થ થવા પામ્યો હતો. તે પછી વરરૂચિના વિરૂદ્ધની ખાત્રી વખતે મોટી પુત્રીએ બોલેલો શ્લોક બીજી બીજી પુત્રીને યાદ રહ્યો હતો. કારણ કે બે વખત સાંભળ્યા પછી યાદ રાખી શકે તેવી સ્મરણ શકિત તેની હતી. એક વખત વરરૂચિએ ઉચ્ચારેલો અને બીજી વખત તેની મોટી બહેને ઉચ્ચારેલો શ્લોક તેને યાદ રહી શકે. એટલે તે પણ તે

શ્લોક બોલી શકેલી. આ પ્રમાણે એક પછી એક, એમ સાત વખત બોલાયેલો શ્લોક સાતમી પુત્રી બોલી શકેલી.

આ વિષય પર આજ સુધી કોઈયે પણ વિચાર કર્યો નથી. આવા પ્રકારના વિષયોની નિરીક્ષા કરવાની મને ટેવ છે. અને એ જ કારણથી હું આ સર્વ બીના જાણી શકયો છું.

આ પ્રમાણેનો ખુલાસો સાંભળી પદ્માને કંઈક સંતોષ થયો. આ વિષે તેણે થોડું ઘણું સાંભળ્યું હતું, પણ આટલું બધું તે જાણતી નહોતી.

" વિજય !" પદ્મા બગાસું ખાઇ આળસ મરડતાં બોલી : " બાકીની વાતો આપણે કાલે કરીએ તો ?"

" કેમ ?" વિજયે પ્રશ્ન કર્યો. તે ઉઠીને પદ્મા પાસે ગયો. તેનો હાથ પોતાના હાથમાં લેતાં તેણે પૂછ્યું : " ઉંઘ આવે છે ?"

" હા. રાત ઘણી વીતિ ગઈ હોય, એમ લાગે છે." પદ્માએ અહીંથી ઉઠવાને માટે બહાનું કાઢ્યું. પોતાની ઝુંપડીમાં જવાની તેને ઈચ્છા થઇ હતી.

પાછલી રાતની ઠંડીએ પોતાનો પ્રભાવ અજમાવવા માંડયો હતો. વિજયને પણ ઠંડીથી બચવાની જરૂર જણાઇ. પદ્માનો હાથ પકડી, તેને ઉઠાડતાં વિજય બોલ્યો : " ચાલ, પદ્મા ! બાકીની વાતો કાલે કરીશું. પરોઢ થવા આવ્યું છે."

પદ્માએ ઉઠી વિજયની સાથે પોતાની ઝુંપડી તરફ ચાલવા માંડ્યું.

# પ્રકરણ ૧૦ મું

## માન્યતા

પંડિત ચાણક્યના ગયા પછી મહારાજા નંદનું મન ઉદ્વિગ્ન રહેતું હતું. તેમને કુશંકાઓનો ભાસ થવા લાગ્યો હતો. નાના કુમારને કોઇએ વિષ આપ્યું હતું, તે પ્રસંગ વારંવાર તેમને યાદ આવ્યા કરતો હતો. તેનનો વિષાદ નાશ કરવાને, મહારાણી જ્યાદેવી ઘણી વખત તેમની પાસે આવતાં. રાણીને ચિંતાઓનો પાર નહોતો, છતાં પતિની ચિંતાઓ આગળ તે પોતાની ચિંતાઓને નજીવી ગણતાં.

નાના કુમારને ઝેર આપનારનું શોધન કરવા પાછળ રાજાએ ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. રાણીવાસમાં અને પોતાના આવાસમાં, ગુપ્તચરની માફક છૂપી દેખરેખ રાખવાનું તે ચૂકયા નહોતા. એક અનિષ્ટ પ્રસંગ બની ગયા પછી, બીજો તેવો પ્રસંગ બનવા પામ્યો નહતો. રાણીને કોઈ ચિંતા પીડી રહી છે, એમ તેમને લાગતું છતાં, તેનો પાર તે પામી શક્યા

નહોતા.

ઝેર અપાયાનો પ્રસંગ દાબી દેવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં તેમને નિષ્ફળતા જ સાંપડી હતી. ભેદ ખુલી જતાં મહાઅમાત્ય સાથે તેમને તે બાબતની ઘણી ચર્ચા થઈ હતી. તે ચર્ચામાં છેવટનો નિર્ણય એ કરવામાં આવેલો કે, 'શ્રીયકજીની કાર્યદક્ષતાથી નવા અનિષ્ટ પ્રસંગો ઉપસ્થિત થતાં અટકી ગયાં છે.' વાસ્તવિક જોતાં, તે વાત પણ ખરી હતી.

શ્રીયકજીએ કાવત્રાખોર મંડળનો પીછો સારી રીતે પકડયો હતો. તેમના નામે તે મંડળ ધ્રુજતું હતું. આખા મંડળને મોટામાં મોટી બીક શ્રીયકજીની હતી.

—પણ શ્રીયકજીને કોઈ બીજી જ વ્યક્તિનો સાથ હતો. તેમને પોતાને પણ ખબર નહોતી કે, તે વ્યક્તિ કોણ છે. તેણે તેમને ઘણા સમાચારો આપ્યા હતા. ઘણી વખત તો તેમના ખંડમાં હસ્તલીપીના પુરાવા પણ તેમને મળતા. તેમણે તે વ્યક્તિની તપાસ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ તેમના પ્રયત્ન કરતાં, તે વ્યક્તિની ચાલાકીની જીત થઈ હતી. તેમના પ્રયત્નો વડે રાજકુટુંબ સુરક્ષિત રહેતું હતુ.

મહારાજાનંદ વિચારમાં હતા. જયાદેવીએ તેમના ખંડમાં પ્રવેશ કર્યો. તેમનો પગરવ સાંભળી મહારાજાએ ઉંચું જોયું. બંનેની દ્રષ્ટિ એક થઇ. મહારાણી તેમની પાસે જઇ બાજુમાં બેઠાં.

મહારાજાના વિચારોનો ભંગ કરવા, મહારાણી બોલ્યાં:

"મહારાજ! વિચાર કરવાનો અન્ત હોય છે."

"રાણી! વિચાર કરવાનો અંત હોય છે, પણ વિચારોનો અન્ત હોતો નથી."

"પણ બંનેનો અર્થ તો એક જ ને?"

"તે તો દરેકની માન્યતા પર અવલંબે છે."

"આપની માન્યતા શી છે?"

"મને તો બંનેના અર્થ જુદા જ લાગે છે. પણ આ વખતમાં માન્યતાને બદલાતાં વાર લાગતી નથી."

"એટલે?"

"તમે જે માનો તે."

"આ ઉપરથી મને એમ લાગે છે કે, મહારાજા પણ પોતાની માન્યતાઓ બદલતા થઈ ગયા ખરા."

"માન્યતા બદલવાની વાત થોડી જ મેં મારા પરથી કરી છે?"

"ત્યારે?"

"મેં તો સર્વ સાધારણ ઉદાહરણ આપ્યું છે."

"સર્વ સાધારણપણે અપાયેલાં ઉદાહરણમાં આપનો સમાવેશ થતો નથી, એમ જ ને?"

"હા. અને ના, બંને."

"આપના બોલવા પરથી કાંઈ સમજાતું જ નથી."

"એટલે જ હું કહું છું કે, તે ઉદાહરણમાં મારો સમાવેશ થતો નથી."

"ત્યારે સમાવેશ થાય છે, એમ શા પરથી કહો છો;"

"કારણ કે, હું પણ માણસ જ છું ને?"

મહારાણીએ હસતાં હસતાં કહ્યું: "આપનું જ્ઞાન અગાધ છે."

"કારણ કે, હું જ્ઞાનીઓનો સહવાસી છું."

"નહિ. જ્ઞાનીઓના પોષક છો."

"પોષક તો લક્ષ્મી છે."

"પણ નિમિત્ત તો આપ છો."

"ફળ નિમિત્તને મળતું નથી."

"પણ કીર્તિ તો નિમિત્તને જ વરે છે."

"પણ તે થોડી જ અજરામર છે?"

"તેના વર્યા પછી તેની સર્વ જવાબદારી વરનારને શિરે હોય છે."

"એટલે વરનાર જ તેને અજરામર પદ આપી શકે છે, એમ જ ને?"

"જરૂર."

"રાણી! વિચારો સુંદર કેળવ્યા છે." મહારાજાએ રાણીની પ્રશંસા કરતાં કહ્યું: "તમારૂં જ્ઞાન પ્રશંશની ય છે."

"કારણ કે આપની અર્ધાંગના છું."

"એથી થોડી જ પ્રશંસા થાય છે?"

"પણ, તમારી પ્રશંસામાં મારો ભાગ તો ખરો ને" મહારાણી હસી પડ્યાં. મહારાજાને પણ હસવું આવ્યું. તેમની વિચાર શ્રેણી તૂટી ગઈ હતી. રાણી સાથેના વાર્તાલાપમાં

તેમને આનંદ મળ્યો હતો. તેમના ચહેરા પરથી વિષાદની છાયા અદ્રશ્ય થઈ હતી.

"રાણી ! રાજખટપટ બહુ વધી ગઈ છે."

"શાથી ?"

"કંઇ સમજાતું નથી, પણ ગુંચવાડો વધતો જાય છે."

"મહાઅમાત્યની સલાહ લ્યો, તો ઠીક પડે."

"તેમાં પણ વાંધો આવે છે."

"શો ?"

"ગુપ્તચર મંડળતા અગ્રેસર વિજયદેવ કહે છે, કે મહા-અમાત્ય રાજ્યની લગામ પોતાના હાથમાં લેવાના પ્રયત્ન કરી રહ્યા છે."

"પણ રાજ્યની લગામ તેમના હાથમાં જ છે ને ?"

"છતાં સત્તા તો મારી ને ?"

"એટલે ?"

"એટલે એ, કે તે મારો નાશ ઇચ્છે છે."

"આપને વિજયદેવના કહેવા પર વિશ્વાસ બેસે છે ?"

"વિશ્વાસ કોના પર રાખવો, અને કોના પર ન રાખવો, તે જ સમજાતું નથી."

"આપને કોના પર વિશ્વાસ છે ?"

"કોઇના પર નહિ."

"કેમ ?"

"કારણ કે, વિજયદેવ કહે છે, કે મહાઅમાત્ય રાજ્યની લગામ હાથમાં લેવા ઇચ્છે છે, ત્યારે મહાઅમાત્ય અને શ્રીયકજી કહે છે, કે વિજયદેવે એક કાવત્રાખોર મંડળ સ્થાપ્યું છે. તે મંડળનો ઉદ્દેશ રાજસત્તાને ઉથલાવી પાડવાનો છે."

"આ બન્નેમાંથી આપને કોનું કહેવું ખરૂં લાગે છે?"

"મને તો બધાનું જ કહેવું ખરૂં લાગે છે. તમને શું લાગે છે?"

"મને મહાઅમાત્ય અને શ્રીયકજીના કહેવા પર વધારે વિશ્વાસ બેસે છે."

"રાણી! ભોળવાતાં નહિ."

"હું તો આપની પાછળ છું."

"સાવચેતી રાખવી પડશે."

"ગમે તે એક પર વિશ્વાસ પણ રાખવો પડશે."

"વિશ્વાસ અસ્થાને ન રખાય તો સારૂં."

"આપ થાપ ખાવ તેવા નથી."

"તે માન્યતાને કદાચ બદલવી પડે."

"આપની અને મારી માન્યતા મક્કમ હોય છે."

"છતાં, ન બનવાનું બને છે ત્યારે ભિષ્મ પ્રતિજ્ઞા સમી મનાતી માન્યતાને પણ બદલવાની જરૂર પડે છે."

મહારાજાનો નિસ્તેજ ઉત્તર સાંભળી મહારાણીના મનને પણ નિરાશાનો સ્પર્શ થયો. આજ સુધી મહારાજાએ નિરાશાને કોઇ વખત નમતું આપ્યું નહોતું. ઉન્નતપણે રહેતું મહારાજાનું શિર આજે નિરાશાના ચરણોમાં ઝુકતું જોઇ મહારાણીને અત્યંત દુ:ખ થયું. તેમની પતિ પ્રત્યેની કુમળી લાગણીઓએ પતિ ભકિત જાગૃત કરી. દાસી પાસેથી સાંભળેલી હકીકત મહારાજાને નિરાશાના અંધકારમાંથી બહાર ખેંચી કાઢવા માટે રાણીના હોઠ સુધી આવી, પણ વચન દ્રોહનો વિચાર આવતાં મહા-રાણીએ પોતાના હોઠ બંધ કર્યા.

બે ચકમકનું ઘર્ષણ થતાં, વચ્ચે રાખવામાં આવેલું કપડું કે કાપુસ બળે, તેમ પતિભક્તિ અને વચનદ્રોહનું ઘર્ષણ થતાં મહારાણીના હૃદયમાં દુ:ખની જવાળા સળગવા માંડી.

મહારાણીને વિચારમાં પડેલાં જોઈ, રાજાએ કહ્યું: "રાણી! બહુ વિચાર કરી મગજને શ્રમ આપશો નહિ. જ્યાં સુધી મારી હયાતિ છે ત્યાં સુધી તમારે ચિંતા કરવાની જરૂર નથી."

"મહારાજ! હું ચિંતા કરતી જ નથી." મહારાણીએ પોતાના મનોભાવ છૂપાવતાં કહ્યું: "જો કોઇના કહેવાથી જ બીજાની જીવનદોરી તૂટટી હોત, તો કુદરતને અને ઇશ્વરને કોઇ માનત જ નહિ."

"તમારૂં કહેવું ખોટું નથી."

થોડી વાર સુધી બંનેમાંથી કોઇ પણ બોલ્યું નહિ. કે આવા શાન્ત વાતાવરણમાં આરામ લેવાનું મહારાજાને કહેવામાં આવે,

તો તે તેમને અનુકુળ થઈ પડે.

મહારાણીએ તે પ્રમાણે જણાવતાં રાજાએ તરત જ 'હા' કહી.

એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં આરામ ખંડ તરફ ચાલવા લાગેલા મહારાજાની પાછળ મહારાણીએ પણ જવા માંડ્યું.

# પ્રકરણ ૧૧ મું

## અજબ સ્ત્રી

'બેની તકરારમાં ત્રીજો ફાવી જાય,' એ કહેવત ખોટી નથી. એનો અનુભવ ઘણાને થયેલો હોય છે. તે જ પ્રમાણે વરરૂચિ અને વિજયના મનોદ્વંદ્વમાં પદ્માવતીને ઘણું જાણવાનું મળતું હતું. વરરૂચિ માનતા કે 'પદ્મા પોતાની મિલ્કત છે,' ત્યારે વિજય ધારતો કે 'પદ્મા પોતાને માટે જ સર્જાયેલી છે.' બંનેની માન્યતા વચ્ચે પદ્મા આજ સુધી નિર્મળ રહી શકી હતી. તેના મનોભાવ કોઈ પારખી શક્યું નહોતું. તે કોણ છે, અને ક્યાંની છે, તે જાણવાની કોઈએ પૂરતી દરકાર કરી નહોતી.

પદ્માએ બીજે દિવસે રાત્રે વિજયની રાહ જોઇ પણ વિજય આવ્યો નહિ. રાત્રિના પ્રથમ પહોર સુધી રાહ જોયા પછી તેને લાગ્યું કે આજે વરરૂચિના મનોભાવ જાણી લેવાની તક છે.

તે પોતાની જગ્યાએથી ઉઠી. ધીમે ધીમે ભર નિદ્રામાં પડેલા વરરૂચિની નજીક જઈ આસ્તેથી બૂમ મારી :

"વરરૂચિ!"

વરરૂચિ ભર નિંદ્રામાં હતા. તેમને પદ્માની બૂમ સંભળાઇ નહિ, પદ્માએ બીજી વખત બૂમ મારી: "વરરૂચિ!"

વરરૂચિએ હળવે રહીને પોતાની આંખ ઉઘાડી. પદ્માને પોતાની નજીક જોતાં જ તે સફાળા બેઠા થઇ ગયા. આંખો ચોળતાં ચોળતાં તે બોલ્યા :

"પદ્મા!"

"હા, કેમ અત્યારથી સૂઈ ગયા?"

"અત્યારથી એટલે?

"હજી એક પહોર પણ રાત વીતિ નથી."

"હમણાં હમમાં મને વહેલી ઉંઘ આવે છે. હજી વિજય આવ્યો નથી?" વરરૂચિએ પૂછ્યું.

"ના. તેનું ક્યાં ઠેકાણું છે?"

"કેમ?"

"કેમ એટલે? તેને તો મહારાજા બનવું છે ને?" પદ્મા વરરૂચિને ફુલાવવા આગળ બોલી: "મહારાજા માટે તૈયારીઓ પણ કરવી પડે ને?"

"તે શું મહારાજા બનવાનો હતો?" વરરૂચિ તૂચ્છકારથી બોલ્યા : "રાજા બનવા માટે જ્ઞાન અને બુદ્ધિ બંને જોઇએ છે—"

"તે બંને તમારામાં છે." પદ્મા વચ્ચે જ બોલી.

"એટલે જ હું રાજસત્તા હાથ કરવાના પ્રયત્નો કરી રહ્યો છું. હું રાજા થયો, એટલે સમજી લે કે તું રાણી છે જ." વરરૂચિની ઉંઘ ઉડી ગઈ હતી. અત્યારે પોતે રાજા હોય તેમ તેમને લાગવા માંડ્યું, હવાઇ કિલ્લા ચણનારને સાચા કિલ્લા જોવાની ફુરસદ મળતી નથી, તેમ રાજા બનવાના હવાઈ કિલ્લા ચણનાર વરરૂચિને આઠેક દિવસથી રાજસભામાં ૧ જવાનો વખત મળ્યો નહોતો.

"પણ વિજય રાજા બને તો ?" પદ્માએ શંકા ઉઠાવી.

"તે રાજા બની શકે જ નહિ."

"કારણ ?"

"તે મારાથી દબાયેલો છે. તેની કેટલીક ખાનગી વાતો હું જાણું છું, એટલે તે મારી સામે આંખ પણ ઉંચી પણ કરી શકે નહિ." વરરૂચિએ અભિમાનથી કહ્યું.

"એવી તે કેવી વાતો છે, કે તે તમારાથી દબાયેલો રહે છે ?"

"બહુ જ ખાનગી છે. મારા સિવાય તે કોઈ જ જાણતું નથી." ધીમે ધીમે વરરૂચિને અભિમાનનો નશો ચઢવા લાગ્યો.

"મને તો તમારે જણાવવી જ પડશે" લાડથી તેમના માથા પર હાથ ફેરવતાં પદ્માએ કહ્યું.

"જાણીને તું શું કરીશ ?" વરરૂચિએ પ્રશ્ન કર્યો.

---

(૧) વરરૂચિને નાલંદા વિદ્યાપિઠનું સુકાન સોંપ્યા પછી તેમને રાજસભામાં દાખલ ન થવાની થયેલી સજા મહારાજાએ રદ્દ કરી હતી. વિદ્યાપિઠના ગુરૂ તરિકે તેમને રાજસભામાં આવવા દેવા પડતા હતા.

"મારા પર વિશ્વાસ નથી?" પદ્માએ સ્ત્રી ચરિત્ર અજમાવવા માંડ્યું.

"તારા પર વિશ્વાસ ન હોય, તો કોના પર હોય? પણ તે જાણવાથી તને શો ફાયદો?" વરરૂચિએ ગલ્લાં તલ્લાં કરવા માંડયાં. ખાનગી વાતો જણાવવાની તેમની બિલ્કુલ ઈચ્છા નહોતી.

"ફાયદો કંઇજ નહિ. પણ તમે જાણતા હો, તે જાણવાનો મને હક્ક નથી?" વહાલ ઉભરાઇ જતું હોય તેમ પૂછ્યું.

"હક્ક તો છે જ." વરરૂચિએ કહ્યું. "પણ એ તું ન જાણે તો સારૂં. પછી તારી ઇચ્છા."

"મારી તો ઇચ્છા છે કે મારે તે જાણવું જોઇએ."

"તો મારી ના નથી."

—કહી વરરૂચિએ પોતાની ઈચ્છા ન હોવા છતાં થોડું ઘણું જણાવવાની શરૂઆત કરી.

"વિજય ગુપ્તચર મંડળનો એક સાધારણ સેવક–સભ્ય હતો, ત્યારે તે મંડળનો અગ્રેસર બીજો હતો. તે અગ્રેસરને અંધારામાં રાખી વિજય વારંવાર મહારાજાને મળતો. તેમ કરવામાં તેનો સ્વાર્થ હતો. મહારાજાની પ્રીતિસંપાદન કરવાની તેની ધારણા હતી. તેની તે ધારણા પાર પડી હતી. મહારાજાએ તેના પર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો.

"થોડાક સમય પછી તે મંડળનો અગ્રેસર અચાનક માર્યો ગયો હતો. કોઇએ તેનું ખૂન કર્યું હતું. તે બહાદૂર હતો તેની નિંદ્રાનો લાભ લેવાયો ન હોત તો ખૂનની ધારણા પાર પડવી મુશ્કેલી હતી. પણ ખૂની નાહિંમત હતો. તે બહાદૂર હતો પણ

# વફાદાર–પદમાવતિ

## અજબ સ્ત્રી.



નાલંદા વિદ્યાપીઠના અધ્યાપક પંડિત વરરૂચી (જે શકટાળમંત્રીનો દુશ્મન) તે પણ પદમાવતિના સૌન્દર્ય પર લટ્ટુ બની ગયો છે. તેથી વરરૂચી પોતાના આશ્રમમાં પદમાવતી સાથે પણ પ્રેમગોષ્ટી કરતો તેની પાસે પ્રેમની યાચના કરે છે, પણ વફાદાર (પદમાવતિ) તેને પણ હાથમાં રમાડી પોતાની જાસુસીનું કામ વરરૂચી પર છાપ પાડી બાતમી લઈ જાય છે.

[કૅાપીરાઇટ—પ્રકાશકનો છે.]

અગ્રેસર જેટલો નહિ. એક રાત્રીએ તેના મકાનમાં જઈ, તેનું ખૂન કર્યું.

સવારમાં ચારે બાજુએ સમાચાર પ્રસરી ગયા. મહારાજાને પણ તે સમાચાર સવારમાં વહેલા મળ્યા હતા. તેમણે તરતજ હૂકમ કાઢી, ઘણાઓને શકથી પકડયા. તેમાંના કેટલાકને છોડી મૂકવામાં આવ્યા. બાકી રહેલાઓને ભયંકર શિક્ષાઓ કરવામાં આવી.

બુદ્ધિશાળી ગણાતા મહારાજાએ આમાં થાપ ખાધી. નિર્દોષ લોકોને સજા કરવામાં આવી, પણ ખરો ખૂની આબાદ રીતે છટકી જવા પામ્યો. થોડા વખત પછી આ વાત પર પડદો પડી ગયો.

ગુપ્તચર મંડળના અગ્રેસરનું ખાલી પડેલું સ્થાન વિજયને આપવામાં આવ્યું. આજ સુધી કોઇને પણ શંકા કરવાનું કારણ મળે નહિ, તેમ તે ખૂની પોતાની સત્તા ચલાવી રહ્યો છે.

મહારાજાના નાના પુત્રને વિષ પાન કરાવવાનું પણ તે ચૂકયો નહિ. તેણે પોતાના હાથ નીચેના એક માણસને સાધી લીધો છે. તે માણસની બહેન રાણીવાસમાં દાસી તરીકે કામ કરે છે. તેના પર મહારાણીનો વિશ્વાસ છે. બાળકોને દૂધ વિગેરે પાવાનું કાર્ય તેને સોંપવામાં આવ્યું છે. તે ખૂનીએ પોતાના માણસને કહી, તેની બહેન મારફતે નાના કુમારને દૂધમાં ભેળવી વિષ અપાયું હતું. પણ રાજકુમાર બેભાન થતાં, તરતજ યોગ્ય ઉપાયો કરવામાં આવ્યા હતા. વૈદક શાસ્ત્રમાં અજોડ મનાતા રાજવૈદ્યે ફક્ત બે જ માત્રાઓથી તે વિષનો નાશ કર્યો હતો. કુમારની જીંદગી વૈદ્યની મહાન ઔષધિથી

બચી જવા પામી હતી.

તે ખૂનીને હજી તું પણ ઓળખતી નથી. તને પણ ફસાવવાની તેણે કોશિષ કરી છે, તારા બદલે જો બીજી કોઈ સ્ત્રી હોત, તો તે કયારની યે ફસાઈ ગઈ હોત. પણ તું દૃઢ મનવાળી સ્ત્રી છે. તારા આગળ તેનું કાંઇ પણ ચાલી શકતું નથી.

—આ બે વાતો હું જાણું છું.—

"પણ તે ખૂની કોણ?" પદ્માએ વચ્ચે જ પૂછ્યું.

"હજી પણ ન સમજી?"

"ના."

"આપણને ચક્રાવામાં નાંખવાનો પ્રયત્ન કરનાર વિજય."

"હેં!" જાણે પોતે આશ્ચર્ય પામી હોય, તેમ તે બોલી.

"હા." વરરૂચિએ કહ્યું. "તેની વાચાળ શક્તિથી ભલભલાને તે થાપ આપી શકે છે. આજ સુધી આપણને પણ તે બનાવી ગયો છે, પણ હવે તેમ થવું અશક્ય છે."

"મારા માન્યામા નથી આવતું કે, તેણે જ ખૂન કર્યું હોય."

"તારા માન્યામાં ન આવે, કારણ કે તું તેની વાક્ચાતુર્યમાં ભોળવાયેલી છે. તું એકલી જ ભોળવાયેલી નથી, પણ ઘણા લોકો ભોળવાયેલા છે ખુદ મહારાજા પણ તેના પર શંકા લાવી શકતા નથી."

—આ બે વાતો મારા સિવાય કોઇ જાણતું નહોતું. હવે 'તું અને હું' બન્ને જાણતાં થયાં છીએ. પણ યાદ રાખજે કે આ વાત બહાર જવા ન પામે."

“ મારા પર વિશ્વાસ રાખો, વરરૂચિ! ” પદ્માએ પોતાના પર વિશ્વાસ રાખવા જણાવ્યું.

“ મને તારા પર વિશ્વાસ છે, પદ્મા ! ”

—કહી વરરૂચિએ તેના હાથ પોતાના હાથમાં લઇ પંપાળવા માંડયો.

પદ્માને લાગ્યું કે જો હવે વધારે વાર અહીં બેસી રહેવામાં આવશે, તો વરરૂચિની ઈચ્છાને દુભાવવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

તેણે પોતાનો હાથ વરરૂચિના હાથમાંથી ધીમે ધીમે ખેંચી લેતાં કહ્યું : “ વરરૂચિ! હું થોડો વખત બહાર ખુલ્લી હવામાં ફરી આવું. તમે ઉંઘી જાઓ.”

—કહી તે ઉઠવા લાગી.

તેને તેમ કરતાં અટકાવી વરરૂચિ બોલ્યા :

“ પણ આટલા અંધારામાં ? ”

“ હા. તે તો મારો નિયમ છે. જો હું થોડો વખત ફરવા જઉં નહિ તો મને ઉંઘ ન આવે.” એમ કહી, તેણે ચાલવા માંડ્યું.

તેના ગયા પછી વરરૂચિએ નિઃશ્વાસ નાંખ્યો.

“ અજબ સ્ત્રી છે.” તેમનાથી બોલી જવાયું.

# પ્રકરણ ૧૨ મું

## જયાદેવી અને શકટાળ

ચૈત્ર શુદ ૧૫ નો દિવસ હતો. જૈન લોકોમાં તેને પર્વનો દિવસ માનવામાં આવે છે, સોન નદીને કાંઠે વસેલા પાટલીપુત્રમાં પાર્શ્વનાથનું એક જૈન દેરાસર હતું. આ અપૂર્વ દિવસના નિમિત્તે તે દેરાસરમાં ઘણી ગીરદી હતી. મહારાજાનંદ જૈન ધર્મ પાળતા હતા. તેજ પ્રમાણે મહાઅમાત્ય શકટાળનું આખું કુટુંબ પણ જૈન ધર્મનું અનુયાયી હતું.

સૂર્યોદયનો સમય હતો. મહારાણી જયાદેવી જૈન દેરાસરમાંથી પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરી રાજમહેલ તરફ પાછાં જઈ રહ્યાં હતાં. સાથે દાસીઓ તેમજ રક્ષણાર્થે ઘોડેસ્વારો પણ હતા.

નિત્ય નિયમાનુસાર દર્શનાર્થે જતા શકટાળ પર જયાદેવીની નજર પડી. ઘણા દિવસથી તેમની ઇચ્છા હતી કે મહાઅમાત્ય શકટાળને મળવું. આજે અચ.નક તેમને તે પ્રસંગ સાંપડયો.

જયાદેવીની જ્યારે ઈચ્છા થાય ત્યારે શકટાળને મળવામાં તેમને બાધ નહોતો. આજ પૂર્વે તે ઘણી વખત મળી ચૂકયાં હતાં. થોડાક દિવસના અંતરે તે શકટાળના ઘરે પણ જતાં. શકટાળનાં પત્ની લક્ષ્મીવતી તેમનો યોગ્ય આદર સત્કાર કરતા. પુત્રીઓ તેમને જોઈ ગાંડી ઘેલી બની જતી. જયાદેવીનો પણ તે સર્વે પર અથાગ પ્રેમ હતો. જ્યારે જ્યારે તે પુત્રીઓને મળતાં, ત્યારે ત્યારે કંઇ ને કંઈ તે તેમને બક્ષિસ તરીકે આપતાં. જયાદેવી અને લક્ષ્મીવતી વચ્ચે સગી બહેનો જેવો પ્રેમ હતો.

વરરૂચિના શ્લોક વખતે જ્યારે આ સાતેય પુત્રીઓએ પોતાનું જ્ઞાન દીપાવ્યું હતું અને તે વાત મહારાણીના કાને આવી હતી, ત્યારથી તો તે સાતેય પુત્રીઓ માટે અપ્રતીમ માન ધરાવતાં થયાં હતાં.

મહાઅમાત્ય શકટાળને દર્શનાર્થે જતા જોઇ, તેમને બોલાવી લાવવા માટે જયાદેવીએ એક ઘોડેસ્વારને હુકમ કર્યો.

થોડા જ વખતમાં તે ઘોડેસ્વાર ઉત્તર લઇને આવ્યો કે, "આપ પધારે. દર્શન કરીને તરતજ હું રાજ મંદિર તરફ આવું છું."

—આ સાંભળી રાણીએ પોતાના આવાસ તરફ જવું ચાલુ જ રાખ્યું.

મહારાણી પોતાના આવાસમાં દાખલ થયા કે તરતજ સમાચાર મળ્યા : "મહાઅમાત્ય મળવા પધાર્યા છે."

તેમને અંદર મોકલવા મહારાણીએ દાસીને જણાવ્યું.

મહાઅમાત્ય તે ખંડમાં દાખલ થયા. મહારાણીએ આવ-

કાર આપતાં કહ્યું : " પધારો, મહાઅમાત્ય ! "

મહાઅમાત્ય શકટાળે જવાબમાં આછું સ્મિત કર્યું. પાથરેલા એક આસન પર બેસતાં તેમણે મહારાણીને પૂછ્યું : " મહારાણી આનંદમાં છો ને ? "

" હા. આપ જેવા મહામંત્રી અને શ્રીયકજી જેવા અંગરક્ષક હોય, પછી અમો આનંદમાં જ હોઇએ ને ! " મહારાણીએ હસતા મુખે જવાબ આપ્યો.

મહારાણીનો હસતો ચહેરો હંમેશાં પૂજ્યભાવ ઉત્પન્ન કરે તેવો હતો. તેમને જોનાર વ્યક્તિ તેમની આગળ પોતાનું માથું નમાવવાને લલચાતી.

" મહારાણી ! આજે ઘણા દિવસે હું આપને યાદ આવ્યો ? "

" ખાસ કંઈ કામ નહોતું. મળ્યાને ઘણા દિવસ થયા એટલે આજે મળવાની ઇચ્છા થઇ."

" આપની કૃપા."

" તબિયત તો સારી છે ને ? "

" હા."

" મેં સાંભળ્યું છે કે હમણાં હમણાં તમે શિથિલ જણાવ છો ? " મહારાણીએ પ્રશ્ન કર્યો.

" તેવું કંઈ ખાસ નથી."

" મને જણાવવામાં કંઇ વાંધો છે ? "

" વાંધો શો હોય ? પણ આપ કહો છો તેવું કંઈ ખાસ

નથી."

"મહામંત્રી! મહારાણીથી પોતાના વિચારો છૂપાવવા યોગ્ય ગણાય?"

"આપનાથી છૂપાવવાનું શું હોય? ઘણા દિવસથી એક વિચાર મનમાં ઘોળાયા કરે છે, કે મહારાજાને તેમ જ આપને જણાવું, કે આજ સુધી રાજકુટુંબની અંતઃકરણ પૂર્વક, પવિત્રપણે સેવા કરી છે. હવે પાછળની જીંદગીનાં રહ્યાં સહ્યાં વરસો પ્રભુ ભકિતમાં વીતાવવાની રજા મળે તો સારૂં" ઘણા વખતથી મનમાં ઘોળાયા કરતા વિચારો જણાવવાનો અવસર પ્રાપ્ત થતાં, મહાઅમાત્યએ તેનો લાભ ઉઠાવ્યો.

—આ સાંભળી મહારાણી જયાદેવી વિચારમા પડી ગયાં. 'કોઈ દિવસ નહિ ને આજે મહાઅમાત્યને આ શું સૂઝયું? રાજકુટુંબ પર વિપત્તિના વાદળાં ઘેરાઈ રહ્યાં છે, સંકટોની વાડો બંધાઇ રહી છે, ત્યારે મહામંત્રીને નિવૃત્ત થવાના વિચારો આવે છે? મહાઅમાત્ય શકટાળ અને અંગરક્ષક દળના અગ્રેસર શ્રીયકજી સિવાય વિશ્વાસ મૂકવાને કયું સ્થાન છે?'

શકટાળ મંત્રીની બુદ્ધિથી રાજતંત્ર ચાલે છે અને શ્રીયકજીની ધાકથી રાજકૂટુંબ સુરક્ષિન છે, એ બીના કોણ જાણતું નથી?

આવા કટોકટીના પ્રસંગે મહાઅમાત્યને આ વિચાર કયાંથી આવ્યો?

મહારાણીને વિચારમાં પડેલાં જોઈ મહાઅમાત્યએ પૂછયું:

"મહારાણી! શું વિચારો છો?"

"વિચારવાનું શું હોય? તમારા જેવા મહાન બુદ્ધિશાળી

મંત્રી આવા કટોકટીના પ્રસંગે રાજકુટુંબ અને રાજ્યને તરછોડવાના વિચારો કરે, તે તો આજે જ સાંભળ્યું. મહારાજાએ રાજ્યની લગામ તમને સોંપી છે, તે આવી રીતે દગો દેવા નહિ. મંત્રીજી! પિતા તુલ્ય રાજાને દુઃખના વાવાઝોડામાં સપડાયેલા છોડી, પ્રભુ ભક્તિમાં લીન થવાનો પ્રયત્ન કરવો, એ તમને શોભે છે?" પોતાની ઇચ્છા ન હોવા છતાં, મહારાણીએ શકટાળ મંત્રીને કડક શબ્દો સંભળાવ્યા.

"મહારાણી! આમાં શોભવા ન શોભવાનો સવાલ જ નથી. આપે પૂછવાથી મેં મારા વિચારો જણાવ્યા છે. વિચારો જણાવવા એટલે વિચારોને અમલમાં મૂક્યા ન ગણાય. મહારાણી! આપ કેટલીક બાબતોથી અજ્ઞાત છો. આપનો મારા પર ગમે તેટલો વિશ્વાસ હશે, પણ મહારાજાને આપ ધારો છો તેટલો વિશ્વાસ મારા પર નથી. ઘણાં વરસોથી રાજ્યની, રાજકુટુંબની સેવા કરી છે. સેવામાં જ જીંદગી પુરી થવા આવી છે. આજ સુધી નિષ્કલંકપણે કરેલી સેવાને કલંક ન લાગે તો સારૂં! આપ નાનાં તો, તો પણ આપને માતા તુલ્ય માનતો આવ્યો છું. જે રાજકુટુંબને વડિલ કુટુંબ તરીકે માનવાની ભાવના રાખી હતી અને રાખી રહ્યો છું, તે જ રાજકુટુંબ આજે મને કલંકિત માનવાને તૈયાર થયું છે." મહાઅમાત્યનો અવાજ ગળગળો થવા પામ્યો હતો. તેમનાં નેત્રોમાં અશ્રુનાં ઝાકળ દેખાવા લાગ્યાં. તેમણે આગળ કહેવા માંડ્યું:

"મહારાણી! મહારાજાની ભાવના પવિત્ર છે, પણ તે ભાવનાના મૂળમાં વિષનું સિંચન થવા લાગ્યું છે. હલકા લોકોનાં વચન પર વિશ્વાસ રાખી પોતાના માણસો પર અવિશ્વાસ રાખવા લાગ્યા છે. પોતાના પુત્ર પર પણ જેટલો વિશ્વાસ ન રાખે, તેટલો વિશ્વાસ મારા પર રાખનાર મહારાજા, કપટી-

ઓની કપટ જાળમાં ફસાઇ, મને અવિશ્વાસી માનવા લાગ્યા છે. મહારાણી! આ કલંક જેવું તેવું નથી. આ કલંક પૂર્ણપણે વીકસિત થવા પામે, તે પહેલાં મંત્રીપદની મુદ્રિકા મહારાજાને રાજીખુશીથી સુપ્રત કરવી, તે જ મને યોગ્ય લાગે છે."

મહાઅમાત્યની આંખમાંથી અશ્રુનું એક બિન્દુ ટપકી પડ્યું. તે જોતાં જ મહારાણીનું હૃદય દ્રવી ઉઠયું. 'આજ સુધી નિષ્કલંકપણે રાજ્યની સેવા કરનાર વૃદ્ધ મહામંત્રીની આંખમાં ઘરડા ઘડપણે દુઃખનાં આંસું.' આ વિચારે જયાદેવીના હૃદયમાં જવાળા પ્રકટાવી.

મહારાજાને આ શું સૂઝયું? મગધ રાજ્યને ઉન્નતિના શિખરે પહોંચાડનાર મહામંત્રી પર અવિશ્વાસ? રાજાની કીર્તિ માટે ભૂખ તરસનો પણ જેણે ખ્યાલ કર્યો નથી, તેના પર શંકા?

—મહારાણીને ઘણી જાતના વિચારો આવી ગયા. જેમ જેમ તે વિચાર કરતાં ગયાં, તેમ તેમ તેને વધારે દુઃખ થતું ગયું. સજળ નયને તે બોલ્યાં :

"મહામંત્રી! તમને આ કલંક હું કદાપિ નહિ લાગવા દઉં. મારા પર વિશ્વાસ રાખો. મહારાજાને હું ગમે તે પ્રકારે સમજાવીશ. તેમને પગે પડીશ, પણ આવું અઘટિત કાર્ય તેમના હાથે નહિ થવા દઉં. આ કલંક તમને નહિ પણ મહારાજાને લાગે છે. અંદર અંદરનો કલેશ પડતીની નિશાનીઓ દાખવે છે.

પંડિત ચાણક્યજી ગયા, તમે જાવ અને શ્રીયકજી પણ જવાને તૈયાર થાય તો રાજનું શું? અમારૂં શું? ભલે, મહારાજા કબુલ ન કરે, પણ હું તો જરૂર કબુલ કરીશ, કે રાજકુટુંબ પિતા પુત્રથી સુરક્ષિત છે. જે દિવસે તે પિતા

પુત્ર રાજદરબારમાંથી પોતાનો પગ કાઢી નાંખશે, તે દિવસે રાજકુટુંબ અરક્ષિત બનશે. થોડી વાર થોભી મહારાણીએ પૂછ્યું :

"મહામંત્રી! મને એક વચન આપશો?"

"મહારાણી! વચનની શી જરૂર છે? આપને મારા પર વિશ્વાસ નથી? કોઈ વખત આપની આજ્ઞાનો અનાદર થયો છે?"

"આજ્ઞાનો અનાદર થયો નથી, પણ ઇચ્છાનો અનાદર થાય તેવી બીક લાગે છે."

"મહારાણી! આપની ઇચ્છાનો અનાદર નહિ થાય. જે ઇચ્છા હોય તે જણાવો."

"મહામંત્રી! મારી ઇચ્છા છે કે, 'આવા કટોકટીના પ્રસંગે રાજકારણમાંથી નિવૃત્ત થવાનો વિચાર માંડી વાળો.' તેના બદલામાં હું ખાત્રી આપું છું કે, 'તમને કોઈ પણ જાતનું કલંક હું લાગવા દઈશ નહિ' મારા પર વિશ્વાસ રાખો."

—આ સાંભળી મહાઅમાત્ય વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે મહારાણીનો આત્મા દુભાવવો યોગ્ય નથી. થોડી વાર રહી તેમણે કહ્યું :

"મહારાણી! આપની ઇચ્છા હું માન્ય રાખું છું."

"મહામંત્રી! તમારો ઉપકાર કદિ નહિ ભૂલું." મહારાણી ગળગળતા અવાજે બોલ્યાં.

"મહારાણી! આપ અને મહારાજા મારાં મુરબ્બી છો. ઉંમરે આપ કરતાં વૃદ્ધ હોવા છતાં, હું આપની આગળ નાનો

છું. પણ મહારાણી ! એક વાત કહ્યા સિવાયરહી શકાતું નથી. ' સ્વાર્થી સેવકોની બુદ્ધિએ ચાલી, તેમના પર વિશ્વાસ મૂકી, પોતાના જ માણસો પ્રત્યે અપ્રીતિ દાખવનાર મહારાજા રાજકુટુંબનો નાશ વહોરી રહ્યા છે.' મહારાણી ! શું કહું ! રાજકુટુંબનું ભવિષ્ય મને સારૂં દેખાતું નથી." મહાઅમાત્યની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. આંખો લૂછતાં લૂછતાં તેમણે કહ્યું :

" મહારાણી ! માઠું લગાડશો નહિ. આ શબ્દો હું કહેતો નથી. પણ રાજ ભક્તિ ભર્યો મારો આત્મા કહી રહ્યો છે. સમજણો થયા પછી જો આંસુ ખાળ્યાં હોય, તો તે અહીં. આપની આગળ." મહાઅમાત્યથી આગળ બોલાયું નહિ. મહારાણીની આંખોમાં પણ આંસુ વહી રહ્યાં હતાં. મહાઅમાત્યના શબ્દો પર તેમને વિશ્વાસ હતો. તેમનું ભાખેલું ભવિષ્ય હંમેશાં ખરૂં પડતું. ' રાજકુટુંબનું ભવિષ્ય મને સારૂં દેખાતું નથી.' આ શબ્દો મહાઅમાત્યના મોંમાંથી નિકળતાં જ મહારાણીને ધ્રાસ્કો પડયો હતો.

' મહારાજા આ શું કરી રહ્યા છે ! પોતાના હાથે જ પોતાના કુટુંબનો નાશ કરવાની ધૂન લાગી છે ! અફસોસ !' મહારાણીની વિચારમાળા તોડી મહાઅમાત્ય બોલ્યાઃ

" મહારાણી ! ચિન્તા ન કરશો. પરમેશ્વર પર વિશ્વાસ રાખો. તે કોઇનું પણ બુરૂ કરવા ચાહતો નથી. મેં કહ્યું, તે તો મારી માન્યતા છે. માન્યતા એટલે ક્રિયા નહિ."

" મહામંત્રી ! તમારી માન્યતા હંમેશાં ખરી જ હોય છે, આ માન્યતા પણ જો ખરી પડે તો—" મહારાણી આગળ બોલી શકયાં નહિ. તેમને અત્યંત દુઃખ થવા લાગ્યું મહારાજા પર ક્રોધ ચઢયો, પણ સતિસ્ત્રીનો ક્રોધ ટકે કયાં સુધી ? તરતજ

તેમના વિચારોએ પલ્ટો ખાધો 'તેમાં મહારાજાનો પણ શો દોષ ? ભાવિ પ્રબળ છે. વિધિએ નિર્માણ કરેલું ભવિષ્ય મિથ્યા થવાનું નથી. પછી શોક પણ શા માટે કરવો ? મહારાજાને દોષ શા માટે દેવો ?' તેમણે મહાઅમાત્યને કહ્યું :

"મહામંત્રી ! તમારી માન્યતા ખરી જ પડશે, એમ મને લાગે છે, છતાં હું તન, મન અને ધનથી રાજકુટુંબનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરીશ, તમને કોઈ જાતનું કલંક ન લાગવા દેવાની જવાબદારી મારા પર છે. હૃદયમાં અવિશ્વાસને સ્થાન આપશો નહિ." થોડી વાર થોભી તેમણે કહ્યું :

"હવે તમારે જવું હોય તો જઈ શકો છો."

મહાઅમાત્યને લાગ્યું કે 'મહારાણી એકાન્ત ઇચ્છે.' તરતજ ઉઠતાં તેમણે કહ્યું :

"મહારાણી ! જ્યારે જરૂર પડે ત્યારે વિના સંકોચે બોલાવશો." કહી તેમણે નમન કર્યું.

મહારાણીએ અમી ભરી દ્રષ્ટિએ તેમના તરફ જોતાં વિદાય દીધી. મહાઅમાત્યે પુંઠ ફેરવી ચાલવા માંડ્યું.

તેમના ગયા પછી મહારાણી બબડ્યાં :

"કેવો પ્રભાવશાળી પુરૂષ !"

# ક્રૂર શિક્ષા.



પ્રતાપ એક છૂપા મંડળનો સભ્ય હતો. તેને મંડળનાં આગેવાન વિજયના કહેવાથી પોતાની સ્ત્રી ભદ્રાને પોતાની બહેન સુભગા પાસે રાજમહેલમાં સુવા મોકલી. બેનને જણાવ્યા મુજબ પ્રતાપે પોતાની સ્ત્રીનું ખુન કર્યું. તે પકડાતાં રાજાનંદે તેને કીલ્લાની ભીંતમાં ઉભો રાખી છાતીમાં ખીલા ઠોકવાની શિક્ષા આપી.

[કોપીરાઈટ–પ્રકાશકનો છે.] 

## પ્રકરણ ૧૩ મું

### ક્રૂર શિક્ષા

સોન નદીના કાંઠે આવેલી એક વિશાળ હવેલી, ભગવાન સૂર્યનારાયણના અસ્ત પામતા કિરણોના પ્રકાશ વડે દીપી રહી હતી. દેવમંદિરમાં સંધ્યા સમયની આરતીનો થતો ઘંટારવ, હવેલીમાં વસતી વ્યક્તિઓને આછો આછો સંભળાઈ રહ્યો હતો. રવિ દેવના અસ્તાચળ તરફ જવાના શાન્તિના વખતમાં પણ, અશાન્તિનો ભાસ થઈ રહ્યો હતો.

આજે સૂર્યોદય વખતે અમલમાં મૂકાયેલી એક વ્યક્તિની ક્રૂર શિક્ષા, નગરજનોની વાતોનો વિષય બની રહ્યો હતો.

સંધ્યા પૂજનની તૈયારી માટે બ્રાહ્મણ સ્ત્રીઓ નદીમાં સ્નાન કરતી હતી. તેમાંની એક બોલી :

" મહારાજાનંદના જેવી ક્રૂરતા તો મેં કોઈનામાં જોઈ નથી."

" તેમાં મહારાજાનો પણ શો વાંક ? જો તે આવી શિક્ષા

કરે નહિ, તો એ ખૂની જેવા કેટલાય માણસો પોતાની સ્ત્રીઓનાં ખૂન કરી નાંખે." બીજી સ્ત્રીએ અસ્ત પામતા સૂર્ય-નારાયણને બંને હાથ જોડતાં કહ્યું.

"પણ બધા પુરૂષો થોડા જ તેના જેવા ઘાતકી છે?" પહેલી સ્ત્રીએ બીજીની દલીલ તોડી પાડવાનો પ્રયત્ન કર્યો.

"જો બધા તેના જેવા ઘાતકી નથી હતા, તો મહારાજા થોડા જ બધાને તેના જેવી ક્રૂર શિક્ષા કરે છે!" બીજી સ્ત્રીએ પોતાનું કહેવું પકડી રાખ્યું હતું. મહારાજાએ ફરમાવેલી શિક્ષા તેને વ્યાજબી લાગતી હતી.

"પણ જે શિક્ષા થાય છે, તે જોવાતી કે સંભળાતી નથી."

"આજે સવારે અમલમાં મૂકાયેલી શિક્ષા વખતે તો તું હાજર હતી! પછી જોવાતી કે સંભળાતી કેમ નથી?" બીજી સ્ત્રીએ પ્રશ્ન કર્યો.

"જોવાતી નથી, એટલે એનો અર્થ એમ નહિ, કે દેખાતી નથી. મારા કહેવાનો અર્થ એ છે, કે તે શિક્ષા જોનાર કે સાંભળનારનું હૃદય પત્થર જેવું નિષ્ઠુર હોવું જોઈએ. કોમળ હૃદયના માણસોથી તે ક્રૂર શિક્ષા જોઈ કે સાંભળી જતી નથી." પહેલી સ્ત્રીએ ખુલાસો કર્યો.

"તારા જેવી કોમળ હૃદયની સ્ત્રીઓનું આ જગતમાં કામ પણ નથી. હૃદયની બહુ કોમળતાથી જ ભદ્રાનો પ્રાણ ગયો. નહિ તો પ્રતાપની મગદૂર શી, કે રાણીવાસમાં નિદ્રાધીન થયેલી પોતાની પત્નીનું ખૂન કરવાની હિંમત કરે!—"

તે આગળ બોલવા જતી હતી, પણ કેટલાક પુરૂષોનું ટોળુ

તેમની તરફ આવતું જણાવાથી, પાણીમાંથી બહાર નીકળી તે બંને સ્ત્રીઓએ પોતપોતાનાં વસ્ત્રો પરિધાન કરી લીધાં.

\+ \+ \+

ભવ્ય હવેલીના સુશોભિત ઝરૂખામાં બે વ્યક્તિઓ નદીના પ્રવાહ તરફ પોતાનાં મુખ કરીને બેઠી હતી.

"દેવી ! મહારાજાનંદની આજની શિક્ષાનો અમલ તેમની પડતીની નિશાની દાખવી રહ્યો છે." બંનેમાંથી જમણા હાથ તરફ બેઠેલી વ્યક્તિએ બીજી વ્યક્તિને ઉદ્દેશી કહ્યું.

"પ્રભુ ! મહારાજાએ આવી તો ઘણીએ શિક્ષાઓ ફરમાવી છે અને તેનો અમલ પણ થઈ ચૂકયો છે. તેમના મનથી આ શિક્ષા તો નજીવી છે." બીજી વ્યક્તિ બોલી.

"આ શિક્ષા તો હું જીવીશ ત્યાં સુધી મને સાંભરશે. કેવી ક્રૂર શિક્ષા !" પહેલી વ્યક્તિએ દયાર્દ્ર સ્વરે બોલતાં નિશ્વાસ નાખ્યો.

"પ્રભુ ! જે હાથ ખૂન કરતાં ખમચાય નહિ, તે હાથને કાપી નાખવામાં આવે, તે અયોગ્ય કહેવાય ? જે પતિ પોતાની પત્નીનું ખૂન કરે, તે પતિને એક ભીંત સાથે ખીલાથી જડી દેવામાં આવે, તે અન્યાય કહેવાય ? જે માણસ પોતાના રાજાનો નાશ કરવાનો પ્રયત્ન કરે, તે રાજદ્રોહીને ક્રૂર શિક્ષા કરવામાં આવે, તો શિક્ષા કરનાર ક્રૂર કહેવાય ? પ્રભુ ! આપનું હૃદય દયામય છે, તેથી જ આપ આમ બોલો છો. આપ હજી તે માણસને ઓળખતા નથી."

—બીજી વ્યક્તિ અત્યંત પ્રેમ ભર્યા સ્વરે બોલતી હતી. તેના કંઠની કોમળતા ગમે તેવા માનવ હૃદયને હચમચાવી

મૂકે તેવી હતી. તેના કંઠથી ચઢિઆતો તેનો અંગમરોડ હતો. અંગમરોડથી ચઢિઆતું તેનું સૌંદર્ય હતું. સૌંદર્યથી ચઢિઆતા તેના આદર્શ ગુણો હતા અને ગુણોથી ચઢિઆતી તેના કંઠની માધુર્યતા હતી. એટલે કે તેના મન, વચન અને કાયાના ગુણો એક બીજાથી ચઢિઆતા છે.

"તું તે માણુસ વિષે કંઇ જાણે છે?" પહેલી વ્યક્તિએ પ્રશ્ન કર્યો.

"હા. હું તેને સારી રીતે ઓળખું છું. તેના પર નજર રાખવા માટે મેં મારી દાસીને અહીંથી મોકલી છે. તેના તરફથી મને ઘણી જાતના સમાચાર મળ્યા કરે છે.

જે માણસને શિક્ષા કરવામાં આવી હતી, તે માણસનું નામ પ્રતાપ હતું. બાર સભ્યોનું એક મંડળ સ્થપાયેલું છે. તેમાં એક પ્રમુખ છે. બીજો તે મંડળનો કાર્યકર્તા છે. અને બાકીના દસ સભ્યો તે મંડળના સભાસદ તરીકે ઓળખાય છે. તે દસ સભ્યોમાંનો એક સભ્ય પ્રતાપ હતો.

પ્રતાપની બહેન સુભગા રાણીવાસમાં દાસી તરીકે કામ કરતી હતી. તે નાનપણમાં વિધવા થયેલી હોવાથી રાણીવાસમાં જ રહેતી હતી. તેની પર મહારાણીની મીઠી નજર હતી.

પ્રતાપની પત્નીનું નામ ભદ્રા હતું ભદ્રા પણ રાણીવાસમાં દાસી તરીકે કામ કરતી હતી. તે રાતના વખતે પોતાનાં મકાનમાં જ રહેતી.

કેટલાક વખતથી તેનો પતિ પ્રતાપ દારૂના નશામાં ચકચૂર રહેવા લાગ્યો હતો. તેમના મંડળ પર દેખરેખ રાખવા માટે મોકલેલી મારી દાસીના રૂપ પર દરેક વ્યક્તિ મોહી ગઇ હતી.

દરેકને ખોટાં આશ્વાસનો આપીને મૂર્ખ બનાવનાર દાસી હજી સુધી પવિત્ર રહી શકી નથી.

એક વખતે મારી દાસી, દારૂના નશામાં ચકચૂર બનેલા પ્રતાપ સાથે તેના ઘેર ગઈ. ઘેર પહોંચતાંની સાથે જ તે એક બિછાના પર બેભાન જેવો થઈને પડયો. તેનો લાભ લઇ દાસી સ્ત્રી ભદ્રાને મળી. તેને સર્વ વાતે માહિતગાર કરવાની દાસીની ઇચ્છા હતી. ભદ્રાને મળતાં જ તે બોલી : 'જો, તારો પતિ બીજી સ્ત્રી કરવાનો છે માટે ચેતીને ચાલજે. કાવત્રાખોર મંડળમાં તેણે ભાગ લીધો છે. તારા મહારાજાનો તેમજ રાણીનો નાશ કરવાની તે મંડળની ઇચ્છા છે. માટે જેમ બને તેમ જલ્દી તું તારી મહારાણીને ચેતાવજે.'

—આવી જાતની ભલામણ કરી તરતજ તે પાછી ફરી. ત્યાં જવાનો તેનો ઉદ્દેશ ફક્ત ભદ્રાને મળવાનો જ હતો. તેની તે ઇચ્છા પાર પડી હતી.

પોતાના પતિનું નામ ન આપતાં તે વાત ભદ્રાએ મહારાણીને જણાવી. મહારાણીને તેણે કહ્યું હતું, 'એક સ્ત્રી મને કહી ગઇ છે. તે સ્ત્રીને હું ઓળખતી નથી.'

તે દિવસથી મહારાણી સાવચેત રહેવા લાગ્યાં હતાં.

તે પહેલાં રાણીવાસમાં એક પ્રસંગ બની ગયો હતો. નાના રાજકુમારને કોઇએ ચોરી છૂપીથી ઝેર આપ્યું હતું. પણ રાજવૈદ્યની માત્રાથી તે ઝેરનો નાશ થયો હતો અને કુમાર બચી ગયો હતો. આ કામ કોણે કર્યું હતું, તે કોઈ જાણતું નથી, પણ હું જાણું છું. ઝેર આપનાર સુભગા હતી. પ્રતાપે તેની બહેન મારફતે કુમારને ઝેર અપાવ્યું હતું. આ સમાચાર મને મારી દાસીએ આપ્યા હતા.

એક દિવસે સુભગાએ અત્યંત વહાલથી પોતાની ભાભી

ભદ્રાને કહ્યું :

"ભાભી! આજની રાત મારી પાસે ન સૂઈ જાવ?"

"કેમ, બહેન!" ભદ્રાએ નણંદને પૂછ્યું.

"આજે મને ઠીક લાગતું નથી. શરીરમાં તાવની અસર લાગે છે." સુભગાએ કારણ જણાવ્યું.

"તમારા ભાઇને કહી, હું જરૂર આવીશ." નણંદ પ્રત્યેના પ્રેમમાં ભાભી ફસાઈ ગઇ.

તે રાત્રે પતિની રજા લઇ ભદ્રા પોતાની નણંદ પાસે સૂઇ ગઈ. મધ્યરાત્રી વીતિ ગયા પછી નણંદ ભોજાઈના ખંડમાંથી અચાનક કારમી ચીસ સંભળાઇ. ચીસ સાંભળી આજુબાજુના પહેરેગીરો દોડી આવ્યા. સૌની પાછળ મહારાજા ધીમે ધીમે તે ખંડ તરફ જઈ રહ્યા હતા. અચાનક એક દોડતો માનવદેહ તેમની નજરે પડયો. મહારાજાએ બિલકુલ અવાજ કર્યા વગર તેની પુંઠ પકડી. ચારેક કદમ પણ વટાવ્યા નહિ હોય, એટલામાં તેમણે તે માણસને ગરદનથી પકડયો. તેણે છૂટવાના ઘણા ફાંફાં માર્યા, પણ મહારાજાની મહાન શક્તિ આગળ તેનું કંઈ વળ્યું નહિ. મહારાજાએ તેના હાથમાંથી હથિયાર ઝુંટવી લીધું.

સાંકેતિક શબ્દ સાંભળી તેમનો અનુચર દોડી આવ્યો. સશક્ત અનુચરને તે વ્યક્તિ સોંપી, મહારાજા પોતાના ખંડમાં ચાલ્યા ગયા.

બીજે દિવસે રાજસભામાં તે માણસને હાજર કરવામાં આવ્યો. મહારાજાએ વસ્તુનો સર્વ આંકડો મેળવી ખુલાસો કર્યો.

આ માણસનું નામ પ્રતાપ છે. તેની સ્ત્રી ભદ્રા પવિત્ર હૃદયની પતિવ્રતા સ્ત્રી હતી. ભદ્રા ગઇ કાલે રાત્રે રાણીવાસમાં

આવેલા દાસીઓના ખંડમાં તેની નણંદ પાસે સૂઈ ગઇ હતી. તેને સૂવાડવાનો પ્રતાપનો હેતુ એવો હોવો જોઇએ, કે 'આ ખૂન રાણીવાસમાંથી જ કોઇએ કર્યું છે.' એમ પુરવાર થઇ જાય.

પણ ચોરના પગ કાચા હોય છે, તે કહેવતાનુસાર પ્રતાપ ખૂન કરીને ચોરી છૂપીથી નાસતો હતો. અચાનક તે મારા હાથે સપડાઈ જવા જવા પામ્યો છે. આ ખૂન સંબંધમાં તેની બહેન સુભગાનો પણ હાથ હોવો જોઇએ, એમ મને લાગે છે.

આ પ્રમાણેનો ખુલાસો કરી, મહારાજાએ સભામાં હાજર રહેલા ન્યાય ખાતાના સભ્યોની સલાહ લીધી. દરેકની સલાહનો સાર એ આવ્યો, કે 'મહારાજાની માન્યતા ખરી છે.'

પછી મહારાજાએ જાહેર કર્યું :

"જ્યાં સુધી સુભગા નિર્દોષ ઠરે નહિ, ત્યાં સુધી તેને કેદમાં રાખવી."

"પ્રતાપને હું એ શિક્ષા કરૂં છું, કે તેણે જે હાથે પવિત્ર સતિનું ખૂન કર્યું છે, તે હાથ કાપી નાખવો. અને રાણીવાસ પર ખૂનનો આરોપ નાખવાની જે તેણે પચ્છા રાખી હતી, તેના બદલામાં તેને સોન નદીના કાંઠે આવેલી 'ક્રૂર ભીંત' સાચે ખીલા મારી જડી લેવો. આ શિક્ષાનો અમલ આવતી કાલે સૂર્યોદય વખતે થવો જોઇએ."

આ ક્રૂર શિક્ષા સાંભળી આખી સભામાં આશ્ચર્ય પ્રસર્યું હતું. પણ મહારાજાનંદની ફરમાવેલી શિક્ષાનો વિરોધ કરવાની કોઈની તાકાદ નહોતી.

—તે શિક્ષાનો અમલ આજે સૂર્યોદય વખતે થયો હતો."

"પ્રભુ ! આ ગુન્હાને આપ નજીવો ગુન્હો માનો છો ?" બીજી વ્યક્તિએ પ્રતાપના ગુન્હાનો ખુલાસો કરી, પ્રશ્ન કર્યો.

પહેલી વ્યક્તિ–જે પુરૂષ હતી તે–વિચારમાં પડી ગઇ. તેની બાજુમાં બેઠેલી સ્ત્રી વ્યક્તિ, પુરૂષના મનોભાવ જાણવા માટે તેના ચહેરા તરફ એકી નજરે જોઇ રહી.

સ્ત્રી વ્યક્તિએ જણાવેલી હકીકત સર્વાંશે ખરી હતી. તેણે પોતાની દાસીને કાવત્રાખોર મંડળની હીલચાલ તપાસવા મોકલી હતી. અવારનવાર તે દાસી તરફથી ઘણા સમાચાર જાણવા મળતા હતા. આજે બપોરના સમયે આ બીના તે વ્યક્તિને પોતાની દાસી પાસેથી જાણવા મળી હતી.

ભદ્રા નામની સ્ત્રી રાણીવાસમાં દાસી તરીકે કામ કરતી હતી. તેને થોડાક વખત પહેલાં એક સ્ત્રીએ ચેતાવી હતી અને અને જે જે વાતો તે સ્ત્રીએ તેને કહી હતી, તે તે વાતો તેણે મહારાણીને જણાવી હતી. આ સમાચાર વિજયને મળ્યા હતા. કાવત્રાની ગંધ મહારાણીને આવ્યાનું જાણી, વિજયના મનમાં એક નવી ચિંતાએ ઘર કર્યું હતું, જો મહારાણી આ હકીકત નંદરાજાને જણાવે અને સાવચેતીથી તપાસ કરવામાં આવે, તો મંડળને પકડાઈ જતાં વાર લાગે નહિ. આ વિષય પર બે ત્રણ દિવસ સુધી વિચાર્યા બાદ વિજયને એક યુક્તિ જડી આવી.

બીજે દિવસે સાંજના સમયે તે પોતાના મંડળના સભ્ય પ્રતાપને મળ્યો. મીઠા મીઠા શબ્દો બોલી અને ખોટી ખોટી આશાઓ આપી તેણે પ્રતાપને કહ્યું :

" જો, પ્રતાપ ! કોઇ પણ હિસાબે તું તારી પત્નીનો નાશ કરે, તો જ તું અને આપણું મંડળ નિર્ભય બની શકે. નહિ

તો મંડળ તો ભયમાં મૂકાશે જ, પણ હું, વરરૂચિ અને પદ્મા તેમાંથી છટકી શકીશું. તમારાથી છટકી શકાય તેમ નથી. મને નથી લાગતું કે તું આ બાબતમાં આનાકાની કરે. જો આપણા મંડળનું કાર્ય પાર પડશે, તો તને મોટી જગ્યા મળશે અને જેના માટે તું આજ સુધી તલસી રહ્યો છે, તે સ્ત્રી પણ મળશે. ભદ્રાને તો તું ન છૂટકે નીભાવી રહ્યો છે. ભદ્રાનો નાશ થાય તો નવી સ્ત્રીને પત્ની તરીકે ગ્રહણ કરવામાં તને વાંધો નહિ આવે."

વિજયના વાક્ચાતુર્યમાં ફસાયેલો પ્રતાપ હવામાં કિલ્લા ચણી રહ્યો હતો, ભદ્રાનું ખૂન કરવાનો વિચાર તેને મૂંઝવી રહ્યો હતો. ખૂન શબ્દથી ભડકનારા પ્રતાપે ઘણી આનાકાની કરી.

"વિજયદેવ! મારાથી મારી પત્નીનું ખૂન ન થઇ શકે. મારાથી માનવ જાતિનું ખૂન શી રીતે થાય? ખૂન કરવાની હિંમત પણ મારામાં ક્યાં છે? ખૂન કરતાં હું સપડાઈ જાઉં, તો મારી શી દશા થાય? સવારે મારા ઘરમાં મારી પત્નીનું ખૂન જાહેર થાય એટલે ખૂની તરીકે મને જ પકડવામાં આવે. ખૂન મેં નથી કર્યું, તેનો પુરાવો પણ શું?" પ્રતાપનું સર્વાંગ કંપી રહ્યું હતું. તેના હૃદયમાં દુઃખનો વરસાદ વરસી રહ્યો હતો. તેની નજર આગળ ખૂનીઓને થયેલી ભયંકર શિક્ષાઓ તરવરવા લાગી. પોતાને પણ આવી ક્રૂર શિક્ષા થાય તો? તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. તેણે પોતાની આંખો પર બન્ને હાથ દાબી દીધા.

"જો, પ્રતાપ!" પ્રતાપની નજીક જઈ, તેની પીઠ પર હાથ મૂકતાં વિજય કહેવા લાગ્યો: "આમ નિર્બળ હૃદયના બનવાથી આપણું મંડળ કેવી રીતે નભી શકે? તું આપણા

મંડળની હસ્તિનો નાશ કરવા ઇચ્છે છે? કાવત્રાખોર તરીકે પકડાઈ, જગતમાં નામોશી વહોરી લેવી છે? તેં શું ધાર્યું છે, તે જ મને તો સમજાતું નથી." બીજી રીતે પ્રતાપને ગભરાવી મૂકવાનો વિજયે પાસો ફેંક્યો.

થોડો વખત વિચાર કરી, પ્રતાપ બોલ્યો :

"પણ હું ખૂની તરીકે પકડાઇ જાઉં તો?"

"તું ખૂની તરીકે નહિ પકડાય. તેટલા માટેજ જો તું ગભરાતો હોય, તો તે માટે ગભરાવાની જરૂર નથી. હું તને રસ્તો બતાવું તે પ્રમાણે તું કર." વિજયે પોતાનો કીમિયો અજમાવવા માંડયો.

"હું ખૂની તરીકે ન પકડાઉં, તેટલી જ મારી ઇચ્છા છે. બીજું બધું તો તમે જે કહેશો તે કરવા હું તૈયાર છું." પ્રતાપની ગભરામણનો પાર નહોતો. આ ગુન્હામાંથી કેવી રીતે છટકી શકાય, તે જ તે શોચતો હતો. તે સમજતો હતો કે ભદ્રાનું ખૂન કરવું તે ભયંકર પાપ છે. ભદ્રા મન, વચન અને કાયાથી પવિત્ર હતી. આજ સુધી તેણે પતિ પ્રત્યેની પોતાની દરેકે દરેક ફરજ બજાવતી હતી.

"પ્રતાપ!" વિજયે કહેવા માંડ્યું. "જો, તારી સુભગા નામની બહેન છે, તે હંમેશાં રાણીવાસમાં જ રહે છે. નાની વયમાં વિધવા બનેલી હોવાથી તે તારા ત્યાં કોઈક વખતે જ આવે છે. આજે તું તારી બહેનને સમજાવજે. તે તારા કામમાં મદદ કરવા હંમેશાં તૈયાર જ હોય છે. નાના કુમારને ઝેર આપવામાં પણ તેણે તને મદદ કરેલી છે, આ કામમાં જો તે આનાકાની કરે, તો તું તેને વિષ પ્રાશનનો પ્રસંગ યાદ દેવડાવજે, એટલે તરત જ કબુલ થશે." થોડીવાર થોભી તેણે

પ્રતાપના ચહેરાનું નિરિક્ષણ કરવા માંડ્યું. પછી તેણે આગળ કહેવા માંડ્યું :

"તારી બહેનને તું કહેજે કે જ્યારે ભદ્રા મળે ત્યારે તેને કહે, 'ભાભી! આજે મને ઠીક લાગતું નથી. આજની રાત તમે અહીં સૂઈ જાવ તો વાંધો છે?' ભદ્રા તેમાં સંમત્તિ આપશે. તે જ રાત્રે ભદ્રા સુભગાની પાસે તેના ખંડમાં સૂઇ જશે. તને મહાલયની આસપાસ ફરવાની પરવાનગી છે, એટલે તું ત્યાં જઇ શકશે. ભદ્રાના ઉંઘી ગયા પછી તારી બહેન તે ખંડનું દ્વાર અંદરથી ખુલ્લું રાખે :એવી ગોઠવણ કરજે. આસ૰ પાસનું વાતાવરણ શાન્ત થયા પછી તું ધીમેથી તે ખંડમાં પ્રવેશ કરજે. તારા કહ્યા પ્રમાણે તારી બહેન જાગતી હશે. તું બિલકુલ ગભરાયા સિવાય તારી પત્નીનું ખૂન કરજે. તે એટલી સશક્ત નથી કે ઘાયલ થયા પછી બૂમ મારવાને યશસ્વી થઈ શકે. તારા ત્યાંથી ગયા પછી તારી બહેન 'ખૂન! ખૂન!' કરીને બૂમ મારે, એટલે તરત જ પહેરેગીરો દોડી આવશે. પણ તે પહેલાં તો તું :પસાર થઇ ગયેલો હોઈશ. રાણીવાસમાં તેની તપાસ થશે. આરોપ ત્યાં :વસનારાઓમાંથી કોઇના પર આવશે. તું આબાદપણે છટકી જઇશ. આ યુક્તિથી તું નિર્દોષ રહીશ તારી પત્નીએ મહારાણીને કહેલી વાત દબાઇ જશે. તેને સમાચાર આપનાર સ્ત્રીના હાથ પગ ઢીલા પડી જશે. તારા પર કોઇને સંશય આવશે નહિ. આપણું મંડળ તેનું કાર્ય આગળ ધપાવ્યે જશે. કહે! તને આ યુક્તિ પસંદ છે કે નહિ!"

—પ્રતાપ જવાબ આપી શક્યો નહિ. 'હા,' કહેવી કે 'ના,' તેની તેને સૂઝ :પડતી નહોતી. પોતાની પત્નીનું ખૂન કરવા કયો પતિ ખુશી હોય? યુક્તિ ગમે તેવી સુંદર હોય,

તો પણ ક્યા માનવીને આવી દુષ્ટ યુક્તિ પસંદ હોય? પ્રતાપની મૂંઝવણ વધવા લાગી. તેને થયું કે 'જો હું આ કાવત્રાખોર મંડળમાં દાખલ થયો ન હોત તો કેવું સારૂં થાત?'

—પણ હવે તે વિચાર કરવાનો સમય નહોતો. ખૂન કરવાની તેની ઇચ્છા નહોતી. પણ જો ખૂન કરે નહિ, તો કાવત્રાખોર મંડળમા સભ્ય તરીકે જાહેરમાં બદનક્ષી વહોરી લઈ, ક્રૂર શિક્ષા સહન કરવી પડે તેમ હતું. બન્ને બાજુએ ઘોર અંધકાર હતો. તેના નાનકડા મગજમાં વિચાર પણ કેટલા થઈ શકે? ત્રુટતા અવાજે તે બોલ્યો :

"વિજયદેવ! તમારા કહેવા પ્રમાણેની યુક્તિને મારે અનિચ્છાએ પણ માન્ય રાખવી પડશે. આવતે કાલે હું તેનો અમલ કરીશ."

—આટલું કહી એક પળનો પણ વિલંબ કર્યા વગર તે ત્યાંથી ચાલ્યો ગયો.

તેના ગયા પછી વિજયના ચહેરા પર હાસ્યની છાયા પ્રસરી.

'કેટલો મૂર્ખ! કાવત્રાખોર તરીકે તે પકડાત અને અમે બચી જાત?' વિજય સ્વગત્ બબડયો.

બીજે દિવસે વિજયના જણાવ્યા પ્રમાણે પ્રતાપે પોતાના કાર્યક્રમને અમલમાં મૂકયો. પણ, અફસોસ! તકદિર ચાર ડગલાં આગળ હતું. તે ખૂન કરવા ગયો ત્યારે ભદ્રા જાગતી હતી. પ્રતાપે ઉગામેલો હથિયારવાળો હાથ જોઇ તેનાથી ચીસ પડાઇ ગઈ. ચીસ સાંભળી પ્રતાપ વધારે ચીડાયો. તેણે ઉગામેલા હાથે પોતાનું કાર્ય પૂરૂં કરૂં.

ભદ્રાની ચીસ સાંભળી પહેરેગીરો વગેરે દોડી આવ્યા. પ્રતાપે રાત્રિનો લાભ ઉઠાવ્યો. પહેરેગીરોની નજર ચૂકવી તે બહાર નીકળી ગયો. ચીસ સાંભળી મહારાજા પણ જાગી ઉઠ્યા હતા. તેમણે ધીમે ધીમે આવેલા અવાજની દીશા તરફ જવા માંડ્યું. તેમનું ધારવું હતું, કે ખૂની ત્યાંથી નાસીને આટલામાં જ છૂપાયો હોવો જોઇએ. તેમનાં ચક્ષુ ચારે બાજુએ ખૂનીની શોધ કરી રહ્યાં હતાં. અચાનક લપાતી છૂપાતી નાસી રહેલી એક વ્યક્તિ પર તેમની નજર પડી. તરત જ તેમણે તે વ્યક્તિનો પીછો પકડયો. ચારેક કદમને અંતરે જતાં જતાં તેમણે તેને પકડી પાડી. એક સાંકેતિક અવાજ કરી પોતાના એક ખાસ પહેરેગીરને તેમણે બોલાવ્યો. તે પહેરેગીર આવતાં તેને આ વ્યકિત સુપ્રત કરી મહારાજા પોતાના ખંડમાં ગયા. ત્યાં જઈ બીજા પહેરેગીરને તેમણે બોલાવ્યો. તેની પાસેથી તે મને સમાચાર મળ્યા કે તેની બાજુમાં મરનાર સ્ત્રીની નણંદ સુભગા નામની દાસી સૂતી હતી. તરત જ તેને મહારાજાને બોલાવી. કેટલાક પ્રશ્નો પૂછ્યા બાદ સુભગાના બોલવા પરથી મહારાજાએ નક્કી કરી લીધું, કે આ ખૂનમાં તેનો પણ હાથ હોવો જોઇએ. મહારાજાએ તેને પકડીને કેદમાં પૂરવાનો પહેરેગીરને હુકમ આપ્યો.

આખી રાત તેમણે વિચારમાં પસાર કરી. બીજે દિવસે રાજસભામાં પોતાના વિચારો જણાવતાં તેમણે કહ્યું:

"પ્રતાપ ખૂની હોય એમ મારી માન્યતા છે. સુભગાની તેને સહાય હોવી જોઇએ. ભાઇ બહેને એક મતે વિચાર કરી, મરનાર સ્ત્રીને અહીં સૂવાડી હોવી જોઇએ. તેમ કરવામાં તેમનો હેતુ એ હોવો જોઇએ કે ખૂન કરનાર પ્રતાપ નાસી જાય, જાય, અને ખૂનનો આરોપ આજુબાજુમાં રહેનાર પર આવે."

—આ ઉપરાંત તેમણે રાત્રે બનેલી હકિકત પણ જણાવી. ન્યાય મંડળના સભ્યોએ વિચાર કરી, સર્વાનુમતે મહારાજાના કથનને ટેકો આપ્યો.

પ્રતાપને ગુન્હેગાર ઠરાવી મહારાજાએ સજા જાહેર કરી.

"ગુન્હેગારે જે હાથે ખૂન કર્યું છે, તે હાથ કાપી નાખવો. પોતાના પર ખૂનનો આરોપ ન આવે, તેટલા માટે તેણે રાણીવાસના એક વિભાગમાં આવેલા ખંડમાં ખૂન કર્યું છે. તેનો આશય એવો હોવો જોઇએ, કે આ આરોપ તેટલામાં જ હાજર હોય, તેમાંના એકાદ પર આવે. આવા નીચ વિચાર કરવાનાં ગુન્હા માટે હું તેને, સોન અને ગંગાના સંગમ પર આવેલી 'ક્રૂર ભીંત' સાથે ખીલાથી જડી દેવાની શિક્ષા ફરમાવું છું. આ શિક્ષાનો અમલ આવતી કાલે સૂર્યોદય વખતે થવો જોઇએ, એવી મારી આજ્ઞા છે."

—આ શિક્ષા સાંભળી સભામાં હાજર રહેલાઓના ચહેરા પર દુઃખની વાદળી ફરી વળી હતી. કોઈની તાકાદ નહોતી, કે મહારાજાનંદની શિક્ષાનો વિરોધ કરી શકે.

બીજા દિવસે સૂર્યોદય વખતે આ શિક્ષાનો અમલ થયો હતો.

જે દિવસે આ શિક્ષાનો અમલ થયો હતો, તે જ દિવસે સાંજના સમયે એક સ્ત્રી અને એક પુરૂષ વચ્ચે આ વિષય ચર્ચાઈ રહ્યો હતો. સ્ત્રીના પ્રશ્નનો જવાબ હજી સુધી પુરૂષ આપી શકયો નહોતો. તેને લાગતું હતું કે મહારાજાએ ફરમાવ્યું હતું કે મહારાજાએ ફરમાવેલી શિક્ષા ઘાતકી હતી. તેણે શાન્તપણે સ્ત્રીને જવાબ આપ્યો.

"દેવી! પ્રતાપ ગમે તેટલો ગુન્હેગાર હોય, તો પણ આ

શિક્ષા માનવ હૃદયને પિગળાવી નાખનારી છે. મને લાગે છે કે, આવી ક્રૂર શિક્ષાઓ ફરમાવી મહારાજાનંદ પોતાના નાશની દીશા ખુલ્લી કરી રહ્યા છે. આ શિક્ષા એટલે મહારાજાના વિનાશનું ચિન્હ છે."

—આ શિક્ષાથી તે પુરૂષના હૃદયમાં અત્યંત દુઃખ થઈ રહ્યું હતું. શું એક માણસ બીજા માણસને આવી ક્રૂર શિક્ષા ફરમાવી શકે ?

પુરૂષને થતું દુઃખ સ્ત્રીથી જોયું જતું નહોતું તેણે કહ્યું : " પ્રભુ ! આપના હૃદયમાં તીવ્ર વેદના થઇ રહી છે. મને લાગે છે કે સતારના મધુર સ્વરમાં આપના હૃદયનું દુઃખ ઓછું થશે."

—જવાબની રાહ જોયા વગર તે સ્ત્રી અંદરના ખંડમાંથી સતાર લાવી વગાડવા લાગી. સતારના મધુર સ્વરમાં તે પુરૂષ પોતાના દુઃખને ભૂલવા લાગ્યો.

# પ્રકરણ ૧૪ મું

## ક્રૂર નંદ

અનંતકાળથી ચાલ્યું આવતું જગત અનંતકાળ સુધી અબાધિતપણે ચાલ્યા જ કરવાનું. સારાં ખોટાં કૃત્યો કરનાર માનવ દેહને પોતાના ઉદરમાં સ્થાન આપી તેમના જીવનકાળ સુધી પાળનાર જગત હંમેશાં પવિત્ર જ ગણાવાનું. તેના પ્રવાહમાંના બિન્દુઓને ઇતિહાસના પાના પર સદાને માટે સ્થાન મળવાનું જ.

વિશાળ જગતમાં અનેક રાજ્યો થયાં છે, અનેક છે અને અને અનેક થશે. આજ સુધીનાં રાજ્યોનો ઇતિહાસ તપાસવામાં આવે, તો રામ રાજ્ય જેવું સુખી રાજ્ય મળવું મૂશ્કેલ છે. પણ તે તો રહી ભગવંતોની વાતો. ભગવાનના રાજ્યમાં તો સુખ હોય જ. તેટલું સુખ આપવાનો અધિકાર ભગવાનનાં ન ગણાતા રાજાઓને નથી, એમ તો ન જ કહી શકાય.

કેટલાક રાજાઓનાં જીવન ચરિત્ર વાંચ્યા પછી તેમની રાજપદ્ધતિ વિષે માન ઉપજે છે. કેટલાકનાં ભોળપણો વાંચી દયા આવે છે. જ્યારે કેટલાકની ક્રૂરતા વાંચી તેમના પ્રત્યે તિરસ્કાર ઉપજે છે.

કેટલાક સમય પછી માનનીય રાજ્ય પદ્ધતિ વીસરાઇ જાય છે. ભોળપણની સીમા ઓળંગી જનાર પર આવેલી દયા પણ હૃદયમાંથી નાશ પામે છે. પરંતુ નથી નાશ પામતો ફક્ત ક્રૂરતા પ્રત્યેનો તિરસ્કાર.

અનેક દૃષ્કૃત્યો કર્યા પછી એકાદ સદ્દકૃત્યો કરવામાં આવે, તો દૃષ્કૃત્યોને ભૂલાઈ જવાતું નથી, પણ અનેક સદ્દકૃત્યોની પાછળ એકાદ દૃષ્કૃત્ય થવા પામે, તો સઘળાં સદ્દકૃત્યો ભૂલાઈ જવાય છે. ઇતિહાસનાં પાનાં પરથી તે ભૂંસાઈ જાય છે એટલે નાશ પામે છે એમ નહિ, પણ તે સદ્દકૃત્યોને કલંક લાગે છે. સદ્દકૃત્યો ભૂલાઈ જવાય છે પરંતુ દૃષ્કૃત્યો ભૂલાતાં નથી.

—તેજ પ્રમાણે મહારાજાનંદનું પણ થવા પામ્યું હતું. તેમણે પ્રજાને પુત્ર સમાન પાળી હતી. પ્રજાને તેમના પ્રત્યે માન હતું. છતાં નંદરાજાની ક્રૂર શિક્ષા સાંભળી, તેમના પ્રત્યે માનની નજરે જોનાર પ્રજા, કોઈ કોઈ વખતે તેમના કૃત્યને, તેમને તિરસ્કારતી, પ્રજા પ્રત્યેનો તેમનો પ્રેમ જ, : પ્રજાના તેમના પ્રત્યેના તિરસ્કારને માનની લાગણીના રૂપમાં ફેરવી નાખતો.

મહારાજાનંદ મ. સં. ૧૧૨ ઈ. સ. પૂ. ૪૧૫માં જ્યારે ગાદી પર આવ્યા ત્યારે તેમણે એક ક્રૂર કૃત્ય કર્યું હતું. પોતે શુદ્ર કન્યાને પેટે જન્મેલા હોવાથી કેટલાક ક્ષત્રિઓ તેમનો અમલ સ્વીકારવાની વિરૂદ્ધમાં હતા. પોતે શુદ્ધ ક્ષત્રિઓ હોવાથી એક શુદ્ર કન્યાને પેટે જન્મેલા મહારાજાનંદને રાજા તરીકે

સ્વીકારવાને તેમનું ક્ષાત્ર તેજ ના પાડતું હતું.

મહારાજાને કાને જ્યારે આ વાત આવી, કે ક્ષત્રિઓ તેમને 'રાજા' માનવા કબૂલ નથી, ત્યારે તેમને અત્યંત ક્રોધ ચઢ્યો. 'હું રાજા હોવા છતાં તે મારી આજ્ઞા કેમ ન માને ? નંદ વંશની દ્રષ્ટિએ પણ હું જ હકદાર છું. તેમ છતાં તે લોકોએ હાથીણીને કળશ આપ્યો અને કુદરતે મને યારી આપી. હાથીણીએ કળશ મારા પર ઢોળ્યો, સર્વ રીતે હું લાયક ઠર્યો, છતાં મને 'રાજા' માનવા તેમને શી હરકત છે ?'

—આ ભાવનાએ તેમના હૃદયમાં ક્રૂરતાનાં બીજ રોપ્યાં. તેમણે પોતાના હાથ થીચેના વડા અધિકારીઓને હુકમ કર્યો, "જે લોકો મને 'રાજા' માનવા નાખુશી હોય, તેમનો વધ કરો. તેમની કત્લેઆમ કરો."

—આ હુકમે તેમના જીવનને, તેમના રાજ્ય અમલને કલંક લગાડયું. આ કલંક સાધારણ નહોતું. આજ સુધી તે કલંક ભૂંસાયું નથી. ભવિષ્યમાં પણ કદાચ ન ભૂંસાય તો અસંભવિત નથી.

હુકમનો અમલ તાત્કાલિક થવા માંડયો. નંદને રાજ્ય આપવાની વિરૂદ્ધમાં ફક્ત ક્ષત્રિઓ જ હતા. ક્ષત્રિઓની કત્લે-આમ થવા માંડી. ન જોવાયું મોટું, કે ન જોવાયું નાનું. ન જોવાયા પુરૂષ, કે ન જોવાઈ સ્ત્રીઓ.

પછી તો રાજાની વિરૂદ્ધ કોણ છે, તે પણ ન જોવાયું. ક્ષત્રિઓના નામ પર કત્લેઆમ થવા લાગી. [૧] ક્ષત્રિય કહ્યો એટલે તેની જીવનદોરી તૂટી જ સમજવી. ક્રૂરતાના ભોગ બન-

---

૧ આ ક્રૂર કૃત્યથી જ મહારાજાનંદને ક્રૂર નંદ કહેવામા આવતા હોવા જોઇએ.

વાના મનોબળવાળા પણ ઘણા નીકળ્યા. ક્રૂર સામે ક્રૂર થવાની કેટલાકની ઇચ્છા થઈ. આ સમયે સામા થવાનું જોખમભર્યું હતું. જે લોકોએ ક્રૂર થઈ રાજાનો નાશ કરવાનો વિચાર કર્યો, તે લોકો છાનામાના નાસી ગયા. ક્યાં ગયા તેનો કોઈને પત્તો લાગ્યો નહિ. તેમણે સંકલ્પ કર્યો કે ગમે તે ભોગે મહાનંદને પદભ્રષ્ટ કરવો. તેમની પાસેથી રાજગાદી ખૂંચવી લેવી. તેમ કરવામાં નંદવંશનો નાશ કરવો પડે, કે રાજકુટુંબનો નાશ કરવાનું પાપ વહોરી લેવું પડે, તો પણ હરકત નહિ. પોતાના સર્વસ્વનો ભોગ આપવાને પણ પાછી પાની કરવી નહિ.

આ ક્રૂરતા માટે રાજાને મહારાણીએ સૌમ્ય શબ્દોમાં મીઠો ઠપકો આપ્યો. તે ઠપકાનું પરિણામ શૂન્યમાં આવ્યું. ક્રૂર આજ્ઞાને પાછી ખેંચી લેવાઇ ફક્ત મહાઅમાત્ય શકટાળના પ્રભાવથી. મહાઅમાત્યએ મહાનંદને ઘણા સમજાવ્યા. તેમની સમજુતીથીજ કત્લેઆમનો અન્ત આવ્યો.

મહાનંદે પદભ્રષ્ટ કરવાની ઇચ્છા રાખી નાસી ગયેલા ક્ષત્રિયોમાંથી કેટલાક થોડા વખત પછી પાટલીપુત્રમાં આવી રહેવા લાગ્યા. તેમણે પોતાની જાતને બ્રાહ્મણ તરીકે ઓળખાવવા માંડી હતી. ધીમે ધીમે તેમાંના કેટલાક રાજ્યની નોકરીમાં દાખલ થઈ ગયા. તે પૈકી એકે તો મહારાજાનંદની સંપૂર્ણ પ્રીતિ સંપાદન કરી હતી. તેના પર મહારાજાનંદનો સારો વિશ્વાસ હતો. મહાઆચાર્ય ચાણક્યજી તેને પોતાના નાના બંધુ જેવો માનતા હતા. તેમના ગયા પછી વરરૂચિ તેને પોતાનો પરમ મિત્ર માનવા લાગ્યા હતા. જેમ જેમ પોતાના પગ સ્થિર થતા ગયા, તેમ તેમ તેણે આગળ પગલું ભરવા માંડ્યું. વરરૂચિની સલાહ લઇ એક 'રાજ્ય વિરૂદ્ધ મંડળ' સ્થાપ્યું. તે મંડળમાં બાર સભ્યોએ નામ નોંધાવ્યા. ભોળા વર-

રૂચિ તે મંડળના પ્રમુખ બન્યા. કાર્યકર્તાનું કાર્ય વિજય કરવા લાગ્યો. સાધ્વી પદ્મા ફક્ત નામની જ સભ્ય બની હતી. બાકીના નવમાં એક પ્રતાપ હતો. પ્રતાપે પોતાનો પ્રાણ ગૂમાવ્યો હતો. મહારાજાનંદનો સંપૂર્ણ વિશ્વાસપાત્ર બનનાર યુવક બીજો કોઈ નહિ, પણ વિજય હતો.

આ મંડળે નાના રાજકુમારને બીજાના મારફતે ઝેર અપાવવાનો પ્રયત્ન કરી જોયો હતો. પણ તેમાં તેને નિષ્ફળતા સાંપડી હતી.

જ્યાં સુધી મહાઅમાત્ય શકટાળ મંત્રીપદે છે, ત્યાં સુધી રાજકુટુંબને સંકટમાં ઉતારવું જોખમભર્યું છે, એમ આ મંડળે નક્કી કરી લીધું હતું. વરરૂચિ મહાઅમાત્ય શકટાળના વિરૂદ્ધમાં છે, એમ પણ આ મંડળ જાણતું હતું.

સર્વાનુમતે નક્કી કરી, મંડળની વતી વિજયે વરરૂચિને પૂછ્યું હતું :

" પહેલો મહાઅમાત્યનો નાશ કરવામાં આવે તો ? "

વરરૂચિએ તરત જ હકારમાં જવાબ આપ્યો હતો. દર્દીને ભાવતું વૈદ્યે કહ્યું ' એ કહેવતાનુસાર વરરૂચિને મંડળનું કહેવું અમૃતમય લાગ્યું. સર્વ તરફથી મહાઅમાત્યના નાશની બારીઓ શોધવા લાગી.

રાજ્ય વિરૂદ્ધ કાવત્રાની જે જે વાતો મહારાણીના કાને ગઈ છે, તે વાતોનો ફેલાવો કરનાર વ્યક્તિની હસ્તિ હવે આ જગતમાં નથી, એમ આ મંડળ માનવા લાગ્યું હતું.

આ મંડળના પ્રમુખ પંડિત વરરૂચિને સમાચાર મળ્યા હતા, કે મહારાજાનંદ નાલંદા વિદ્યાપીઠની મુલાકાતે આવવાના

છે. વરરૂચિ તે સમયની રાહ જોઇ રહ્યા હતા. આ સમાચાર મહારાજાએ મોકલ્યા નહોતા, એટલે સમય પણ વરરૂચિ નક્કી કરી શકે તેમ નહોતું. મહારાજા અચાનક આવીને નાલંદા વિદ્યાપીઠની વ્યવસ્થા જોવા ઈચ્છતા હતા. 'મહારાજા આવવાના છે,' એ સમાચાર વરરૂચિને તેમના મંડળમાંથી કોઇએ આપ્યા હતા.

વરરૂચિ સાવચેત બન્યા હતા. તેમણે સર્વ વ્યવસ્થા સુંદર કરી હતી. અત્યારે તે વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા હતા.

અચાનક તેમના કાને ઘોડાઓના ડાબડાનો અવાજ આવ્યો. શાંતિથી ઉઠી તેમણે મૂખ્ય દરવાજા નજીક જઈ બહાર નજર કરી, તો તેમને જણાયું કે કેટલાક ઘોડેસવારો સાથે મહારાજાનંદ વિદ્યાપીઠના નજીકમાં જ આવી પહોંચ્યા છે.

# પ્રકરણ ૧૫ મું

## આંદોલન

વરરૂચિ અને પદ્માવતીની હાજરી ન હોય, એવા સમયે કેટલીક ચર્ચા કરવાની ઇચ્છા વિજયે રાખી હતી. કાવત્રાખોર મંડળના બાકીના આઠ સભ્યોની પણ તે જ ઇચ્છા હતી. મહારાજાનંદ નાલંદા વિદ્યાપીઠની મુલાકાતે જવાના છે, આ સમાચાર જાણ્યા પછી મંડળે નક્કી કર્યું હતું, કે મહારાજા વિદ્યાપીઠની મુલાકાતે જાય એટલે વરરૂચિ પણ ત્યાં જ રહેશે. પદ્માને કોઇ પણ બહાનું કાઢી દૂર રાખવી. આ સમયનો લાભ લઈ જેમ બને તેમ જલ્દી મંડળે પોતાનો કાર્યક્રમ ગોઠવવો.

મંડળના એક ખાસ માણસ તરફથી દરેક સભ્યને સમાચાર મળી ચૂક્યા હતા, કે આજે સાંજે મહારાજા વિદ્યાપીઠની મુલાકાતે જવાના છે. સમય દરેકને અનુકુળ હતો. પદ્માને મંડળના કાર્યક્રમ વખતે દૂર રાખવાનું બહાનું કાઢવાનો પ્રસંગ પણ ટળી જતો હતો. કારણ કે પદ્મા નિયમત રીતે સંધ્યા સમયે સ્નાન

માટે જતી.

પદ્માનું મકાન શહેરથી વિદ્યાપીઠ તરફ જવાના રસ્તાથી થોડે દૂર હતું. તેની આસપાસ સાધારણપણે ઝાડી આવેલી હતી. દેખાવમાં પણ ઝુંપડી જેવું હતું. એટલે વિદ્યાપીઠ તરફ જતી વખતે મહારાજાનું ધ્યાન તે તરફ જવું અશક્ય હતું.

જ્યારે મહારાજા વિદ્યાપીઠની મુલાકાતે ગયા, ત્યારે આ મંડળે પોતાનું કામકાજ શરૂ કરી દીધું હતું. વરરૂચિની ગેરહાજરીમાં પ્રમુખનું સ્થાન કોને આપવું, તે પ્રશ્ન ચર્ચાયો જ નહોતો. આ મંડળ કાયદેસર સભા તરીકે મળ્યું નહોતું. અત્યારે તો તે નવે જણ મિત્ર તરીકે મળ્યા હતા. લીધેલી પ્રતિજ્ઞાનો અમલ ક્યારે અને કેવી રીતે કરવો, તેનો વિચાર કરવા આ મંડળ મળ્યું હતું.

આ મંડળના સભ્યો ક્ષત્રિયો છે. એ બાબતની સાધારણ પણ ગંધ વરરૂચિ તેમજ પદ્માને આવવા પામી નહોતી. વિજયે પદ્માને પોતાના દિલની દરેકે દરેક વાત કરી હતી, પણ પોતે તેમજ વરરૂચિ સિવાય બાકીના બધા સભ્યો ક્ષત્રિય છે, તે વિષેનો તેણે ઇશારો પણ કર્યો નહોતો.

એક વયોવૃદ્ધ પુરૂષે વિજયને ઉદ્દેશી કહ્યું :

"વિજય ! જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેમ નંદના હાથ મજબૂત બનતા જાય છે. શકટાળ જેવો પ્રભાવશાળી પુરૂષ જ્યાં સુધી મહાઅમાત્ય પદ પર છે, ત્યાં સુધી નંદ પાસેથી રાજગાદી ઝૂંટવી લેવી અશક્ય છે. શ્રીયક જેવો બાહોશ માણસ નંદના અંગરક્ષક દળનો અધિપતી છે, ત્યાં સુધી રાજકુટુંબને આંચ આવવી અશક્ય છે. કોઈ પણ જાતના છળકપટ સિવાય શકટાળનો નાશ થાય તેમ નથી. આપણે

ક્ષત્રિય છીએ એમ જ્યાં સુધી નંદના જાણવામાં નથી આવ્યું, ત્યાં સુધી જ આપણે સહિસલામત છીએ. આપણું કામ જેમ બને તેમ જલ્દી પતી જવું જોઈએ. હજી સુધી વરરૂચિ અને પદ્મા આપણી જાતિથી અજ્ઞાત છે. આપણા કાર્યના હાથ પણ તે બે જણ છે. આપણે ક્ષત્રિય છીએ, એમ જો તેમના જાણવામાં આવે તો આપણે તેમનો સાથ ગૂમાવી બેસીએ. હું વૃદ્ધ માણસ છું. મારો દેહ ક્યારે પડે, તેનો નિયમ નહિ. પોતાની પ્રતિજ્ઞા અપૂર્ણ રહે, એવી કોઈ પણ ક્ષત્રિય બચ્ચાની ઇચ્છા ન હોય. મારા દેહકાળ પહેલાં આપણી પ્રતિજ્ઞા પૂર્ણ થાય તો સારૂં, એવી મારી ઇચ્છા છે."

તે વૃદ્ધ પુરૂષનું કહેવું દરેકને ખરૂં લાગતું હતું. દરેકની ઇચ્છા પણ તે જ હતી. પણ બોલવાથી કે ઇચ્છા કરવાથી કોઈ પણ કાર્યની સિદ્ધિ થતી નથી. કાર્યનો અમલ કરવાથી જ તેનું પરિણામ આવે છે. પછી તે પરિણામ કાર્યકર્તાને લાભદાયક આવે કે નુકશાનકારક આવે.

તે વૃદ્ધના બોલી રહ્યા પછી કેટલોક વખત ત્યાં શાંતિ પ્રસરી રહી. દરેકના વિચાર વૃદ્ધના વિચારને મળતા હતા, પણ શો જવાબ આપવો તે કોઈ સમજી શક્યું નહિ. સમજવાની શક્તિ દરેકમાં હતી, પણ કોઇ બોલી શક્યું નહિ.

જ્યારે કોઈ બોલ્યું નહિ ત્યારે વિજયે બોલવાની શરૂઆત કરી :

"કાકા! જે તમારી ઇચ્છા છે, તે જ ઇચ્છા બધાની છે. પ્રતિજ્ઞા ભંગની ઇચ્છા કોણ રાખે? તમે જાણો તો છો જ કે કુદરતે પણ આપણી ઇચ્છાને માન્ય રાખી છે. નંદવંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા લઇ પંડિત ચાણક્યજીએ પાટલીપુત્રનો ત્યાગ કર્યો છે, તે શું આપણા લાભમાં નથી? આપણી પ્રતિજ્ઞા

કરતાં પણ તેમની પ્રતિજ્ઞા દૃઢ છે. જ્યાં સુધી નંદ વંશનો નાશ થશે નહિ ત્યાં સુધી પંડિતજીનો પ્રાણ પણ જશે નહિ. પોતાની પ્રતિજ્ઞાના પાલન માટે તે ગમે તેવી ખટપટો ઉભી કરશે. પંડિત ચાણકયજીની બુદ્ધિ જગતમાં અજોડ છે.

ત્રિપુટીમાંના પાણિનીના લખેલા વ્યાકરણ પર ટીકા લખનાર વરરૂચિનું જ્ઞાન પણ ઓછું નથી. તેમનો પણ આપણને સાથ છે. વહેલું કે મોડું, આપણું કાર્ય આપણી પ્રતિજ્ઞા પૂર્ણ થશે જ.

ક્રૂર કૃત્યો કરનારને કુદરત પણ પોતાનો હાથ બતાવે છે. પાપ અને પુણ્યનો બદલો સંસારમાં જ મળે છે. સ્વર્ગ અને નર્ક, એ તો ઘેલછાભરી વાતો છે. તે બન્નેની હસ્તિ આ જગતમાં જ છે. સુદ્કૃત્યો કરનારનો આ જગતમાં ઉદય થાય છે, અને અનિષ્ટ કૃત્યો કરનારનો અહીં જ નાશ થાય છે. ઉદય એ જ સ્વર્ગ અને નાશ એ જ નર્ક. નંદના નાશની આપણી કૃતિઓ પાપમય જ છે. છતાં આપણે આપણું કાર્ય કરવાનું છે. આપણી પ્રતિજ્ઞા આપણે પુરી કરવાની છે. આપણે પાપ કરીએ છીએ, એમ જાણતા હોવા છતાં, તેમ કરવાની આપણને ફરજ પડે છે. સ્વરક્ષણ માટે બીજાનો નાશ કરવામાં પણ પાપ જ છે. સ્વદેશના રક્ષણ માટે થતા યુદ્ધમાં જે સંહાર થાય છે, તેમાં પણ પાપજ સમાયેલું છે. જે જે કૃત્યો સ્વમાન જાળવવા માટે કરવામાં આવે છે, તે તે કૃત્યો અહિંસા રહિત હોય છે. અને જેની અંદર હિંસાનું તત્ત્વ છે, તેની અંદર પાપનો સમાવેશ થવાનો જ.

કાકા! જે તમે કહ્યું, તે જ હું પણ કહું છું. મહાઅમાત્યની હયાતિમાં નંદની પડતી ઇચ્છવી, એ ઝાંઝવાના જળ જેવું જે—

"જે નિર્દોષ છે તેનો નાશ કરવાની ઈચ્છા કરવી, તે અયોગ્ય ગણાય." વચ્ચે જ એક સ્વર સંભળાયો. સર્વેની નજર જે બાજુએથી અવાજ આવ્યો હતો તે તરફ વળી.

વૃદ્ધ પુરૂષ અને વિજય સિવાય આ મંડળમાં કોઈ પણ બોલી શકે તેમ નહોતું, આજ સુધી કોઇ બોલ્યું નહોતું.

"એ કોણ બોલ્યું?" વૃદ્ધ પુરૂષે પ્રશ્ન કર્યો.

"એ તો આપણો કિસન." કિસનની બાજુમાં બેઠેલા એક જણે કહ્યું.

"કોણ, બેટા કિસન! તું બોલ્યો?" કિસન તરફ નજર કરતાં વૃદ્ધ પુરૂષે પૂછ્યું.

"હા, દાદા." કિસને નમ્રતાથી જવાબ આપ્યો. તેની ઉંમર લગભગ વીસ વર્ષની હતી. વૃદ્ધ પુરૂષને તે હંમેશાં 'દાદા' કહેતો.

"બેટા! મારી પાસે આવ તો." કિસનને પોતાની પાસે બોલાવતાં વૃદ્ધ પુરૂષે કહ્યું. કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર પોતાની જગ્યાએથી ઉઠી, વૃદ્ધ પુરૂષ પાસે જઇ કિસન ઉભો રહ્યો. પોતાની ફરજ ન ભૂલતાં તેણે પ્રણામ કર્યાં. વૃદ્ધે તેના માથા પર હાથ ફેરવતાં કહ્યું.

"બેટા! તું ક્ષત્રિય છે ને:"

"જી, હા." કિસને જવાબ આપ્યો.

"તને તારી પ્રતિજ્ઞા પ્યારી નથી?"

"આપને કોણે કહ્યું, કે મને મારી પ્રતિજ્ઞા પ્યારી નથી!"

"તો પછી તેં વિજયની ઇચ્છાનો વિરોધ શા માટે

દર્શાવ્યો ?"

"પણ તેમની ઇચ્છા તો મહાઅમાત્યનો નાશ કરવાની છે ને ?"

"બેટા ! તેની તો અનુમતિ છે. તે ઇચ્છા તો મારી છે."

"પણ દાદા ! આપની ઇચ્છા સાથે મારી પ્રતિજ્ઞાનો શો સંબંધ છે ?"

"કિસન ; પ્રતિજ્ઞા તો આપણે બધાએ સાથે જ લીધી હતી ને ?"

"પણ તે તો મહી મહાનંદને પદભ્રષ્ટ કરવાની.

"મહાનંદને પદભ્રષ્ટ કરવાના માર્ગમાં જે જે કાંટાઓ છે, તે તે કાંટાઓનો નાશ તો કરવો જ પડે ને !"

"દાદા ! ક્ષત્રિય જાતિના સ્વમાનની ખાતર મેં એક પાપ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. બીજું પાપ કરવાને હું બિલકુલ તૈયાર નથી." કિસનનું બોલવું સાંભળી બધાને આશ્ચર્ય થયું. આટલી નાની વયમાં આવા વિચારો કેળવનાર બાળકને તેમણે આજે જ ઓળખ્યો હતો. વૃદ્ધ પુરૂષ પણ વિચારમાં પડી ગયો હતો. વિજય શ્રોતા બની આ ચર્ચા સાંભળી રહ્યો હતો.

થોડીવાર થોભી વૃદ્ધે કિસનને પૂછ્યું :

"બેટા ! તું બૌદ્ધ માર્ગીય છે, નહિ ?"

"દાદા ! આપણી પ્રતિજ્ઞા સાથે બૌદ્ધ ધર્મને કાંઇ જ સંબંધ નથી."

"છતાં બૌદ્ધ ધર્મના અનુયાયીના વિચારો તો અહિંસા-વાદી જ હોય ને ?"

"અહિંસાને કશો ધર્મ માનતો નથી?"

"બેટા! કર્તવ્યધર્મ આગળ અહિંસાનું પલ્લું ઉંચું રહે છે."

"એટલે? તું તારી પ્રતિજ્ઞાને તૂચ્છ માને છે?"

"જે પ્રતિજ્ઞા ક્રોધાવેશમાં લેવામાં આવી હોય છે, તેની કિંમત બહુ જ ઓછી હોય છે."

"એટલે તેં લીધેલી પ્રતિજ્ઞા પાળવાને તું તૈયાર નથી એમ જ ને?"

"મેં લીધેલી પ્રતિજ્ઞા પાળવાને હું તૈયાર નથી, એમ મેં ક્યાં કહ્યું છે?"

"ત્યારે, અત્યાર સુધી તું બોલ્યો તે?"

"મેં તો માત્ર વિચારો જણાવ્યા છે."

"તારી પ્રતિજ્ઞામાં તો તું મક્કમ છે ને?"

"જી, હા."

"એટલે, મારી ઇચ્છાને તું માન્ય રાખે છે, ખરૂં ને?"

"જી, ના."

"કેમ?"

"મેં તો નંદ રાજાને પદભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, નિર્દોષનો નાશ કરવાની નહિ."

""તું ભૂલે છે."

"આપ વડિલ છો, મને સમજાવો."

"બેટા ! ક્ષત્રિયો સ્વમાન માટે પાપ અને પુન્ય બન્નેને સરખાં જ માને છે!"

"માટે જ સ્વમાન અર્થે મેં પાપભરી પ્રતિજ્ઞા લીધી છે."

"તારી પ્રતિજ્ઞા પાપમય નથી."

"હું તેને પુન્યમય પણ માનતો નથી."

"તે પુન્યમય નથી માટે પાપમય છે, એમ થોડું જ મનાય છે?"

"દાદા! આપના વિચારો ક્ષાત્રવટને શોભાવે તેવા છે. આપને તો પાપ અને પુન્યની વ્યાખ્યા સરખી જ છે. ક્ષત્રિયોની કત્લ કરવાનું ક્રૂર પગલું જો મહાનંદે ભર્યું ન હોત, તો તેની આબાદી ખાતર તમે તમારા સર્વસ્વનો ભોગ આપવાને પાછી પાની ન કરત. તેના સુખ માટે પોતાનો પ્રાણ આપવાને પણ તૈયાર થાત.

—આ બધી વાતો છે નંદની અને તમારી. આપણે ક્ષત્રિય છીએ આ વાત કોઈ કોઈ વખતે આપણા તરફથી વીસરાઈ જાય છે. આપણે પંડિત ચાણક્યજી વિષે વાત કરીએ. તેમનું ખરૂં નામ વિષ્ણુગુપ્ત છે; છતાં તેમને આખો મગધદેશ ચાણક્યજી શા માટે કહે છે? તેમની અગાધ બુદ્ધિના કારણે. તે પવિત્ર છે. તેમનામાં ક્રોધ ગમે તેટલો હશે, પણ તે નીત્તિ ચૂકયા નથી. તેમના પવિત્ર હૃદયમાં અપવિત્રતાની છાયા સરખીયે નથી. આપણા મંડળમાં એક પણ એવી વ્યક્તિ છે, કે જે આજ સુધી પવિત્રપણે જીવન વીતાવી શકી હોય? કોઈ પણ એમ કહેવા તૈયાર છે, કે હું અમુક વ્યક્તિ કરતાં નાનો છું! અમુક માણસ મારા ગુરૂ છે? આનો અર્થ શો? હું તો માનું છું કે આપણા ગુણો, તે ગુણો નહિ પણ દૂર્ગુણો છે.

પંડિત વિષ્ણુ ગુપ્તને આપણે ચાણાકયજીનું બિરૂદ આપ્યું છે; છતાં તે છાતી ઠોકીને નિર્દોષભાવે કહે છે, કે 'શકટાળ મારા ગુરૂ છે.' જ્યારે આપણો કોઈ ગુરૂ હોય, તો પણ આપણે તેને ગુરૂ કહી ઓળખાવવામાં શરમાઈએ છીએ. આનું કારણ શું? આપણા હૃદયની નિર્બળતા. જો આપણા હૃદયમાં જ નિર્બળતાનો વાસ છે, તો આપણી પ્રતિજ્ઞાને પાર પાડવામાં આપણો કેટલો શ્રમ ઉઠાવવો પડે!

આપણે એમ માનીએ છીએ, કે વરરૂચિ અને પદ્મા આપણા કાર્યમાં આગળ પડતો ભાગ લે છે. તે જ લોકો આપણા કાર્યની પૂર્ણાહુતિના કારણભૂત બનશે. પણ આપણામાંથી હું તેમ માનવાને બિલ્કુલ તૈયાર નથી.

પદ્મા શા માટે આપણા મંડળમાં ભાગ લે છે, તે હું નથી જાણતો. પણ મારૂં હૃદય કબૂલ કરતું નથી, કે તેના હાથે અપવિત્ર કાર્ય થઈ શકે, થવા પામે.

વરરૂચિ તો જુદા જ પ્રકારની વ્યક્તિ છે. આજ સુધી મેં તેમના મોઢેથી સાંભળ્યું નથી, કે તેમને રાજ્યની લાલસા હોય. કદાચ તે બોલી ગયા હોય, તો ફક્ત આવેશમાં, વિચારના વમળમાં. તેમને તો જોઈએ છે મંત્રીમુદ્રા, રાજદંડ નહિ. મંત્રીમુદ્રાની લાલસા પણ તેમને હમણાં, થોડા વખતથી જ જાગી છે. તે આપણા મંડળમાં જોડાવાનું કારણ તો એટલું જ છે, કે મહાઅમાત્ય શકટાળનો નાશ ઇચ્છે છે. શા માટે, તે તો બધા જાણે છે. આજ સુધી આપણામાં કોઇએ એવો વિચાર કર્યો છે, કે તે નંદનો નાશ શા માટે ઇચ્છે? કોઇએ તેમના આચરણ વિષે શંકા ઉઠાવવાની ઇચ્છા દર્શાવી છે?

આપણે તો આપણી પ્રતિજ્ઞાના બહાના નીચે ગમે તે પાપ કરવાની ઇચ્છાને અનુમોદન આપવાને તૈયાર થયા છીએ.

પ્રતિજ્ઞાના ઓઠા નીચે ગમે તે પાપને વહોરી લેવા તૈયાર થયા છીએ.

—પણ દાદા! વિજયદેવ! તમારામાંથી કોઈએ પ્રતિજ્ઞાની વ્યાખ્યા સર્જાવી છે? તમારામાંથી, આપણા મંડળમાંથી પ્રતિજ્ઞાનો અર્થ કોઈ સમજ્યું છે? કેવળ પાપ જ કરવા માટે લેવાયેલી પ્રતિજ્ઞા, તે પ્રતિજ્ઞા નહિં, પણ પ્રતિજ્ઞાની છાયા નીચે દુષ્કૃત્યો કરવાને ઉચ્ચારાયેલા કેવળ શબ્દો જ. પ્રતિજ્ઞા તો હું તેને જ માનું છું, કે જેનું સર્જન પવિત્ર ભાવનાઓમાંથી થયું હોય; અને તેનો લય પણ પવિત્ર ભાવનાઓમાં જ થાય.

જો આપણું મંડળ પોતાની પ્રતિજ્ઞાનું પાલન નિર્દોષોનાં લોહી રેડીને કરવા ઈચ્છતું હોય, તો તે પ્રતિજ્ઞા મને મંજુર નથી. એનો અર્થ એ નથી કે હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવા ઇચ્છું છું, આપણા બધાની પ્રતિજ્ઞા એક જ છે, તેનું ધ્યેય પણ એક જ છે; માત્ર માર્ગ જુદા છે. જેને જે માર્ગ પસંદ પડે, તેને તે ગ્રહણ કરે.

હું વિજયદેવને પૂછું છું, કે 'મહાઅમાત્ય શકટાળ અથવા તો બીજા કોઇના પણ નિર્દોષ આત્માને દૂભાવ્યા સિવાય આપણા મંડળથી પોતાની પ્રતિજ્ઞા પુરી થાય તેમ છે કે નહિ?' મને તો લાગે છે કે જો આપણે આપણી પ્રતિજ્ઞાનું પાલન પવિત્રપણે કરવા ઇચ્છીશું, તો આપણને તેમાં સફળતા મળ્યા વિના નહિ રહે."

કિસનના વિચારો સાંભળી દરેકનાં મનમાં અવનવા ભાવો પેદા થવા લાગ્યા. દાદા તો બિચારા ઠંડા જ થઈ ગયા હતા. વિજયને કિસનના કેટલાક શબ્દો સાંભળીને ક્રોધ આવ્યો હતો. તે બોલવાને માટે તલપાપડ થઇ રહ્યો હતો. કિસનનું બોલવું

પુરૂં થતાં જ તે ક્રોધથી બોલી ઉઠયો :

"કિસન! તારા શબ્દો તદ્દન નિર્બળતાભર્યા છે. તારા વિચારો એકાદ વૈશ્યને શોભે તેવા છે. તારો અને અમારો માર્ગ જુદો પડે છે."

"મારી પણ ઇચ્છા એ જ છે, કે તમારો અને મારો માર્ગ જુદો પડે તો સારૂં. તમારા વિચારો હિંસાવાદી છે અને મારા વિચારો અહિંસાવાદી છે. હિંસા અને અહિંસાનો માર્ગ એક હોઇ શકે જ નહિ. પણ વિજયદેવ! એટલું ધ્યાન રાખજો, કે 'અન્તે અહિંસાનો જય છે, હિંસાનો નહિ.' જગત નિર્દોષતા માગે છે, કપટનીતિની તેને જરૂર નથી."

"કિસન! જો તારા વિચારો આવા જ હોય, તો તારે અમારા મંડળનો ત્યાગ કરવો પડશે."

"મારી પણ તે જ ઇચ્છા છે." કિસને નિર્ભયતાથી કહ્યું.

"તારે એક ક્ષણનો પણ વિલંબ કરવો ન જોઇએ."

"હું પણ એક ક્ષણનો યે વિલંબ કરવા ઇચ્છતો નથી." કિસને નિર્ભયતાથી જવા માંડ્યું.

"કિસન!" તેને જતો અટકાવી વિજયે ત્રાડ પાડી.

"જી!" કિસન હતો ત્યાં જ થંભી ગયો.

"તારે આ મંડળમાંથી જતાં પહેલાં વચન આપવું પડશે."

"શું?" કિસને શાન્તપણે પૂછ્યું.

"આ મંડળની હસ્તિ તારે કોઇને જણાવવી નહિ."

"મને મંજુર છે."

"તો વચન આપ."

"ક્ષત્રિય બચ્ચાનો બોલ, તે જ વચન છે."

"અમને તારા શબ્દો પર વિશ્વાસ નથી."

"તે માટે હું જવાબદાર નથી."

"તો તારાથી આ મંડળનો ત્યાગ નહિ કરી શકાય."

"હું જ્યાં સુધી આ મંડળમાં હોઇશ, ત્યાં સુધી મંડળથી કોઇ પણ નિર્દોષનું લોહી નહિ રેડી શકાય."

"કિસન તારે જવું જ છે?" અત્યાર સુધી શાન્તપણે બેસી રહેલા વૃદ્ધે પ્રશ્ન કર્યો. તેમણે માન્યું કે વચ્ચે બોલવામાં નહિ આવે તો પરિણામ બુરૂ આવશે.

"જી, હા." કિસને પોતાનો કડક અવાજ તરત જ બદલી નાખી, નમ્રતાભર્યા અવાજે જવાબ આપ્યો.

"તો પછી વચન આપવામાં શો વાંધો છે?"

"તમને મારા શબ્દો પર વિશ્વાસ નથી?"

"વિશ્વાસ છે, પણ મંડળના સંતોષ ખાતર તું વચન આપે તો સારૂં"

"દાદા! જે વચન મનના સંતોષ ખાતર આપવામાં આવે છે, તે વચન નહિ પણ શબ્દોની જાળ છે, છેતરપીંડી છે. તમને મારા શબ્દો પર વિશ્વાસ હોય, તો તમે મંડળને સમજાવી શકો તેમ છે."

"મને તારા શબ્દો પર, તારા પર સંપૂર્ણ વિશ્વાસ છે. મને ખાત્રી છે. કે તું મંડળને દગો નહિ દે. જા, હું તને આશિષ આપું છું તારી પ્રતિજ્ઞાના પાલનમાં તું સફળ થજે.

હું મંડળને સમજાવી લઇશ. તારે જવું હોય તો જા." વૃદ્ધ પુરૂષનો સ્વર રૂંધાઇ ગયો. તે કિસનને પુત્ર સમાન માનતો હતો. માનેલા પુત્રનો આજે તેને વિયોગ થઈ રહ્યો હતો.

કિસનને વૃદ્ધ પુરૂષથી છૂટા પડતાં દુઃખ થયું. તેને માટે બીજો ઉપાય નહોતો. તે વૃદ્ધને પગે પડયો. તેની આંખમાંથી અશ્રુનું એક બિંદુ વૃદ્ધના જમણા પગના અંગુઠા પર પડ્યું. વૃદ્ધે તેને ઉભો કર્યો. છાતી સાથે ચાંપતાં તેણે પ્રેમ ભાવે આશિર્વાદ આપ્યા :

"બેટા! પરમેશ્વર તારૂં કલ્યાણ કરો!"

વૃદ્ધ પાસેથી છૂટા પડી, કિસને વિજયને હાથ જોડયા. પછી બધા સભ્યોને નિખાલસ મને હાથ જોડી, એક પણ શબ્દ સાંભળવાની ઇચ્છા ન રાખતાં તે ત્યાંથી ઝપાટાબંધ ચાલી નીકળ્યો.

તેના જવાથી દરેકનાં મન ઉદ્વિગ્ન બની જવા પામ્યાં. અત્યાર સુધી ક્રોધીષ્ઠ બનેલા વિજયને પણ તેના જવાથી લાગી આવ્યું. વૃદ્ધ પુરૂષનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. સર્વથી વધારે દુઃખ તે વૃદ્ધને થયું હતું. જેને તે પુત્ર સમાન ચાહતો હતો, તેનો આજે વિયોગ થયો હતો. કેટલાક વખતે તેને, પોતાનો, કિસનની વયનો પુત્ર યાદ આવ્યો. તે પણ આવો જ નિખાલસ હતો. તે બિચારા નિર્દોષ ઉગતા યુવકનો નાશ ક્રૂર નંદની કત્લેઆમમાં થયો હતો. પુત્રનો હસતો ચહેરો વૃદ્ધની આંખ આગળ તરવરવા લાગ્યો. તેનાથી તે જોયું જવાયું નહિ. તરત જ તેણે પોતાની આંખો બન્ને હાથે દાબી દીધી.

# પ્રકરણ ૧૬ મું

## વિદ્યાપીઠની મુલાકાતે

જે સમયે કિસને કાવત્રાખોર મંડળનો ત્યાગ કર્યો; તે સમયે મહારાજાનંદ અને પંડિત વરરૂચિ વચ્ચે કેટલીક ચર્ચાઓ થઈ રહી હતી.

મહારાજાએ વિદ્યાપીઠમાં પ્રવેશ્યા પછી, શાંતિથી તેનું નિરીક્ષણ કરવા માંડ્યું હતું. તેમને તેમાં કોઈ પણ જાતની ખામી જણાઈ નહિ. અભ્યાસ ખંડમાં દાખલ થતાં તેમણે જોયું, કે કેટલાક શિષ્યો અભ્યાસ કરવામાં લીન થઈ ગયા છે. દરેકે દરેક વિષય તે સમયે મુખપાઠ કરવો પડતો. લિપિ ભાષા તે સમયે બહુ પ્રચલિત નહોતી. તેનો પ્રચાર મહારાજાનંદ—મહાનંદના વખતથી જ થવા માંડ્યો હતો. મહારાજા અને વરરૂચિને અભ્યાસ ખંડમાં પ્રવેશેલા જોઈ શિષ્યોએ પોતાની ફરજ બજાવી હતી. તેમણે ઉભા થઈ બન્નેને પ્રણામ કર્યાં. મહારા-

જાએ એક વિદ્યાર્થીને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો :

"તારું નામ શું ?"

"બલભદ્ર." સહેજ પણ ખમચાયા વિના સત્તરેક વર્ષના શિષ્યે ઉત્તર આપ્યો.

"મોટામાં મોટો સદ્‌ગુણ કયો ?"

"સહનશીલતા."

"અને તું કહે જોઇએ; કે મોટામાં મોટો દુર્ગુણ કયો ?" મહારાજાએ બીજા શિષ્યને પૂછ્યું.

"દુર્વ્યસન." બીજા શિષ્યે પહેલા શિષ્યના બોલવાની છટાથી જ જવાબ આપ્યો.

—અને પછી મહારાજાએ પ્રત્યેક શિષ્યને એક પછી એક એમ પ્રશ્ન પૂછી જવાબ મેળવવા માંડયા.

"અચલિત ધન કયું ?"

"વિદ્યા."

"ચલિત ધન કયું ?"

"લક્ષ્મી."

"મહામાયા કોની ?"

"કુદરતની."

"સૌંદર્યમાં કોણ ચઢે ?"

"સ્ત્રી."

"સૌંદર્ય કોનું ?"

"યૌવનનું."

"શ્રેષ્ટ કોણ?"

"સ્વામી ભક્ત."

"દૂષ્ટ કોણ?"

"વિશ્વાસઘાતી."

"પ્રકાશ કોનો?"

"સૂર્યનો."

"શીતળતા કોની?"

"ચંદ્રની."

"સુખી કોણ?"

"સંતોષી."

"દુઃખી કોણ?"

"અસંતોષી."

"સદ્દકૃત્ય કોને કહેવાય?"

"અહિંસાને."

"દૂષ્કૃત્ય કોને કહેવાય?""

હિંસાને.

—આ જવાબો સાંભળી મહારાજાને અત્યંત સંતોષ થયો. તેમની ધારણા ખોટી પડી. તે માનતા હતા કે પંડિત વરરૂચિ શિક્ષણ આપવામાં બેદરકાર બનતા જતા હતા.

મહારાજા અને વરરૂચિ અભ્યાસ ખંડમાંથી નીકળી શાન્તિ ખંડમાં ગયા. વ્યાઘ્રચર્મ પર એક બીજાની સામે બેઠા પછી વરરૂચિએ પ્રશ્ન કર્યો :

"રાજન્! સમાચાર મોકલાવ્યા વિના આજે અચાનક આપનું આગમન થયું?"

"સહજ ફરવા નીકળ્યો હતો. વિચાર થયો કે લાવ વિદ્યાપીઠની મુલાકાત પણ લેતો જાઉં." મહારાજાએ ઓચિંતા અહીં આવવાનો પોતાનો ગુપ્ત હેતુ છૂપાવતાં કહ્યું.

"શિષ્યગણ પર બહુ જ ઉપકાર થયો." વરરૂચિની મુખ-મુદ્રા તદ્દન શાન્ત હતી.

મહારાજા વિચારમાં પડી ગયા હતા. તેમણે છેલ્લા બે શિષ્યોને પૂછેલા સવાલોના જે જવાબો મેળવ્યા હતા, તે તેમના હૃદયને હચમચાવી રહ્યા હતા 'અહિંસા અને હિંસા' આ જવાબો સાંભળી પોતે ભૂતકાળમાં કરેલી ક્ષત્રિયોની કત્લેઆમ તેમની નજર આગળ તરવરવા લાગી. પોતાની વિદ્યાપીઠમાં 'હિંસાને દુષ્કૃત્ય કહેવાય' એવું શિક્ષણ અપાય છે, જ્યારે પોતે જ દુષ્કૃત્યના કર્તા બનવા પામ્યા છે. આ વિચાર તેમને અસહ્ય થઈ પડયો હતો. શા માટે પોતે ક્ષત્રિયોને કત્લ કરવાનો હુકમ આપ્યો હતો? રાજાને રાજા તરીકે સ્વીકારવો યા તો ન સ્વીકારવો, તે તો પ્રજાની મરજીની વાત છે. જે રાજા જે સદ્‌ગુણી હશે, તેને ગમે તે પ્રજા રાજા તરીકે સ્વીકારવા તૈયાર રહેશે દુર્ગુણી રાજાને રાજા તરીકે સ્વીકારવા કોઈ પણ પ્રજા તૈયાર ન થાય. તો તેમાં નવાઈ જેવું પણ નથી. તો પછી પોતે આવો નિષ્ઠુર હુકમ શા માટે બહાર પાડયો હતો? બળાત્કારે રાજા કહેવડાવવાથી રૈયતના મન જીતી શકાય છે? પિત્તળને સોનું કહેવડાવવાથી તે થોડું જ સોનું થઈ જાય છે?

મહારાજાના મનમાં વિચારોની વંશપરંપરા ચાલવા માંડી હતી. પંડિત વરરૂચિ તેમના ચહેરા પર પ્રકટ થતા ભાવોનું ધ્યાનપૂર્વક અવલોકન કરી રહ્યા હતા.

કંઈક યાદ આવ્યું હોય તેમ મહારાજા એકાએક બોલી ઉઠયા :

" પંડિતજી! શિષ્યોને અપાયેલું શિક્ષણ ખરેખર પ્રશંસનીય છે.

" રાજન્! મગધદેશના પાટલીપુત્રની નાલંદા વિદ્યાપીઠની કીર્તિને સુવિખ્યાત કરવાની જે જવાબદારી મારા પર નાંખવામાં આવી છે, તેનું મારે યથાર્થ પાલન કરવું જોઇએ. સુશિક્ષણ પ્રાપ્ત કરી પ્રખ્યાત થયેલા શિષ્યને, ' આ મારો શિષ્ય છે ' એમ કહેવામાં અમારૂં ગૌરવ છે. જવલંત વિદ્યાપ્રેમી શિષ્યને પોતાનો શિષ્ય કહેવામાં અમને અભિમાન ઉપજે છે." પંડિત વરરૂચિએ તદ્દન શાન્તપણે કહ્યું. મહારાજા પર પોતાની પ્રતિજ્ઞા પાડવાનો આ સુંદર મોકો છે એમ તેમણે માન્યું.

" પંડિતજી ! મારા સાંભળવામાં આવ્યું હતું, કે આપણી વિદ્યાપીઠમાં અપાતું શિક્ષણ ધીમે ધીમે ભૂંસાતું જાય છે."

" કહેનાર પર આપનો સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ."

" હું કોઇના પર વિશ્વાસ રાખતો નથી."

" ત્યારે વિના કારણ વિદ્યાપીઠની મુલાકાત લેવાની તસ્દી લીધી ? "

" એવી મુલાકાતો તો મેં ઘણી યે લીધી છે."

" છતાં આજની મુલાકાતમાં ફેર છે."

" કારણ કે હું સમાચાર આપ્યા સિવાય આવ્યો છું,

ખરૂં ને ?"

"હા. સમાચાર આપીને મુલાકાતે આવવું, એ બન્નેમાં ઘણો ફરક છે."

"શો ફરક છે, તે મને સમજાવશો ?"

"સમાચાર આપીને આવવામાં વિશ્વાસ સમાયેલો છે, જ્યારે સમાચાર આપ્યા વિના આવવામાં અવિશ્વાસ છે, એમ તમે માનો છો ?"

"આપનું આજનું આગમન તે જ સૂચવે છે."

"પંડિતજી ! સૂચન પર બહુ ભાર આપવામાં આવે, તો કોઇ કોઈ વખતે ગુંચવાડો ઉભો થાય છે."

"રાજન ! ગુંચવાડો ઉભો કરનારને ગુંચવાડાનું નિવારણ કરતાં પણ આવડતું હોય છે."

"કૌટિલ્ય નીતિ શીખ્યા લાગો છો ?"

"કૌટિલ્યના સહવાસમાં રહેવાથી તેમ બન્યું હોય તો નવાઇ જેવું ન કહેવાય."

"પણ હવે તો કૌટિલ્ય અહીં નથી."

"છતાં તેમની નીતિ ગઈ નથી."

"કૌટિલ્યની નીતિ શીખ્યા હો તો ભલે; પણ કૌટિલ્યનું આચરણ અમલમાં ન મૂકતા."

વરરૂચિ જવાબ આપવા જતા હતા, પણ રાજાના ચહેરાનું નિરીક્ષણ કરતાં જ તે અટકી પડયા. તેમને લાગ્યું કે 'કે રાજાને આ વિષયમાં ઉંડા ઉતરવા દેવામાં સાર નથી.'

મહારાજાના મુખ પ્રત્યે દ્રષ્ટિ રાખી તે શાન્તપણે બેસી રહ્યા.

થોડી વાર વિચાર કર્યા પછી મહારાજા બોલ્યા :

" ઠીક ત્યારે, પંડિતજી! હું જાઉં છું." મહારાજાએ ઉઠવા માંડ્યું. પંડિતજી પણ તેમની સાથે ઉઠવા લાગ્યા.

" કોઈ કોઇ વાર વિદ્યાપીઠની સુલાકાત લેતા રહેજો, રાજન્!" પંડિતજીએ કહ્યું.

" જરૂર !–" કહી રાજાએ જવા માંડ્યું. વરરૂચિ પણ તેમની સાથે બહાર આવ્યા. મહારાજાએ વરરૂચિ તરફ જોયું. બન્નેની દ્રષ્ટિ મળી. તે દ્રષ્ટિમાં એક બીજા પ્રત્યેનો અવિશ્વાસ જણાયો.

મહારાજાએ પોતાના ઘોડા પર સવાર થઇ વિદ્યાપીઠ તરફ નજર ન કરતાં, ઘોડાને મારી મૂક્યો. તેમના સૈનિકોએ પણ પોત પોતાના અશ્વો મહારાજાના અશ્વ પાછળ પૂરપાટ દોડાવી મૂક્યા.

વરરૂચિએ તે અશ્વો દ્રષ્ટિ મર્યાદાની બહાર ગયા ત્યાં સુધી તે તરફ જોયા કર્યું.

સંધ્યાના રક્તવર્ણીય સૌંદર્યનો નાશ કરવાની ઇચ્છા ધરાવતા અંધકારે ધીમે ધીમે પોતાનો અધિકાર જમાવવા માંડ્યો હતો. ગંગામાં સ્નાન કરી આત્માનું કલ્યાણ કરવાની પ્રવિત્ર ઘેલછા ધરાવતાં નરનારીઓનાં ટોળાં પોતાપોતાના સ્થાને જઈ રહ્યાં હતાં. આ બધાં ટોળાંની પાછળ એક સ્ત્રી ધીમે ધીમે ચાલી રહી હતી. તેના ચાલવામાં કોઇ પણ જાતની ઉતાવળ નંહોતી. નિર્દોષતાની પવિત્ર મૂર્તિ સમી તેની કાયા આરસને પણ શરમાવે તેવી હતી. નીચી નજર રાખી શાન્તપણે તે ચાલતી હતી.

"પદ્મા બહેન!" અચાનક તેના કાને એક મધુર સ્વર અફળાયો. તેણે ઉંચુ જોયું. તે વ્યક્તિને અહીં અચાનક જોતાં જ પદ્મા થંભી ગઈ. તેને આશ્ચર્ય થયું. આ અહીં ક્યાંથી? તેણે પ્રશ્ન કર્યો:

"કોણ, કિસન!"

"હા, બહેન." કિસને આપ્યો.

"તું અહીં ક્યાંથી?"

"સહેજ."

"તો પણ?"

"મેં મંડળ છોડ્યું."

"શું કહ્યું?" પદ્માએ આશ્ચર્ય ચકિત્ થઈ પૂછ્યું.

"ખરૂં કહું છું. હું મંડળમાંથી છૂટો થયો."

"કેમ?"

"કારણ કંઈ જ નહિ."

"કારણ વિના તું મંડળમાંથી છૂટો થાય, તે હું માનતીજ નથી."

"સાધારણ બોલવું પડ્યું."

"કોની સાથે;"

"વિજયદેવ સાથે."

"કેમ?"

"ખાસ કાંઈ કારણ નહોતું."

"એ વિના તું બોલ તેવો જ નથી."

"સ્થાને જવાનું તમોને મોડું થતું હશે ને ?"

"ના, ના. આવ ને ! અહીં બેસીએ." કહી પદ્મા કિસનનો હાથ પકડી એક બાજુએ લઈ ગઈ. ત્યાં કોઇની અવરજવર ન જણાતાં બંને જણ બેઠાં. કિસને મંડળ છોડયાનું જાણી પદ્માને આશ્ચર્ય થયું હતું. મંડળમાં થયેલી ચર્ચા વખતે તે સ્નાન કરવા ગઈ હતી. મંડળ આજે મળવાનું છે, તે તેને ખબર નહોતી. તે તો સ્નાન કરીને ધીમે ધીમે જઈ રહી હતી. કિસન તેને ઓચિંતો મળી ગયો હતો.

પદ્મા મંડળમાં થયેલી ચર્ચા વિષેનો પ્રશ્ન કરે, તે પહેલાં જ કિસન બોલ્યો :

"પદ્મા બહેન ! તમને ખોટું ન લાગે તો એક સવાલ પૂછું."

"અરે, ગાંડા ! તારા પૂછવાથી કે બોલવાથી મને કોઇ દિવસ ખોટું લાગ્યું છે, તે આજે લાગે ! તું તો મારા નાના ભાઇ જેવો છે." પદ્માએ કહ્યું.

આખા મંડળમાંથી પદ્મા તરફ અવિકારી નજરે જો કોઇ પણ ન જોતું હોય તો તે બે જ વ્યક્તિઓ- એક વૃદ્ધ કાકા અને બીજો કિસન.

"પદ્મા બહેન ! મને તમારા માટે શંકા છે." કિસને કહ્યું.

"કિસનના શબ્દો સાંભળી પદ્મા ચકિત થઈ ગઇ તેણે પ્રશ્ન કર્યો :

"શાની ?"

"તમે ખરેખર સાધ્વી પણ નથી, તેમજ કાવત્રાખોર મંડળમાં દાખલ થયેલ બીજા સભ્ય જેવાં હિંસાવાદી પણ નથી."

"તેં એમ શાથી માન્યું?" પદ્માએ પ્રશ્ન કર્યો.

"મારા અંતરાત્માએ મને જે કહ્યું, તે મેં માન્યું અને જે મેં માન્યું તે તેમને કહી જણાવ્યું." કિસને સ્પષ્ટપણે કહ્યું.

"કિસન! તેં મને જે કહ્યું, તે ભૂલભરેલું છે." પદ્માને આ છોકરો બુદ્ધિશાળી ભાસવા લાગ્યો.

"બહેન! મારી ધારણા ક્વચિત્ જ ભૂલભરેલી હોય છે. મારી આ ધારણા તો તદ્દન સત્ય છે. આજ સુધીની તમારી તમામ વર્તણુંક સંતપણાથી ભિન્ન હોય, એમ મને ભાસતી આવે છે. મંડળ સાથેની, તેમજ પંડિત વરરૂચિ તથા વિજયદેવ સાથેની તમારી વર્તણુંક, મંડળના સભ્ય કરતાં જુદીજ લાગે છે. મને તો લાગે છે, કે બીજી કોઇ પણ વ્યક્તિ તરફથી તમે જાસુસી કરતાં હોય!" કિસને પોતાના વિચારો નિઃસંકોચપણે જણાવ્યા.

પદ્મા જેમ જેમ કિસનના શબ્દો સાંભળતી ગઇ, તેમ તેમ તે વિચાર વમળમાં ગુંચવાતી ગઈ, આજ સુધી પોતાને કોઈ પણ ઓળખી શકયું નહિં, પણ છેવટે આ નાના કહેવાતા છોકરાએ પોતાની તિક્ષ્ણ બુદ્ધિનો પરચો બતાવ્યો. કોઈ પણ રીતે તે છોકરાને સંભાળી લેવાની, પદ્માને જરૂર જણાઈ. જો પોતાનો ભેદ ખુલ્લી જાય, તો 'એક શ્રેષ્ટ ગણિકાને ત્યાં દાસીપણું ભોગવી, ચોસઠ કળામાં પ્રવિણ બનેલી, એક વ્યક્તિની કિંમત પણ શી?' આ વિચારે તેને સાવચેત બનાવી.

"પણ, કિસન! મારી વર્તણુંકમાં તને એવો તે કેવો ફરક

લાગ્યો, કે તું મને સંતપણાથી નિરાળી અને મંડળના બીજા સભ્યો કરતાં જુદી માને છે? આજ સુધી કોઇએ પણ મારા માટે આવી શંકા દર્શાવી નથી, તેમજ તેં પણ આજ સુધી આ બાબતમાં મૌન જ સેવ્યું છે. આજે અચાનક તેને આ શંકા ક્યાંથી આવી?"

"બ્હેન!" કિસન કહેવા લાગ્યો. "આટલા માટે જ મેં પહેલાં પૂછ્યું હતું, કે 'આપને ખોટું નહિ લાગે ને!' મને તો તમારા માટે ઘણા વખતથી શંકા હતી; પણ સમયની રાહ જોતો હતો. આજે તે સમય અચાનક આવી લાગ્યો, અને મેં મારી શંકા તમારા આગળ વ્યક્ત કરી. પણ બીજાઓને આ શંકા કેમ આવી નહિ, તે તો હું કહી શકતો નથી. આ બાબતમાં મારી માન્યતા એવી છે, કે કાકા સિવાયની દરેક દરેક વ્યક્તિ તમારા સૌંદર્ય પાછળ અંધ બનેલી છે અને તે અંધત્વના કારણે તેમને કંઈ જણાતું નથી, તેમજ તમારા માટે શંકા પણ આવતી નથી. જો મારી આ માન્યતા ખરી હશે, તો મંડળનો નાશ જલ્દીથી થશે. રાજ્યને ઉથલાવી પાડવા માટે રાજ્ય દ્રોહીઓએ ન્યાય, નીતિ અને ધર્મનો આશરો લેવો પડે છે. જ્યારે ન્યાય, નીતિ અને ધર્મનો નાશ થાય છે, ત્યારે કોઈ પણ કાર્ય ફળિભૂત થતું નથી. આપણું મંડળ જો સૌંદર્ય પાછળ ઘેલું બન્યું હશે, તો તેનો વિનાશ પણ નજીકમાં જ લખાયો હશે. પદ્મા બ્હેન! ખોટું લગાડશો નહિ, તમને હું બરાબર ઓળખી શક્યો છું. ભલે બીજાઓએ તમને ઓળખવામાં થાપ ખાધી હોય. હું મંડળથી છૂટો પડ્યો છું. હવે મારે અને મંડળને કંઈ પણ લાગતું વળગતું નથી. તમને મેં બ્હેન જેવાં માન્યાં છે અને બ્હેન જેવાં જ માનીશ."

પદ્મા તો મૂઢની માફક આ બધું સાંભળ્યે જ જતી હતી.

કિસનનું વાક્ચાતુર્ય તેના ચિત્તને આકર્ષી રહ્યું હતું. આ તે નાનો છોકરો, કે વયોવૃદ્ધ પુરૂષ! પદ્માનું આશ્ચર્ય વધ્યે જતું હતું. અસ્વસ્થ બનેલા મન પર કાબૂ મેળવી તેણે શાંતિથી કિસનને પ્રશ્ન કર્યો.

"કિસન! તું શા પરથી કહે છે, કે હું બીજા તરફથી જાસુસી કરૂં છું, એને કહેવાની હિંમત તું કરે છે, તો મહારાજા તરફથી જ હું જાસુસી કરૂં છું, એમ કેમ કહેતો નથી?"

"બહેન! તમે મહારાજા તરફથી જાસુસી નથી કરતાં, એમ હું ખાત્રીથી કહું છું. બીજી જ કોઈ વ્યક્તિ તરફથી તમે જાસુસી કરતાં હોય, એમ મને લાગે છે. તમે જાસુસી કરો છો, એમ હું શા પરથી કહું છું, એમ તમે પૂછો છો. બીજો તો પૂરાવો મારી પાસે શો હોઈ શકે? પણ તમારી હીલચાલ જ એમ કહી આપે છે. મધ્ય રાત્રીએ ઊઠીને, શાંતિના બહાને દૂર સુધી ફરવા જાઓ છો, તે શું સંતપણાની નિશાનીઓ છે? કાવત્રાખોર મંડળમાં દાખલ થઈ, રાજ્ય વિરૂદ્ધ કાવાદાવા સામેલ થવું, તે શું સંતપણાનાં ચિન્હો છે? પોતાના સૌંદર્ય પાછળ મંડનના સભ્યોને નચાવી, પોતાનાં મન, વચન અને કાયાને પવિત્ર રાખવામાં સફળતા મેળવવી, તે શું સાધારણ સ્ત્રીનું કામ છે? બહેન! જો હું ન ભુલતો હોઉં તો તમે એક મહાન સ્ત્રીરત્ન છો. તમારાં જેવાં સ્ત્રીરત્નનાં દર્શન કરવાથી પણ પવિત્ર થઇ શકાય છે." થોડીવાર થોભીને તેણે આગળ કહ્યું:

"બહેન! તમને મળવા માટે જ હું આવ્યો છું. તમારા દર્શનની મારી અભિલાષા પુરી થઇ છે. હવે હું જાઉં છું." કહીને કિસન એકદમ ઉભો થઇ ગયો.

તેનો હાથ પકડીને ઉઠતાં ઉઠતાં પદ્મા બોલી:

"કિસન! તેં મંડળ શા માટે છોડ્યું, તે તો કહ્યું જ નહિ."

"બહેન! તે હું કહી શકું તેમ નથી."

"ભલે. તે હું વરરૂચિ અથવા વિજયદેવને પૂછીને જાણી લઈશ; પણ તું અહીંથી ક્યાં જઈશ, તે તો કહે?"

"મારૂં તો હજી કંઈ નક્કી નથી. પરમકૃપાળુ પરમાત્મા જે માર્ગે લઈ જશે, તે માર્ગે જઈશ, બહેન! આ નાના ભાઈની એક જ વિનંતિ છે, કે ન્યાય, નીતિ અને ધર્મનું પાલન કરજો. તેના માટે સર્વસ્વનો ભોગ આપવો પડે, તો પણ આપજો. વધારે તો શું કહું; પણ જેનું ખાઓ તેનું હલાલ કરજો." કહી તે પદ્માના પગે પડયો. પદ્માએ તેને ઉઠાડી આશિષ આપતાં કહ્યું:

"ભાઈ! મારી આશિષ છે, કે તું જ્યાં હશે, ત્યાં સુખી રહેશે. જે શબ્દો તેં મને કહ્યા, તે જ શબ્દો હું તને કહું છું, કે ન્યાય, નીતિ અને ધર્મનું પાલન કરજે. તેના માટે સર્વસ્વનો ભોગ આપવો પડે, તો પણ આપજે. જેનું ખાય તેનું હલાલ કરજે." તે વધારે બોલવા જતી હતી, પણ બોલી શકી નહિ. તેની આંખો અશ્રુથી ભરાઈ આવી.

કિસનનાં નેત્રો પણ સજળ બન્યાં. બન્ને હાથ જોડી તેણે કહ્યું:

"બહેન! પ્રણામ."

"ભાઈ! સુખી થજે." પદ્માએ ભારે અવાજે આશિષ

આપી.

ભાઇ બહેનની નજર એક થઇ. એક બીજાનાં સજળ નેત્રો કોઇથી જોઇ શકાયાં નહિ.

—અને થોડીવારે કિસને પૂંઠ ફેરવી ચાલવા માંડયું. પદ્મા ક્યાંય સુધી તે દિશા તરફ જોઈ રહી.

જ્યારે કિસન જણાતો બંધ થયો ત્યારે પદ્માએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

# માહારાજા નંદ-મહારાણી જયાદેવી.




મહારાજા અને મહારાણી રાજ્ય ખટપટની બાબતથી ભયંકર વિચારમાં ગમગીન બન્યા છે અને શયનભુવનમાં બેસી રાજ્યખટપટથી કેવી રીતે બચવું તેના માટે બન્ને જણ ઉપાય સોધવાની વાતો કરે છે.

[કોપીરાઈટ-પ્રકાશકનો છે.]

# પ્રકરણ ૧૮ મું

## ખાનગી ખંડમાં

નાલંદા વિદ્યાપીઠની મુલાકાત લીધા પછી, મહારાજા નંદનું મન અસ્વસ્થ રહેવા લાગ્યું હતું. પંડિત વરરૂચિ અને વિજય વિરૂદ્ધ શંકા લાવનાર મહાઅમાત્ય પર મહારાજાનો સંપૂર્ણ વિશ્વાસ હતો, જ્યારે વિજયે મહાઅમાત્ય વિષે મહારાજાને કેટલીક વાતો કહી સંભળાવી હતી. બંનેમાંથી ખરૂં કોણ ?—અને ખોટું કોણ ?—આ બાબતનો નિર્ણય કરવો મહા મૂશ્કેલ થઈ પડયો હતો. જે પાટલીપુત્રની [1] મહત્તા જગતભરમાં પ્રસરી હતી, તેના સમ્રાટ કહેવાતા કાલાશોકને આંતરવિગ્રહનું પરિણામ બુરૂ ભાસવા લાગ્યું હતું. રાજાના ચહેરા પરના ભાવ તર્કવિતર્ક

(૧) ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં મગધપતિ અશોક વર્ધનના દરબારમાં જે ગ્રીક એલચી મેગેસ્થનીઝ આવી રહ્યો હતો, તેના કથનના આધારે એમ જણાય છે, કે તેનો રહેણાક વસ્તીવાળો ભાગ લંબાઈમાં એંસી અને પહોળાઇમાં પંદર સ્ટુડીઆ હતો. તથા શહેરની આસપાસ લાકડાનો કોટ

મીશ્રિત દેખાતા હતા. સુસપન્ન રાજાની ભવ્યમુદ્રા કેટલાક સમ-યથી તે જ વિહોણી જણાતી હતી. મહારાણીએ અવારનવાર મહારાજાના સુખની ખાતર પોતાના હૃદયની લાગણીઓ દબાવી દેવા માંડી હતી. બંનેને આજુબાજુનું વાતાવરણ નીહાળતાં દુશ્ચિન્હના ઓળા દેખાવા લાગ્યા હતા. હજી સુધી અંગરક્ષક દળના શ્રેષ્ટ શ્રીયકજી પર મહારાજાનો સંપૂર્ણ વિશ્વાસ હતો. 'એક બળવાખોર મંડળની સ્થાપના થઈ ચૂકી છે અને તે મંડળ રાજાનો, રાજવંશનો ઉચ્છેદ કરવા માગે છે. તેના સભ્યોમાં બે વ્યક્તિઓ મહત્ત્વની છે. એક પંડિત વરરૂચિ અને બીજી વિજય.' આવા સમાચાર શ્રીયકજીએ મહારાજાને આપ્યા હતા. આજ કારણવશાત્ મહારાજા નાલંદા વિદ્યાપીઠની મુલાકાતે ગયા હતા, પણ તે મુલાકાતમાં મહારાજાને કોઈ પણ જાતનો સંશય

---

બનાવવામાં આવ્યો. તે કોટને ૫૭૦ મિનારા અને ૬૪ દરવાજા હતા: તેમજ કોટની બહાર ફરતી મોટી ખાઈ ખોદવામાં આવી હતી. તેની પહોળાઈ છસો ફીટ અને ઊંડાઇ ત્રીસ ફીટ હતી.

—તે જ પ્રમાણે કે. હિ. ઈ (કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઇન્ડિઆ પૃ. ૧ લું.) પૃ. ૪૧૧ માં જણાવવામાં આવ્યું છે, કે લંબચોરસ ૮૦×૧૫ સ્ટુડીઆ = ૯⅕ માઇલ લાંબી અને ૧ માઇલ ૧૨૭૦ વાર પહોળાઈ; અને તેની ખાઇ ૩૦ ક્યુ-બીટ (૬૦ ફીટ ઊંડી) ૬ પ્લેથરા = ૨૦૦ યાર્ડ પહોળી હતી.

—વળી ઈ. કો. ઇ. (ઈન્સ્ક્રીપ્શન્સ કોરપોરેટોરમ ઇન્ડીકસ: પ્રો. હુલ્ટઝ.)ની પ્રસ્તાવના પૃ. ૩૭માં લખવામાં આવ્યું છે, કે વસ્તીવાળો તેનો ભાગ લંબાઈમાં બંને બાજુએ એંસી અને પહોળાઈમાં પંદર સ્ટુડીઆ હતો. અને તેની ચારે તરફ ફરતી ખાઇ આવી રહી હતી. જે ૬૦૦ ફીટ પહોળી અને ૩૦ ક્યુબીટ (૬૦ ફીટ) ઉંડી હતી. તેમજ તે કોટને ૫૭૦ કોઠાઓ અને ૬૪ દરવાજા હતા.

આવ્યો નહિ; છતાં તેમને શ્રીયકજીનું કહેવું ખોટું પણ લાગ્યું નહિ. થોડો સમય પસાર થયા પછી ફરીથી વિદ્યાપીઠની મુલાકાત લેવી, એવો તેમણે નિશ્ચય કર્યો.

જ્યારે મહારાજાએ વિજયને વિશ્વાસપાત્ર માન્યો હતો, ત્યારે મહારાણી જયાદેવીને તે વ્યક્તિ ભેદ ભરેલી લાગતી હતી. વિજય એક કપટપટુ સેવક હોઈ, ફકત પોતાના વાક્ચાતુર્યથી જ મહારાજાના દિલને આકર્ષી રહ્યો છે, એવી માન્યતા મહારાણીની હતી.

થોડા સમય પહેલાં જ મહારાણી અને મહાઅમાત્ય શકટાળની [1] મુલાકાત થઈ હતી.

અત્યારે રાજા અને રાણી પોતાના ખાનગી ખંડમાં બેઠાં હતાં. હજી સુધી બંનેમાંથી કોઈના વિચારોનો અંત આવ્યો નહોતો. મહારાજાને પોતાના કુટુંબની અને પ્રજાની ચિંતાએ ઘેરી લીધા હતા. મહારાણીના હૃદયમાં મહાઅમાત્યના શબ્દોનું મંથન ચાલી રહ્યું હતું.

—છેવટે મહારાજાએ મૌન ખંડન કરતાં કહ્યું :

"દેવી! શ્રીયકજીનું કહેવું મને ખરૂં લાગે છે, પણ પુરાવો કોઈ જાતનો મળતો નથી."

"પ્રભુ! જેના પુરાવા મળતા નથી, તે જ બીના ઠરે છે." મહારાણીએ કહ્યું : "આપને જાતે મહામંત્રી પર વિશ્વાસ ન

(૧) એશિઆટીક રીસર્ચીઝ અંક ૫ પૃષ્ઠ ૨૪૬ માં તેમનું નામ શકટર લખ્યું છે. પુરાણોમાં તેમને શકટારના નામથી સંબોધવામાં આવ્યા છે કેટલાક જૈન ગ્રંથોમાં તેમને શકટાળના નામે જણાવવામાં આવ્યા છે.

ન હોય, પણ તેમના પરનો મારો વિશ્વાસ તો અખંડ જ રહેવાનો, મને પિતા–પુત્ર બંને પર વિશ્વાસ છે. પહેલાં આપને વરરૂચિ પર અવિશ્વાસ હતો, તેમના વિષે આપના હૃદયમાં શંકા પણ રહેતી હતી. શું તે શંકાના સ્થાને વિશ્વાસે, અને મહાઅમાત્ય પરના વિશ્વાસના સ્થાને શંકાએ ઘર કર્યું છે? મહારાજ! આપના જેવા કુશાગ્ર બુદ્ધિશાળી સમ્રાટના વિચારો, પલટાતા ગ્રહોની માફક બદલાતા હશે? સામાન્ય માન્યતા પણ ન બદલનાર મગધ સામ્રાજ્યના વિધાતાના સુદૃઢ વિચારો, આમ ચલિત વાતાવરણના વંટોળથી ઘેરાઈને અવનવા તરંગો ઉપસ્થિત કરે, તે તો, આશ્ચર્યજનક કહેવાય! પંડિત ચાણાક્યજી જેવા વિદ્વાનના પણ જે ગુરૂ કહેવાયા, તે મહાન પંડિતોત્તમ પુરૂષ માટે શંકા લાવી, તેમનું અપમાન કરવું, તે આપના જેવા ગુણગ્રાહી સમ્રાટને શોભાસ્પદ નથી. જે ભક્ત પુરૂષે, રાજ્યને નિમકહલાલ રહેવા માટે થોડા વખત પહેલા, પંડિત વરરૂચિને ખોટી રીતે અપાતા દ્રવ્યનો બચાવ કર્યો હતો, અને તે જ કારણથી વરરૂચિ તેમનો દ્વેષ રાખે, ત્યારે આપણે તેમનો પક્ષ લેવાનો હોય, કે તેમની નિમકહલાલીના બદલામાં તેમનો ત્યાગ કરવાનો હોય? જેમના માટે આખા મગધ સામ્રાજ્યની પ્રજા પોતાના સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર હોય, તેમનો જ આપણે ત્યાગ કરવાનો વિચાર કરીએ, તે આપણા માટે કલંક-

---

—મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ પૃષ્ટ. ૯૫ :–માં જણાવવામાં આવ્યું છે, કે 'નંદ કે મંત્રીકા નામ શકટાર થા.'

—ધી. હિન્દુ હિસ્ટરી ઓફ ઇન્ડિઆ, (કર્તા : એ. કે. મજમુદાર) ઇ. સ. પૂર્વે. ૩૦૦૦ થી ૧૦૦૦ કલકત્તા ૧૯૨૦ પૃષ્ટ ૫૧૨ માં જણાવવામાં આવ્યું છે, કે નંદરાજાના અમાત્યનું નામ સતકાર છે.

રૂપ ગણાય. મહાઅમાત્યનો આપણે ત્યાગ કરીશું, તો તેમના પરની લાગણીને વશ થઈ પ્રજાને આપણી વિરૂદ્ધ થતાં વાર નહિ લાગે, અને જો પ્રજા આપણી વિરૂદ્ધ પડી ગઈ, તો આપણે સદા માટે સાવચેત જ રહેવું પડશે, તેટલું જ નહિ, પણ પ્રજાના ફટકા પણ સહન કરવા પડશે. માટે, પ્રભુ ! મારી તો એજ વિનંતી છે, કે જે પ્રમાણેની વ્યવસ્થા મહાઅમાત્ય કરતા આવ્યા છે, તે જ પ્રમાણેની વ્યયસ્થા તેમને કરતા રહેવા દો." મહાઅમાત્ય માટે જેટલું કહી શકાય, તેટલું મહારાણીએ મહારાજાએ કહી સંભળાવ્યું.

મહારાજા કાલાશોક [1] તો આ બધું શાંતિથી સાંભળ્યે જ જતા હતા. તેમણે વચ્ચે કોઈ જાતનો પ્રશ્ન કર્યો નહિ, તેમજ મહારાણીના બોલી રહ્યા પછી પણ તે કંઈ બોલ્યા નહિ.

તેમનું મૌન અખંડિત રહેલું જાણી મહારાણીએ આગળ કહેવા માંડયું.

" મહારાજ ! આપને કહેવાને હું લાયક નથી, છતાં અર્ધાંગના તરિકે આપને હું કહું તો તે અયોગ્ય પણ ન ગણાય, આપે આપના પૂર્વજોના વંશની કીર્તિ વધારવાની છે. મહા-

---

(૧) મહારાજા નવમા નંદના અનેક નામો હોય, તેમ માનવામાં આવે છે. તેમાંના કેટલાક પ્રખ્યાત અને પ્રચલિત છે, તે નીચે જણાવ્યા છે.

| | |
|---|---|
| (૧) નવમાનંદ | (૨) ધનનંદ (ધનાનંદ) |
| (૩) મહાનંદ | (૪) ઉગ્રસેન |
| (૫) પ્રચંડ નંદ | (૬) કાલાશોક |
| (૭) ક્રૂર નંદ | (૮) હિરણ્યગુપ્ત |

પદ્મા * જેવા મહાન પુરૂષના આપ વંશજ છો, તે આપે ભૂલવું ન જોઇએ. રાજ્ય રાજાઓથી ચાલતું નથી, પણ મહા-અમાત્યથી જ ચાલે છે, આ વ્યાખ્યા કોઇ પણ રાજાએ ભૂલવી ન જોઇએ. 'જે રાજાનો મહાઅમાત્ય સારો, તે રાજાની કીર્તિ પણ સારી.' 'જે રાજાનો મહાઅમાત્ય પ્રતિષ્ઠાહિન, તે રાજાની કારકીર્દિ પણ પ્રતિષ્ઠાહિન.' આ મહાન વાક્યો દરેકે દરેક સમ્રાટે હૃદયમાં કોતરી રાખવાં જોઇએ.

દેવ! હું જાણું છું, કે આપની સ્થિતિ દ્વિધા બનવા પામી છે. પણ આવા સંજોગોને મહાત કરવા, એ જ ખરી કસોટી છે. જે રાજાના માટે આવા કટોકટીના પ્રસંગો ઉપસ્થિત થતા નથી, તે રાજાની કિંમત પણ અંકાતી નથી. આવા સંકટમય પ્રસંગોમાંથી નિર્લેક્ષપણે પાર ઉતરી જનાર સમ્રાટની કીર્તિ અજરામર બને છે. આવા સંજોગો રાજાને જ મહાન બનાવે છે, એમ નહિ; પરંતુ સાધારણ વ્યક્તિને પણ મહાન, અજ-રામર બનાવે છે.

પ્રભુ ! મહાઅમાત્ય એક મહાન ધર્મિષ્ઠ પુરૂષ છે. ઉદયકાળ જેવા નગરશેઠે પોતાની પુત્રી પ્રિયંવદાને. વેવિશાળ જેમના પુત્ર જોડે કરવામાં ગૌરવ માન્યું છે, તેમને મહામંત્રીના પદ પર રાખવામાં આપણે પણ ગૌરવ માનવું જોઇએ. કાગને ડોળે વાટ જોઇ બેઠેલા પરદેશી શત્રુઓ મહાઅમાત્યની બદલી થતાં જ

---

* જે પ્રમાણે ઇતિહાસમાં ઉંડા ઉતરનારને, ઇતિહાસના કેટલાંક બનાવો અને કારકીર્દિઓમાં શક ઉપસ્થિત થાય છે, તેમ જુનાં પુરાણોમાં શોધખોળ કરનારને પણ તેમાંની કેટલી ભૂલો મળી આવે છે. નીચે આપેલી વંશાવળિઓ ચાર પુરા-ણોમાંથી મેળવેલી છે. તેમાં પણ થોડો ઘણો ફરક માલમ પડી આવે છે.

પોતાના કાર્યની શરૂઆત કરશે. યુદ્ધનું વાતાવરણ ચારે તરફ પ્રસરતાં પ્રજા પણ ભયમાં મૂકાશે, મહાઅમાત્ય તરીકે શકટાળ નહિ હોય, તો પ્રજાનો સાથ પણ મળશે નહિ. આવા સંજોગોનો વિચાર કરવામાં આવે, તો મહાઅમાત્યનું પદ શકટાળ પાસે હોય, તે જ શ્રેયકર છે. આપ જેવા વિચારવંત મહાપુરૂષને મારે વિશેષ કહેવાનું પણ શું હોય ? હું તો આપના સુખ-દુઃખની ભાગીદાર છું. મને જે યોગ્ય લાગે, તે કહેવાની મારી ફરજ છે."

અત્યાર સુધી શાન્તપણે સાંભળી રહેલા મહારાજાએ પોતાની વાચાને વેગ આપ્યો.

"દેવી ! તમારા દરેકે દરેક શબ્દો વિચારભર્યા છે. મને પણ તે માન્ય છે, પણ જ્યાં સુધી શંકાનું નિવારણ ન થાય,

---

| મહાવંશ | દિવ્યાવદાન |
|---|---|
| બિંબિસાર | બિંબિસાર |
| \| | \| |
| અજાત શત્રુ | અજાત શત્રુ |
| \| | \| |
| ઉદાયિભદ્ર | ઉદાયિભદ્ર |
| \| | \| |
| અનુરૂદ્ધક | મુંડ |
| \| | \| |
| મુંડ | કાકવર્ણી |
| \| | \| |
| નાગદાસક | સહલી |
| \| | \| |
| શિશુનાગ | તુલકુચી |
| \| | \| |
| કાલાશોક | મહામંડલ |
| \| | \| |

ત્યાં સુધી શંકાશીલ મનુષ્ય શંકાના સ્થાને વિશ્વાસ રાખી શકે, તે બનવા જોગ નથી. મહાઅમાત્યને મેં હજી સુધી જાણવા દીધું નથી, કે તેમના પર મને અવિશ્વાસ છે."

"પ્રભુ ! આપ ગમે તેટલી સાવચેતી રાખો, તો પણ તે બાબત ગુપ્ત રહેવી અશક્ય છે. મહાઅમાત્ય જેવા બુદ્ધિશાળી પુરૂષ સાધારણ વાતચીત પરથી પણ તે બાબત જાણી શકે છે. આ વાત તો મારા પહેલાં તેમણે જ જાણી હતી. આ વાત જાણ્યા પછી, તેમણે મારી પાસે આવીને નોકરીમાંથી નિવૃત્ત થઇ પ્રભુભક્તિ માટે બાકીનું શેષ જીવન ગાળવા મારી સંમત્તિ, અર્થાત પરવાનગી માગી હતી." મહારાણીએ શકટાળના થોડા સમય પહેલાંના વિચારો જણાવ્યા.

---

| | |
|---|---|
| નવનંદ | પ્રસેનજિત્ |
| ચંદ્રગુપ્ત | નંદ |
| બિંદુસાર | બિંદુસાર |
| અશોક | સુષીમ, અશોક અને વિગતાશોક |

| વિષ્ણુપુરાણ | સ્થવિરાવલિ |
|---|---|
| શિશુનાગ | શ્રેણિક |
| કાકવર્ણ | કુણિક |
| ક્ષેમવર્ધન | ઉદાયી |
| ક્ષેત્રોજસ્ | નંદ |
| બિંબિસાર | ચંદ્રગુપ્ત |

"હજી સુધી તે બાબતમાં મહાઅમાત્યે મારી પાસે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નથી." મહારાજાએ તે બાબતથી પોતે અજ્ઞાત હોવાનું જણાવ્યું.

"તે જ તેમની મહત્તા છે." મહારાણીએ, રાજાના શબ્દોમાં જ રહેલી શકટાળની મહત્તા દર્શાવી.

—આ સાંભળી મહારાજા ગુંચવાયા. શું મહારાણી અને મહામંત્રી એક તો નહિ હોય ?—આ વિચાર અચાનકપણે તેમના મગજમાંથી મોજાંની માફક પસાર થઇ ગયો.—પણ, તરત જ તેમના મને તેમને ચેતાવ્યા. ' પોતાને આવેલો વિચાર તદ્દન મૂર્ખતા ભર્યો હતો. મહારાણી જયાદેવી, એટલે મહાન સ્ત્રીશક્તિ, તીવ્ર બુદ્ધિશાળી, રાજકારણમાં સલાહકાર અને વિલાસ

---

અજાત શત્રુ | અશોક

|

દર્શક (હર્ષક)

|

ઉદયાશ્વ

|

નંદિવર્ધન

|

મહાનંદી

|

નંદવંશ

મહાપદ્માનંદ

|

તેના આઠ પુત્ર

મૌર્ય વંશ

ચંદ્રગુપ્ત

|

બિંદુસાર

|

અશોક

વૈભવમાં રંભા. જેને પોતાના હૃદયની દેવી માની, તે જ દગો દે ? અશક્ય. અનેક રાણીઓમાંથી જેની મેં પસંદગી કરી છે, તે યોગ્ય જ છે. મહાઅમાત્ય અને તે, મળી ગયાં હોય, તે શક્ય છે, પણ મારા વિરૂદ્ધ નહિ, મહાઅમાત્ય પરનો તેનો પક્ષપાત શુદ્ધ જ છે. ફક્ત સ્ત્રી હૃદય અને હૃદયની કોમળતા જ ઉંડી લાગણીનો ભાસ કરાવે છે. રાણીની બુદ્ધિ પ્રસંશનીય છે. તેણે દર્શાવેલો પ્રત્યેક વિચાર વિચાર કરવા જેવો છે. મહાઅમાત્ય માટે મારે ઘણું વિચારવું પડશે. આજ સુધીની મારી કારકીર્દિની મહત્તા મહાઅમાત્યની બુદ્ધિને આભારી છે.'

કેટલોક સમય વિચાર કર્યા પછી મહારાજાએ કહ્યું :

"દેવી ! મહાઅમાત્યના માટે મારે ખૂબ વિચાર કરવો પડશે. કલ્પક જેવા મહાઅમાત્યના વંશજને વિચાર કર્યા વિના ન્યાય આપવો, તે કેવળ અન્યાય જ છે."

"પ્રભુ ! મને ખાત્રી છે, કે આપ અવિચારી પગલું નહિ જ ભરો." થોડી વાર થંભી મહારાણીએ આગળ કહેવા માંડ્યું :

"મહારાજ ! મહાઅમાત્ય વિષે આપ શાંતિથી વિચાર કરજો. તેની હમણાં કંઈ ઉતાવળ નથી. ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખજો, કે કપટીઓને અનેક બહાનાં મળે છે, પણ નિર્દોષને એકેય બહાનું જડી આવતું નથી."

મહારાણીએ જોયું, કે હવે આગળ બોલવું નિરર્થક છે. બુદ્ધિશાળી મનુષ્યને થોડું કહેવામાં જે મીઠાશ રહે છે, તે મીઠાશ વધારે કહેવામાં રહેતી નથી.

તેમણે એક દાસીને બોલાવીને દૂધનો કટોરો લાવવાની આજ્ઞા કરી, અને પોતે મહારાજાને પવન નાખવા લાગ્યો.

## પ્રકરણ ૧૯ મું

### પદ્માવતીની વાચાળ શક્તિ

કિસનના ગયા પછી પદ્મા જ્યારે પોતાના સ્થાને ગઈ, ત્યારે વરરૂચિ સિવાયના બધા સભ્યો ત્યાં હાજર હતા. પોતાનાં ભિનાં વસ્ત્રો સૂકવી, તે મંડળના સભ્યો પાસે આવી, બોલી:

"કાકા! કિસન કેમ જણાતો નથી!" કિસનનું મિલન પોતે છૂપાવી રાખવા ઇચ્છતી હતી.

"બેટા! કિસન તો ગયો." ગળગળા અવાજે વૃદ્ધ ડોસાએ જવાબ આપ્યો. કિસનના જવાથી ગળગળો થયેલો તેનો અવાજ હજી સુધી તેવો ને તેવો જ રહ્યો હતો.

"ક્યાં ગયો?" પદ્માએ આશ્ચર્ય દર્શાવતાં પૂછ્યું.

"તે ખબર નથી, પણ તે મંડળ છોડીને ગયો, તે ખરૂં" પોતાની અંતર્વ્યથાને દબાવી રાખતાં તે ડોસાએ જવાબ

આપ્યો.

"તેણે મંડળ છોડયું ?" પદ્માએ વધારે દુ:ખદ આશ્ચર્ય દર્શાવતાં પૂછ્યું.

"હા."

"કેમ ?"

"તેનો ખુલાસો વિજયદેવને પૂછી જો." પોતે બધો ખુલાસો કરવાને અશક્ત છે, એમ વૃધ્ધે આડકતરી રીતે જણાવ્યું.

"વિજયદેવ !" પદ્માએ એક જગ્યાએ પોતાનું સ્થાન લઈ વિજયને પ્રશ્ન કર્યો :

"કિસન શા માટે ચાલી ગયો ?"

"આ મંડળને છોડી ચાલ્યા જવાનું તેણે યોગ્ય માન્યું." વિજયે જવાબ આપ્યો.

"શા માટે ?" પોતે અજાણ હોવાનાં કૃત્રિમ ચિન્હો પોતાના ચહેરા પર લાવી પદ્માએ પૂછ્યું.

આ બાબતનો ખુલાસો ન થાય તો સારૂં, એવા વિચારો આજ સુધી આ મંડળના હતા. પણ વિજયને લાગ્યું કે હવે આ બીનાથી પદ્માને અંધારામાં રાખવી યોગ્ય નથી. આ મંડળના સભ્યો ક્ષત્રિયો છે, તે ન જણાવવું, પણ આ મંડળનું ધ્યેય અને કિસન સાથે થયેલી ચર્ચા પદ્માને જણાવી દેવી, કે જેથી પદ્મા આ કૃત્યમાં મંડળને મદદ કરવાને તૈયાર છે કે નહિ, તેનો ખુલાસો થઈ જાય. તેણે પદ્માના પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું :

"કિસનને અને મંડળના સભ્યોને એક કાર્યમાં મતભેદ

થયો."

"કયા કાર્યમાં ?"

"સીધી રીતે જો રાજા પદભ્રષ્ટ ન થઈ શકે, તો તેનો, તેના કુટુંબનો અને તે કાર્યમાં જો બીજું કોઈ વચ્ચે આવે, તો તેનો પણ નાશ કરવો."

કિસનનો અને મંડળનો મતભેદ શા કારણથી થવા પામ્યો હોય, તે લાયક પદ્મા તરત જ સમજી ગઈ. કિસને શા માટે મંડળનો ત્યાગ કર્યો, તે પણ તેના ખ્યાલમાં આવી ગયું. કિસને પોતાને શા માટે ખુલાશો ન કર્યો, તે સમજી જતાં પણ તેને વાર ન લાગી.

"પછી ?" પદ્માએ આગળ પૂછ્યું.

"કિસને તેમાં સંમત્તિ ન આપી."

"કેમ ?"

"તેણે કહ્યું, કે હું અહિંસાને માનું છું. કોઈનું પણ લોહી રેડવાને હું તૈયાર નથી."

"પણ આમાં લોહી રેડવાનો સવાલ જ રહેતો નથી."

"રાજાનો, રાજકુટુંબનો અને વચ્ચે આવનારનો નાશ કરવામાં આવે, તો લોહી રેડાય જ ને !"

"મને તો લાગે છે, કે લોહી ન રેડતાં આપણું કાર્ય પાર પડે, તો સારૂં."

"તું પણ કિસનના જ મતની લાગે છે !"

"હું તો સંસાર ત્યાગિની છું. મને હિંસાનો વિચાર પણ

ન આવી શકે." પદ્મા આ વિષયમાં ઉંડી ઉતરીને મંડળની આંતરિક ઈચ્છા જાણવા માગતી હતી.

"તો પછી મંડળમાં જોડાણી શા માટે?" વિજયે પદ્માને બોલવામાં બાંધી લેવાનો પ્રયાસ શરૂ કર્યો.

"ફક્ત તમારા કહેવાથી." પદ્માએ પણ તેવો જ ઉત્તર આપ્યો.

"મારા કહેવાથી?" વિજય આશ્ચર્ય પામ્યો.

"હા." પદ્માએ શાન્તપણે કહ્યું.

"મંડળમાં દાખલ થતી વખતે, મંડળના કાયદા કાનૂનોને તેં પ્રતિજ્ઞા લીધી હતી ને?"

"તે બાબતની મારી ના પણ ક્યાં છે?"

"ત્યારે મંડળના ધ્યેયને તારે અનુસરવું પડશે.

"હું કબૂલ છું."

"મંડળ કર્તવ્યવાદી છે. તેના કર્તવ્ય વખતે તે હિંસા અહિંસાને એક બાજુએ મૂકે છે. જો તું હિંસા અહિંસા વચ્ચેના ભેદનો વિચાર કરવા રહીશ, તો મંડળના ધ્યેયને તારાથી અનુસરી શકાશે નહિ"

"જ્યારે મારા માટે મારા કર્તવ્યનો પ્રસંગ આવીને ઉભો રહેશે, ત્યારે હું હિંસા અહિંસાની માન્યતાને એક બાજુએ મૂકીશ. જ્યાં સુધી મારા કર્તવ્યનો પ્રસંગ મારા શિરે આવ્યો નથી, ત્યાં સુધી તો હું પણ અહિંસાને જ શ્રેષ્ઠ માનીશ." હવેથી બોલવામાં બહુ સાવચેતી રાખવી પડશે, એમ પદ્માએ માની લીધું.

" હિંસાનો પ્રસંગ આવશે, ત્યારે તું અમને સાથ આપીશ ?" વિજયે પૂછ્યું.

" જ્યારે હિંસા કરવાનો પ્રસંગ મારા શિરે આવી પડશે, ત્યારે તેમાં હું પાછી પાની નહિ કરૂં." પદ્મા પ્રત્યેક પ્રત્યેક વાક્ય દ્વિઅર્થી બોલતી હતી. વિજય પદ્માના પ્રત્યેક વાક્યનો અર્થ પોતાની અનુકુળતાએ કરતો હતો. તેણે માની લીધું કે, પદ્મા હિંસામાં પણ મદદ કરવાને તૈયાર છે.

" તું સાધવી હોવા છતાં પણ હિંસાવાદમાં ભળીને અમારા મંડળને અનુસરવાને તૈયાર છે, તે અમારા માટે મંગલસૂચક છે. કિસને પણ તારૂં અનુકરણ કર્યું હોત, તો સારૂં હતું."

" મારી પણ માન્યતા તે જ છે. કિસને મંડળનો ત્યાગ કરવામાં ઉતાવળ કરી છે. મંડળમાં રહીને પણ તે અહિંસાનું પાલન કરી શકયો હોત. તેના અહિંસક વિચારો માટે મને માન છે."

" તેણે તો પોતે પ્રખર અહિંસાવાદી હોવાનું જણાવ્યું.',

" તેણે મારી પાસે અહિંસાનું શિક્ષણ લીધું હતું."

" અમે તો જાણતા જ નથી !"

" જણાવવાની જરૂર પણ હોતી નથી."

" આ પરથી મને મને એમ લાગે છે, કે તું પણ પ્રખર અહિંસાવાદી છે."

" કારણ કે હું સાધ્વી છું."

છતાં અમારા મંડળની સભ્ય બનીને રાજકારણમાં ભાગ લેવા માંડી."

" ગમે તેવા સંતને પણ કોઇ કોઇ વખતે આત્મભાન

થાય છે."

"શાનું?" વિજયને પદ્મા સાથેની ચર્ચામાં રસ પડવા માંડયો હતો.

"મનુષ્ય કર્તવ્યનું."

દરેક સભ્યને પદ્માના વિચારો માટે માન હતું.

\+ + +

ઉપરની ચર્ચાને પાંચ સાત દિવસ વીતિ ગયા હતા. અત્યારે પદ્મા અને વિજય એકાન્તમાં બેસીને ભવિષ્યનો વિચાર કરી રહ્યાં હતાં. વિજય સમજી શકતો નહોતો, કે પદ્મા શા માટે ચોકખો જવાબ આપતી નથી. તેણે અનેક વખત પદ્માને પૂછયું હતું, કે 'લગ્નગ્રંથીથી જોડાવાને તું શા માટે ના પાડે છે?" પણ તેનો જવાબ ગોળગોળ ભાષામાં જ મળતો હતો. ફરીથી આજે તેણે પૂછયું હતું;

"પદ્મા! તું શા માટે ચોકખી હા કહેતી નથી?"

"વિજય!" પદ્મા બોલી: તમે મારા માટે લાયક છો. મને તમારા માટે માન છે. આપણે લગ્નગ્રંથીથી જોડાઇએ, તો આપણી જોડી પણ દીપી ઉઠે. પણ,—વાંધો એક જ આવે છે."

"શો?" વિજયે અધિરાઇથી પૂછયું.

"તમે હિંસાવાદી વિચારના છો, અને હું અહિંસાવાદી વિચારની છું. આપણા વિચારમાં સામ્ય ન હોય તો લગ્ન શી રીતે સુખી નીવડી શકે?" પદ્માએ વિજયને અનુલક્ષીને જવાબ આપતાં સામો પ્રશ્ન કર્યો.

"તેનો નીવેડો લગ્ન પછી આપોઆપજ આવી જશે જો

ભવિષ્યના વિચારે બધાં જ કાર્યો કરતામાં આવે, તો એક પણ કાર્યની શરૂઆત થઇ શકે નહિ."

"અહીં પણ તમારો અને મારો મતભેદ છે. જે કાર્ય કરવું હોય, તેનો પુરેપૂરો વિચાર કરીને જ કરવામાં આવે તો કાર્યની સફળતા નિર્વિઘ્નપણે મળી આવે."

"તે મતને તો હું પણ ભળતો જ છું, પણ પ્રત્યેક કાર્યમાં તેમ થવું અશક્ય છે, એમ મારૂં કહેવું છે." વિજયે પદ્માના વિચારને માન્ય રાખવામાં ડહાપણ માન્યું. તેણે આગળ કહેવા માંડ્યું: "સમજ, કે દરેકે દરેક કાર્યમાં હું પહેલાંથી વિચારના તારા ધ્યેયને સંમત થાઉં છું. હવે તું મારા હિંસાવાદી વિચારને મળતી ન થાય, તે તો હું નથી માની શકતો."

"શા પરથી તમે એમ માનો છો, કે હું તમારા હિંસાવાદને મળતી થઈશ? એવું કોઈ કારણ તમને મળી આવ્યું છે, કે તમારી આ માન્યતાને તમે અપનાવી શકો? તમે તમારા વિચારોને મક્કમપણે વળગી રહો અને હું મારા વિચારોને મામુલી તરંગો માની, તેનો ત્યાગ કરૂં? વિજય! તમે સમજવામાં કેટલી મોટી ભૂલ કરો છો?" પદ્માએ ઉપરા ઉપરી અનેક પ્રશ્નો પૂછી નાખ્યા.

આટલા બધા પ્રશ્નો સાંભળી વિજય તો ડઘાઇ જ ગયો. જવાબ પણ કેટલાકના આપવા? પણ તે ચકોર હતો. હાજર જવાબી તેણે કેળવી હતી. થોડીવાર થંભી શાંતિથી તેણે જવાબ આપવા માંડયો:

"પદ્મા! તારા અનેક સવાલોના જવાબ મારા એક જ જવાબમાંથી તને મળી રહેશે. તેં મંડળમાં બધા સભ્યોની સમક્ષ કબૂલ કર્યું હતું, કે પ્રસંગ આવે તો હિંસાવાદી કર્ત-

વ્ય કરવાને તું પાછી પાની ન કરે,—એટલે કે તું વખત આવે તો હિંસાવાદી પણ બની શકે. અર્થાત્, તેનો અર્થ એમ થાય છે, કે પ્રસંગોપાત તું તારા વિચારો બદલી શકે. જો મારા કહેવાનો અર્થ ખરો હોય, તો મારા પ્રેમની ખાતર, આપણું લગ્નગ્રંથીથી જોડાઇને સંસારસુખ ભોગવવાની ખાતર, જો તું ધારે તો તારા વિચારો બદલીનેમારા વિચારોને માન્ય રાખી શકે."

"પણ, તે વખતના મારા શબ્દોનો અર્થ જુદો હતો. જો મારા પર જવાબદારી આવી પડે, તો કર્તવ્ય તરીકે મારે મારી ફરજ સમજી હિંસા કરવી જોઇએ. તે હિંસા હું ખરી લાગણીથી તો ન જ કરૂં.—એટલે, કે કર્તવ્ય અને લાગણી આ બંનેમાં હું ઘણો જ તફાવત માનું છું." પદ્મા કોઇ પણ રીતે બોલે બંધાવા માગતી નહોતી.

"એટલે તું અંતઃકરણથી મંડળમાં જોડાઈ નથી, એમ જ ને ?"

"મંડળમાં હું અંતઃકરણથી જોડાઇ છું, પણ મંડળનો હવેનો કાર્યક્રમ મને ધિઃક્કારમય લાગે છે. જ્યારે હું જોડાઇ ત્યારે મંડળનું ફક્ત એક જ ધ્યેય હતું, અને તે એટલે રાજાને પદભ્રષ્ટ કરવો. પણ હવે તો મંડળનું ધ્યેય બદલવા લાગ્યું છે, બદલાયું છે. મંડળમાં દાખલ થતી વખતે જ્યારે મેં પ્રતિજ્ઞા લીધી, ત્યારે મારા હાથે એક ગંભીર ભૂલ થઈ છે. પ્રતિજ્ઞા લેતી વખતે મારે એવી પ્રતિજ્ઞા લેવી જોઇતી હતી, કે 'રાજાને પદભ્રષ્ટ કરવાના જ કાર્યમાં સહાય કરવાને હું બંધાઉં છું.' પરંતુ અફસોસની વાત એ છે, કે મંડળના પ્રત્યેક કાર્યમાં મદદ કરવાની મેં પ્રતિજ્ઞા મેં લીધી છે, તો તેને વળગી રહ્યા સિવાય મારો છૂટકો પણ નથી." પદ્માનું પ્રત્યેક ઉચ્ચારણ રહસ્યમય

હતું. વિજય વાક્ચાતુર્યમાં હોંશિયાર હતો. ગમે તેના બોલવા પરથી તેનું મન તે પારખી શકતો, પણ પદ્માના કૃત્રિમ નેત્ર કટાક્ષ અને જિહ્વાની ચપળતા આગળ તેનું કંઇ ચાલી શકયું નહિ.

પદ્માના સૌંદર્ય પાછળ તે લુબ્ધ બન્યો હતો. તેની અંતર્વ્યથા તેજ સમજી શકતો હતો પદ્માનું સંભાષણ તેના પ્રત્યેક વિચારને દાબી દેવાને શક્તિમાનની વડતુંહતું. મહારાજા કાલાશોક જેવા મહાન સમ્રાટને પણ પોતાના વાક્ચાતુર્યથી ડોલાવનાર વિજય પદ્માના વાક્ચાતુર્ય આગળ પોતે જ ડોલવા લાગી જતો હતો. પદ્માનો વાણી પ્રવાહ કોઇ કોઈ વખતે વિજયને ભૂલાવામાં નાખી દેતો. વિજયને કેટલીયે વખત એમ થયેલું કે 'પદ્માના વિચારોને મળતો થઈ હું પણ અહિંસાવાદી બની જાઉં, તો જન્મારો સફળ થાય, પદ્મા જેવી રૂપગુણસંપન્ન સ્ત્રીની પ્રાપ્તિ થાય.'—પણ આ તો વિચારોના તરંગો જ બની જતા. કોઇ કોઇ વખતે આજુબાજુનું વાતાવરણ તેને મૂંઝવી નાખતું.

તે સમયમાં બૌદ્ધભિક્ષુકોનો અને જૈન સાધુઓનો અહિંસા વિષેનો પ્રચાર જોરજોરથી ચાલી રહ્યો હતો. બીજી બાજુએ બ્રાહ્મણોનું જોર હતું, પણ તે સાધારણ રીતે નરમ પડયા હતા. મોટા મોટા લોકો જૈન ધર્મને અપનાવી લેવા માંડયા હતા. સમય સમયનું કામ કરે છે, તે કહેવત પ્રમાણે ક્ષત્રિયોનું જોર તદ્દન નરમ પડી ગયું હતું. જૈનોના ઐશ્વર્યનો પાર નહોતો. વિશાળ હવેલીઓ, ભવ્ય મહેલાતો અને આલ્હાદક ઉપવનોના ભોક્તા, જૈનો સિવાય બીજા લોકો બહુ જ ઓછા હતા. રાજસભામાં પણ જૈનોનું જ સ્થાન મહત્ત્વભર્યું હતું. બ્રાહ્મણોમાંના કેટલાક લોકો, મોટી મોટી વ્યક્તિઓ જૈન ધર્મ પાળતી હતી, મહાઅમાત્ય શકટાળ જૈન ધર્મના અનુયાયી હતા. અંગરક્ષક

દળના શ્રેષ્ઠ શ્રીયકજીએ પણ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. શ્રીયકજીના વડિલ બંધુ સ્થુલિભદ્ર [1] જે આ સમયે કોશ્યા નામની ગણિકાને ત્યાં રહેતા હતા.–તે પોતે બ્રાહ્મણ હતી તો પણ; પોતાના ધર્મમાં અનિશ્ચિત હતી, છતાં જૈન ધર્મમાં તેમની પૂર્ણ શ્રદ્ધા હતી.

અત્યાર સુધી શાન્ત રહેલા વિજયે પૂછ્યું:

"પદ્મા ! જો હું તારા મતને મળતો થાઉં, તો તું મારો સ્વીકાર કરે ?"

"વિજયદેવ ! આ પ્રશ્ન ઘેલછા ભર્યો છે. મેં તો તમારો સ્વીકાર ક્યારનો ય કરી લીધો છે. ફક્ત લગ્ન માટેનો પ્રસંગ આપણે મેળવી શક્યા નથી, કારણ કે આપણા મતમાં ઘણી વખત ભેદ પડી જાય છે. જો તમે મારા મતને સ્વીકારી લો, તો હું તમે કહો ત્યારે લગ્ન કરવા તૈયાર છું. જેમ તમે મારા સૌંદર્ય પાછળ ઘેલા બન્યા છો, તેમ હું તારા પ્રેમ પાછળ ઘેલી બની છું. પણ મારા સિદ્ધાંતની ખાતર મારે તમારા પ્રેમ પાછળની મારી ઘેલછાને દબાવી દેવી પડે છે." પદ્માએ પોતાનું સ્ત્રી ચરિત્ર અજમાવવા માંડ્યું હતું તેના નેત્ર કટાક્ષો વિજયના હૃદયને વિહ્વળ બનાવી મૂકતા હતા. તેની કૃત્રિમતા હળવે હળવે મક્કમ બનતી જતી હતી. વિજય તે કૃત્રિમતાને સમજવા અશક્ત નીવડયો હતો.

વિજયે પોતાનાં નેત્રોને તૃપી કરવા ખાતર પદ્માને નખથી શિખા સુધી નિહાળી. તે નિરીક્ષણે વિજયને વધારે વિહ્વળ

(૧) ભવિષ્યમાં તેમણે જૈન ધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી.

બનાવ્યો. લગભગ પોતાનું સર્વ ભાન ગૂમાવ્યા જેવી તેની દશા થઈ ગઈ. તેણે પદ્માને ઉદ્દેશીને કહ્યું :

" પદ્મા ! હું તારા મતને સ્વીકારી લઉં છું."

" વિજયદેવ ! વચન આપવું પડશે."

" મને કબૂલ છે."

" છતાં વિચાર કરી જુઓ."

" મેં વિચાર કરીને જ તારા મતને સ્વીકારી લીધો છે."

" પણ મારે તેની પરિક્ષા કરવી પડશે." પદ્માએ જોયું કે હવે બીજું બહાનું કાઢવું પડશે.

" શાની ?"

" તમે તમારા વચનને પાળી શકશો કે નહિ તેની."

" હું મારા વચનનો ભંગ કદી કરતો નથી."

" છતાં મારે મારી ફરજ બજાવવી જોઇએ."

" શાની ફરજ ?"

" મનુષ્ય કર્તવ્યપણાની."

વિજય તો આ જવાબ સાંભળીને દિગ્મૂઢ જ બની ગયો. બોલે બંધાય નહિ, તેવી સ્ત્રી તો તેણે આજે જ જોઇ. અજબ વાચાળ સ્ત્રી ! જો પોતાને આવી સ્ત્રીની પ્રાપ્તિ થાય, તો જીવન સફળ થાય. તેણે પદ્માને કહ્યું :

"પદ્મા ! મને કબૂલ છે. હું તને વચન આપું છું, કે આ મંડળ સિવાયના પ્રત્યેક કાર્યમાં હું તારા મતને મળતો રહીશ."

'વિજયદેવ ! તમે વચન આપ્યું, પણ પોતે છૂટા રહી મને બાંધવાનો પ્રયત્ન કર્યો. છતાં મને હરકત નથી. તમારા વચનના સ્વીકારનો જવાબ હું તમને પરમ દિવસે આપીશ." કહી પદ્માએ વિજયને આશા આપી.

વિજયે આશામાં જ સફળતા માની લીધી.

# પ્રકરણ ૨૦ મું

## મૂશ્કેટાટ બંધાયાં

વિજય અને પદ્માની મુલાકાત પછી કેટલાક પહોર વીતિ ગયા હતા. આજે વિજયને જવાબ આપવાનો હોઈ, તે પહેલાં એક કામ પતાવી લેવાની પદ્માને જરૂર હતી.

નદી કાંઠા પરનાં મોટાં મકાનોની રોશનીમાં ધીમે ધીમે ચેતન આવી રહ્યું હતું. શાન્ત વાતાવરણમાં સુમધુર આલાપો અને વાંજીંત્રના કર્ણપ્રિય સ્વરો અરૂણદેવના અસ્તાચળ તરફના ગમનને માન આપી રહ્યા હતા. સ્વગૃહ પ્રતિ વિહાર કરતી વ્યક્તિઓના કાન તે આલાપ અને વાજીંત્રના સ્વર તરફ આકર્ષાઈ રહ્યા હતા. તે મકાનો અને આનંદ જ મગધ સામ્રાજ્યના પાટનગર પાટલીપુત્રની મહત્તા દર્શાવવાને પૂરતાં હતાં.

કેટલીક દાસીઓ પોતાના હાથમાં પુષ્પ અને પુષ્પની માળાઓ લઈ, પોતાની શેઠાણીઓને તે પહોંચાડવાની ધાંધલમાં ઉતાવળી ઉતાવળી જઇ રહી હતી.

આ સમયે આવી ધાંધલમાં બીજી એક સ્ત્રીએ પણ પોતાનો ફાળો આપ્યો હતો. તેનામાં અને બીજી સ્ત્રીઓમાં ફક્ત ફરક એટલો જ હતો, કે તેના હાથ તદ્દન ખાલી જ હતા, જ્યારે બીજી સ્ત્રીઓના હાથમાં પુષ્પાદિ વસ્તુઓ હતી.

અમુક નિયત સ્થળે આવી, તેણે એક મોટી હવેલી તરફ ઉંચી નજર કરી. તે હવેલીના એક વાતાયનમાં એક નાજુક સ્ત્રીનું સુંદર મુખ શોભી રહ્યું હતું. નીચે ઉભેલી સ્ત્રી બેચાર ક્ષણ સુધી તે વાતાયન તરફ જોઇ રહી. વાતાયનમાં જે ચહેરો શોભી રહ્યો હતો, તે ચહેરાની નજર પોતાના પર પડે તેવી તેની ઇચ્છા હતી, પણ તેની તે ઇચ્છા અધૂરી રહી.

પોતાની ધારણા પાર પડવી અશક્ય લાગતાં, તેણે તે મકાનના મુખ્ય દ્વાર તરફ જવા માંડ્યું. દ્વારની નજીક પહોંચતાં જ દરવાને નીચા નમી યોગ્ય માન આપ્યું તે સ્ત્રીએ તેને પૂછ્યું :

"બા ઉપર છે ?"

"જી, હા." દરવાને નમ્રતાથી જવાબ આપ્યો.

તે સ્ત્રી મકાનની અંદર જઇ, મોટો દાદર ચઢવા લાગી. મકાનમાંની તેની હીલચાલ જોનારને તરત જ સ્પષ્ટપણે સમજાઈ આવે તેવું હતું, કે યે આ મકાનની જાણીતી સ્ત્રી હોવી જોઇએ.

જે બારીમાંથી સુંદર ચહેરાનાં દર્શન થતાં હતાં, તે બારીવાળા ખંડ આગળ તે સ્ત્રી પહોંચી ગઇ. ખંડના દ્વારની પરિચારિકાએ તેને જોતાં જ વિનયથી હાથ જોડયા. હજી સુધી મકાનની માલિકાને આ સ્ત્રી આવ્યાની ખબર પડી નહોતી, તેમ લાગવાથી તે સ્ત્રીએ માલિકાને સંભળાવવાં માટે પરિ-

ચારિકાને પૂછ્યું :

"બા અંદર છે ?"

"જી, હા." તે પરિચારિકાએ સવિનય જવાબ આપ્યો.

આ પ્રશ્નોત્તર સાંભળી મકાન માલિકાએ તે ખંડના દરવાજા પ્રતિ નજર કરી. તે સ્ત્રીને જોતાં જ માલિકા હર્ષભેર બોલી ઉઠી :

"પદ્મા !"

"હા, બા." આવનાર સ્ત્રી પદ્મા હોઇ, તેણે તરત જ પોતાની શેઠાણીને જવાબ આપતાં વિનયથી પ્રણામ કર્યાં.

તેને પોતાની શેઠાણી પાસે જવાની વિના બાધિત પરવાનગી હતી. પદ્મા શેઠાણીની નજીક આવીને ઉભી રહેતાં જ શેઠાણીએ સપ્રેમ તેની પીઠ પર હાથ ફેરવ્યો. તે પંપાળવામાં મમતા હતી, લાગણી હતી.

પદ્મા અને તેની શેઠાણીની મુલાકાત અત્યારનવાર થયા કરતી હતી. આ મુલાકાત ગઇ મુલાકાત પછી ચાર દિવસે થઇ થઇ હતી. પદ્મા તેની શેઠાણીની વિશ્વાસપાત્ર દાસી હોવા છતાં; શેઠાણી તેને પોતાથી માડીજાયી બહેન સમી માનતી હતી. શેઠાણીની સુખદુઃખની ભાગીદાર પદ્મા જ હતી. ગમે તેવું ખાનગી કામ કરવાનું હોય, તો તે પદ્માને જ સોંપાતું. દરવાન અને પરિચારિકાઓ પદ્માને સંપૂર્ણ માન આપતાં હતાં. પદ્મામાં પણ એક વિશેષ ગુણ હતો. શેઠાણીએ સોંપેલું કોઈ પણ કામ તેણે શેઠાણીનું ન સમજતાં, પોતાની બહેનનું, પોતાનું જ સમજીને કરતી. મકાનનાં દાસદાસીઓ પ્રત્યે તે હંમેશાં મમતાથી જ વર્તતી. તેના આ વિશેષ ગુણે જ તેને સર્વપ્રિય બનાવી હતી.

તેની શેઠાણીએ સોંપેલું કાર્ય તેણે હંમેશાં નિર્ભયપણે પાર પાડેલું હોય જ. શેઠાણી તરફથી સોંપાયેલું આ વખતનું કાર્ય, મહત્ત્વનું હોવા ઉપરાંત, જોખમ ભરેલું પણ હતું તે જોખમ-દારીમાં જીવન મરણનો સવાલ હતો. પોતાની માલિકા માટે તેણે જીવન મરણના સવાલને એક બાજુએ મૂકી, તે કાર્યમાં ઝંપલાવ્યું હતું. ધીમે ધીમે ઇચ્છીત કાર્યમાં યશ મળતાં, શેઠાણી તેના વિશેષ લાગણીવશ બની જવા માંડી હતી.

આજની બંનેની મુલાકાતમાં હર્ષનો આવેશ હતો. શેઠાણી પદ્માને સાથે લઇ પોતાના ખાનગી ખંડમાં ગઇ. તે ખંડની પરિચારિકાને 'કોઇને અંદર ન આવવા દેવાની' સખ્ત તાકીદ આપી.

ખંડની અંદર બિછાવેલા એક કિંમતી ગાલિચા પર બંનેએ જોડાજોડ સ્થાન લીધું. સમય બંનેને માટે કિંમતી હતો. એક ક્ષણ પણ વ્યર્થ જવા દેવાની કોઇની ઇચ્છા નહોતી.

"પદ્મા!" શેઠાણીએ બોલવાની શરૂઆત કરતાં કહ્યું.

"જી!"

"નવા શું સમાચાર છે, તે જલ્દીથી કહી સંભળાવ."

"બા!" પદ્મા કહેવા લાગી: "જે ગણીએ તે નવીન, ન ગણીએ તે જુના. વિજય મારી સાથે લગ્ન કરવાને લલચાયો છે. કોઈ પણ ભોગે તેમ કરવાને તે તૈયાર છે. મંડળના સભ્યો પૈકી કિસન નામનો નાનો છોકરો, જે સભ્ય હતો, તે મંડળને છોડી, ચાલ્યો ગયો છે."

"કેમ?" શેઠાણીએ પ્રશ્ન કર્યો.

"મંડળના કાર્યમાં મતભેદ પડયો હતો." કહી પદ્માએ

કિસન વિષેની સઘળી હકીકત કહી સંભળાવી. તે ઉપરાંત વિજય અને પોતાના વચ્ચે થયેલી લગ્ન વિષેની ચર્ચા પણ કહી સંભળાવી. વિશેષમાં તેમણે કહ્યું :

" આજે મારે વિજયને જવાબ આપવાનો છે."

" તેને કોઈ પણ બહાને ટહેલાવજે." શેઠાણીએ પદ્માને કહ્યું. " હવે તેમના પાપનો સમય ભરાઇ ચૂક્યો છે. એક વખત તું મહારાણીની મુલાકાત લઈ આવજે. તે મંડળના કારસ્થાનથી તેમને વાકેફ કરજે. મંડળની વ્યૂહ રચના તેમને કહી સંભળાવજે. જો તારી પાસે ખાત્રી માગે, તો કહેજે, કે 'અગ્નિની પરિક્ષા ન હોય.' વિજય સૌંદર્ય ઘેલો છે. તારા સૌંદર્ય પાછળનું તેનું ઘેલપણ મંડળનો નાશ કરાવશે. ફક્ત મહારાજાના પદભ્રષ્ટનો પ્રસંગ હોત, તો હું તેમના મંડળના કાર્યમાં રસ લેત નહિ, પણ મને પહેલાંતી જ શંકા હતી, કે તે લોકો જો મહારાજાને સીધી રીતે પદભ્રષ્ટ નહિ કરી શકે, તો મહાઅમાત્ય વગેરેનો નાશ કરવાનો વિચાર કરશે. તેટલા માટેજ, મેં તને તેમની હીલચાલ તપાસવાને મોકલી હતી. મારી ધારણા સત્ય નીવડવા લાગી છે. તારી કાર્યદક્ષતા ગમે તેવા ગુપ્તચરને પણ શરમાવે તેવી છે. તારા ગઇ વખતના કહેવા પરથી, ગુપ્તચર મંડળના શ્રેષ્ટ શ્રીયકજીને મંડળ વિષે શંકા આવી હોય તેમ લાગે છે. તેમણે પોતાના હાથ નીચેના માણસોને તે તપાસ હાથ ધરાવી છે. કદાચ તેમના કાર્યમાં સફળતા મળે પણ ખરી, છતાં તેમના પર વિશ્વાસ રાખીને આપણે આપણાં કાર્યને પડતું મૂકવું જોઇએ નહિ. કોઇ પણ ભોગે મહાઅમાત્યનું કુટુંબ સહિસલામત રહેવું જોઇએ. મહારાજા–ા, રાજકુટુંબનો નાશ મારાથી જોયો જશે, પણ અમાત્ય કુટુંબનો નાશ મારાથી જોયો નહિ જાય. અમાત્ય–કુટુંબ એટલે

મારૂં સર્વસ્વ. તે જ મારૂં જીવન. તે જ મારો આધાર, તેનો નાશ મારાથી કેમ જોયો જાય?" બોલતાં બોલતાં શેઠાણી થાકી ગઈ. તેના શરીરે પ્રસ્વેદનાં બિન્દુ દષ્ટિ ગોચર થવા લાગ્યાં થોડી વાર વિશ્રમી તે આગળ કહેવા લાગી:

પદ્મા! જીવના જોખમે પણ આપણે આપણા કાર્યમાં સફળતા મેળવવી જ જોઇએ. અમાત્ય-કુટુંબ માટે પાપ કરવું પડે, તો પણ કરવું."

"બા!" પદ્મા બોલી. "તમારે મને તે બાબતમાં કહેવું નહિ પડે. જે તમે ઇચ્છશો, તે જ મારા હાથે બનશે. હું તમારી દાસી નહિ પણ બહેન છું, તેમ માનશો. તમારી પ્રત્યેક પ્રત્યેક ઇચ્છાની સફળતા તે જ મારૂં કર્તવ્ય. આજ સુધી મેં મારૂં જીવન ઉજ્જવળ રાખ્યું છે, અને ઉજ્જવળ જ રાખીશ. આજ સુધી તમે મને પોષી છે, તેનો બદલો હું નિમકહલાલીથી જ વાળીશ. વરરૂચિ અને વિજય સાથેના ભાષણમાં મેં વચનથી ઘણુંયે પાપ કર્યાં હશે, પણ મન અને કાયાથી તો હું પવિત્ર જ છું. પવિત્રતા તે જ મારૂં જીવન છે. જન્મીને જીવવું, એના કરતાં જન્મીને જીવી જાણવું, તેને હું વધારે શ્રેષ્ઠ માનું છું, પહેલાં કરતાં બીજી વ્યાખ્યાને મેં મારા જીવનમાં ઉતારી છે. બા! તમારે મારા કાર્ય માટે બિલ્કુલ ચિંતા કરવી નહિ."

"મને તારા કાર્યની ફત્તેહ માટે ખાત્રી છે. ઇશ્વર તને સહાય કરો." જરા વિશ્રમી શેઠાણી આગળ કહેવા લાગી:

"જા પદ્મા! તું વખત ગૂમાવીશ નહિ. બને ત્યાં સુધી વિજયને ટહેલાવ્યા જ કરજે. ઉઠ! ફત્તેહ કર. મારે પણ મારા હૃદય દેવ પાસે જવાનો વખત થયો છે." કહી શેઠાણી ઉઠી.

પદ્મા પણ તેની સાથે ઉઠીને ઉભી થઇ.

યોગ્ય રીતે વિદાય લઇ પદ્મા જે રસ્તેથી આવી હતી, તે રસ્તા તરફ રવાના થઈ. મકાનથી થોડે દૂર જઈ, તેણે આજુબાજુ દ્રષ્ટિ ફેરવી જોઇ. તેની દ્રષ્ટિએ કોઇ પણ ન પડતાં, એક વિશાળ વૃક્ષના થડ પાસે તે ગઇ.

સાધારણપણે અંધકારને અમલ થઇ ચૂકયો હતો. તેણે ઝાડના થડના પોલાણમાંથી પોતાનાં સાધ્વી વેશનાં કપડાં બહાર કાઢયાં.

તે જ્યારે જ્યારે તેની શેઠાણીને મળવા આવતી, ત્યારે ત્યારે આ જ જગ્યાએ પોતાનાં કપડાં બદલતી. વેશ પરિવર્તન માટે આ જગ્યા તેને એનુકુળ હતી.

તેણે સાધારણ સંસારી પરિધાનનાં કપડાંને સ્થાને સાધ્વીવેશનાં કપડાં પરિધાન કર્યાં. એક હાથમાં કમંડલ અને બીજા બીજા હાથમાં માળા લઈ તેણે પોતાના નાનકડા મકાન તરફ જવા માંડ્યું.

જતાં જતાં તેના હૃદયસાગરમાં અનેક જાતના વિચાર તરંગોની છોળો ઉડી રહી હતી. ‘ વિજય વાટ જોઇને બેઠો હશે ! વરરૂચિને બે દિવસથી ખાનગી મુલાકાત આપી નથી, તેથી તે શું ધારતો હશે ? બિચારો કિસન અત્યારે કયાં વિચરતો હશે ? શેઠાણી પોતાના પ્રેમ યાચક પાસે નમ્રતાથી હાથ જોડીને બેઠી હશે ! મહાઅમાત્યને પોતાના પર ઝઝુમી રહેલી કારમી તલ્વારની ખબર પણ નહિ હોય ! પંડિત ચાણક્યજી અત્યારે કેવાં યે કારસ્થાન રચતા હશે ! રાજકુટુંબ અત્યારે વૈભવ વિલાસમાં સર્વ દુ:ખને વિસારે પાડી, સુખાનંદમાં મશ્ગુલ બન્યું હશે ! ”

વિચારમાંને વિચારમાં આગળ ચાલ્યે જ જતી હતી. તર્ક-વિતર્કના નાદમાં તેને થાકની કલ્પના પણ આવી નહોતી.

પોતાના કાયમના સ્નાનના ઠેકાણે તે આવી પહોંચી. હંમેશ પ્રમાણે આજે–અત્યારે પણ તેણે સ્નાન કરી લીધું.

હવે તેણે પોતાનો સાધ્વી સ્વાંગ ભજવાનો હતો. રોજ પ્રમાણે પ્રભુ સ્મરણ કરતી, પ્રભુના નામનો સાધારણપણે ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરતી, તે પોતાની ઝુંપડી નજીક જઇ પહોંચી. વિજય ઝુંપડીના દ્વાર આગળ તેની વાટ જોતો ઉભો હતો.

પદ્મા તેને જોતાં જ કૃત્રિમ ઉલ્લાસભેર બોલી :

“ વિજય ! ”

વિજય પોતાનું સામાન્ય નામ સાંભળી વિચારમાં પડી ગયો. પોતાને હંમેશાં ‘ વિજયદેવ ’ના નામથી અભિનંદતી પદ્મા આજે વિજયના નામે પોકારે છે, તે શું કહેવાય ! વિજયને પદ્માના સ્વરમાં માધુર્યનો રણકાર સંભળાયો. ‘ વિજયદેવ ’ કરતાં ‘ વિજય ’ શબ્દ તેને મીઠો લાગ્યો. સ્ત્રીઓ પોતાના પતિને, પ્રિયકરને હંમેશાં ટુંકા નામથી જ બોલાવવાનું પસંદ કરે છે, તેનું તેને સ્મરણ થઇ આવ્યું. ક્ષણને માટે તે પોતાને અહોભાગ્ય માનવા લાગ્યો. શું મારી સાથે લગ્ન કરવાનું પદ્માએ નક્કી તો નહિ કર્યું હોય ? તે સિવાય મને તે વિજય કહીને બોલાવે પણ કેમ ? જરૂર તે મારા સાથેના લગ્ન માટે તૈયાર જ હોવી જોઇએ.

“ પદ્મા ! દેવી ! ” તે હર્ષાવેશમાં પદ્માનો હાથ પકડતાં બોલી ઉઠયો.

“ હં, હં.” કહી પદ્માએ તેનાથી દૂર હઠતાં પોતાનો હાથ

પકડવા ન દીધો. તેના આ કૃત્યથી વિજય છોભીલો પડી ગયો. પદ્મા તરત જ તે કળી ગઈ. વિજયને ખોટું લાગ્યું છે, એ સમજતાં તેને વાર લાગી નહિ.

"વિજય!" વિજયને મનાવી લેવાના ઉદ્દેશથી પદ્મા તેની નજીક જઈ બોલી : "મેં વિચાર કરી લીધો છે."

"શો?" વિજયના હૃદયમાં ધબકારા વાગી રહ્યા હતા. પદ્મા શો જવાબ આપશે, તે જાણવા માટે તે ચાતકની પ્રમાણે રાહ જોઈ રહ્યો હતો.

"હું લગ્ન કરવા તૈયાર છું."

"મારી સાથે લગ્ન કરવાનું તેં કબૂલ રાખ્યું, પદ્મા?" વિજયને આ જવાબ સ્વપ્નવત ભાસ્યો. તે માનતો હતો કે પદ્મા ગમે તે બહાનું કાઢી, પોતાને ના કહેશે. પણ જ્યારે તેણે પદ્માનો જવાબ સાંભળ્યો, ત્યારે તેને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. ખરેખર જ પદ્મા મારી સાથે લગ્ન તૈયાર છે! ફરીથી તેણે આ પ્રશ્ન સાથે આશ્ચર્ય થયું. પોતે ઉંઘમાં તો નથી, તેની ખાત્રી કરવા, તેણે પોતાની બંને આંખો ચોળી જોઇ. ખરેખર જ તે જાગતો હતો. તેને વિચારમાં પડેલો જોઈ, પદ્મા બોલી :

"કેમ, માન્યામાં નથી આવતું?"

"આવે છે," વિજય હસતાં હસતાં બોલ્યો : "તારા કહેવા પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. પણ, પદ્મા! લગ્ન ક્યારે કરવાનું?" વિજયે અધિરાઇથી પૂછ્યું.

"તમે કહો ત્યારે." પદ્માએ શાંતિથી જવાબ આપ્યો.

"હું તો કહું છું, કે કાલે જ." વિજય આભો જ બની

ગયો હતો. તેના હૃદય સમુદ્રમાં વિચાર તરંગો સમાઈ શકતા નહોતા.

"તો પણ મારી તો હા જ છે." થોડીવાર વિશ્રમી પદ્મા આગળ કહેવા લાગી : "પણ, વિજય! તમારે ને મારે કોલ છે, તે પ્રમાણે લગ્ન થશે."

"શો કોલ છે?" વિજયની તેના આનંદ પાછળની બધી જ સ્મરણ શક્તિને મંદ બનાવી મૂકી હતી.

"મંડળના કાર્યનો અંત આવે, કે તરત જ લગ્ન કરવું, તે પહેલાં નહિ."

"તું કહે ત્યારે મંડળના કાર્યનો અંત લાવવાને હું શક્તિ-માન છું. તું કહે તો કાલે જ તેનો અંત લાવીએ." બિન અનુભવી વિજય એમ જ માનતો હતો, કે જગતમાં પોતે પોતાની ઇચ્છા પ્રમાણે દરેક કાર્ય કરવાને શક્તિશાળી છે.

"જો તમે તમારા કાર્યનો અંત કાલે લાવી શકતા હો, તો હું કાલે લગ્ન કરવાને પણ તૈયાર છું." પદ્માએ વિજયની કોણીએ ગોળ ચોટાડયો હતો. તે બિચારો ખાઇ પણ શકતો નહોતો, ને તે મેળવવાના વિચારનો ત્યાગ પણ કરી શકતો નહોતો.

"પદ્મા! કાલે આ સમય પહેલાં, આપણા મંડળના કાર્યનો અંત આવી ગયો હશે! અને......" તે આગળ બોલવા જતો હતો, તે પહેલાં જ તેના અને પદ્માના મોઢામાં કોઈએ ડૂચા મારી દીધા. તેમને બિલકુલ અવાજ કરવાનો સમય પણ મળ્યો નહિ. બંનેને કોઇએ મૂસ્કેટાટ બાંધવાની જહેમત ઉઠાવવા માંડી.

# પ્રકરણ ૨૧ મું

## લગ્નની તૈયારીઓ

મગધ સામ્રાજ્યની વિશાળ નગરી પુષ્પપુરીમાં [૧] મોટી ધામધૂમ નજરે પડતી હતી. નગરીના જુદા જુદા મોટા બજારોમાં શોભાનો પાર નહોતો. નગરજનો પોતાની દૂકાનને અને વનિતાઓ પોતાનાં ગૃહોને દેદીપ્યમાન બનાવવામાં કચાસ રાખતા નહોતા. પાટલીપુત્રમાં આવેલી માળાકારની દૂકાનોમાં ચીકાર ગીરદી જણાતી હતી. પ્રત્યેક પ્રાસાદને ફૂલો વડે શણગારવામાં આવ્યો હતો. નગરના જુદા જુદા બજારોમાં મહાન્ મંગલ સમારંભનાં પગરણ મંડાઈ ચૂકયાં હતાં.

પાટલીપુત્રના મહારાજા નવમાનંદના મહાઅમાત્ય શકટાળના પુત્ર શ્રીયકજીનાં લગ્નને હવે સાત જ દિવસ બાકી રહ્યા હતા. રાજપુત્રના લગ્ન વખતે જે ધામધૂમ થઈ શકે, તે જ

---

(૧) પાટલીપુત્રનું બીજું નામ પુષ્પપુરી હતું. રામાયણના સમયમાં તેને કૌશમ્બી પણ કહેતા હતા.

ધામધૂમી મહાઅમાત્યના પુત્ર માટે થઈ રહી હતી. નગરના મહાજને જાહેર કર્યું હતું, કે 'આજથી સાત દિવસ, એટલે મહાઅમાત્યના પુત્ર અને મહારાજાના અંગરક્ષક દળના વડા, શ્રીયકજીનું લગ્ન થઈ જાય, ત્યાં સુધી નગરવાસીઓએ આનંદોત્સવ ઉજવવો.

શ્રીયકજીના લગ્નનો વિષય ચારે તરફ ચર્ચાઇ રહ્યો હતો. પ્રજાનો જે પ્રેમ મહારાજાએ મેળવ્યો હતો, તેના કરતાં વધુ પ્રમાણુમાં મહાઅમાત્યએ અને મહાઅમાત્ય પુત્રએ મેળવ્યો હતો. આ ઉત્સવ, જાણે મહારાજાના પાટવી પુત્રનાં લગ્ન થતાં હોય, તેવી જ રીતે ઉજવાઇ રહ્યો હતો. મહારાજાએ લગ્ન માટે દરેક જાતની છૂટ મૂકી હતી.

મહાઅમાત્યનો પુત્ર અને નગરશેઠની પુત્રી, પછી લગ્નમાં કચાશ પણુ કયાંથી હોય! જ્યાં જુઓ ત્યાં લગ્નની જ તૈયારી થતી હતી. પાટલીપુત્રનો આ મહા સમારંભ હતો. પૂર જનોનાં આનંદીત ચહેરા, બાળકાનો ખેલનનાદ, સ્ત્રીઓના અંતરના ઉમળકા, નોકર ચાકરોની દોડધામ અને રાજદ્વારી પુરૂષોની હીલચાલ દરેકને આકર્ષે તેવી હતી.

નગરશેઠ તરફથી હલવાઈઓની દૂકાને મીઠાઇ બની રહી હતી. દરજીઓને બીજાઓનાં કામ કરવાને ફુરસદ નહોતી. લગ્ન પછી વહેંચાતી મીઠાઇ અને લગ્ન પ્રસંગે જમવામાં પીરસાતાં મીષ્ટાન્નની તૈયારીઓ ચાલી રહી હતી. ગરીબોને વહેંચવા માંટેનાં કપડાં શીવી શીવીને દરજીઓ થાકી જતા હતા.

નગરશેઠ પાસે લક્ષ્મીનો ભંડાર ભરપૂર હતો. મહાઅમાત્યના વેવાઈ બનવામાં તેમણે ગૌરવ માન્યું હતું. શ્રીયકજી જેવા જમાઈ સમો બીજો કોઇ યુવક તેમના જોવામાં આવ્યો નહિ. તેમનાં પત્નીના આનંદનો પાર નહોતો. બાળકાનાં લગ્નનો

લ્હાવો જે માતા પિતાએ લીધો હોય, તેજ જોઈ [illegible] તેમાં કેટલો હર્ષ સમાયેલો હોય છે.

પુત્રીના લગ્ન પ્રસંગે મહારાજાને આપવા માટે નગરશેઠેને રાજકુટુંબને યોગ્ય તેવી વસ્તુઓ તૈયાર કરાવી રાખી હતી.

આ લગ્ન સમારંભમાં નગરશેઠ કરતાં મહાઅમાત્યને વધુ ભાગ ભજવવાનો હતો. તેમણે અનેક કાર્યો કરવાનાં હતાં. પુત્રના લગ્ન સમયે મહારાજાને, રાજકુટુંબને યોગ્ય, તેવી વસ્તુઓ આપવાની હતી. મહાઅમાત્ય તરફથી લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

મહાઅમાત્ય અને નગરશેઠે, મહારાજાને પુત્રના લગ્ન પ્રસંગે મહાઅમાત્યએ શું આપવું, તે થોડા દિવસ પહેલા નક્કી કર્યું હતું. મહાઅમાત્ય અને શ્રીયકજી રાજદ્વારી પુરૂષ હતા, પોતાને શોભે તેવી જ ભેટો મહારાજાને આપવી જોઈએ, એમ પિતા પુત્રએ પણ નક્કી કર્યું હતું. પોતે શું આપવાના છે, તે મહારાજા જાણે નહિ, તો પોતાની ભેટ અજાયબી પમાડી શકે, તેમ મહાઅમાત્યને લાગતું હતું. તે પ્રમાણે તેમને ભેટ આપવાની વસ્તુઓ બનાવરાવવા માંડી હતી. તે વસ્તુઓ તદ્દન ગુપ્ત જ રીતે, એક ભોંયરામાં બની રહી હતી. મહારાજાને તે વાતની ગંધ શુદ્ધાં આવવા પામી નહોતી. લગનના બાકી રહેલા સાત દિવસમાં બંને વેવાઈઓએ કેટલાંય કામો આટોપવાનાં હતાં. બંનેમાંથી કોઈનેય ઝંપ નહોતી. નોકર ચાકરની છૂટ હોવા છતાં, અખંડ રાત તેમના ઉજાગરા ચાલી રહ્યા હતા.

લગ્ન પ્રસંગ જેવા પવિત્ર ઉત્સવમાં મહારાજાએ અમાત્ય પ્રત્યેકની શંકાને દૂર મૂકી દીધી હતી. તેમણે તન, મન અને ધનથી લગ્નોત્સવમાં સહાનુભૂતિ દર્શાવી હતી, નગરના

મહાજને કરેલી જાહેરાતને પોતે, રાજકુટુંબે પણ અમલમાં મૂકી હતી. મહાલયનાં દરેકે દરેક દરવાજા પર આશોપાલવનાં તોરણ અને પૂષ્પમાળાઓ દ્રષ્ટિ ગોચર થતાં હતાં. રાજ કર્મચારીઓ અને દાસદાસીઓનાં અંગ પર અમૂલ્ય વસ્ત્રાલંકાર નજરે પડયાં હતાં. રાજકુટુંબે પણ મંગલસૂચક ચિન્હો ધારણ કર્યાં હતાં.

પ્રજા પ્રત્યે રાખેલા પ્રેમે, અમાત્ય કુટુંબના લગ્ન પ્રસંગે સાર્થક કરી બતાવ્યું હતું. પૂરની અંતર્વ્યવસ્થા જાળવવાને અસંખ્ય ઘોડેસ્વારોની દોડધામ થઈ રહી હતી. શેરીએ શેરીએ અને પ્રાસાદે પ્રાસાદે આનંદોત્વસના ગીત ગવાઈ રહ્યાં હતાં. દેવસ્થાનોમાં પૂજાપાઠ અને પુણ્ય કર્મ થઇ રહ્યાં હતાં. મહાઅમાત્ય જૈન ધર્મ પાળતા હોવાથી જૈન મંદિરોમાં અઠ્ઠાઇ [1] મોહત્સવ ચાલી રહ્યા હતા. મંત્રી મુદ્રા ધારણ કરી ત્યારથી મહાઅમાત્યએ કોઈ પણ ધર્મમાં ડખલગિરી કરી નહોતી, તેથી સર્વ ધર્માનુયાયીઓ તેમના લગ્નોત્સવમાં આનંદથી રસ લઈ રહ્યાં હતાં. બૌદ્ધ ભિક્ષુકોનાં પવિત્ર સ્થાનોમાં અને શૈવમી પાળનારાઓના શિવાલયોમાં પણ ધાર્મિક ક્રિયાઓ થઇ રહી હતી.

આવા શુભ પ્રસંગે મંત્રી પત્ની લક્ષ્મીવતીના હૃદયના એક ખૂણામાં નાનકડું દુઃખ ઘર કરી બેઠું હતું. સગાંવહાલાં અને નાતજાતનાં માણસો પોતાને ઘરે હાજર હોવા છતાં એક વ્યક્તિની તેમને ઉણપ લાગતી હતી. આવા શુભ પ્રસંગે પોતાનો પુત્ર નજીક હોવા છતાં ઘરે હાજર રહી શકે નહિ, તે કઇ માતાના દુઃખનો વિષય ન ગણાય ? નાના પુત્રનાં લગ્ન હોઈ,

(૧) જૈન ધર્મમાં અઠ્ઠાઇ મોહત્સવ નામની આઠ દિવસની પૂજા પાઠની ધાર્મિક ક્રિકા હોય છે.

મોટો પુત્ર નગરમાં જ હોવા છતાં, ઘરે ન આવે, તે કઈ માતા સહન કરી શકે? પુત્રના વિયોગની માતાની અંતર્વ્યથા, માતા હોય, તે જ જાણી શકે. મોટા પુત્ર સ્થુલિભદ્રને કોશ્યા નામની ગણિકાને ત્યાંથી આ પ્રસંગે બોલાવી લાયવા માટે, લક્ષ્મીવતી નાના પુત્ર શ્રીયકજીને સમજાવી રહ્યાં હતાં.

"પણ, બેટા! તે બંને જણ મારા નામથી જરૂર આવશે."

"માતાજી! હું માનતો નથી કે બંને જણ આવવાને કબૂલ થાય. વડિલ બંધુ પણ આવશે નહિ, તો કોશ્યા દેવી તો ક્યાંથી આવે? જગત ભલે કોશ્યા દેવીને ગણિકાના ઉપનામથી સંબોધે, પણ અમે ભાઈ બહેનો, તેમને ભાભી જ કહીશું." શ્રીયકજીએ કહ્યું.

"શ્રીયકજી! મારૂં કહેવું માનો. એક વખત પ્રયત્ન કરી જુઓ. બીજાને ન મોકલતાં, તમે જાતે જ જાઓ. ગમે તેવા વિલાસમાં તે પડયા હશે, પણ માતાને વિસરી ગયા નહિ હોય. માતા પ્રત્યેનો પુત્રનો પ્રેમ અખંડ જ હોય છે. મારા નાનાં પુત્રના લગ્ન પ્રસંગે મોટો પુત્ર હાજર ન હોય, તે હું કેવી રીતે સાંખી શકીશ?" લક્ષ્મીવતીનું હૈયું ભરાઈ આવ્યું. તેમનાં નેત્રો સજળ બન્યાં. ઉપવસ્ત્રના છેડાથી તેમને આંખો લૂછવા માંડી.

માતાનાં સજળ નયનો જોઈ, શ્રીયકજીને લાગી આવ્યું. તેમણે ફરીથી માતાને એક વાર સમજાવી જોવાનો પ્રયત્ન કર્યો.

"માતાજી! માના પ્રત્યેનો તેમનો પ્રેમ અખંડ હશે, તો પણ દુનિયાની લાજે તે નહિ આવે. છતાં કદાચ તે આવવાની ઇચ્છા દર્શાવશે, તો કોશ્યા દેવીની સંમતિ તેમને નહિ મળે.

અત્રુટ પ્રયત્ને તેમને સંમતિ મળે, અને તે આવે, તો પણ કોશ્યા દેવીના આગમનની ઇચ્છા તો આકાશ કુસુમવત્ જ ગણાય! છતાં, હું મારી બંધુ ફરજ બજાવવા નહિ ચૂકું."

"બેટા! આ તો તમારી કલ્પના છે." લક્ષ્મીવતી કહેવા લાગ્યાં. "કલ્પના ખરી જ પડે, તેમ ન માની શકાય. કોઈ કોઈ વખતે મહાન કવિઓની કલ્પના પણ ખોટી પડે છે. તમે હજી સ્ત્રીઓનું હૃદય જાણતા નથી. કોઇ પણ ભાભી દિયરનાં લગ્નમાં જવાને લલચાયા વિના રહેતી નથી. ગમે તેમ, તો પણ તે એક સ્ત્રી છે. લગ્ન પ્રસંગ કરતાં બીજો કોઇ પણ પ્રસંગ, સ્ત્રીઓને માટે મોટો હોઈ શકતો નથી. તે એક સ્ત્રી હોવા ઉપરાંત, તમારાં ભાભીને સ્થાને છે. દિયરના લગ્નમાં ભાગ લેવાનો તે નહિ ચૂકે. બંનેમાંથી કોઈપણ, તમારી અવહેલના કરવાની હિંમત નહિ કરે. એક વખત તમે પ્રયત્ન કરી જુઓ."

"માતાજી! તેમને આમંત્રણ આપવા જવાની મારી બિલ્કુલ ના નથી." શ્રીયકજીએ કહેવા માંડ્યું: "મારાં ભાઈ ભાભીની હાજરી, મારા મનને વધુ આનંદિત બનાવશે માતાજી! આપ બિલ્કુલ ચિંતા કરશો નહિ. હું મારાથી બનતું કરીશ. વડિલ બંધુની અવહેલના પણ કયા સદ્ભાગી કનિષ્ટ બંધુના નશીબે હોય! માતાજી! હું હમણાં જ જાઉં છું." કહી શ્રીયકજી ઉઠીને ઉભા થયા. લક્ષ્મીવતી પણ પુત્રીની સાથે ઉઠયાં.

બંને મુખ્ય દ્વાર સુધી સાથે સાથે ગયાં. વડિલ બંધુને આમંત્રણ આપવા જતા પુત્રને માતાએ પ્રેમથી કહ્યું:

"બેટા! યશસ્વી યશસ્વી બનીને આવજે."

"પુત્રએ નેત્ર સંકેતથી જ 'હા' ભણી ચાલવા માંડ્યું.

# પ્રકરણ ૨૨ મું

## આમંત્રણનો સ્વીકાર

માતા પાસેથી છુટા પડીને શ્રીયકજી પોતાના ખાનગી ખંડમાં ગયા. તેમને શાંતિથી વિચાર કરવાની જરૂર હતી. માતાની ઈચ્છાને માન આપી વડિલ બંધુને પોતાના લગ્નનું આમંત્રણ આપવા જવાનું કબૂલ કર્યું હતું, પણ કોશ્યાને ત્યાં જવાની તેમની હિંમત ચાલતી નહોતી. બંધુ પ્રેમે કોશ્યાને —તે ગમે તે હોવા છતાં,—ભાભી તરીકે સ્વીકારી લીધી હતી. ત્યાં જઇને ભાઇને અને ભાભીને શું કહેવું, તે જ વિચાર તેમને મૂંઝવી રહ્યો હતો. પોતે મહારાજાના અંગરક્ષક દળના શ્રેષ્ટ અને પિતાશ્રી મગધ સામ્રાજ્યના મહાઅમાત્ય. કોશ્યાને ત્યાં જઈ પણ શકાય કેવી રીતે ? હિંમત કરીને ત્યાં જવા છતાં, જો વડિલ બંધુએ અગર ભાભીએ પોતાના આમંત્રણનો અસ્વીકાર કર્યો તો ?

શ્રીયકજી અનેક તર્ક વિતર્કમાં ગૂંચવાવા લાગ્યા. મંગલમય

લગ્નનું આમંત્રણ આપવાની હોંશ દરેક માનવજનને હોય છે. શ્રીયકજીને પણ તે હોંશ હોય, તો નવાઈ જેવું ન ગણાય! પણ આ આમંત્રણ તો વિલક્ષણ પ્રકારનું હતું.

—છતાં, કેટલોક વિચાર કરીને, તે પોતાનું કાર્ય પાર પાડવાના ઇરાદાથી કોશ્યાને ત્યાં જવા નીકળ્યા.

થોડો સમય ચાલ્યા પછી, કોશ્યાનું ભવ્ય મકાન તેમના નજરે પડયું. તે મકાન પૂર જાહેર હતું. કોઈ પણ વ્યક્તિ તે મકાનને ઓળખતી હતી.

તે મકાનના મુખ્ય દ્વાર પાસે જઈ, દરવાનને તેમણે પ્રશ્ન કર્યો :

"બાઇ સાહેબ અંદર છે?"

"જી, હા." નમ્રતાથી બોલવા ટેવાયેલા દરવાને સવિનય જવાબ આપ્યો.

"તેમને સમાચાર આપુ કે કોઈ મળવા આવ્યું છે."

"સાહેબ! આપનું નામ શું?" દરવાને પૂછ્યું.

"તું એમને એમ જ કહે, કે કોઇ ગૃહસ્થ મળવા આવ્યા છે." શ્રીયકજીએ કહ્યું. પોતાનું નામ આપવાની તેમની ઇચ્છા નહોતી.

"સાહેબ! આપનું નામ જાણ્યા સિવાય મારાથી તેમને સમાચાર નહિ આપી શકાય." દરવાન વિનયથી જ બોલતો હતો. તેણે શ્રીયકજીને ઓળખ્યા નહોતા.

"આવનાર ગૃહસ્થનું નામ જાણ્યા સિવાય તું તારા શેઠાણીને સમાચાર ન પહોંચાડી શકે, તે તમારો નિયમ છે?"

"જી, હા. અમારે ત્યાંની એવી નીતિ છે."

" તો તારાં શેઠાણીને જણાય, કે શ્રીયકજી પધાર્યા છે." પોતાનું નામ આપવાનો વખત આવતાં શ્રીયકજીએ પોતાના મોભાસર નામ અને આગમન જણાવ્યું.

શ્રીયકજીનું નામ સાંભળતાં જ દરવાન ઠંડો થઈ ગયો. તરતજ તેણે એક દાસીને હાક મારી બોલાવી. પોતાની નજીક આવતાં જ તેણે તેને કહ્યું :

" વિણા ! શ્રીયકજી સાહેબ પધાર્યા છે, તેમને શેઠાણી પાસે લઈ જા." શ્રીયકજી તરફ અંગુલી દર્શન કરતાં દરવાને દાસીને કહ્યું.

" બાને સમાચાર આપ્યા છે ? " દાસીએ પૂછ્યું.

" તેમને સમાચાર આપવાની જરૂર નથી. સાહેબ નામે ન સંબોધતાં મહારાજાને નામે સંબોધતાં આગળ ચાલવા માંડ્યું. શ્રીયકજી દાસીની પાછળ પાછળ જવા લાગ્યા.

એક વિશાળ ખંડમાં સુવાસિત વાતાવરણની વચ્ચે સ્થુલિભદ્ર અને કોશ્યા આનંદાલાપ કરી રહ્યાં હતાં. દરવાજાની નજીક જઇ દાસીએ કોશ્યાને ઉદ્દેશી કહ્યું :

" બા ! આર્યપુત્ર શ્રીયકજી પધાર્યા છે."

શ્રીયકજીનું નામ સાંભળતાં જ સ્થુલિભદ્ર અને કોશ્યા આશ્ચર્ય પામ્યાં. દરવાજા આગળ જ શ્રીયકજી ઉભા હતા. બંનેની નજર તેમના પર પડી. ગણિકાએ માથા પરનો છેડો વ્યવસ્થિ કરતાં ઉઠીને દ્વાર નજીક જઇ, શ્રીયકજીને કહ્યું ?

" પધારો આપના વડિલ બંધુ અહીં જ છે" કોશ્યાએ માન્યું, કે શ્રીયકજી પોતાના વડિલ બંધુ સ્થુલિભદ્રને મળવા

આવ્યા હશે.

શ્રીયકજીએ કંઈ પણ બોલ્યા સિવાય સ્થુલિભદ્રની નજીક જઈ તેમને પ્રણામ કર્યા. તેજ વખતે કોશ્યા પણ ત્યાં આવી ચૂકી હતી. તેમને પ્રણામ કરતાં શ્રીયકજી બોલ્યા :

" ભાભી ! પ્રણામ." ' ભાભી ' શબ્દ સાંભળતાં જ કોશ્યા ચમકી. સ્થુલિભદ્રને પણ આશ્ચર્ય થયું. કોશ્યાને લાગ્યું, કે શ્રીયકજી મશ્કરી કરવા તો આવ્યા નહિ હોય !

" શ્રીયકજી !—" કોશ્યા બોલવા જતી હતી, તેને અટકાવી શ્રીયકજી વચ્ચેજ બોલી ઉઠ્યા :

" નહિ, દીયરજી કહો."

" શ્રીયક ! બહુ દિવસે મોટા ભાઇને યાદ કર્યા." સ્થુલિભદ્રએ નાના ભાઇને સપ્રેમ 'તું'કારથી બોલાવ્યો.

" વડિલ બંધુ ! આવવાની તો ઘણી ઇચ્છા થાય છે, પણ તેવા સંજોગોની રાહ જોવી પડતી હશે ને ?" સ્થુલિભદ્રએ ટોણો માર્યો.

" કોઈ કોઈ વખતે તેમ બની જાય છે." શ્રીયકજીએ ટૂંકો જ જવાબ આપ્યો.

" તે તો એક જાતનું બહાનું છે." સ્થુલિભદ્ર કહેવા લાગ્યા. " કેટલો ય વખત થયો હું અને કોશ્યા તને, આપણાં માતાપિતાને અને બહેનોને મળવાનો વિચાર કરી રહ્યાં છીએ. એક વખતે તો મેં પિતાજી વગેરેને મળવા માટે તેમના ઘરે જવાનો વિચાર પણ કર્યો હતો, પણ કોશ્યાએ તેમ કરતાં મને અટકાવ્યો."

" કારણ ?" શ્રીયકજીએ પૂછ્યું.

"તેને ભીતિ રહે છે, કે કદાચ હું ઘરે આવું, અને તમે મને પાછો નહિ આવવા દો, તો બિચારી મારા વિના રહી શકે કેવી રીતે? મને તેડવા પણ આવી શકે કેવી રીતે?"

"તેડવા કેમ ન આવી શકે?" શ્રીયકજીએ પ્રશ્ન કર્યો.

"કારણ કે, તે રહી ગણિકા. ગણિકા એટલે ચોસંઠ પ્રકારની મનાતી વિદ્યાનો ભંડાર, પણ તે તો મોંઢાની વાતો. આપના જેવા ગૃહસ્થને ત્યાં આવવાને તેનો પગ પણ કેમ ઉપડે? તે ત્યાં આવે, અને પિતાશ્રી મને ન આવવા દે, તો તેને કેટલું અપમાન લાગે? અત્યારે મારી ગણના વંઠેલામાં થાય છે. હું અનીતિમાન, દૂરાચારી, અને જગતની સફેદાઇથી અલગ થયેલો. તે તમારા ત્યાં આવે, હું તમારા ત્યાં આવ્યો હોઉં,-તો આ વાતો નાગરિકો જાણે, જગતના અગ્રેસરો જાણે, તો તમારાં સ્થાનને, પદવીને અને મહત્તાને કલંક લાગે. મેં તો મારૂં જીવન બગાડ્યું, ઘર તજી આપણા કુટુંબ પર કલંકની છાયા લગડાવી અને માતા પિતાને ભાઇ બહેનોનો વિયોગ આપ્યો. મેં સ્ત્રી સૌંદર્ય પાછળ ઘેલછા દર્શાવી, ચોસઠ કળાના ભંડારનો હું પૂજારી બન્યો. આખા કુટુંબની લાગણીઓ દૂભાવી. આવા કૃત્યોને કરવા છતાં, હજી હું અને કોશ્યા ઘરે આવી, જગતે વિસારે પાડેલી આપની અપકીર્તિને પુનરપિ જાગૃત કરાવીએ?" સ્થુલિભદ્ર પોતાના નાના બંધુને પોતાના દિલની અનેક વાતો સંભળાવી રહ્યા હતા,

"પણ, બંધુ! અમોને જગતે અપકીર્તિમય માન્યા જ નથી. તમો બંને ગમે ત્યારે ઘરે આવો, તેમાં અમોને, જગતને કોઇ પણ જાતનો વાંધો નથી. માતા પિતાએ કોશ્યા ભાભીને પુત્રવધુ માન્યાં છે. મેં અને સર્વ બહેનોએ તેમને ભાભી માન્યાં છે. અમોને જગતની પરવા નથી. ગણિકાની વ્યાખ્યા

અમે જુદા જ પ્રકારની કરીએ છીએ. બધી ગણિકાઓ એક જ પ્રકારની હોતી નથી. પવિત્રતાનો પાઠ પઢાવનાર અને એક પતિવ્રત પાળનાર કોશ્યા ભાભી જગતભરમાં વંદ્ય થશે, એવી અમારી માન્યતા છે.

જો ગણિકાને હલકા દરજ્જાની ગણવામાં આવતી હોય, તો મહાન સમ્રાટો, નગરશેઠો અને મહાન વ્યક્તિઓ, તેમને તેમની કલાનું પ્રદર્શન કરાવવા માટે સભામાં, મેળાવડામાં અને લગ્ન પ્રસંગોમાં શા માટે આમંત્રણ આપતા હશે?

વડિલ બંધુ! આપ બંને જણ અમારા માટે જે પ્રકારનો અભિપ્રાય બાંધી બેઠા છો, તે અભિપ્રાય ખોટો છે." શ્રીયક-જીએ કહ્યું. તેમના ચહેરા પર બંધુવાત્સલ્યના ભાવ તરવરી રહ્યા હતા.

"શ્રીયક! હું ગમે તેટલી અધોગતિએ પહોંચ્યો હોઉં, છતાં મેં મારો આત્મા ગૂમાવ્યો નથી. મારી ખાનદાનીના સંસ્કારોને મેં તિલાંજલિ આપી નથી, માતા પિતાના ઉપકાર ભૂલી જવા જેટલી અધમતા મેં કેળવી નથી. ભાઈ બહેનોનો પ્રેમ વિસરી જવા જેટલો ક્રૂર હજી હું થયો નથી.

એક ગણિકાને ગ્રહણ કરી છે, એમ હું માનતો નથી; પણ સ્ત્રી સર્વોત્તમને મેં ગ્રહણ કરી છે, એમ હું માનું છું. ગુણ-ગ્રાહી વ્યક્તિને અપનાવી લેવામાં હું પાપ જોતો નથી. જેના રૂપ ગુણ તરફ આપણો આત્મા આકર્ષાય, તે જ જીવનની સહ-ચરિણી બનવાને યોગ્ય છે, એમ હું માનું છું. આકર્ષણમાં ઉંચ્ચ નીચની કક્ષાને સ્થાન અપાતું નથી. અને જ્યાં આક-ર્ષણનો ધ્વનિ સંભળાય છે, ત્યાં તે આકર્ષણમાં પરમકૃપાળુ પરમાત્માનો હાથ હોય છે. ઈશ્વર જગતના કોઈ પણ માનવ

પ્રાણીનું અહિત ઈચ્છે જ નહિ.

હું બધા પરમાત્માને એક જ દ્રષ્ટિએ જોઉં છું. જો મારી નજર યોગ્ય ગણાતી હોય, તો મેં જણાવેલા આકર્ષણનો અનુભવ પરમાત્માએ પણ મેળવેલો છે. શ્રી શંકર ભીલડીમાં મોહ્યા હતા. ભીલડીનું રૂપ તેમના હૃદયને આકર્ષવાને સમર્થ બન્યું હતું. તે સૌંદર્યવાન સ્ત્રીને ભીલડી માનવા છતાં, તેમણે તેને પોતાના અંતરમાં સ્થાન આપવાનો પ્રયત્ન કર્યો હતો. જ્યારે પાર્વતીએ પોતાનું રૂપ પ્રકટ કર્યું, ત્યારે જ તે જાણી શક્યા, કે પોતે ઠગાયા છે. તે વખતે પાર્વતી દેવીએ તેમને 'ભોળા શંકર'ની ઉપમા આપી. જો પ્રત્યક્ષ પરમાત્માએ પણ આકર્ષણના ધ્વનિને સ્વીકાર્યો હતો, તો મારા જેવા એક પામર માનવીને તે સ્વીકારવામાં બાધ પણ શો હોઈ શકે?

"શ્રીયક! હું ભોળો નથી. મૂર્ખ પણ નથી. તું અગર પિતાજી, મને મળવા, શા માટે નથી આવતા, તે હું સારી પેઠે સમજી શકું છું. તમને દુનિયાનો ડર છે. લોકલજ્જા તમને મુંઝવી રહી છે. પુત્રવાત્સલ્ય કરતાં પિતાને લોકલજ્જાએ વધારે આકર્ષ્યા છે. બંધુ પ્રેમ કરતાં લોકવાયકાને તેં શ્રેષ્ટ માની છે. બહેનો અને માતાજી, સ્ત્રી જાત છે. તેમની ઈચ્છા હોવા છતાં પણ તે ન જ આવી શકે. શ્રીયક! સાચે સાચું કહે, તું અને પિતાજી મને મળવા આતુર હોવા છતાં આ જ કારણવશાત્ આવી શકતા નહોતા ખરૂં ને?"

—આ પ્રશ્નએ શ્રીયકજીને મૂંઝવ્યા. શું બોલવું, તે તેમને સૂઝયું નહિ.

"છૂપાવવાની કે જુઠું બોલવાની જરૂર નથી. આ તો જગતનો નિયમ છે. હું બધુંય સમજું છું. ફક્ત મારે તારા મોંઢેથી જ સાંભળવું જ છે." શ્રીયકજીની મૂંઝવણ પારખી સ્થુ-

લિભદ્રએ કહ્યું.

"વડિલ બંધુ! હું શું બોલું?" જમીન માર્ગ આપે, તો સમાઈ જવા જેવું શ્રીયકજીને થઇ ગયું હતું. તે સ્વગત વિચારવા લાગ્યા, આટલા દિવસથી આ પવિત્ર પુરૂષને મળવાની પોતે દરકાર પણ કરી નહિ? શું મેં બંધુ પ્રેમ કરતાં જગતની લોકવાયકાની શ્રેષ્ટતા સ્વીકારી? ગમે તેવો હોય, પણ ભાઈ કયાંથી? કૂકૃત્ય કરનાર ભાઇને પણ ભાઈ ત્યજી શકતો નથી, તો મેં આ શું કર્યું? શું સંસ્કારહીન માનવીઓનાં જીવન ધ્યેય કરતાં મેં મારા જીવન ધ્યેયને હલકું બનવા દીધું? ઓહ! મેં આ શું કર્યું?—અરે, હું તો નાનો છું, પણ પિતાજીએ આ કેવી ગંભીર ભૂલ કરી? માતાના શબ્દો ખરેખર સાચા હતા, મનુષ્ય ગમે તેટલી અધોગતિએ પહોંચે, પણ માનવ ધર્મ ભૂલતા નથી. આ શબ્દો પણ વડિલ બંધુના આ શબ્દો શું કહી આપે છે?—તે જ શબ્દો, તે જ શબ્દોમાંથી ઉત્પન્ન થતી ભાવનાઓ અને તે જ શબ્દોમાંથી ઉત્પન્ન થનારી કૃતિ તેમને જગત્વંદ્ય બનાવશે."

તેમના હૃદય મમુદ્રમાં ચાલી રહેલા વિચાર તરંગો પરિસીમા નહોતી. તેમના ચહેરો પર વિષાદની છાયા પ્રસરી હતી. તેમનાં નયન યુગલ અશ્રુઓથી છલકાવા લાગ્યાં હતાં. તેમણે વિનમ્રપણે કહેવા માંડ્યું:

"બંધુ! મને ક્ષમા કરો." તેમણે હાથ જોડી આગળ કહેવા માંડ્યું: 'હું દૂર્ભાગી છું. આપના જેવા વડિલ બંધુના પુણ્યાત્માને હું ઓળખી શકયો નહિ. એક ભૂલ કર્યા પછી, તે ભૂલ છૂપાવવા ખાતર જુઠું બોલવાનું પાપ ગ્રહણ કરવાને હું તૈયાર નથી. લોકવાયકાની બીકે હું તમને મળવા આવી શકયો નહોતો. મારૂં દિલ તમારા તરફ હંમેશાં આકર્ષાતું હોવા છતાં,

મેં તમારા દર્શનનો લાભ ન ઉઠાવ્યો. જગતમાં નગરલોકમાં અમે એમ જાહેર કર્યું હતું, કે 'સ્થુલિભદ્રને અમે કોશ્યા દેવીને ત્યાં ગુણ ગ્રહણ કરવાને–ચોસઠ પ્રકારની વિદ્યા શીખવાને માટે–રાખ્યા છે.' તે આગળ બોલી શકયા નહિ. તેમનો કંઠ રૂંધાવા લાગ્યો.

સ્થુલિભદ્રએ તેમની પીઠે હાથ ફેરવતાં, આશ્વાસન આપતાં કહ્યું :

"શ્રીયક! ભૂલ હરએક મનુષ્ય કરે છે. જે માણસ ભૂલ કર્યા વિના શ્રેષ્ટ થયો હોય છે, તેનું જીવન સત્વહીન હોય છે, ભૂલ જ મનુષ્યને સન્માર્ગ ખુલ્લો કરી આપે છે. મેં પણ ભૂલ કરી છે. છતાં મેં સંસ્કાર તજ્યા નથી. પિતાજીને તથા માતાજીને મારા અંતઃકરણપૂર્વક વંદન કહેજે. બહેનોને મારા આશિષ કહેજે." થોડીવાર વિશ્રમી તેમણે આગળ પૂછ્યું.

"પણ, શ્રીયક! હું તો તને પૂછવું જ ભૂલી ગયો. આજે અચાનક તું અહીં કયાંથી આવી ચઢયો?"

"વડિલ બંધુ! માતાજીના આગ્રહથી હું આપને આમંત્રણ આપવા આવ્યો છું"

"શાનું આમંત્રણ?" સ્થુલિભદ્રને વૈભવવિલાસ સિવાય, જગતમાં, બહાર શું ચાલી રહ્યું હતું, તેનું ભાન નહોતું,

"મારા લગ્નનું." શ્રીયકજીએ શરમાતાં શરમાતાં કહ્યું.

"કોના તારા લગ્નનું?"

"હા."

"કોની સાથે?"

"અહીંના નગરશેઠ હૃદયકાળની પુત્રી પ્રિયંવદા સાથે."

"લગ્ન ક્યારે છે?"

"આજથી સાતમા દિવસે."

"મને તેનું આમંત્રણ આપવા આવ્યો છે?"

"આપને એકલાને જ નહિ, પણ બંનેને."

"બંને કોણ?"

"તમને અને મારાં પૂજ્ય ભાભીશ્રીને."

"કોના કહેવાથી."

"માતાજીના."

"માતાજી મને વીસરી નથી ગયાં?"

"વડિલ બંધુ! માતાજી તો અહોનિશ તમારો જ જાપ જપ્યા કરે છે. મેં તેમને કહ્યું, કે તમે નહિ આવો, ત્યારે તેમણે કહ્યું, કે 'શ્રીયક! તું સ્થુલિભદ્રને ઓળખતો નથી. મારૂં સાંભળતાં જ તે દોડી આવશે. એટલું જ નહિ પણ, તારાં કોસ્યા ભાભી પણ જરૂર આવશે.' બંધુ! આપના પર તેમને સંપૂર્ણ શ્રદ્ધા છે, કે આપ જરૂર આવશો."

"શ્રીયક! માતાજીના શબ્દો ખોટા નથી. તે મને સારી રીતે ઓળખે છે. સ્ત્રી સ્વભાવના તે અનુભવિ છે. કોસ્યા! તારી શી ઇચ્છા છે?" સ્થુલિભદ્રએ છેલ્લો પ્રશ્ન કોસ્યાને ઉદ્દેશી પૂછ્યો.

"સ્વામી!" કોસ્યા કહેવા લાગી: "મારી ઇચ્છા આપની ઇચ્છાથી જુદી ન જ હોય. ઘણા દિવસથી હું મારાં સાસુ સસરા

અને દિયર તથા નણંદીઓને જોવા માટે વિચારી રહી છું. અચાનક આ પ્રસંગ ઉપસ્થિત થયો છે. દિયરને જોઇ, નયનોને તૃપ્તિ થઈ છે, પણ બાકીનાં દર્શન અધુરાં છે. દિયરજી ! મારાં સાસુજીને મારા પ્રણામ કરી, તેમને જણાવજો, કે લગ્નના દિવસે અમે બંને જણ સહર્ષ આવીશું." પાછળના શબ્દો કોશ્યાએ શ્રીયકજીને ઉદ્દેશી કહ્યા.

શ્રીયકજી કોસ્યાના શબ્દો સાંભળી આનંદાશ્ચર્ય પામ્યા. 'માતાજીની ઇચ્છા પૂરી થશે. પોતાના આમંત્રણ આપવા આવ્યાનું સાર્થક થશે અને બહેનો ભાઈ ભાભીને જોઈ ખૂશ ખૂશ થઇ જશે.' આ વિચારોએ તેમના હૃદયમાં સ્થાન લીધું.

દિયરના પ્રથમાગનના સત્કાર માટે, કોશ્યા જાતે જ દૂધ વગેરેની વ્યવસ્થા કરવા ચાલી ગઇ.

કોશ્યાના જવાથી બંને બંધુઓનું એકાન્ત મિલન થયું. સ્થુલિભદ્રએ શ્રીયકજીને કહ્યું :

" શ્રીયક ! માતાજીને કહેજે, કે તમારાં પુત્રએ અને પુત્ર વધુએ તમે મોકલેલા અંતઃકરણપૂર્વકના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો છે.

# પ્રકરણ ૨૩ મું

## પંડિત વરરૂચિ

વિજય અને પદ્માને આઠેક દિવસથી ન જોનાર મંડળ નિર્જીવ સમાન ભાસતું હતું. મંડળમાંના એક સભ્ય પ્રતાપને મહારાજાએ ક્રૂર શિક્ષા કરી હતી. બીજો મહાન મહત્વાકાંક્ષી વીર યુવક-બાળક મંડળમાં મતભેદ પડતાં સ્વેચ્છાએ ચાલ્યો ગયો હતો. બીજા એનો આઠેક દિવસથી મેળાપ થયો નહોતો. આ બધાં અમંગલસૂચક ચિન્હો જોઈ મંડળના બાકીના સભ્યો નિરૂત્સાહી બનવા લાગ્યા હતા. પહેલાં એની ખોટ મંડળને ભાસી નહોતી; પણ પાછળનાં એની ખોટ મંડળના સભ્યોને ભ્રમિષ્ટ બનાવી રહી હતી. આ મંડળમાં બે જ સભ્યોની મહત્તા હતી. એક વિજયની અને બીજી પદ્માની.

મંડળનો પ્રત્યેક સભ્ય પોતાનાથી બનતું કરી છૂટયો હતો. વિજય અને પદ્માની શોધખોળ માટે કોઇપણ સભ્ય બેપરવા બન્યા નહોતા. મંડળની હસ્તિ માટે આ સમય વિલક્ષણ હતો.

તેના સુકાનીનો પત્તો નહોતો.

પંડિત વરરૂચિએ પણ તે બંનેની તપાસ માટે અથાગ શ્રમ વેઠયો હતો. મહારાજાને મળી, વિજયના અદશ્ય થવા વિષે તેમણે ચર્ચા પણ કરી હતી. મહારાજાએ પણ વિજયના અદશ્ય થવા માટે ચિંતા વ્યક્ત કરી હતી; પણ તેમણે પોતે વિજય વિષેની વાત બહાર ન ચર્ચાય, તે માટે સંપૂર્ણ તકેદારી રાખી હતી, તે જ તકેદારી માટે તેમણે વરરૂચિને પણ ભલામણ કરી હતી.

મહારાજા, વરરૂચિ અને મંડળના સભ્યો પોતપોતાના મનમાં સમજી શકયા હતા, કે હવે જ રાજખટપટના વ્યુહની શરૂઆત થાય છે. કોઇ પણ અતિથિને આહાર વિહારની વ્યવસ્થા કરી આપતાં પહેલાં, તેની દરેક રીતે તપાસ કરવાની આવશ્યક્તા સર્વેને ભાસવા લાગી,

રાજકુમારને વિષપાન થયા પછી દુઃખદ સમય વીતાવતાં વીતાવતાં, મહારાજાએ થોડા વખતથી કંઇક શાંતિનો અનુભવ કરવા માંડયો હતો; ત્યાં જ આ નવું સંકટ ઉપસ્થિત થવા પામ્યું.

વિજયના જુના શબ્દો મહારાજાને યાદ આવવા લાગ્યા. તેણે મહાઅમાત્ય માટે દર્શાવી શંકાએ મહારાજાના મનમાં મહાઅમાત્ય વિષે વિષ રેડ્યું. 'વિજયે પોતાનું પોલ ખુલ્લું કરવાથી મહામંત્રીએ જ તેને અદશ્ય કર્યો નહિ હોય!' આ પ્રશ્નની લહેર મહારાજાના મનમાંથી પોતાની જાત ભજવી પસાર થઇ ગઈ.

મહામંત્રી વગેરે કોઇને ન પૂછતાં, પોતે જ ખાનગી રીતે તપાસ કરવી, એવો રાજાએ નિશ્ચય કર્યો. વિજયના ગૂમ થયાની

વાત તેમણે મહારાણીને પણ જણાવી નહોતી.

વરરૂચિયે વિજયના અદશ્ય થયાની વાત, મહારાજાને એવી તો ખૂબીથી કહી સંભળાવી હતી, કે પદ્માનું નામ નિશાન પણ તેમાં ન હોય ?

મંડળને બંનેની ચિંતા હતી. મહારાજાને વિજયની શોધખોળ કરવાની હતી. વરરૂચિને તો ફક્ત પદ્માની જ જરૂર હતી.

—આ સર્વ બીના સાથે બીજી એક વ્યક્તિએ પણ દુઃખ અનુભવવા માંડયું હતું. આઠ દિવસથી પદ્મા પોતાની શેઠાણીને મળવા અશક્ય બની હતી. વધુમાં વધુ તે ત્રણ દિવસે પણ પોતાની શેઠાણીને મળી આવતી; પણ આ સમય તો એવો પ્રતિકૂળ બની ગયો હતો, કે તે આઠ દિવસ થયા હોવા છતાં પોતાની શેઠાણીને મળી શકી નહોતી.

તેની શેઠાણીએ ખાનગી રીતે પદ્માની તપાસ કરાવી હતી, પણ તેનું પરિણામ શૂન્યમાં જ આવ્યું હતું. શેઠાણીએ બધા કરતાં જુદો જ તર્ક બાંધ્યો હતો. 'તેની માન્યતા એવી હતી, કે પદ્માને વિજયે જ પકડી હશે.' વિજયે પદ્માને ઓળખી હોય, તો તેમ બનવું અશક્ય નથી. તેમાંથી દરેકની અગર તો બંનેની શોધખોળ બધાં તરફથી થઈ રહી હતી. કારણ દરેકનાં જુદાં હતાં. છતાં નિરનિરાળી ભાવનાથી દરેકને એકએકની અગર તો બંનેની ખાસ જરૂર જ હતી.

વિજયના ગૂમ થવા પછી, વરરૂચિએ એક વખતે મંડળને એકત્રિત કર્યું હતું. તેમાં તેમણે બંનેનાં ગૂમ થવા માટે શોક પ્રદર્શિત કર્યો હતો. તે પછી તોતાના કાર્યની ઝડપી શરૂઆત કરવાની આવશ્યકતા જણાવી, આજે ફરીથી મંડળના બધા સભ્યોને બોલાવવામાં આવ્યા હતા.

—એકત્રિત થયેલા મંડળમાં વરરૂચિ સર્વ સભ્યોને ઉદ્દેશી કહી રહ્યા હતા :

" ભાઈઓ ! તેમની, તે બંનેની જરૂર બધાયને હતી. હજી પણ છે. પરંતુ કુદરતના ખેલને પહોંચી વળવા જેટલી શક્તિ, માનવ જાતિમાં ઈશ્વરે મૂકી નથી. છબીલેશી કુદરત અનેક રીતે જગતના પ્રાણીઓને નચાવે છે. વર્ષોના વર્ષોથી ચાલી આવતી તેની આ પ્રણાલિકા, આપણા માટે નવાઇની હોવા છતાં; તેના માટે તો સાધારણ જ છે. વિજય અને પદ્માના બેપત્તા થવાથી આપણે અપંગ જેવા થયા છીએ. પણ અપંગે પોતાનાથી બનતું કાર્ય ન કરવું, તેમ નથી. આપણે આપણાથી બનતું કરવું જ જોઈએ. આપણા શત્રુઓને હંફાવવા આપણે સદંતર તૈયાર રહેવું જોઈએ. બિચારા અગર બાપડા થવાથી, આપણું કાર્ય પાર પડવું અશક્ય છે. સીધાની સાથે સીધા અને વાંકાની સાથે વાંકા થઇશું, તો જ આપણે આપણા કાર્યમાં ફત્તેહમંદ નીવડીશું. ભોળા થનારને જગત ફસાવતાં વાર લગાડતું નથી. આ જમાનાના માનવીઓ પોતાના સમોવડીઆ જ શોધે છે.

આપણે સર્વ જાણી ચૂકયા છીએ, કે આપણા કાર્યમાં નડતરરૂપ મહાઅમાત્ય જ છે. વિજયે પણ તે જ કહ્યું હતું. મહાઅમાત્યના નાશ સિવાય આપણા કાર્યની ફત્તેહ જોવા ઇચ્છવું તે તો તદ્દન મૂર્ખતા જ બતાવી આપે છે.

આજ સુધી કોઇએ પણ જે બાતમી મેળવી નથી, તે બાતમી મેં મેળવી છે. જો સર્વેનો સાથ હોય, બધાની ઇચ્છા હોય, તો આઠ દિવસની અંદર મહાઅમાત્યનો નાશ મહારાજાના હાથે જ થાય અને આપણે તદ્દન જુદા જ રહી જઇ શકીએ એવી યોજના મેં ઘડી કાઢી છે.

આપણે પાપપુણ્યની ચર્ચામાં ઉતરવાનો પ્રયત્ન કરીશું, તો

આપણું કાર્ય અપૂર્ણ જ રહી જશે. આપણા કાર્યકર્તાઓને પકડવાની હિંમત કરનાર દીર્ઘદર્શીઓને આપણે બતાવી આપવું જોઈએ, કે તમારી દીર્ઘદર્શીતા અમારી આગળ તદ્દન નકામી, નિર્માલ્ય છે. 'અમે ધારીએ તે કરવાને સમર્થ છીએ,' આ પાઠ આપણે આપણા શત્રુઓને શીખવવો જ જોઈએ. મહાઅમાત્ય વિષે મહારાજાનું મન કલુષિત થાય, તેવો માર્ગ મેં શોધી કાઢ્યો છે. મારા શોધી કાઢેલા માર્ગનો અમલ તત્કાળ થઈ શકે, તેમ છે. તો હું તમને બધાને પૂછું છું, કે મહાઅમાત્યના નાશ માટે આપણે જવાબદાર ન બનીએ અને તેનો નાશ થાય, એવી મારી યોજનાને અમલમાં મૂકવાની વિરૂદ્ધમાં કોઈ છે કે કેમ ?"

એકાદ ક્ષણ ત્યાં શાંતિ પ્રસરી ગઈ. બકીના સભ્યોએ એક બીજાની સામે જોયું. દરેકનાં નયનોએ એક બીજાને સંમતિ દર્શાવી. એક પછી એક, એમ દરેકે વરરૂચિની યોજનાને અમલમાં મૂકવાની ઇચ્છામાં સંમતિ આપી.

દરેકની સંમતિ મળતાં જ વરરૂચિએ સ્ફૂર્તિમય અવાજે આગળ કહેવા મંડયું :

"ભાઈઓ ! મારી યોજના તદ્દન સાદી અને સરળ છે. મહાઅમાત્યને ત્યાં તેમના પુત્રના લગ્નની તૈયારીઓ ચાલી રહી છે. લગ્ન પ્રસંગે સગાંવહાલાંઓને તેમજ રાજકુટુંબને અને મિત્ર મંડળને ભેટ આપવા માટેની વસ્તુઓ મહાઅમાત્ય તરફથી તૈયાર થઈ રહી છે. તેમાંની કેટલીક વસ્તુઓ ખાસ મહારાજાને જ ભેટ આપવા માટે બની રહી છે. મહાઅમાત્યએ તૈયાર થતી બધી જ વસ્તુઓનો સ્ફોટ કર્યો છે, પણ ફક્ત મહારાજાને જ ભેટ આપવાની વસ્તુઓનો સ્ફોટ તેમણે કર્યો નથી. તેમની

ઇચ્છા એવી છે, કે મહારાજાને જે વસ્તુઓ ભેટ આપવાની છે, તે તેમને પહેલાંથી ન જણાવતાં, વખત આવે એટલે આપવામાં આવે, તો તે જોઇ મહારાજા દિઙ્મૂઢ થઈ જાય. તે ભેટની બીજા કોઇને જાણ થઈ નથી. ફક્ત મેં જ તેની બાતમી મેળવી છે. જે ભેટ માટે મહાઅમાત્ય મગરૂર બની રહ્યા છે, તે જ ભેટ અને ભેટની તૈયારીઓ તેમના નાશનું કારણ બનશે.

મહારાજાને ખાનગીમાં મળી, તે બાબતની વાત કરવાની જરૂર છે. ભેટની વસ્તુઓ શા માટે ખાનગી રાખવામાં આવી છે, તેનો ખુલાસો કરવામાં જ ખરી ખૂબી સમાયેલી છે. આવતી કાલે હું મહારાજાને મળી, શકટાળના નાશનું દ્વાર ખોલીશ. તેનો નાશ, એટલે જ આપણા કાર્યની સફળતા. કાલે સૂર્યોદય વખતે જ હું મહારાજાને મળવાનો છું. તેમની સાથે થયેલી વાતચીત વિષે આપણે અહીં જ ચર્ચા કરીશું. કાલે આ સમયે જ આપણે મળીએ, એવી મારી ઇચ્છા છે."

વરરૂચિની ઈચ્છાને માન આપવાની દરેક સભ્યની ફરજ હતી. તે ઉપરાંત વિજયની હાજરી ન હોવાથી, તેની ઇચ્છાને માન આપવું જ પડે તેમ હતું.

બીજા અહીં હાજર રહેલા સભ્યો, એટલે પ્રતિજ્ઞા પાલન માટે પ્રાણ આપવાને તૈયાર રહેલા પઢાવેલા પોપટ. તે બિચારા રાજખટપટમાં માથું મારી શકે નહિ. તેમની બુદ્ધિ એટલે ફક્ત હથિયાર વાપરી જાણવું. હથિયારના તે રાજા. બુદ્ધિ અને વિચાર શક્તિમાં તે બધા જ પછાત હતા. તેમણે વરરૂચિની પ્રત્યેક ઇચ્છાને માન આપ્યું. વરરૂચિએ ધીમે ધીમે એક પછી એક જવાની સૂચના કરી. તે સૂચનાનો અમલ તરત જ થવા લાગ્યો.

—બધાના જવા પછી વરરૂચિ એકલા પડયા. તેમના

ચહેરાના ચિન્હોમાં ફરક થવા લાગ્યો. ધીમે ધીમે શાન્તિનાં ચિન્હો નષ્ટ થઇ, ક્રોધનાં ચિન્હો જણાવા લાગ્યાં, તેમણે પોતાના સ્થાનેથી ઉઠી આમ તેમ ટહેલવા માંડયું. નેત્રો રૌદ્ર બનવા લાગ્યાં. આખરે તેમણે સ્વગત બબડવા માંડયું :

" શકટાળ ! યાદ રાખજે, કે આ કાત્યાયન ૧ છે. એક વખત તેં મારૂં ભયંકર અપમાન કરાવ્યું હતું. મને મળતી લક્ષ્મી તેં અટકાવી હતી. ભલે, તું રાજાનો જમણો હાથ હોય, તેમનો નિમકહલાલ, વિશ્વાસુ હોય; પણ મારો તો શત્રુ જ છે. પૃષ્પપુરની પ્રજા તને દેવ સમાન માનતી હશે, પણ હું તો તારો તિરસ્કાર જ કરૂં છું. તને ખબર નહિ હોય, કે તારા નાશની ઘડિઓ ગણાઈ રહી છે. મહારાજા પાસે મારી અવહેલના કરાવનાર દૂર્ભાગી ! યાદ રાખજે, કે તે જ મહારાજા પાસે હું તારો નાશ કરાવીશ. પંડિત ચાણકયજીએ મહારાજાનો તેમના વંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, પણ તે પ્રતિજ્ઞા પહેલાં મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે.

મારી પાસે ભલે શસ્ત્રાસ ન હોય, પણ બુદ્ધિનો ભંડાર છે. આત્માની શ્રદ્ધા છે. રણક્ષેત્રમાં ભલે તારો વિજય થઈ શકે તેમ હોય, પણ કપટ ક્ષેત્રમાં તો તારો નાશ જ થવાનો છે."

તેમનો સ્વગત બબડાટ ધીમે ધીમે વાચાના રૂપમા ફેરવાઇ ગયો. તેમની વાણીમાં કઠોરતાએ વાસ કર્યો. નયનોમાં જંગલી બિલાડીની હિંસક દ્રષ્ટિનો ભાસ થવા લાગ્યો. હોઠ ફૂલી જવા લાગ્યા કપાલમાં ક્રોધની કરચલીઓ દેખાવા લાગી. તેમના ચર્ણોનો વેગ નિશ્ચયતાનો ભાસ આવવા લાગ્યો. કપટપૂર્ણ મનોવિચારે બ્રાહ્મણત્વનો નાશ કરવા માંડયો.

---

(૧) વરરૂચિ બ્રાહ્મણ ગ્રંથોમાં પોતાને કાત્યાયનના નામથી ઓળખાવતા હતા.

# પ્રકરણ ૨૪ મું

## ભોંયરામાં

મૂસ્કેટાટ બંધાયેલી પદ્માને એક ભોંયરામાં પૂરવામાં આવી હતી. તેને ભોંયરામાં કોણે પૂરી હોવી જોઈએ, તેની અટકળ તેણે કરી હતી.

ભોંયરામાં પૂરાયાનું દુઃખ તેના ચહેરા પર બિલકુલ નહોતું. તેની ચંચળ સ તેજસ્વી આંખો જેવી ને તેવી જ હતી. ચહેરા પરનો ઉલ્લાસ તેવો જ હતો. હસતો ચહેરો ને આનંદી ચિત્ત, તેને ભોંયરાનું દુઃખ ન સાલતું હોય, તેવો જ ભાસ આપતાં હતાં.

તેને માત્ર એક જ દુઃખ સાલતું હતું–અને તે એટલે માત્ર પોતાની શેઠાણીએ સોંપેલું કાર્ય અધુરૂં રહ્યાંનું.

તેની વિચારશક્તિ તેવી ને તેવી જ હતી. કેદ જેવા ભોંયરાએ પણ તેના આત્માને દૂભાવવામાં હાર ખાધી

તેની જગ્યામાં સાધારણ અજવાળું આવી શકે, તેવી વ્યવસ્થા હતી.

નિયમિત રીતે એ વખત તેને ભોજન પહોંચાડવામાં આવતું. દૂધ વગેરેની પણ વ્યવસ્થા ખાસ તેના માટે રાખવામાં આવી હતી

—ભોંયરામાં પૂર્યા પછી જ્યારે બીજી વખત શ્રીયકજી તેને મળવા આવ્યા ત્યારે તેનો દેખાવ તદ્દન જુદો જ હતો.

તેનું લાલિપ્ત જોઇ તે વિસ્મય પામી ગયા. તેણે પહેરેલા સાદા વલ્કલમાંથી તેની સીધી ડોકે તેમને મુગ્ધ બનાવ્યા.

સાધારણ પણ નાનીશી કાળી ભભકભરી ભ્રમર, ઘાટીલું નાક, સુંદર સુખ ને ભવ્ય લલાટ ગમે તેવા તપસ્વીનાં તપ મૂકાવે તેવાં હતાં

તેની નાનકડી ને કોમળ આંગળીઓ તેના વિચારોને અનુસરતી હતી. બીડાયેલા હોઠ હસુ હસુ થઈ રહ્યા હતા.

" પદ્મા ! " તેની નજીક જઈ શ્રીયકજીએ બોલાવી. તેમના બોલાવવામાં માયામમતા દર્શાવવાનો ભાસ હતો; છતાં તે ઉચ્ચારમાં સત્તાનો રણકાર હતો.

પદ્મા શ્રીયકજી તરફ ફરી તેમને નિરાંતે જોવા લાગી. તેના જોવામાં ગર્વ નહોતો, છતાં સ્વાભિમાન તો હતું જ. તેની નિર્દોષતા ભરી નજર શ્રીયકજીને સ્ત્રી વિદ્યાની પ્રવિણતાનો પાઠ પઢાવવા લાગી.

શ્રીયકજીએ ફરીથી તેને કહેવા માંડ્યું : " પદ્મા ! હું જાણું છું, કે તું નિર્દોષ છે. અવારનવાર મહારાણી વગેરેને ચેતવણી આપનાર પણ તું જ છે, એનો પણ મેં પત્તો મેળવ્યો છે.

એનો પુરાવો તને મળતો ખોરાક ને રક્ષકની મીઠી નજર છે.

વિજય ગુન્હેગાર છે તેને તો શિક્ષા થવાની જ છે. ગુન્હેગારની માફકજ તેને રાખવામાં આવ્યો છે.

—પણ તું ગુન્હેગાર નથી. તું છે રાજહિત ચિંતક. પણ તું આટલો શ્રમ શા માટે વેઠે છે, તે જ મારે જાણવું છે."

"શ્રીયકજી" પદ્મા મીઠાશથી બોલવા લાગી. તેની ભાવભીની આંખો તેની મોહકતામાં વધારો કરી રહી હતી. "મેં તેમને કહ્યું છે, કે હું મારી શેઠાણીના કહેવાથી આ મંડળની રાખતી હતી. પણ, મારી ફરજ એટલી જ, કે તેમનાં કહેવા ઉપરાંત મારાથી કંઈ પણ કરી શકાય નહિ, કંઇ પણ બોલી શકાય નહિ. મારાં શેઠાણીની ઇચ્છા, તે જ મારૂં કર્તવ્ય."

શ્રીયકજીને આ સ્ત્રી કર્તવ્યનો પાઠ શીખવતી હોય, તેમ તેનાં ઉચ્ચારણો થઇ રહ્યાં હતાં.

શ્રીયકજીને આ સ્ત્રી નિષ્કલંક લાગી. તેનું બોલવું તેમને સાચું જ લાગ્યું.

તેનું નાજુક શરીર, અંગોની તેજોમયતા, રંગની નિર્મલતા—આ ઉપરાંત તેના બોલવાની છટા, આ કેદખાનાને—એકાન્ત વાસને પણ ખુલ્લા ઉપવનો ભાસ કરાવતાં હતાં.

"પદ્મા! તું તારી શેઠાણીનું નામ ન જણાવે, તો પણ સ્વતંત્ર તો છે જ; પણ તે તારી સ્વતંત્રતા અનિશ્ચિત સમય સુધી આ ભાગમાં જ રહેવાની. તારી શેઠાણીનું નામ આપવામાં તને વાંધો નથી. તેં અને તારી શેઠાણીએ જે કાર્ય કરવાની હામ ભીડી છે, તે પ્રસંસની ય છે." શ્રીયકજીના શબ્દોમાં મૃદુતા હતી, નિખાલસપણું હતું. તેની સ્નેહભીની નજર કયાંય સુધી પદ્માના

ચહેરા પર ફરી રહી.

"શ્રીયકજી! હું દિલગીર છું. જે તમે કહ્યું, તે તદ્દન ખરૂં છે; છતાં આજ્ઞાંકિતપણા આગળ મારૂં કંઈ ચાલી શકતું નથી." પદ્માના બોલવામાં કાયરપણું નહોતું. શબ્દોમાં કડવાશ નહોતી. હોઠમાં કંપ નહોતો.

સ્વતંત્રપણાનો તેનો તેજ શાંત, મૃદુ અવાજ; આકર્ષક મુખ ને હસતો ચહેરો તેનું ગૌરવ વધારી રહ્યાં હતાં.

શ્રીયકજી જેવી મહાન વ્યક્તિને પણ આ આત્મસંયમન-વાળી સ્ત્રીએ દિઙમૂઢ બનાવી મૂક્યા.

# પ્રકરણ ૨૫ મું

## મહારાજાની સ્થિતિ

પંડિત વરરૂચિએ રચેલી શેતરંજના પાસા સવળા પડી રહ્યા હતા.

મહારાજા તરફથી કેટલાક જાસુસો, મહાઅમાત્યના મકાનની આસપાસ તપાસ ચલાવી રહ્યા હતા. પંડિત વરરૂચિએ તેમને જે કહ્યું હતું, તેનો તેમને સાક્ષાત્કાર કરવો હતો.

વરરૂચિએ તેમને ઘણું ઘણું કહ્યું હતું.

'મહાઅમાત્ય ખાનગી રીતે નંદવંશનો નાશ કરવા માગે છે. ખાનગી રીતે હથિયારો વગેરેની તૈયારી ચાલી રહી છે. તે તૈયારી લગ્નના બહાના હેઠળ થઈ રહી છે. જો તે વાત ખુલ્લી પડી જાય, તો લગ્નનું બહાનું કાઢી શકાય, માટે જ હમણાં તે તૈયારીઓ થઈ રહી છે.

લગ્ન સમયે મહારાજા વગેરે જ્યારે મંડપમાં હાજર થાય,

ત્યારે તેમના પર હુમલો કરવાની તૈયારી પણ મહાઅમાત્યએ કરી રાખી છે.'

—આ સાર હતો, પંડિતજીએ મહારાજા આગળ કરેલા ભાષણનો.

મહારાજાએ આ બાબતની તપાસ કરવા પોતાના કેટલાક ખાસ ખાનગી માણસોને મોકલ્યા હતા. તે માણસો મહા-અમાત્ય તરફથી થતી તૈયારીઓની તપાસ કરી રહ્યા હતા,

વરરૂચિએ મહારાજાને કહેલી તૈયારીઓ થઇ રહી હતી. તે તૈયારીઓ કોઈના નાશ માટે નહિ, પણ ખાસ મહારાજાને ભેટ આપવા માટે થઈ રહી હતી.

મહાઅમાત્યનો વિચાર એવો હતો, કે જ્યારે મહારાજા લગ્ન સમયે લગ્ન મંડપમાં પધારે, ત્યારે આ ખાસ શસ્ત્ર બનાવટો તેમને ભેટ ધરવી.

આ શસ્ત્રો હોંશિયાર કારીગરો પાસે બનાવાઈ રહ્યાં હતાં.

જો મહારાજાને પહેલાં જ આ શસ્ત્રોના ભેટની જાણ કર-વામાં આવી હોત, તો મહાઅમાત્ય તદ્દન સુરક્ષિત હતા. પણ તેમની માન્યતા એવી હતી, કે પહેલાંથી જણાવેલી વસ્તુઓ ભેટ ધરવામાં આવે તો તેની મહત્તા, બિન જણાવતાં આપેલી ભેટની મહત્તા કરતાં ઓછી ગણાય.

—આવી દગાબાજીનો ખ્યાલ તેમને નહોતો, કોઇને પણ હોય નહિ.

નિર્માતાએ નિર્મેલું ભાવિ અણનમ જ રહે છે. જે આળ, તેમના માથે આવવાનું નિર્માયેલું છે, તે આવ્યે જ છૂટકો.

મહારાજાના માણસોની તપાસ સાવચેતીપૂર્વક ચાલી રહી હતી. તેમણે ખાનગી રીતે, બનતાં હથિયારની ખબર મેળવી લીધી હતી.

તે સમાચાર નંદને તરત જ પહોંચાડવામાં આવ્યા હતા. આ સમાચારે મહારાજાના મનને બંડખોર બનાવ્યું.

વરરૂચિએ આપેલા સમાચાર ખરા પડતા, મહાઅમાત્ય પરનો તેમનો વિશ્વાસ તદ્દન ઉડી ગયો. તેમને પાકી ખાત્રી થઈ ચૂકી, કે જો પોતે લગ્ન સમયે લગ્નમંડપમાં જશે, તો જરૂર તેમને મહાઅમાત્ય જીવતા રહેવા દેશે નહિ.

તેમણે મન સાથે નક્કી કરી લીધું, કે લગ્ન સમયે લશ્કર તૈયાર રાખવું. કોઇ પણ બહાનું કાઢી સ પ્રસંગ ટાળી દેવો. આગળ ઉપર જોયું જશે.

ખુલ્લી રીતે શકટાળનું અપમાન કરવાની શક્તિ રાજાએ કેળવી નહોતી તેમને મહારાણી જયાદેવીની ધાક હતી.

શકટાળ પ્રજાના લાડિલા મહાઅમાત્ય હતા. તેમનું ખુલ્લું અપમાન કરવું એટલે પ્રજા સાથે વૈર બાંધવું.

લગ્ન વખતે ગયા સિવાય ચાલે તેમ નહોતું. શરિર સારૂં ન હોવાનું બહાનું જ, તેમને ત્યાં ન જવાની બાબતમાં મદદગાર થઈ શકે તેમ હતું.

પોતે માંદા હોય, તો આખું કુટુંબ ન જઇ શકે. ભલે બીજી બધી રાણીઓ જાય, પણ મહારાણી જયાદેવી, અને બાળકોએ ન જ જવું જોઇએ. પોતે માંદા હોય, તો આ બધાં ન જ જઇ શકે.

પોતે લડતાં લડતાં રણક્ષેત્રમાં મરવાને તૈયાર હતા, પણ આવું નિર્માલ્ય મૃત્યુ તેમને ડરાવતું હતું.

તેમની ક્રૂર ને અણનમ આંખો, આ નિર્માલ્ય મૃત્યુ નજર આગળ ખડું થતાં જ બ્હી ગઈ.

તેમને મને ટહૂકો કર્યો : " આવા મહાન વિજેતા સમ્રાટને આવું કાયર મૃત્યુ ન જ શોભે."

તેમણે પોતે તે સાદ ઝીલી લીધો. ડાબા હાથની હથેલીમાં જમણો હાથ મૂકી, બંનેની એક જ મૂઠી વાળતાં તે ગર્જ્યા: " મારા જેવા મહાન વિજેતા સમ્રાટને આવું કાયર મૃત્યુ ન જ શોભે."

તેમણે દાંત કચકચાવ્યા. તેમનાં નેત્રોમાં રતાશ તરી આવી. ક્રોધાવેશમાં તેમનું આખું શરીર કંપવા લાગ્યું.

ક્રોધમાંને ક્રોધમાં તેમણે ભાન ગૂમાવવા માંડ્યું. જે ખંડમાં બીજું કોઈ હતું નહિ.

ક્રોધે તેમની વાચા ખોલી. તે મોટેથી બોલવા લાગ્યા :

" શકટાળ ! યાદ રાખજે, આ કાલાશોક છે. ભૂલીશ નહિ આપને છંછેડવામાં સાર નથી. આ જ તેં મારૂં ખાધું છે, અને મારો જ નાશ કરવા તૈયાર થયો છે ? આટલા માટે જ પંડિત વરરૂચિ વગેરેને બદનામ કરવાના પ્રયત્નો કરી રહ્યો હતો ? નીચ ! બદમાશ ! તારાં બધાં કાવત્રાં ખુલ્લાં પડી ગયાં છે. લગ્નની તૈયારીના બહાના નીચે મારા ઘાતની તૈયારીઓ કરી રહ્યો છે ? કોની તાકાદ છે, કે મારો ઘાત કરવાનો પ્રયત્ન કરે ! કોણ એવો માડી જાયો પાકયો છે, કે મારા સામે માથું ઉંચું કરી શકે ! તું મને ઓળખે છે ?–ઉભો રહે, તેમ તું નહિ

ઓળખે. તને ખરેખર જ ઓળખાવવો પડશે, ઉભો રહે, ઉભો રહે, આઘો ક્યાં જાય છે ? ન્હાસે છે કેમ ?—" કહી જાણે મહાઅમાત્ય નાસતા હોય, અને પોતે પકડવા જતા હોય, તેમ તે દોડ્યા. તેમને ભાન રહ્યું નહિ.

કેટલીક ચીજો હડફેટમાં વધારે આવી. જગ્યા પવિત્ર રહે ને પવન સુવાસિત રહે, તેટલા માટે ચંદનના તેલમાં એક નાની વાટ દીવી પર ધીમી ધીમી જળી રહી હતી.

મહારાજાના હડફેટમાં તે આવી. ત્યાં જ તે પટકાયા. દીવીની જ્યોત તેમનાં કપડાંને સ્પર્શી. કપડાં સળગ્યાં.

—તે જ બેભાનાવસ્થામાં તેમણે બૂમો પાડવા માંડી :

"દોડો–દોડો—"

# પ્રકરણ ૨૯ મું

## આમંત્રણનો અસ્વીકાર

શ્રીયકજીના લગ્નનો શુભ દિવસ આવી પહોંચ્યો, સગાં-વહાલાં અને સ્નેહીજનોથી મહાઅમાત્યનું ભવ્ય મકાન દીપી ઉઠ્યું. સ્ત્રીપુરૂષને નાનાં મોટાંનો ગુંજરવ તે મકાનની શોભામાં વધારો કરવા લાગ્યો.

શ્રીયકજી જાતે જ મોટાભાઈ સ્થુલિભદ્રને તેડવા ગયા હતા. તેમણે ભાઈ ભાભીના સામૈયા માટે ભભકાદાર સામગ્રી સાથે લીધી હથી.

પોતે એક પંચકલ્યાણી અશ્વ પર સ્વાર થયા હતા. સાથે તેમની ભવ્યતાનો ખ્યાલ અપવાનો એક કિંમતી રથ હતો. —ભાભીને માટે તે જરૂરી હતો.

—જ્યારે તે કોશ્યના મકાને પહોંચ્યા, ત્યારે તેમનાં ભાઈ ભાભી વર્તાલાપમાં મશગુલ હતાં.

તેમણે દરવાન સાથે પોતે આવ્યાના સમાચાર મોકલાવ્યા. તરત જ તેમનો યોગ્ય આદર સત્કાર કરવામાં આવ્યો. તેમણે એક ભવ્ય ખંડમાં પ્રવેશતાં જ, સુવાસિત, મંદ લહેરીઓ અનુભવી. વડિલ બંધુની નજીક જઈ તેમને સવિનય પ્રણમ કર્યા. ભાઇએ સહૃદય આશિર્વાદ આપ્યા.

શ્રીયકજીએ એક આસન પર સ્થાન લીધા પછી, સ્થુલિભદ્ર

" શ્રીયક ! તારાં ભાભી તો તેમની નણંદોને મળવા તલપાપડ થઈ રહ્યાં છે. "
તેનો મહાન ઉપકાર. ભાઇભાભીના પ્રેમનાજ અમે તો ભૂખ્યા છીએ. " થોડીકવાર સ્થંભી શ્રીયકજીએ આગળ કહેવા માંડયું :

" મોટાભાઈ ! આપ બંને જણાં તૈયાર થાઓ. માતા પિતા અને બહેનો આપની રાહ જોઈ રહ્યાં છે. "

" હું તો તૈયાર જ છું "--કહી સ્થુલિભદ્ર બાજુના ખંડમાં ગયા.

—થોડીવારમાં સ્થુલિભદ્ર અને કોશ્યા તૈયાર થઇ શ્રીયકજી વાળા ખંડમાં આવ્યાં. તેમની સાથે ત્રણ દાસીઓ હતી. દરેકના હાથમાં ચાંદીના થાલ હતા. તેમાં કેટલીક વસ્તુઓ હતી. ઉપર બારીક કપડું ઢાંકયું હતું.

—શ્રીયકજી એ તે વ્યવસ્થા દરેક દાસીના હાથમાંના થાલ જોયા. તેમણે તેમાં શું હોવું જોઇએ, તે કલ્પી લીધું.

કોશ્યા બોલી : " દિયરજી ! માતાજી ગુસ્સે તો થશે નહિ ને ? "

" એવું બોલ્યા, ભાભી ! " શ્રીયકજી બોલ્યા : " તે તો બિચારાં ચાતકની પેઠે તમારી રાહ જોઇ રહ્યાં છે. "

કોશ્યા આગળ બોલી નહિ. તેનું મૂક ત્રણેએ ત્યાંથી નિકળવાનું સૂચવી રહ્યું.

ક્ષણેક રહી ત્રણે તે ખંડમાંથી બહાર નીકળ્યાં. ત્રણે દાસીઓ સાથે જ હતી.

મકાનની નીચે આવ્યા પછી શ્રીયકજીએ સાથે લાવેલા રથ સામે આંગળી ચીંધતાં કોશ્યાને ઉદ્દેશી કહ્યું:

“ભાભી! આપ આ રથમાં બેસો.”

“અને તમારા ભાઈ!” કોશ્યાએ પ્રશ્ન કર્યો.

“તેમને માટે આ અશ્વ છે.” કહી તેમણે પોતાના અશ્વ પાસે ઉભેલો બીજો સુંદર અશ્વ બતાવ્યો.

તેમનું કહેવું સ્થુલિભદ્રએ માન્ય રાખી કોશ્યાને કહ્યું:

“દેવી! શ્રીયકનું કહેવું ખરું છે.” કહી સ્થુલિભદ્ર, શ્રીયકજીએ બતાવેલા ઘોડા પર સ્વાર થયા.

કોશ્યાએ શ્રીયકજીએ લાવેલા રથમાં સ્થાન લીધું. તેના તૈયાર કરાવેલા રથમાં સાથેની ત્રણ દાસીઓ બેઠી. તે પછી શ્રીયકજી અશ્વારૂઢ થયા.

ધીમે ધીમે તેમનો પંથ કપાઇ રહ્યો. મહાઅમાત્યનું ભવ્ય-મકાન બહુ દૂર નહોતું. થોડી જ વારમાં તેઓ ત્યાં આવી પહોંચ્યા.

સર્વ સામગ્રી સાથે કોશ્યાનો રથ મકાનના મુખ્ય દરવાજા પાસે આવતાં જ અમાત્ય પત્ની જળ લઈ આવી પહોંચ્યા. બધી બહેનો પણ સાથે જ હતી.

મહાઅમાત્ય હાજર નહોતા. તે મહારાજાને આમંત્રણ

આપવા ગયા હતા.

*　　　　*　　　　*

તે શુભ પ્રસંગે હાજર ન રહેવાનું મહારાજાએ જણાવ્યું હતું. આવા શુભ પ્રસંગે મહારાજા હાજર ન રહે તે, મહાઅમાત્યની કીર્તિને કલંક સમાન હતું.

તેમનો 'ન' કારમાં જવાબ આપ્યો હોવા છતાં, મહાઅમાત્ય જાતે જ તેડવા ગયા હતા.

તેમને મહારાજાએ જવાબ આપ્યો.

"મંત્રીજી! મારે આવવું જોઈએ, તે હું સમજું છું. પણ તમે જોઇ શકો છો, કે હું આવી શકું તેમ નથી. મારી સ્થિતિ ગંભીર છે. મારૂં આખું શરિર દાઝેલું છે. ઠેકઠેકાણે ફોલ્લા ને ચાઠાં છે. આવા સંજોગોમાં હું કેવી રીતે આવી શકું? શ્રીયકજી મારા પુત્ર સમા છે. હું તેમને અંતઃકરણ પૂર્વકના શુભ આશિષ આપું છું."

"મહારાજ!" મહાઅમાત્ય કહેવા લાગ્યા, "આપ આવી શકો તેમ નથી, છતાં મહારાણી તેમજ બાળકો આવી શકે તેમ છે. આ લગ્ન પ્રસંગ છે. તેનો લ્હાવો લેવાની ઈચ્છા દરેકને હોય છે."

"પણ, મંત્રીજી! મારી માંદગી સમયે મહારાણી આવવાનું પસંદ કરશે નહિ. બાળકો તેમના સિવાય આવશે નહિ. આટલી બધી તકલીફ પણ શા માટે લ્યો છો? મારા આશિષ છે, તે જ મારૂં આગમન માની લ્યો."

"મહારાજ! હું સમજી શકતો નથી, કે આવા પ્રસંગે મારે ત્યાં આવવાને આપનો અંતરઆત્મા શા માટે ના પાડે છે!"

" મંત્રીજી! હું તમારે ત્યાં આવવાને ખુશી છું. ગમે ત્યારે તમારે ત્યાં આવું છું, તો આવા શુભ પ્રસંગે હું કેમ ન આવું? મને તમારે ત્યાં આવવામાં કોઈ પણ જાતનો વાંધો નથી. કારણુ ફક્ત એક જ છે, કે મારા સંજોગો અહીંથી ચાલી શકાય તેવા નથી."

મહાઅમાત્ય આ સાંભળી વિમાસણુમાં પડી ગયા. ' પોતાને ત્યાં પોતાના જ પુત્ર લગ્ન પ્રસંગે મહારાજ ન આવે, એ અશક્ય ગણાય. જરૂર કંઇ પણ નવાજુની બન્યું હોવું જોઇએ.'

તેમને ઘણુય વિમાસો આવવા લાગ્યા. મહારાજને કેવી રીતે સમજાવવા, તે તેમને સૂજયું નહિ.

ક્યાંય સુધી બંન્નેમાંથી કોઈ બોલ્યું નહિ

# પ્રકરણ ૨૭ મું

## દેરાણી જેઠાણી

પંડિત વરરૂચિની ધારણા પાર પડી હતી. મહારાજાના મનમાં મહાઅમાત્ય વિષે સંપૂર્ણ શંકાએ ઘર કર્યું હતું. મહાઅમાત્ય જાતે તેડવા આવ્યા હોવા છતાં; રાજાએ તે આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો.

પંડિત વરરૂચિએ તે પ્રસંગે હાજરી આપી હતી. તે હાજરીનું કારણ જુદું હતું. ત્યાં શું શું બને છે, તે જાણવાનો જ તેમનો હેતુ હતો.

મહાઅમાત્યને ખાત્રી હતી, કે પોતાના જવાથી મહારાજા જરૂર આવશે, પણ જ્યારે તે આવ્યા નહિ, ત્યારે તેમને સચોટપણે એમ લાગી ગયું, કે દૂસ્મનોએ પોતાનું ધાર્યું પાર પાડ્યું છે. પોતના પર મહારાજની કફામરજી થઈ ચૂકી છે.

આનું પરિણામ પોતાને જ તેમજ આખા કુટુંબનેસહન કરવું

પડશે. તે પહેલાં ગમે તે રસ્તો શોધી કાઢવો જોઈએ.

ભલે, આ આહૂતિમાં પોતાનો ભોગ આપવો પડે પણ કુટુંબને તો બચાવવું જ જોઈએ.

લગ્ન પ્રસંગ તેણે ગમે તેવી ચિંતામાં પણ પસાર થવાદીધો. મોટાપુત્ર સ્થુલિભદ્રનું આગમન સતોષ આપનારૂં નીવડયું હતું. કેટલાંય વરસે પુત્રને જોવાનું સુખ મળ્યું હતું.

તે સુખ મહારાજાના અનાગમને પળમાં જ નષ્ટ કરી નાખ્યું. તેમના અંતરની વેદના તેજ સમજી શકે તેમ હતા. આજસુધી નિર્વિકાર પણે કરેલી રાજની સેવા પર આ નીચ પંડિતે જ પાણી ફેરવી નાખ્યું હતું.

રાજાને કાન હોય છે, પણ સાન હોતી નથી; તેનું જ નામ આ.

સ્થુલિભદ્ર અને કોશ્યા આવશે કે નહિ, આ શંકા હતી. તો તે શંકાનું નિવારણ શુભમાં આવ્યું. જ્યારે મહારાજા ખાત્રીથી આવશે, એવી જે આશા હતી, તે આશા નિરાશામાં પરિણમી.

શ્રીયકજીની માતાએ તેમજ બહેનોએ કોશ્યાને ગણિકા ન ગણતાં એક આદર્શ ગૃહિણી માની લીધી. તેનો સત્કાર, જે પ્રમાણે નવ વધુનો સત્કાર કરવામાં આવે, તે જ પ્રમાણે કરવામાં આવ્યો.

ભાઈ ભાભીએ નધારેલો સત્કાર તેમને મળતાં, તેમનાં હૃદય હર્ષોન્ત્ બન્યાં.

કોશ્યાએ ધાર્યું નહોતું, કે તેની નણંદો આટલી બધી માયાળુ હશે, સાસુ સસરા આટલા વાત્સલ્ય પ્રેમી હસે.

× × ×

લગ્ન નિર્વિઘ્ને પાર પડયું. પુત્ર તથા પુત્રવધુ શકટાળ તથા લક્ષ્મીવતિને પગે નંડયાં. બંનેને અંતરનાં શુભાશિષ આપ્યાં.

સ્થુલિભદ્રને પગે પડતાં તેમણે નાના ભાઈને બાથમાં લઈ બંધુ પ્રેમઅશ્રુથી ભીંજાવી નાખ્યા.

કોશ્યાને પગે પડતાં તેણે બંનેના ગળામાં કિંમતી હીરા મોતીની માળાઓ પહેરાવી. દેરાણીને રત્નજડીત કંકણ પહેરાવ્યાં. દિકરને હીરાની વીંટી પહેરાવી. દેરાણીને ત્રણ જોડી વસ્ત્રો આપ્યાં; જેનો જોટો અમાત્ય કુટુંબે તેમજ રાજકુટુંબે પણ જોયો નહોતો.

લગ્નનું કામકાજ પુરૂં થતાં, બે દિવસ પછી સ્થુલિભદ્ર તથા કોશ્યાએ જવાની રજા માગી. તે સાંભળી બધાં વિસ્મય પામ્યાં. બધાંએ એમ માન્યું હતું, કે આ બંને જણાં અહીં જ રહેશે.

આ માગણી સાંભળી લક્ષ્મીવતિને દુઃખ થયું. શકટાળના દુઃખમાં વધારો થયો. બહેનો ભાઈ ભાભીનો સહવાસ ગૂમાવવાનો વખત આવતાં રોક્કળ કરવા લાગી. બિચારા શ્રીયકજીએ અત્યાર સુધી બંધુ વિયોગનું ભોગવેલું દુઃખ ફરીથી પ્રાપ્ત થવાના કારણે મનમાં જ કલ્પાંત કરવા માંડયો.

—પણ એક જ વ્યક્તિ એવી રહી, કે જેના માટે કોશ્યાને અંગત રીતે વિચારવાનું રહ્યું. તે હતી આ ઘરની નવવધુ, તેની દેરાણી.

બે જ દિવસમાં બંને વચ્ચે સારો મેળ જામ્યો હતો. બે જ દિવસમાં બંને જણ એક બીજા પ્રત્યે આકર્ષાયાં હતાં.

દેરાણીથી છૂટા પડતાં કોશ્યાને દુઃખ થતું હતું. નવવધુ

પ્રિયવંદાએ જેઠાણીને ઘણી સમજાવી, પણ જેઠાણીથી રહી શકાય તેમ નહોતું. તેણે દુઃખ કંઠે કહ્યું:

" બહેન ! તું હજી નવી આવી છે. હું પણ નવી જ છું આઘરમાં તો આપણે બંને નવાંજ છીએ. આપણે બંને પહેલી જ મુલાકાત એક બીજા તરફ આકર્ષાયાં છીએ; પણ તે અકર્ષણ આપણાં દુઃ ખનું કારણ બન્યું છે.

તું જાણે છે, કે હું એક ગણિકા છું. તારા જેઠ અને હું ફક્ત પૂર્વ જન્મના યોગાનું યોગથી જ એક બીજાનાં સાથી બન્યાં છીએ. નહિતો ક્યાંતે દેવ પુરૂષ અને ક્યાં હું એક પામર ગણિકા ! "

" એવું નબોલો , બહેન ! " પ્રિયંવદા કહેવા લાગી : "એમ બોલી મારા આત્માને દુઃખ ન કરો. તમે એક પામર ગણિકા નહિ, પણ એક આદર્શ ગૃહિણિ છો. મહાન પતિવૃત્તા સ્ત્રી છો. સવર્વોત્તમ સતિ છો,

ક્યાં હું, અને ક્યાં તમે ? આપના મહાન ગુણ પૈકી અમે એક પણ ગુણ કેળવ્યો નથી. આપના ઉચ્ચ આચરણમાંનું એક પણ આચરણ અને પામ્યાં નથી. આપની આદર્શ ભાવના ઓમાંની એક પણ ભાવના અમે સેવી નથી.

હજી તો આપની પાસેથી મારે ઘણું શિખવાનું છે, ઘણું મેળવવાનું છે. જો આપ ફક્ત બે જ દિવસમાં મને છોડી જવાની તૈયારી કરશો, તો હું શિક્ષણ કોની પાસેથી મેળવીશ ? આપના સદ્દગુણ હું કોની પાસેથી પામીશ ?"

" બહેન ! " કોશ્યા કહેવા લાગી :" તારા જેવી સુલક્ષણ સ્ત્રીએ વિષાદની છાયને બિલ્કુલ સ્થાન આપવું ન જોઇએ તું એક મહાન સ્ત્રી છે. તારૂં ભવ્ય લલાટ જ કહી આપે છે,

કે ભવિષ્યમાં તું એક સ્ત્રીશક્તિ તરીકે બહાર આવીશ. ધર્મ તારા જીવનનું કેન્દ્રસ્થાન બનશે. તારા પતિના સુખદુઃખની ભાગીદાર, તું એક મહાન સતિ સ્ત્રી બનીશ. મારાજેવી પામર સ્ત્રીના જવાથી તારે ઓછું લાવવું ન જોઈએ. બહેન! મને રાજીખુશીથી જવાની સંપતિ આપ."

બંનેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. પ્રિયંવદા કંઈ પણ બોલી શકી નહિ. તેણે કાશ્યાને પ્રણામ કર્યા.

તે પ્રમાણેજ સમજીને કે પોતે સંમતિ આપી રહી છે.

# પ્રકરણ ૨૮ મું

## કેદી અવસ્થામાં

વિજયને ભોંયરામાં પૂરાયાને કેટલાયે દિવસ થયા હોવા છતાં; શ્રીયકજીએ તેની મુલાકાત લીધી નહોતી.

વિજય એકાન્તમાં હતો. એક રાજદ્રોહી, વિશ્વાસઘાતી કેદીની માફક. હવા ઉજાસ પણ પૂરાં નહિ. ખાવાનું અસંતોષકારક. પહેરો સખત.

ખાવાનું આપવા માટે શ્રીયકજીનો ખાસ વિશ્વાસુ માણસ જતો. વિજયે તેને બોલાવવાનો ઘણો પ્રયત્ન કર્યો હોવા છતાં; નોકરની દૃઢતા અડગહતી. શ્રીયકજીનો તેને સખ્ત હૂકમ હતો, કે કોઈ પણ કારણવશાત્ વિજયની સાથે બોલવું નહિ. ખાવા આપવા જતાં બરાબર સંભાળ રાખવી, નહિ તો હૂમલો કરતાં વાર નહિ લગાડે.

વિજયની મૂંઝવણનો પાર નહોતો. મંડળીનું શું થયું હશે,

તેના વિચારમાં તે ગોથાં ખાતો હતો. પદ્મા વિષે તેને ઘણા વિચાર આવતા હતા.

'તેની નાજુક કાયા આવા દુઃખે કેટલી દૂભાતી હશે? તેને ખબર નહોતી; કે પદ્માને ક્યાં રાખવામાં આવી હતી. તેની વ્યવસ્થા પોતાના જેટલી જ કડક રાખવામાં આવી હશે, કે કેમ!' તે સવાલ તેને મૂંઝવી રહ્યો હતો.

તેને ઉંઘ નહોતી, તરસ નહોતી, ભૂખ નહોતી, પોતાની કાયાનું ભાન નહોતું. મનને સંતોષ નહોતો, આત્માને શાંતિ નહોતી, કાયાને વિશ્રાંતિ નહોતી.

ઉંઘમાં પણ સ્વપ્નાં આવતાં હતાં. પદ્માની લાવણ્યમય મૂર્તિ તેની નજર સમક્ષ ખડી થઈ જતી. થોડીજ વારમાં દ્રષ્ય બદલાતું પોતે જેલમાં પૂરાયો છે, તેનું ભાન થતું.

'શું પોતે ગુન્હેગાર ઠરશે? બીજા રાજદ્રોહીઓની માફક પોતાને પણ ક્રૂર શિક્ષા થશે? નગરનાં નરનારીઓ પોતાને થતી શિક્ષા જોઈ રહેશે? પોતે નગરની, દેશની હાંસિને પાત્ર બનશે?

શું પોતે ક્રૂર શિક્ષા પામીને મરવા જન્મ્યો છે? જગતની હાંસિને પાત્ર બનવા જીવ્યો છે? ક્રૂર ભીંત સાથે જડાવા માટે પોતાની કાયા ઘડાઈ છે?

—છટ્ મારે આવા વિચારો કરવા પણ શા માટે જોઇએ! હું મર્દ છું. ક્ષત્રિય છું. યુવાન છું. મરવાને હજી મારે વાર છે.

કુતરાને મોટે મરવા હું જન્મ્યો નથી. ક્રૂર ભીંતે જડાવા માટે મારી કાયા ઘડાઈ નથી. હાંસિને પાત્ર બનવા હું જીવ્યો નથી.

મારૂં જીવન મહત્તાભર્યું છે. મારી કાયા વજ્રની છે. હું

અમર બનવાને જન્મ્યો છું.

મારા જીવનનું ધ્યેય જુદું છે. મારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની છે. વખત આવ્યે પદ્માના વિચારને ય ત્યજવો પડશે.

એક હૈયું છે, બીજો હાથ છે. હૈયું જશે તો જીંદગી જશે, હાથ જશે તો જીંદગી નકામી થશે.

જીંદગી જશે તો પ્રતિજ્ઞા અપૂર્ણ રહેશે, હાથ જશે તો પ્રતિજ્ઞા કરવાનો મોકો મળશે. ભલે હાથ જાય, પણ હૈયું નહિ જવા દઉં

—પણ હાથ શા માટે જવા દેવો જોઇએ? પ્રતિજ્ઞા તો મારા મદદગારો યે પુરી કરશે, પણ પદ્માનું શું?

મારે એવી મૂર્ખતા ન જ કરવી જોઇએ. બિચારી ખીલતી કળી! સૌંદર્યનો ભંડાર, નાજુકતાનો નમુનો, નિર્દોષતાની મૂર્તિ.

બિચારી મારા માટે ત્યાગનાં વસ્ત્રો છોડવા તૈયાર થઈ, ત્યારે હું જ તેનો ત્યાગ કરવાને તૈયાર થયો. તે નહોતી લોભાતી ત્યારે મેં લોભાવી, અને જ્યારે તે લોભાણી, ત્યારે જ હું જ તેને તરછોડવા, તજી દેવા તૈયાર થયો.

અમારી આવી દુર્દશા કરવાની હિંમત શ્રીયકજી સિવાય બીજા કોઈની નથી. તે દુશ્મન હોવા છતાં, તેની હિંમત માટે માન ઉપજે છે. શકટાળ અને શ્રીયકજી વડે જ મગધ નરેશનું રાજ્ય સહિસલામત છે.

પદ્માના સૌંદર્ય પાછળ ઘેલો બનેલો બિચારો વરરૂચિ, અત્યારે આંસુ પાડવામાં જ સંતોષ માનતો હશે. મારા અહીં હોવાથી તેનો એક હરિફ ઓછો થયો છે.

આખું મંડળ અત્યારે તેને જ અનુસરતું હશે. તેનો પડતો બોલ બધા ઝીલી રહ્યા હશે.

—જ્યારે મારી આ દશા! હવા પણ પુરી ન મળે. અજવાળાનો પણ અભાવ. ખાવાનું પણ રસહિન. પાણી પણ મીઠાશ વિનાનું. નિદ્રા પણ અશાન્ત. સૂવાને જમીન, પાથરવાને ધૂળ, ઓશિકામાં હાથ અને સહવાસમાં વિચાર!

કોઈ પણ ભોગે અહીંથી નાસી છૂટવું તો જોઇએ જ. પદ્માને બચાવવી જોઇએ, મંડળને હસ્તગત્ કરવું જોઇએ. પ્રતાપનો નાશ થયો, કિસન મંડળ છોડી ચાલ્યો ગયો અને હું અહીંયાં, એકાન્તમાં, જેલમાં પૂરાયો.

મંડળના સભ્યો મૂંઝાતા હશે, વરરૂચિ ગર્વિષ્ટ બન્યો હશે અને મંડળનું કાર્ય અવ્યવસ્થિત બની ગયું હશે. મારે અહીંથી નાસી જવું જ જોઇએ, કોઈ પણ ભોગે નાસી છૂટવું જ જોઇએ.

## પ્રકરણ ૨૯ મું

### કુટુંબના રક્ષણની તૈયારી

મહાઆમાત્ય શકટાળનો જીવ કેટલાક દિવસથી ચિંતામય રહેતો હતો. શ્રીકયકજીનું લગ્નનિર્વિઘ્ન પાર પડી ગયું હતું. તે લગ્ન પ્રસંગે મહારાજાએ હાજરી આપી નહોતી, તેમાં પિતા-પુત્રને કાંઇ પણ હેતુ સમાયલો હોય તેમ લાગતું હતું.

બંનેનાં મન ઉદ્વિગ્ન રહેતાં હતાં. મહાઆત્યએ રાજાના પહેરેગીરને પૂછી જોયું હતું. જે વખતે મહારાજા પોતેજ બબડતા હતા, તેમાંના કેટલાક શબ્દો તે ખંડના દ્વારપાળે સાંભળ્યા હતા. જે શબ્દો દ્વારપાળે સભળ્યા હતા, તે શબ્દો તેણે વિનાસંકોચે મહઅમાત્યને કરી સંભળાવ્યા હતા.

મહારાજાનાં કપડાંને દીવીની જ્યોતે સ્પર્શ કર્યો, ત્યારે તે ત્યાં પહેરો ભરતો હતો. મહારાજાને બચાવવા પણ તે જ પહેલો ગયો હતો.

( કુંટુંબ રક્ષણની તૈયારી )

# આખરી વિદાય.



મહામંત્રી શકટાળના માટે મહારાજા નંદને વહેમ પડયો અને રાજાએ પણ મહામંત્રીના કુટુંબનો નાશ કરવો તેવી હકીકત જાણવામાં આવતાંજ પોતાની સાત દીકરીઓ, પૂત્ર, શ્રેયાંક પોતાની પત્ની રૂબરૂ પ્રભુના ચર્ણે વંદન કરી આખરની વિદાય લે છે. અને પોતાના પૂત્રને પોતાનું માથુ કાપી નાંખવા ફરજ પાડે છે અને રાજ્ય કચેરીમાં જાય છે.

[કોપીરાઈટ–પ્રકાશકનો છે.] 

મહાઅમાત્ય પુંછ પરછ કર્યા પછી જાણી શકાયા હતા, કે પહેલાંથી જ લગ્નમાં હાજરી આપવાની ઇચ્છા ધરાવતા નહોતા. તે જ વિચારમાં તેમણે ભાન ગૂમાવ્યું હતુ. ને આગના ભોગ બન્યા હતા.

તે જાણી ચૂકયા હતા, તેમની માન્યતા થઈ ચૂકી હતી, કે આ કાવત્રૂં. તેમને. તેમના આખા કુટુંબનો નાશ કરશે.

તેમણે વિચાર કર્યો. કે ":આ આખું કાવત્રૂં મારા માટેજ રચાયું છે. આ કાવત્રાનો ભોગ જેટલો હું મોડો થઇશ, તેટલું જ મારૂં કુટુંબ આ કાવત્રાની જાળમાં જકડાતું જશે. મહારાજાને મારા પર શંકા આવી ચૂકી છે. એ શંકાનું નિવારણ કરવું મુશ્કેલ છે.

આખા કુટુંબને બચાવવાનો એક જ રસ્તો છે. અને તે એટલે પોતાનો નાશ, પોતાનો આત્મભોગ. આ સિવાય બીજો એક પણ રસ્તો નથી.

જો આખા કુટુંબને બચાવવું હોય, તો પોતે પ્રાણાહૂતિ આપવી જ જોઇએ.

એ પછી તેમણે શ્રીયકજીને બોલાવી મંગાવ્યા. પોતાના બધાય વિચારો તેમણે તેમને કહી સંભળાવ્યા.

—આ સાંભળી શ્રીયકજી તો જડવત્ બની ગયા. આ શું કહેવાય! રાજ્યની નીમકહલાલીથી કરેલી સેવાનો બદલો પ્રાણાહૂતિ! મગધ રાજ્યમાં આ ન્યાય! મગધ નરેશની સેવાનો બદલો આવો જ!

તેમને ચક્કર આવવા લાગ્યા. તેમનું માથું ભમવા લાગ્યું. થોડીવાર વિશ્રમી તે કહેવા લાગ્યા :

"પિતાજી! નિમકહલાલીથી કરેલી સેવાનો બદલો આવો જ!

"બેટા! આ જમાનામાં નિમકહલાલીનો બદલો આવો જ મળે છે." શકટાળ કહેવા લાગ્યા. તેમના શબ્દોમાં વાત્સલ્ય પ્રેમ હતો. "શ્રીયક! આજ સુધી હું તને માનથી બોલાવતો આવ્યો છું. તું રાજ્યનો એક પદવીધર છે. એટલે મારાથી તને 'તું' કારથી ન બોલાવાય, પણ આજે હું તને પિતાના હક્કથી 'તું' કહું છું મારો વાત્સલ્ય પ્રેમ તને તું કહી બોલાવે છે. બેટા? વાત્સલ્ય પ્રેમમાં પણ ફરક હોય છે. ચાલુ વાત્સલ્ય પ્રેમ કરતાં અંતિમ વાત્સલ્ય પ્રેમ ચઢી જાય છે આ મારો અંતિમ વાત્સલ્ય પ્રેમ છે. તે ખીલતા પ્રેમને મારાથી અટકાવી ન શકાય.

બેટા! એકના પ્રાણથી આખા કુટુંબનો થતો નાશ બચી જતો હોય, તો બહેત્તર છે કે તે પ્રાણને કોડીની કિંમત કરતાં પણ તુચ્છ માનવો.

"પિતાજી! તમારો પ્રાણ જવાથી, મહારાજાની શંકા નાશ પામવાની નથી. જો કુટુંબનો નાશ થવાનો જ હશે, તો તમે પ્રાણ આપશો, તેથી તે બચી શકશે નહિ. આવા વિચારો કરવા છોડી દો. બનવા કાળ બનશે." શ્રીયકજીના બોલવામાં રૂદનનો ભાસ હતો. હોઠમાં કંપ હતો, હૃદયમાં દુઃખ હતું, ચહેરા પર સ્વેદનાં બિન્દુ જામ્યાં હતાં.

"બેટા! તું ઘેલછા ન કર. હિંમત રાખ. જો તું જ હિંમત હારીશ, તો તારી માતાની શી દશા થશે? તારી બહેનોની શી સ્થિતિ થશે? બેટા! પુત્રની ફરજ પિતાની આજ્ઞાનો અમલ કરવાની છે. મારી આજ્ઞા તું નહિ ઉથાપે, એવી મારી ખાત્રી

છે. બોલ, બેટા! મારી આજ્ઞા પાળીશ ?

"પિતાજી! પિતાની આજ્ઞાનો અમલ કરવાની પુત્રની ફરજ છે, પણ તે આવી આજ્ઞા ? આવી ફરજ ? પિતાજી! મારી પાસે પિતૃ હત્યા કરાવવી છે ?"

"નહિ, પિતૃ હત્યા નહિ, પણ પિતાની આજ્ઞાનું પાલન, સ્વકર્તવ્યનું વચન આપે તો હું આજ્ઞા કરૂં."

શ્રીયકજી કંઇ પણ બોલી શકયા નહિ. જવાબ પણ શો આપવો ? પિતાની આજ્ઞા ઉથાપાય નહિ અને પિતૃ હત્યા પણ થાય નહિ. આ મૂંઝવણનો ઉકેલ પણ કેવી રીતે લાવવો ?

આખરે કંટાળી શકટાળ બોલ્યા :

"બેટા! આમાં વિચાર કરવાનો છે જ નહિ. 'હા' જ કહેવાની છે. જો તું 'હા' કહી શકતો ન હોય, તો હું તને 'હા' કહેવાની ફરજ પાડું છું."

"પણ, પિતાજી!"

"પણ, બણ, કંઈ નહિ. શ્રીયક! 'હા' કહેવી જ પડશે."

કેટલોક વિચાર કરી શ્રીયકજીએ શકટાળને ઉદ્દેશી કહ્યું :

"પિતાજી! આપની ઈચ્છાને હું માન્ય રાખું છું. આપની આજ્ઞા હું શિર પર ચઢાવું છું."

"ધન્ય છે, બેટા! પુત્ર ફરજનું તેં આજે સાર્થક કર્યું. આખા કુટુંબને પાયમાલીમાંથી બચાવી લીધું."

પિતા પુત્રની આંખોમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં હતાં. શ્રીયકજીનાં દુઃખનો પાર નહોતો. કેટલોક વખત થોભી તેમણે શકટાળને પૂછ્યું :

"પિતાજી! આપે મને આજ્ઞા કરી, પણ મારે શું કરવાનું

છે, તે તો જણાવ્યું નહિ."

"કહું છું, બેટા! શાન્તિ રાખ." થોડીવાર વિશ્રમી તે આગળ કહેવા લાગ્યા: "શ્રીયક! આવતી કાલે જ્યારે હું રાજદરબારમાં મહારાજાને નગરીની ચાલુ પરિસ્થિતું વર્ણન કરવાને મારી જગ્યાએ ઉઠી, મહારાજા પાસે જઈ તેમને નમન કરતો હોઉં, તે વખતે તારે બિલ્કુલ વિચાર કર્યા વગર મારી ગરદન પર તલ્વારનો ઘા [1] કરવો, ધડ પરથી મારૂં શિશ જુદું કરી નાખવું."

"પિતાજી!......"

"સાંભળ શ્રીયક! વિચાર કરવાને હવે ઝાઝો વખત નથી. જે વખતે હું મહારાજાને નમન કરતો હોઇશ, ત્યારે તું તેમની બાજુમાં જ હોઈશ. તારે કોઇ પણ જાતનો વિચાર ન કરતાં તારૂં કર્તવ્ય પુરૂં કરવું. આ જ તારી ફરજ, આ જ તારૂં કર્તવ્ય." મહાઅમાત્યએ બોલતી વખતે મન પર કાબૂ રાખ્યો હતો. બોલવામાં કંપ નહોતો, શરીરમાં અસ્વસ્થતા નહોતી.

"પિતાજી મારા જ હાથે તમારો નાશ! મહાઅમાત્ય જેવા મહાપુરૂષના પુત્રના હાથે પિતૃ હત્યા!...હા...શ! પિતાજી!......

—તરતજ તેમણે મન પર કાબૂ મેળવ્યો. શાન્તતા પ્રાપ્ત

(૧) કેટલાક ઠેકાણે એમ જણાવવામાં આવ્યું છે, કે મહાઅમાત્ય જ્યારે મહારાજાને નમન કરવા જાય, ત્યારે પોતાની સાથે પ્રવાહી ઝેર રાખે અને નમન કરતી વખતે પોતાના મોઢામાં તે મૂકી દે. આમ કરવાથી પુત્રને પિતૃ હત્યા કરવાનો પ્રસંગ ન આવે અને પિતૃ ઘાતકપણાનું પાતક ન લાગે. (ભરતેશ્વર બાહુબળી વૃત્તિનું ભાષાંતર ભાવનગર. (પ્રથમાવૃત્તિ)

કરી, તે આગળ કહેવા લાગ્યા :

"પિતાજી ! આ કર્તવ્ય માટે, આપની હત્યા માટે, મહારાજા પૂછે, ત્યારે મારે ખુલાસો શો કરવો ? જવાબ શો આપવો ? રાજસભામાં મારે પિતૃહત્યાનું કારણ શું બતાવવું ?"

"બેટા, શ્રીયક ! આમ ઉશ્કેરાઈ ન જા, ગભરાઇ ન જા. તેનો રસ્તો પણ હું તને બતાવું છું. મહારાજા મારી હત્યાનું કારણ પૂછે, ત્યારે તારે જણાવવું, કે ' મને મહાઅમાત્ય પર શંકા આવી હતી. તેમના પ્રત્યેક કાર્યમાં મને કેટલાક દિવસથી રાજકુટુંબના નાશની તૈયારીઓનો ભાસ થતો હતો. હું અંગરક્ષક દળનો શ્રેષ્ટ છું. મારી ફરજ છે, કે મહારાજાના નાશની થોડી પણ ગંધ મને આવે, તો તત્કાળ મારે ચાંપતાં પગલાં લેવાં જોઇએ. પછી, તે પિતા હોય, ભાઈ હોય, નગરશેઠ હોય કે રાજ્યનો ગમે તેવો અધિકારી પુરૂષ હોય.' બેટા ! આથી આપણા આખા કુટુંબ પરનું સંકટ ટળી જશે. તારા પર મહારાજાનો સંપૂર્ણ વિશ્વાસ બેસશે. મારા એકલાના જ નાશથી આખા કુટુંબની રક્ષા થઇ શકશે.

"પિતાજી ! મારે જીવનસુખ પણ નથી જોઈતું, ને કુટુંબ પણ નથી જોઇતું. પિતૃહત્યાનું પાતક વહોરી લેવાને હું બિલ્કુલ તૈયાર નથી."

---

આ બંને બનાવમાં, શ્રીયકજી પિતાનો ઘાત કરે, તે જ વધુ બંધ બેસતું આવે છે. કારણ કે, તેમ કરવાથી મહારાજાનો તેમના પર સંપૂર્ણ વિશ્વાસ બેસી શકે, અને આગળ જતાં મહાઅમાત્ય નિર્દોષ હોવા છતાં, ફક્ત મહારાજાની શંકાના કારણથી જ તેમનો ઘાત કરવામાં આવ્યો હતો, તેનો ખુલાસો કરવાની તક મળી શકે.

"બેટા ! શાન્ત થા. ઘડીઘડીમાં વિચાર ન ફેરવ. તારા કર્તવ્યનું ભાન કર. તારે આ કાર્ય કરવું જ પડશે. તારો છૂટકો નથી. તારે પિતૃ આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ."

"પિતાજી !...ક્યા ભયના પાપે પિતૃહત્યાનું પાપ વહોરી લેવરાવો છો ?...આટલા માટે જ મને પિતૃ આજ્ઞા પાલનનું શિક્ષણ આપ્યું ?...પિતાજી ! કેવું પાપ !...કેવું ક્રૂર કર્તવ્ય !... કેવો અધોગતિનો પંથ !" તે આગળ બોલી શક્યા નહિ. માથા પર વજ્ર પડતું હોય, તેમ તેમનું માથું કચડાઈ જવા લાગ્યું.

મગજ અશાન્ત બન્યું, મન અસ્વસ્થ બન્યું. ચહેરો દુઃખ બન્યો, દેહ મૂર્છાને વશ બન્યો.

# પ્રકરણ ૩૦ મું

## મુક્તિ

પિતા પાસેથી છૂટા પડીને શ્રીયકજી પદ્માને મળવા ગયા. તેમણે પદ્માને કેદ કરી હતી, છતાં તેમનું મન માનતું નથી. બિચારી રાજકુટુંબના હિત માટે કાવત્રાખોર મંડળમાં જોડાઇને, સાધ્વીનો સ્વાંગ ધારણ કરીને, અનેક દુઃખો વેઠે છે, ત્યારે તેને જ કેમ ?...આમ ન જ થવું જોઇએ. જો તે છૂટી હોત, તો બીજું પણ ઘણું જાણવા મળત. પિતાજીના વધનો પ્રસંગ પણ કદાચ ઉપસ્થિત ન થાત.

પણ હવે તેનો ઉપાય નથી.. શક્ય તે પ્રયત્ન કરવો. તેને સમજાવવા માટે, તેની શેઠાણીનું નામ જાણવા માટે, બનતો પ્રયાસ કરવો, ને ન જ માને તો બહેત્તર છે, કે તેને છોડી મૂકવી.

મહારાજાની સેવાએ પણ શો બદલો આપ્યો ? વિજયની

શિક્ષા યોગ્ય છે. તેને આથી પણ વધારે દુઃખ આપવામાં આવે, તો પણ પાપ નથી, પણ પદ્મા નિર્દોષ છે. તેને તો છોડી જ મુકવી જોઇએ.

તે તેની શેઠાણીનું નામ ન કહે, તેમાં તેનો પણ શો દોષ! કર્તવ્ય કોને કહોય! આજ્ઞા પાલન કોને કહેવાય! પિતાનો ઘાત કરવાનું પાપ મેં આજ્ઞા પાલનના કર્તવ્યના આધારે સ્વીકારી લીધું, તો તે બિચારી તેની શેઠાણીની આજ્ઞા વિના મને વધારે શું કહી શકે? વધારે શું જણાવી શકે?

તે જ્યારે પદ્મા પાસે ગયા, ત્યારે તે શાન્ત ચિત્તે, એકાગ્ર મને કંઈ વિચાર કરી રહી હતી.

તેને સૂવા માટે સાધન મળ્યાં હતાં. જમવા માટે વ્યવસ્થિત સારૂં, ઉંચા પ્રકારનું અન્ન મળતું હતું, પીવા માટે શુદ્ધ જળ મળતું હતું.

પહેરેગીરો તેની સાથે સભ્યતાથી મમતાથી વર્તતા હતા.

"પદ્મા!" તેની નજીક જઈ શ્રીયકજી બોલ્યા: "મને તારા માટે માન છે. તારા પર મને દયા આવે છે. હું તને દુઃખ દેવા નથી માગતો. તારા આત્માને દુભાવવાની મારી ઇચ્છા નથી. હું ફક્ત તારી શેઠાણીનું નામ જાણવા માગું છું."

"વડિલ બંધુ! આજે હું આપને બંધુના ઉપનામે સંબો-ધવાને હિંમત કરૂં છું. તમે મારી સાથે માયા મમતાથી વર્તો છો. પણ, ભાઈ! કર્તવ્ય પરાયણતાનો પાઠ હું ભૂલી શકતી નથી. તમે કોઈ દિવસ મહારાજાનો વિશ્વાસઘાત કર્યો છે?"

"ના, તેમ ન જ બની શકે. મારાથી વિશ્વાસઘાત ન જ

કરાય."

"તો, ભાઈ! હું મારી શેઠાણીનો વિશ્વાસઘાત કેવી રીતે કરૂં? આપ કર્તવ્યને શ્રેષ્ટ માનો છો, ને બીજાને કર્તવ્યલિત બનાવવા માગો છો? ભાઇ! મારાથી મારી શેઠાણીનું નામ કેવી રીતે આપી શકાય? તમે જ વિચાર કરી જુઓ." તેના બોલવામાં શાન્તતા હતી.

"પદ્મા! તને કર્તવ્યથી ચલિત કરવાનો મારો વિચાર નથી. તેં મને ભાઇ કહ્યો છે. હું એક સત્તાધિશ તરીકે નહિ, પણ તારા ભાઈ તરીકે પૂછું છું, કે મને ફક્ત તારી શેઠાણીનું નામ જ કહે. હું વધુ પૂછવા નથી માગતો. તું તારા કર્તવ્યમાં આટલી કઠોર ન બન." શ્રીયકજીનો અવાજ ગળગળો બની ગયો હતો.

"ભાઇ! કઠોર હું નથી બનતી, પણ મારૂં કર્તવ્ય કઠોર બને છે. રાજકુટુંબને બચાવવું હોય, આપના કુટુંબનું રક્ષણ કરવું હોય, તો મને છૂટી કરો. ભાઈ! મારે મન તો દુનિયા અને આ એકાન્ત: બંને એક સરખાં જ છે. મને અહીં પણ શું દુઃખ છે?"

"બહેન! કાલે શું બનવાનું છે, તે હું કહી શકતો નથી. કાલે આખા નગરમાં હાહાકાર વર્તાશે. નગરજનો મને ફિટ્કાર આપતા હશે. શત્રુઓ આનંદ પામતા હશે. બહેન! કાલનો દિવસ મારા માટે અંધકારમય બનશે." કહી શ્રીયકજીએ કપાળે હાથ મૂક્યો, નિઃસાસો નાંખ્યો.

"ભાઇ! એવું તે કાલે શું બનવાનું છે, કે જે યાદ

કરતાં પણ આપ આટલા બધા દુઃખી બની જાવ છો?"

"કાંઇ નહિ, બહેન! આવતી કાલના અંધકારમાંથી હું પાર ઉતરી જાઉં, તે માટે હું તને આજે જ, અત્યારે જ મુક્ત કરૂં છું બહેન! તું તારૂં કર્તવ્ય બજાવજે. તારા કર્તવ્યમાંથી તને ચલિત કરવાની મારી બિલકુલ ઇચ્છા નથી." કહી શ્રીયકજીએ પદ્માનો હાથ પકડી સાથે લીધો.

પદ્માએ પોતાનાં સર્વ સાધનો લઇ તેમની સાથે ભોંયરામાંથી બહાર જવા માંડ્યું.

# પ્રકરણ ૩૧ મું

## મિલન

શ્રીયકજી પાસેથી મૂક્તિ પામેલી પદ્મા તરત જ પોતાની શેઠાણીને મળવા ગઇ. 'કેટલા દિવસ પછી પોતે શેઠાણીને મળવા જઇ રહી હતી ? તે શું કહેશે ? તેમણે મારા માટે શું ધાર્યું હશે ! મારા પર તે ગુસ્સે તો નહિ થયાં હોય ? શેઠ શેઠાણી પર કોઈ જાતની આફત તો આવી નહિ હોય ?'

—આવા અનેક વિચાર તરંગોમાં તે પોતાનો માર્ગ કાપી રહી હતી. પોતે ચાલતી હતી, તેનું ભાન પણ તેને નહોતું.

શેઠાણીના મકાન પાસે આવતાં જ તેનું હૈયું હરખી ઉઠયું. કેટલા દિવસે તે મકાન તેણે જોયું ?

તેને અચાનક આવેલી જોઇ દ્વારપાર વિસ્મય પામ્યો. તેણે નીચા નમી માન આપ્યું. તે તરફ લક્ષ આપ્યા વિનાજ તે મકાનનો દાદર ચઢવા લાગી.

તે વખતે તેના શેઠ ઉંઘી ગયા હતા. શેઠાણી વિચારમાં મશગુલ હતાં. તેમની નજર નદીના જળપ્રવાહ તરફ હતી.

પદ્મા તે ખંડના દ્વાર પાસે આવતાં જ બોલી :

"આ !"

"કોણ !" શેઠાણીએ પાછળ ફરી જોયું. પદ્માને જોતાં જ તે ઉઠી, દોડી, તેને ભેટી પડી.

"આવ, બ્હેન ! કેટલા દિવસે મળી ?" બંનેનો હર્ષ માતો નહોતો. ચારે નેત્રોમાં હર્ષાશ્રુએ દેખાવ દેવા માંડયો હતો.

બંને અંદર ગયાં. નજીક બેઠાં શેઠાણીએ બોલવાની શરૂઆત કરી :

"આટલા દિવસ ક્યાં ગઈ હતી ?"

"કેદમાં."

"શું કહ્યું ?" શેઠાણીએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

"સાચું કહું છું."

"તું પકડાઇ હતી ?"

"હા."

"કોણે પકડી હતી ?"

"શ્રીયકજીએ."

"તારા શેઠના નાના ભાઇએ ?"

"હા." પદ્મા બોલી. "તેમને બિચારાને ખબર નથી, કે તેમનાં ભાભી તરફથી હું આ કામ કરી રહી છું."

"ત્યારે તું છૂટી કેવી રીતે?" કોશ્યાના બધા જ પ્રશ્નોમાં આશ્ચર્ય હતું.

"શ્રીયકજીએ જ મને છોડી મૂકી."

"કેમ."

"કારણ કે, મારું કાર્ય રાજકુટુંબ અને મહાઅમાત્ય કુટુંબની રક્ષા કરનારું છે."

"તેમણે કેવી રીતે જાણ્યું?"

"તે ચાલાક છે."

"તેમણે બીજું કંઈ પૂછ્યું હતું?"

"હા."

"શું?"

"મારી શેઠાણીનું નામ."

"પછી?"

"મેં તમારું નામ ન આપ્યું."

"કારણ?"

"મારું કર્તવ્ય. તમારી આજ્ઞા વિના મારાથી તમારું નામ ન આપી શકાય."

"શ્રીયકજીનાં લગ્ન થયાં."

"અને તે લગ્નમાં આપ અને આપના હૃદયેશ્વર ગયા હતાં."

"તને કોણે કહ્યું ?"

"શ્રીયકજીએ."

"કારણ ?"

"કારણ કે, તે મને બહેન કહી બોલાવે છે."

"કેદમાં ત્રાસ તો પડયો હશે !"

"બિલ્કુલ નહિ."

"કારણ કે શ્રીયકજી મને બહેનની માફક ચાહે છે. તે મને ગુન્હેગાર માનતા નથી, તેમજ માનતા પણ નહોતા. ફક્ત તે તો મારી શેઠાણીનું નામ જાણવા માગતા હતા."

"તે તેં ન આપ્યું."

"મારાથી કોશ્યા દેવીની આજ્ઞા વિના તેમનું નામ ન આપી શકાય."

"જો તેં તેમને મારૂં નામ આપ્યું હોત, તો......"

"...તો તે પોતાનાં ભાભીની સ્તુતિ કરત, એમજ ને ?"

બંને જણુ હસી પડયાં. હાસ્યમાં નિર્દોષતા હતી. બા જણી બહેનોનો ભગિની પ્રેમ હતો.

"પણ તું પકડાઇ કેવી રીતે, તે તો કહે ?" થોડીવાર રહી કોશ્યાએ પ્રશ્ન કર્યો.

તેના જવાબમાં પદ્માએ, વિજય સાથે શું શું વાતો કરી,

બંને જણ કેવી રીતે અને ક્યાં પકડાયાં, શ્રીયકજીએ કેદમાં કેવી સુંદર વ્યવસ્થા રાખી હતી અને તે કેદી અવસ્થામાં પણ તેમણે પોતાના પ્રત્યે કેવી મમતા દર્શાવી હતી, તેનું આબેહૂબ વર્ણન કોશ્યાને કહી સંભળાવ્યું.

તે સાંભળી કોશ્યાના મનમાં પોતાના દિયર પ્રત્યેના પ્રેમમાં વધારો થયો. આવા દિયર મળવાથી તેણે પોતાનાં અહોભાગ્ય માન્યાં.

# પ્રકરણ ૩૨ મું

## પિતૃ હત્યા કે ક્રૂર કર્તવ્ય ?

આજનો દિવસ શ્રીયકજીના કલંકમય, દુઃખમય હતો. આખી રાત તેમને ઉંઘ આવી નહોતી. પિતાએ સોંપેલું કાર્ય તેમણે હિંમત રાખીને કરવાનું હતું. તે સમયે હૈયું વજ્રનું કરવાનું હતું.

આ કાર્ય પછી પણ તેમને સુખ મળવાનું નહોતું. મોટા ભાઇ હતા, છતાં ન હતા જેવાજ. પિતાનો ઘાત થવાનો. સર્વ જવાબદારી પોતાને શિરે આવી પડવાની.

આ કૃત્ય માટે પ્રજા પોતાને જવાબદાર ગણશે. નગરવાસી નિંદા કરશે, શ્રાપ આપશે, આ કૃત્યનો જવાબ માગશે.

પોતે શું મોઢું લઇને નગરમાં ફરશે ? શું મોઢું લઇને હોદ્દો ભોગવશે ? પિતાજીને આ શું સૂઝયું ? થોડા દિવસ ધીરજ રાખે, છો શત્રુઓને ન પકડી શકાય ?

—પણ બનવા કાળ બનવાનું જ. વિધિએ લખેલા લેખ મિથ્યા થવા અશક્ય છે, તો પછી અફસોસ શા માટે?

નિયમાનુસાર તે મહારાજાની પાસે ગયા. તેમની સાથે નગર સંબંધી કેટલીક ચર્ચા થઈ.

તે જ્યારે મહારાજા પાસે હતા, ત્યારે રાજદરબાર ભરાઈ ચૂક્યો હતો. આજે મહારાજાને રાજસભામાં જવાને મોડું થયું હતું. શ્રીયકજીને પણ તેમની સાથે જ જવાનું હતું.

શ્રીયકજીનો વિષાદભર્યો ચહેરો જોઈ મહારાજાએ પ્રશ્ન કર્યો?

"શ્રીયકજી! શી ચિંતામાં છો?"

"કંઇ જ નહિ, મહારાજ!"

"હું માની શકતો નથી."

"સાચું કહું છું." કહી શ્રીયકજીએ બીજી બાજુ જોઈ આંખમાં આવેલાં આંસુ લૂછી નાખ્યાં.

તે જોઈ મહારાજા બોલ્યા:

"શ્રીયકજી! હું તમને દુઃખી કરવા માગતો નથી, પણ તમારી આંખનાં આંસું તમારા હૃદયના દુઃખને છૂપાવી શકતા નથી."

"મહારાજ! ખરૂં કહું છું." કહી શ્રીયયજીએ ફરીથી આંસું લૂછ્યાં.

"ભલે, જેવી તમારી મરજી. હું તમારા દિલને દૂભાવવા માગતો નથી." કહી તેમણે બાજુના ખંડમાં જઇ વસ્ત્ર બદલવા માંડયાં.

\+ \+ \+

જ્યારે મહારાજા અને શ્રીયકજી રાજસભામાં આવ્યા, ત્યારે સભા ચીકાર ભરાઇ ગઇ હતી. મહારાજાએ સુવર્ણાસન પર સ્થાન લીધું. શ્રીયકજીએ મહારાજાની બાજુમાં અંગરક્ષક દળના શ્રેષ્ટ માટે નક્કી કરેલા આસન પર સ્થાન લીધું.

શ્રીયકજીએ આખી રાજસભામાં નજર ફેરવી જોઇ. મહારાજાના જમણા હાથના આસન પર મહાઅમાત્ય શકટાળ બિરાજ્યા હતા. તેમની બાજુમાં, તેમજ સામી બાજુએ ન્યાય મંડળના સભ્યો હતા.

નગરશેઠ ઉદયકાળ તથા બીજા કેટલાક શ્રીમંત નગરજનોની પણ હાજરી હતી.

શ્રીયકજીએ આ બધું જોયું. ન્યાય મંડળના સભ્યો બેઠા છે. નગરશેઠ, પોતાના સસરા હાજર છે. નગરજનોએ સભામાં ભાગ લીધો છે, અને...અને પોતે પોતાના પિતાની, મહાઅમાત્યની—તે સર્વેની દેખતાં હત્યા કરશે!

'તે કેમ થઇ શકે! આવું ક્રૂર કર્તવ્ય મારાથી કેમ બજાવી શકાય? મારાથી નિર્દોષની હત્યા કેમ કરી શકાક!

—પણ, અફસોસ! છૂટકો નથી. પિતૃ આજ્ઞાનું ઉલ્લંઘન મારાથી નહિ થઇ શકે. મેં પિતાજીને વચન આપ્યું છે, તે વચનનો ભંગ મારાથી નહિ થઇ શકે.

પિતાના સંતોષની ખાતર, માતુશ્રી અને નાની બહેનોની ખાતર મારે આ કાર્ય કરવું જ પડશે.

તેમની વિચાર પરંપરાનો અંત આવ્યો નહોતો, તેટલામાં મહાઅમાત્ય ઉઠયા. તે જોઇ શ્રીયકજી સાવધ બન્યા. હૃદયને કઠણ કર્યું. કમ્મર પરની સમશેર પર હાથ નાંખ્યો.

ઘડી બે ઘડી બાકી રહી.

મહાઅમાત્ય મહારાજા આગળ ગયા. કંઇક બોલવાની પરવાનગી માગવા તેમણે સિંહાસન આગળ શિર ઝૂકાવ્યું, પણ...આ શું ?

શ્રીયકજીએ હતી તેટલી હિંમત એકઠી કરી પોતાનું કાર્ય પૂરું કર્યું. મહાઅમાત્યનું સિંહાસન આગળ ઝૂકેલી શિર ધડથી જુદું પડયું હતું.

રાજસભામાં હાહાકાર થઈ ગયો. મહારાજા એકદમ ઉભા થઇ ગયા. રાજસભામાં હાજરી આપનારાઓએ તેમનું અનુકરણ કર્યું. શ્રીયકજીએ આ શું કર્યું. ? મહાઅમાત્યની હત્યા ! તેમના પિતાની હત્યા ! તેમના જ હાથે ?

મહારાજાએ આંખમાંથી અગ્નિ વર્ષાવતાં શ્રીયકજીને પૂછ્યું:

" તમે આ શું કર્યું ?"

" મારો ધર્મ બજાવ્યો." શ્રીયકજીએ શાન્તપણે જવાબ આપ્યો.

" તમારો ધર્મ બજાવ્યો ? "

" જી, હા ! "

" આમાં તમારો કયો ધર્મ આવ્યો ? "

" મહાઅમાત્ય પર મને કેટલાક દિવસથી શંકા હતી. તે મહારાજાનો, રાજકુટુંબનો નાશ કરવા માગતા હતા. આજે તે આપની આગળ શિર નમાવવાના બહાને આપનો વધ કરવા માગતા હતા. મારી ફરજ છે, કે મહારાજાનું, રાજકુટુંબનું રક્ષણ કરવું. મારી ફરજની આડે ગમે તે આવે, તેનો

નાશ કરવો. પછી તે, મહાઅમાત્ય હોય, મારા પિતા હોય કે ગમે તેવો શત્રુ હોય. મારી ફરજની આડે આવનારને તો હું શત્રુ જ માનું છું."

મહારાજા આ સાંભળી સ્તબ્ધ બની ગયા. નગરશેઠ પોતાના જમાઇના શબ્દો સાંભળી આશ્ચર્ય પામ્યા.

—પણ આજે મહા સેનાપતિએ સભામાં હાજરી આપી હતી, તેમનાથી ન રહેવાયું. તે ક્રોધાવેશમાં બોલ્યા :

"શ્રીયકજી ! તમે મહાન પાપ કર્યું છે. દુષ્ટ કાર્ય કર્યું છે. આનો જવાબ તમારે આપવો પડશે. જો મહારાજા આનો જવાબ નહિ માગે, તો હું આ શમશેરથી તમારી પાસે જવાબ માગીશ."—કહી તે મ્યાનમાંથી સમશેર કાઢી શ્રીયકજી તરફ ધસ્યો.

મહારાજાએ પોતાની શમશેર વડે તેને આગળ જતો અટકાવી કહ્યું :

"ખબરદાર ! શ્રીયકજીનો એક વાળ પણ વાંકો થવો ન જોઇએ."

—આ સાંભળી આખી રાજસભા સ્તબ્ધ બની ગઇ.

# પ્રકરણ ૩૩ મું

## પલાયન

આજ સવારથી વિજય અવનવા વિચારો કરી રહ્યો હતો. કોઈ પણ ભોગે આજે નાસી જવું જ જોઇએ, એમ એણે મન સાથે નક્કી કરી લીધું હતું.

નાસી છૂટવાનો રસ્તો એક જ હતો, અને તે એટલે ખાવાનું આપવા આવનારને દગાનો ભોગ બનાવવો.

તેનો નાશ કરવા માટે વિજય પાસે કોઇ પણ હથિયાર નહોતું. તેણે અનેક પ્રકારના તર્કવિતર્ક કર્યાં હોવા છતાં, એક પણ માર્ગ તેને સૂઝ્યો નહિ.

તે મહાન કપટી હતો. તર્ક બુદ્ધિમાં કુશાગ્ર હતો. કાવા-દાવામાં મહાન કાબેલ હતો. તેના જીભની મીઠાશ અમૃત સમી હતી.

—કલ્પનામાં ને કલ્પનામાં તેને એક વિચાર સૂઝી આવ્યો.

તે કેટલીક વનસ્પતિનો જાણકાર હતો. વિષનું કામ સારનારી વનસ્પતિનો તે માહિતગાર હતો. બેભાન, બેશુદ્ધ બનાવનારી વનસ્પતિ તે હંમેશાં પોતાની સાથે જ રાખતો.

જ્યારે તેને ભોંયરામાં પૂરવામાં આવ્યો, ત્યારે તેની સખ્ત ઝડતી લેવામાં આવી હતી. તેનાં હથિયાર ઝૂંટવી લેવામાં આવ્યાં હતાં. વસ્ત્રો પણ નહિ જેવાં જ તેની પાસે રાખવામાં આવ્યાં હતાં.

આવી સખ્ત, બારીક તપાસમાં પણ તે વનસ્પતિ પોતાની પાસે રાખવામાં તે સમર્થ નિવડયો હતો. તેના માથામાં મોટા વાળ હતા. હંમેશાં પોતાની સાથે રાખવાની વનસ્પતિ તે વાળમાં તે રાખતો હતો. પાનની નસોની માફક તે વનસ્પતિ પણ નસો જેવી જ ઝીણી, પણ લાંબી હતી. તે વનસ્પતિને કેટલાક વાળની સાથે ગુંથી લેવામાં આવી હતી.

—પોતાનું મૃત્યુ જ્યારે કુતરાના મોતે થવાનો પ્રસંગ આવે, ત્યારે તે ઝેરી વનસ્પતિ આત્મહત્યા માટે ઉપયોગી થઈ પડે તેમ હતી.

બીજી વનસ્પતિ પ્રસંગ આવે તો બીજાને બેભાન બનાવવાને યશસ્વી નિવડે તેવી હતી, આ જ વનસ્પતિ આજે તેને મદદગાર થવાની હતી.

તે વનસ્પતિ તેણે પોતાના વાળમાંથી છૂટી કરી. વાટવા માટે કોઈ પણ જાતનું સાધન ન હોવાથી તેણે તે પોતાની હથેલીમાં મસળી નાખી. તેમાં થોડું પાણી નાખી તેને ભીંજાવા મૂકી. પછી પોતાના હાથ ધોઈ નાખી તે ખાવાનું આપવા આવનારની રાહ જોવા લાગ્યો.

વખત થયો એટલે ખાવાનું આપવા આવનાર માણસને

તેણે પોતાની તરફ આવતાં દીઠો. તરત જ તે તૈયાર થયો. બાજુ પર મૂકેલી, તૈયાર કરેલી વનસ્પતિ તેણે પોતાના ડાબા હાથમાં લઇ લીધી.

આવનાર માણસ તેની નજીક આવી, ભાણું આગળ ધરતાં બોલ્યો :

" વિજયદેવ ! લ્યો."

" ઉપકાર ! કહી તે આવનારની નજીક ગયો. જમણા હાથે તેણે ભાણું લીધું. તેને જમવાનો વખત આપવા માટે ભાણું આપવા આવનાર માણસ પુંઠ ફેરવી પાછો જવા લાગ્યો.

તેની પુંઠ ફરતાં જ વિજયે તે ભાણું હળવે રહીને, અવાજ ન કરતાં નીચે મૂક્યું. આવનાર માણસ ધીમે ધીમે દરવાજા તરફ જતો હતો, તેની પાછળ પાછળ તે પણ અવાજ કર્યા વિના જવા લાગ્યો.

તેની નજીક પહોંચતાં જ તેણે પોતાનો જમણો હાથ તેના મોંઢા પર દાબી દીધો અને ડાબા હાથમાંની વનસ્પતિ તેના નાક આગળ ધરી. ફક્ત એક જ ક્ષણ તેના કાર્ય માટે પૂરતી હતી. તત્કાળ તે માણસ બેભાન બની ગયો.

વિજય તરતજ તેને ઉપાડી એક ખૂણામાં લઇ ગયો, અને પોતાનાં કપડાં બદલી નાખ્યા. તે સર્વ વાતે પૂરો હતો. આવનારનો સ્વાંગ ધરવામાં તેને બિલ્કુલ અગવડના લાગી નહિ.

પોતાના માટે આવેલા ભાણામાંથી તેણે કાંઇ પણ ખાધું નહિ, તેને ખાવાનો વખત પણ મળ્યો નહિ. જમીન પર મૂકેલું ભાણું ઉપાડી તેણે એક ખૂણામાં ખાલી કરી નાખ્યું,

જાણે કે પોતે બધું ખાઈ ગયો હોય.

તે ખાલી વાસણ લઇ, જે દરવાજાથી ભાણું આપવા આવનાર માણસ જતો હતો, તે દરવાજા તરફ તેણે જવા માંડ્યું. પણ તરતજ તેને વિચાર થઇ પડયો, કે જવું કેવી રીતે ? રસ્તો તો જોયો નથી.

વિચારા વસ્થામાંથી તરતજ તે હોંશમાં આવી ગયો. સ્વ-ગત્ તે વિચારવા લાગ્યો : 'આવા વિચાર કર્યે કેમ ચાલશે? આમ નાસી પણ કેમ જવાશે? બેભાન બનેલા માણસનું શસ્ત્ર મારી પાસે છે. ભલે, રસ્તો ન જોયો હોય તો પણ શું? જો ભેદ ખૂલ્લો પડી જશે, અને પકડાઈજવાનો વખત આવશે તો આ શસ્ત્રનો ઉપયોગ કરતાં વાર નહિ લાગે.'

કેટલોક વિચાર કર્યા પછી તેણે દરવાજા તરફ ચાલવા માંડ્યું. દરવાજા પર પહેરો ભરતા માણસે તેને જોયો, પણ વિજય તો તેની દરકાર કર્યા વિના ઝપાટાબંધ ચાલ્યે જ જતો હતો.

પહેરેગીર દરવાજાને બહારથી બંધ કરી, બીજા માણસને બોલાવ્યો. તે માણસ નજીક આવતાં જ પહેરેગીરે તેને કહ્યું, કે કેદી અંદર છે કે નહિ ?'

"પણ ભાઇ!..." તેને આગળ બોલતો અટકાવી પહેરે-ગીર કહેવા લાગ્યો :

"આ વાત કરવાનો કે શંકા લાવવાનો વખત નથી. અહીંથી બાસણ લઇ જનાર માણસ પર મને શંકા આવી છે."

તરતજ તે માણસ દ્વાર ખુલતાં અંદર ગયો. અંદરજઇને

જુએ છે, તો એક માણસ ખૂણામાં બેભાનાવસ્થામાં પડેલો છે. કેદીનો પત્તો નથી.

બહાર આવી તેણે તે વાત પહેરેગીરને કહી સંભળાવી. પહેરેગીર ગભરાયો. તેની શંકા ખરી ઠરી. અંદર તપાસ કરી આવનાર માણસને તેણે શ્રોયકજીને સમાચાર આપવા મોકલ્યો. આજુબાજુના કેટલાક રક્ષકોને તેણે બોલાવી મંગાવ્યા. તેની ગભરામણનો પાર નહોતો. તે હતાશ બની ગયો હતો. તેના ચહેરા પરનું નૂર ઉડી ગયું હતું.

## પ્રકરણ ૩૪ મું

### શોકાગ્નિ

મહાઅમાત્યના મૃત્યુથી આખી પાટલીપુત્ર નગરીમાં શોકની લાગણી ફરી વળી હતી. નગરનાં બધાં બજારો બંધ થઇ ગયાં હતાં. તે બજારો કયારે ઉઘડશે તેનો નિયમ નહોતો.

દરેકે દરેકે વ્યક્તિ શ્રીયકજીને ધિઃક્કારવા લાગી હતી. ચૌટે ચૌટે ને શેરીએ શેરીએ શોકાતુર ચહેરાનાં દર્શન થતાં હતાં. બજારોમાં ચકલું યે ફરકતું નહોતું.

મહાઅમાત્ય જેવા મહાન પુણ્યાત્માનું મૃત્યુ થયું હતું, મગધ રાજ્યનો પાટનગરનો સ્થંભી ગયો હતો, પ્રજાના આશ્વાસનનો નાશ થયો હતો.

શકટાળ રાજ્યના મહાઅમાત્ય હતા ને પ્રજાના પ્રેમી પિતા હતા. દેશના નેતા હતા ને રાજ્યના હિતચિંતક હતા.

તેમણે રાજાનું યે મન સાચવ્યું હતું, ને પ્રજાનું યે મન

સાચવ્યું હતું. મહારાજા પાસે રાજ્ય વધરાવ્યું યે હતું, ને સચવાવ્યું પણ હતું.

તે શસ્ત્રાસ્ત્ર વાપરી જાણતા હતા, તેમ બુદ્ધિનો પણ ઉપયોગ કરી જાણતા હતા. શત્રુને શક્તિથી પણ વશ કરી શકતા હતા, ને પ્રેમથી પણ વશ કરી શકતા હતા.

તે રાજાના પણ હતા, ને પ્રજાના પણ હતા. રાજાના પિતા પણ હતા, ને સેવક પણ હતા.

તે ધર્મિષ્ટ પણ હતા, ને ઉપદેશક પણ હતા. તેમનામાં પ્રૌઢપણાનો પ્રભાવ હતો, ને યુવાનીનું જોમ હતું.

પરદેશીઓ, શત્રુઓ તેમના નામે ધ્રુજતા હતા. તેમની ધાકથી જ રાજતંત્ર શાન્તપણે ચાલતું હતું.

શકટાળ ગયા, મહાઅમાત્ય ગયા, રાજ્યના સ્થંભ ગયા, પ્રજાના પિતા ગયા, ધર્મીઓના આશ્રયદાતા ગયા, રાજ્યના હિતચિંતક ગયા, પરદેશીઓના શત્રુ ગયા, પુણ્યાત્માઓના અગ્રેસર ગયા, પ્રજાનું આશ્વાસન ગયું, દેશના નેતા ગયા, રાજ્યની સીમા વધરાવનારા ગયા, રાજ્યને સચવાવનારા ગયા, શસ્ત્રાસ્ત્રના સમ્રાટ ગયા, બુદ્ધિના રાજા ગયા, રાજાના પિતા ગયા, રાજાના સેવક ગયા, શિષ્યોના ઉપદેશક ગયા, પંડિત ચાણક્યજીના ગુરૂ ગયા, પ્રૌઢત્વનો પ્રભાવ ગયો, યુવાનીનું જોમ ગયું.

લક્ષ્મીવતીના પતિ ગયા, શ્રીયકજીના, નાના બાળકીઓના ને સ્થુલિભદ્રના પિતા ગયા, કોશ્યા ને પ્રિયંવદાના સસરા ગયા, નગરશેઠ ઉદયકાળના વેવાઇ ગયા.

—કાવત્રાખોર મંડળના કાર્યમાં આડો આવતો કાંટો ગયો.

પ્રજાએ શોક પાળ્યો, નગરે શોક પાળ્યો, દેશે શોક પાળ્યો,

રાજકુટુંબે શોક પાળ્યો, રાજકર્મચારીઓએ શોક પાળ્યો.

—શોક ન પાળ્યો કાવત્રાખોર મંડળે, શત્રુઓએ, પરદેશીઓએ.

મહારાજાથી આ શોક સહન ન થયો આખો દિવસ ને આખી રાત તેમની આંખોએ આંસુ સાર્યાં. મહારાણી જયાદેવીની આંખો રડી રડીને સૂઝી ગઈ. શ્રીયકજીનો આ પ્રવાહ બંધ ન થયો.

અમાત્ય કુટુંબ અને કોશ્યા દંપતીનાં આંસુ ન જ સૂકાયાં.

સમાપ્ત

# જ્ઞાન સાથે ગમ્મત

દરેક વર્ષના તેમજ સામાજીક અને ઐતિહાસિક વિષયો ઉપર સંગીત સાથે પ્રવચન કરનાર સેંકડો રાજા મહારાજાનો ચંદ્રકો મેળવનાર કવિ ભોગીલાલ રતનચંદ પોતાના સ્ટાફ સાથે એકવખત બોલાવીને ઉપરનો લાભ લેવા વિનંતી છે. ધાર્મિક મહોત્સવમાં પોતાના સ્ટાફ સિવાય કોઇપણ જાતની ફી લેવામાં આવતી નથી.

લખો

**ભોગીલાલ રતનચંદ રાજકવિ**
ઝવેરીવાડ, પટણીની ખડકી, અમદાવાદ

# સરસ્વતી
# સાહિત્યરત્ન ગ્રંથાવલિ

## ના બીજા વર્ષમાં બહાર પડનારા પુસ્તકો

ડગમગતું સિંહાસન (ઐતિહાસિક) — લે. ચંદુલાલ એમ. શાહ

પુરુષાર્થ (સામાજીક) — લે. કવિ ભોગીલાલ

## અમારે ત્યાં મળતા પુસ્તકો

| | | |
|---|---|---|
| અનોપમાદેવી | લે. કવિ ભોગીલાલ | કિં. ૫-૦-૦ |
| પાટમદે | „ „ | કિં. ૪-૦-૦ |
| આબરૂની ભીતરમાં | લે. ચંદુલાલ એમ. શાહ | કિં. ૩-૦-૦ |
| દેવકુમાર | લે. ભોગીલાલ કવિ | કિં. ૩-૦-૦ |
| શ્રીપાળનો રાસ (આવૃત્તિ ત્રીજી) | | કિં. ૬-૦-૦ |

લખો

**કવિ ભોગીલાલ રતનચંદ વોરા**

ઠે. સરસ્વતી સાહિત્યરત્ન ગ્રંથાવલિ, રતનપોળ, પીપળાવાળો ખાંચો, અમદાવાદ

સોલ એજન્ટ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**

પાયધુની, ગોડીજીની ચાલ, મુંબાઈ નં. ૩

Lordkin Printery. Ahmedabad.